શબ્દસુધા - ૧

શતાબ્દી ગ્રંથ

૧૩

## શ્રી મા

**જન્મ**
ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—

**ભારતમાં આગમન**
માર્ચ ૨૯, ૧૯૧૪

—

**મહાસમાધિ**
નવેમ્બર ૧૭, ૧૯૭૩

—

**જન્મશતાબ્દી**
ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮



શ્રી માતાજી અને શ્રી અરવિન્દ

દર્શન દિન, ૨૪ એપ્રિલ ૧૯૫૦

# શ્રી માતૃવાણી

શબ્દસુધા - ૧


શ્રી માતાજી

અનુવાદક
કે. યુ. કાપડિયા



શ્રી અરવિંદ સોસાયટી (શાખા)
અમદાવાદ ૩૮૦ ૦૦૬

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ, શ્રી અરવિંદ સોસાયટી
'સેન્ટર', પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

શતાબ્દી ગ્રંથ - ૧૩

પ્રથમ આવૃત્તિ (શતાબ્દી આવૃત્તિ) ડિસેમ્બર ૧૯૮૩

પ્રત : ૧૧૦૦

કિંમત : રૂા. ૩૩-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

પ્રાપ્તિસ્થાન :

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રિતમનગર, પહેલો ઢાળ
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ
દાંડિયા બજાર, વડોદરા ૩૯૦૦૦૧

૩ SABDA, SRI AUROBINDO ASHRAM
PONDICHERRY 605 002

મુદ્રક : જ્ઞાન કોર્પોરેશન, ગોમતીપુર, અમદાવાદ ૩૮૦ ૦૨૧

# પ્રકાશકની નોંધ

શ્રી માતૃવાણીનો આ ગ્રંથ – ૧૩, 'કલેકટેડ વર્કસ ઑફ ધી મધર' વૉલ્યુમ નં. ૧૩નું સંપૂર્ણ ગુજરાતી ભાષાંતર છે.

આ ગ્રંથમાં મુખ્યત્વે શ્રી અરવિંદ, પોતાની જાત વિશે, પોતાના અન્ય વ્યક્તિઓ સાથેના સંબંધો, શ્રી અરવિંદ આશ્રમ, ઓરોવિલ, ભારત અને અન્ય રાષ્ટ્રો વિશેનાં શ્રી માતાજીનાં લખાણોની શબ્દસુધા છે. તે બધા, તેમના સંદેશાઓ, સાધકો સાથેના પત્રવ્યવહારો અને અંગત નોંધોમાંથી સંગૃહિત કરવામાં આવેલાં છે. ઘણાંખરાં લખાણો પ્રથમ જુદા જુદા ગ્રંથોમાં અને આશ્રમની સાથે સંકળાયેલાં પ્રકાશનોમાં છપાયેલાં. ઘણાંખરાં ફ્રેન્ચમાં છપાયેલાં અને બાકીનાં અંગ્રેજીમાં. સામાન્ય રીતે આ ભાષાંતરો અહીં જરૂરી લાગે ત્યાં થોડાઘણા ફેરફારો સાથે છાપવામાં આવ્યાં છે. કોઈ પણ વિભાગમાં આપેલાં વિધાનો સમયવાર ગોઠવવામાં આવેલાં છે. અને જેમાં તારીખો ન હતી તેવાં લખાણોમાં સારી રીતે જે જગાએ તે બંધબેસે છે તે રીતે ગોઠવવામાં આવ્યાં છે.

લખાણો ઉપરાંત કેટલીક ટેપ-રેકર્ડની વાતો છે, અને તે ખાસ કરીને "ઓરોવિલ" વિશેની વાતો. તેમાંના કેટલાક વાર્તાલાપો અહીં પ્રથમ વખત જ પ્રકાશમાં આવે છે. એક સિવાયના બધા વાર્તાલાપો ફ્રેન્ચમાં અપાયેલા.

અંતમાં કેટલીક એવી મૌખિક વાતો છે જે સાધકોની સ્મૃતિમાંથી લખાયેલી અને તેમને માતાજીએ છાપવા માટે મંજૂરી આપેલી.

વાચકે એટલું સમજવાનું છે કે કેટલાંક વિધાનો કેટલીક વ્યક્તિઓને લખાયેલાં અને તેમને જાહેરમાં મૂકવાનો કોઈ ઉદ્દેશ ન હતો.

આ ગ્રંથ ૧૩નું નામ અમે શબ્દસુધા – ૧ આપીએ છીએ.


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| વિભાગ ૧ | **શ્રી અરવિંદ** | ૧ |
| | મહાસમાધિ | ૨ |
| | શાશ્વત સાંનિધ્ય | ૫ |
| | શતાબ્દી | ૮ |
| | કાર્ય અને બોધ | ૧૩ |
| | સામાન્ય | ૧૭ |
| | શ્રી અરવિંદ અને માતાજી | ૨૧ |
| વિભાગ ૨ | **શ્રી માતાજી** | ૨૨ |
| | બાહ્ય જીવન | ૨૬ |
| | કાર્ય અને બોધ | ૨૮ |
| | શરીરની સાધના | ૩૫ |
| | આશીર્વાદ | ૪૦ |
| | સામાન્ય | ૪૧ |
| | અન્ય વ્યક્તિઓ સાથેના સંપર્કો | ૪૪ |
| | " હું તમારી સાથે છું. " | ૫૦ |
| | " મારી નજીક હોવા માટે " | ૫૪ |
| | " શારીરિક સામીપ્ય " | ૫૪ |
| | " માર્ગદર્શક તરીકેનો પાઠ " | ૫૭ |
| | " તમને પસંદ પડે તે પ્રમાણે કરો " | ૬૧ |
| | " હું અપ્રસન્ન નથી " | ૬૩ |
| | " કાર્ય કરવાની રીત " | ૬૬ |
| | અફવાઓ | ૭૨ |
| | ઠપકાઓ | ૭૬ |
| વિભાગ ૩ | **શ્રી અરવિંદ આશ્રમ** | ૭૯ |
| | પ્રવેશ માટેની શરતો | ૮૩ |
| | યોગ્ય વર્તન | ૮૬ |
| | રાજકારણનો નિષેધ | ૯૦ |

| | | |
|---|---|---|
| | સગવડ અને સુખ | ૯૬ |
| | આશ્રમમાં આગમન | ૯૯ |
| | આશ્રમમાંથી વિદાય | ૧૦૫ |
| | આશ્રમ બહારની વ્યક્તિઓ સાથેના સંબંધો | ૧૧૩ |
| | પૈસા અને કરકસર | ૧૧૭ |
| | વ્યવસ્થા અને કાર્ય | ૧૨૨ |
| | વેતન મેળવતા કામદારો | ૧૩૬ |
| | સર્વ સામાન્ય | ૧૪૫ |
| વિભાગ ૪ | **ઓરોવિલ** | ૧૫૧ |
| | હેતુઓ અને સિદ્ધાંતો | ૧૫૧ |
| | માતૃમંદિર | ૧૮૦ |
| | સંઘ-પ્રવૃત્તિઓ | ૧૮૪ |
| | સામાન્ય | ૧૮૪ |
| | સામાજિક નિયમનો | ૧૯૨ |
| | સ્થાનિક ગ્રામજનો સાથેના સંબંધો | ૧૯૭ |
| | નાણાં | ૨૦૧ |
| | શરૂઆતના વાર્તાલાપો | ૨૦૫ |
| | માતૃમંદિર વિશે વાર્તાલાપ | ૨૩૧ |
| | "એસ્પિરેશન"ના વાર્તાલાપો | ૨૬૩ |
| | છેલ્લો વાર્તાલાપ | ૨૯૭ |
| વિભાગ ૫ | **ભારત** | ૨૯૯ |
| વિભાગ ૬ | **ભારત સિવાયનાં અન્ય રાષ્ટ્રો** | ૩૨૧ |

Do not take my words for a teaching. Always they are a force in action, uttered with a definite purpose, and they lose their true power when separated from that purpose.

# Mother's Signature




*




The bird of Grace messenger from the Supreme



# ૧. શ્રી અરવિંદ

## શ્રી અરવિંદ

(શ્રી માતાજીએ પ્રથમ વખત શ્રી અરવિંદને જોયા ત્યાર પછીના દિવસના ધ્યાનમાંથી લખાયેલું)

હજારો માનવપ્રાણીઓ સૌથી ગાઢ અજ્ઞાનમાં રહેલા છે, તે બહુ મહત્ત્વનું નથી. અમે ગઈ કાલે જેમનું દર્શન કર્યું તે પૃથ્વી ઉપર છે. તેમની હાજરી સાબિત કરવા બસ છે કે એક દિવસ એવો આવશે જ્યારે અંધકાર પ્રકાશમાં રૂપાંતર પામશે અને હે પ્રભુ તારું સામ્રાજ્ય પૃથ્વી ઉપર ચોક્કસ પ્રસ્થાપિત થશે.

હે પ્રભુ, આ અદ્‌ભુત વસ્તુના દિવ્ય સર્જનહાર, મારું હૃદય તે વસ્તુનો વિચાર કરીને આનંદ અને કૃતજ્ઞતાથી ઉભરાઈ જાય છે અને મારી આશાને કોઈ મર્યાદા નથી.

મારી આરાધના શબ્દોથી પર છે, મારી ભક્તિ મૌન છે.

૩૦ માર્ચ ૧૯૧૪

*

જગતના ઈતિહાસમાં શ્રી અરવિંદ જેનું પ્રતિનિધિત્વ ધરાવે છે તે એક બોધ નથી, ફક્ત એક દર્શન પણ નથી; તે પરમ પ્રભુમાંથી આવતું, સીધેસીધું આવતું, નિર્ણયાત્મક કાર્ય છે.

૧૪ ફેબ્રુઆરી ૧૯૬૧

*

(ઑલ ઇન્ડિયા રેડિયો, તિરુચિરપલ્લી દ્વારા પ્રસારિત કરવાનો સંદેશ)

પૃથ્વીની આધ્યાત્મિક પ્રગતિના ઈતિહાસમાં શ્રી અરવિંદ જે વસ્તુનું પ્રતિનિધિત્વ ધરાવે છે તે એક બોધ નથી, કેવળ દર્શન પણ નથી. એ પરમ પ્રભુમાંથી સીધું આવેલું શક્તિશાળી કાર્ય છે.

૧૫ ઑગસ્ટ ૧૯૬૪

*

(શ્રી અરવિંદની સ્મૃતિમાં બહાર પાડેલી ટિકિટ માટેનો સંદેશ)

તેઓ પૃથ્વીને તેના તેજસ્વી ભવિષ્ય માટે તૈયાર થવાનો આદેશ આપવા માટે આવ્યા છે.

૧૫ ઑગસ્ટ ૧૯૬૪

*

શ્રી અરવિંદે આ જગતને એક દિવ્ય ભવિષ્યની ખાતરી આણી આપી છે.

*

શ્રી અરવિંદ આ પૃથ્વી ઉપર ભૂતકાળના સંપ્રદાયો કે ઉપદેશોની હરીફાઈઓમાં કોઈ ઉપદેશ આપવા કે સંપ્રદાય સ્થાપવા માટે આવ્યા નથી, પરંતુ ભૂતકાળને પસાર કરી જઈ એક પસાર થઈ રહેલા અને નિશ્ચિત અને અનિવાર્ય ભવિષ્ય તરફનો નક્કર પથ ઉઘાડવા માટેનો રસ્તો બતાવવા આવ્યા છે.

૨૨ ફેબ્રુઆરી ૧૯૬૭

*

શ્રી અરવિંદ ભૂતકાળ કે ઇતિહાસ નથી. શ્રી અરવિંદ સાક્ષાત્કાર તરફ આગળ ધપે જતા પરમ ભવિષ્ય છે.

આ રીતે આપણે એક ઝડપી પ્રગતિ (આગેકૂચ) માટે જરૂરી શાશ્વત યુવાનીને અવશ્ય ટકાવી રાખવી જોઈએ, જેથી કરીને આપણે રસ્તામાં પ્રમાદી ન બની જઈએ.

૨ એપ્રિલ ૧૯૬૭

## મહાસમાધિ

પ્રભુ, આજે સવારે તમે મને ખાતરી આપેલી છે કે આપનું કાર્ય સિદ્ધ થાય ત્યાં સુધી આપ અમારી સાથે રહેશો, ફક્ત માર્ગદર્શક અને પ્રકાશિત કરનારી ચેતના તરીકે જ નહિ, પરંતુ કર્મમાં રહેલી એક સક્રિય દિવ્ય હાજરી તરીકે. આપે સ્પષ્ટ શબ્દોમાં વચન આપેલું છે કે આપનું સાચું સ્વરૂપ અહીં રહેશે અને જ્યાં સુધી પૃથ્વીનું રૂપાંતર નહિ થાય ત્યાં સુધી પૃથ્વીના વાતાવરણને છોડશે નહિ. અમે આ અદ્ભુત હાજરીને યોગ્ય થઈએ એવી આપ

કૃપા કરો અને હવે પછીથી અમારામાંનું દરેક તત્ત્વ એકમાત્ર સંકલ્પમાં એકાગ્ર બનો અને આપના ભવ્ય દિવ્ય કર્મમાં પૂરેપૂરું સમર્પિત રહો.

૭ ડિસેમ્બર ૧૯૫૦

*

શ્રી અરવિંદે પોતાના શરીર માટે જે નિર્ણય લીધો તેના માટે પૃથ્વી અને માનવોની ગ્રહણશીલતાની ખામી ઘણે ભાગે જવાબદાર છે; પરંતુ એક વસ્તુ ચોક્કસ છે; જે વસ્તુએ સ્થૂલ ભૂમિકા ઉપર અસર કરી છે તેણે તેમના ઉપદેશના સત્યને કોઈ અસર કરી નથી. તેમણે જે કાંઈ કહ્યું છે તે સંપૂર્ણ સત્ય છે અને સત્ય રહે છે. સમય અને બનાવોનો ક્રમ તેને વિશાળ રીતે સાબિત કરશે.

૮ ડિસેમ્બર ૧૯૫૦

*

તું, જે અમારા ગુરુનું સ્થૂલ આવરણ છે તેને અમારી અનંત કૃતજ્ઞતાઓ વ્યક્ત કરીએ છીએ. અમારા હે ગુરુ, જેમણે અમારે માટે આટલું બધું કર્યું છે, કાર્ય કરેલું છે, સંઘર્ષ કર્યા છે, સહન કરેલું છે, આશા રાખેલી છે, આટલું બધું સહન કરેલું છે, અમારા માટે બધું જ સિદ્ધ કરેલું છે, તેટલા માટે અમે નમસ્કાર કરીએ છીએ. અમે પ્રાર્થના કરીએ છીએ કે અમે તમારા ઋણને એક ક્ષણ માટે પણ ન ભૂલીએ.

૯ ડિસેમ્બર ૧૯૫૦

*

શ્રી અરવિંદ માટે શોક કરવો એ તેમનું અપમાન છે. તેઓ આપણી પાસે અહીં સચેતન અને જીવંત છે.

૧૪ ડિસેમ્બર ૧૯૫૦

*

આપણે બાહ્ય દેખાવોથી ગભરાવું ન જોઈએ. શ્રી અરવિંદ આપણને છોડીને ગયા નથી. શ્રી અરવિંદ અહીં જ છે, પહેલાંની માફક જ જીવંત અને હાજર અને તેમના કાર્યનો, પૂર્ણ સચ્ચાઈ, તીવ્રતા અને જરૂરી એકાગ્રતાથી સાક્ષાત્કાર કરવો એનો આધાર આપણી ઉપર છે.

૧૫ ડિસેમ્બર ૧૯૫૦

*

તમે અહીં આશ્રમમાં જે પુસ્તિકાનું વિતરણ કરો છો તેનું ભાષાંતર સાંભળીને મને દર્દનાક આંચકો લાગ્યો. મને એવી કલ્પના પણ નહોતી, કે

આપણા ગુરુ જેમણે આપણા માટે બધું જ સમર્પણ કર્યું તેમના માટે તમારામાં સમજ, માન અને ભક્તિનો આટલો બધો સંપૂર્ણ અભાવ હતો. શ્રી અરવિંદ અપંગ નહોતા; તેમણે તેમનું શરીર છોડી દીધું તે પહેલાં થોડા કલાક તેઓ પથારીમાંથી ઊઠેલા અને લાંબો સમય સુધી આરામખુરશીમાં બેઠેલા અને તેમની આજુબાજુ રહેલા માણસો સાથે મુક્ત રીતે વાતચીત કરેલી. તેમને તેમનું શરીર છોડવાની ફરજ પડી નહોતી અને જેમાં માનવ મનોમયતા પહોંચી પણ ન શકે એવા ખૂબ ઉન્નત કારણોસર તેમણે પોતે જ શરીર છોડવાનું પસંદ કરેલું.

અને જ્યારે કોઈને સમજ ન પડે ત્યારે એક જ વસ્તુ કરવાની હોય છે કે પ્રતિષ્ઠાપૂર્વક તેણે શાંત રહેવું.

૨૬ ડિસેમ્બર ૧૯૫૦

*

લોકોને જાણ પણ નથી કે શ્રી અરવિંદે જગત માટે કેવું ભવ્ય બલિદાન આપ્યું છે. એક વર્ષ પહેલાં, જ્યારે હું વસ્તુઓ વિશે ચર્ચા કરતી હતી ત્યારે મેં અભિપ્રાય આપેલો કે મને મારું શરીર છોડી દેવાનું મન થાય છે. એમણે ખૂબ દૃઢ અવાજે કહ્યું, 'ના, આ કદી બની શકે નહિ. આ રૂપાંતર માટે જરૂર હશે તો હું કદાચ જઈશ. તમારે અતિમનસના અવતરણ અને રૂપાંતર માટેના યોગને સિદ્ધ કરવાનો છે.'' × *

૧૯૫૦

*

પ્રભુ, અમે તારા રૂપાંતરના કાર્યને સિદ્ધ કરવા માટે પૃથ્વી ઉપર છીએ, અમારો કેવળ એકમાત્ર સંકલ્પ તે જ છે, તે જ અમારો એકમાત્ર વ્યવસાય છે. અમારી પ્રાર્થના છે કે તે જ અમારી એકમાત્ર પ્રવૃત્તિ બની રહો, અને અમારાં સર્વ કાર્યો આ કેવળ એક જ ધ્યેયને મદદરૂપ બનો.

૧ જાન્યુઆરી ૧૯૫૧

*

આપણે તે પ્રભુની દિવ્ય હાજરીમાં ઊભા છીએ, જેણે પોતાના શરીરનું બલિદાન એટલા માટે આપ્યું જેથી તેમના પૂર્ણરૂપાંતરના કાર્યમાં વધારે મદદ મળે.

---

* જ્યારે × આવું નિશાન હોય છે ત્યારે માતાજીની ટીકાનું સૂચન કરે છે, જે સાધકે યાદગીરીમાંથી નોંધેલા, અને પ્રકાશન માટે માતાજીએ મંજૂરી આપેલી.

તેઓ કાયમ આપણી સાથે જ છે અને આપણે જે કાંઈ કરીએ છીએ તથા આપણા જે કોઈ વિચારો છે, તથા આપણી જે બધી લાગણીઓ છે અને આપણાં સર્વ કાર્યો છે તે બધાને સભાન રીતે જુએ છે.

૧૮ જાન્યુઆરી ૧૯૫૧

*

જ્યારે મેં તેમને તેમના શરીરને સજીવન કરવા માટે પૂછ્યું (ડિસેમ્બર ૮, ૧૯૫૦) ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું, "મેં શરીરને હેતુપૂર્વક છોડી દીધેલું છે. હું તેને પાછું લઈશ નહિ. અતિમાનસ રીતે પ્રથમ અતિમાનસ શરીર ઘડાશે તેમાં હું ફરીથી આવિર્ભાવ લઈશ."

૧૧ એપ્રિલ ૧૯૫૨

*

શ્રી અરવિંદે એક પરમ નિઃસ્વાર્થ કાર્ય માટે પોતાનું શરીર ત્યજી દીધું છે અને તેમના પોતાના શરીરમાં સાક્ષાત્કારનો ત્યાગ કર્યો છે જેથી કરીને સામૂહિક સાક્ષાત્કારનો સમય ઝડપી બને. ખરેખર જો પૃથ્વી વધારે ગ્રહણશીલ હોત તો આ વસ્તુની બિલકુલ જરૂર પડી ન હોત.

૧૨ એપ્રિલ ૧૯૫૩

## શાશ્વત સાંનિધ્ય

> તમે શ્રી અરવિંદના જન્મને વિશ્વના ઇતિહાસમાં, "શાશ્વત" જન્મ તરીકે કહ્યો છે. એટલે "શાશ્વત" બરાબર કયા અર્થમાં કહેવાયો છે ?

આ વાક્યને ચેતનાના ક્રમિક ચડતા ચાર સ્તર ઉપર જુદી જુદી ચાર રીતે સમજી શકાય :

(૧) શારીરિક રીતે, જન્મનું પરિણામ જગતમાં 'શાશ્વત' રીતે અગત્યનું રહેશે.

(૨) માનસિક રીતે, તે જન્મ જગતના ઇતિહાસમાં 'શાશ્વત' રીતે સ્મૃતિમાં રહેશે.

(૩) ચૈતસિક રીતે, એવો જન્મ જે યુગે યુગે પૃથ્વી ઉપર શાશ્વત રીતે આવ્યા જ કરે છે.

(૪) આધ્યાત્મિક રીતે, શાશ્વત પ્રભુનો પૃથ્વી ઉપરનો જન્મ.

૧૯૫૭.

*

પૃથ્વીના ઇતિહાસની શરૂઆતથી શ્રી અરવિંદે પૃથ્વીનાં રૂપાંતરો ઉપર એક યા બીજા સ્વરૂપમાં, એક યા બીજા નામે કાયમ અમુક સ્થાન લીધેલું છે.

*

એમ કહેવાય છે કે ભૂતકાળના જીવનમાં શ્રી અરવિંદે ફ્રેન્ચ ક્રાન્તિમાં સક્રિય ભાગ લીધેલો એ સાચી બાબત છે?

તમે એમ કહી શકો કે આમ ઇતિહાસમાં શ્રી અરવિંદે સક્રિય ભાગ લીધેલો છે, ખાસ કરીને ઇતિહાસની ખૂબ અગત્યની ક્રાંતિઓમાં તે ત્યાં હાજર હતા — અને તેમણે સૌથી અગત્યનો ભાગ ભજવેલો અને નેતા રહેલા, પરંતુ તેમનું દર્શન કાયમ જ થતું નહિ.

૨૩ જાન્યુઆરી ૧૯૬૦.

*

શ્રી અરવિંદ સતત આપણી મધ્યમાં રહેલા છે અને જેઓ તેમને જોવાને અને સાંભળવાને તૈયાર છે તેમની પાસે તેઓ પ્રકટ થાય છે.

*

શ્રી અરવિંદ ખૂબ વિશાળ અને સઘન હતા (સૂક્ષ્મ શારીરિકમાં) અને ધ્યાન દરમિયાન આખા કમ્પાઉન્ડની ઉપર બેઠેલા હતા.

૨૮ ઑગસ્ટ ૧૯૬૨.

*

ગઈ રાત્રીએ આપણે (તમે અને હું અને બીજા કેટલાક) શ્રી અરવિંદના કાયમી રહેઠાણમાં ઘણા લાંબા સમય સુધી સાથે રહેલાં. તે રહેઠાણ સૂક્ષ્મ શારીરિકમાં અસ્તિત્વ ધરાવે છે. (જેને શ્રી અરવિંદે સાચું શારીરિક કહ્યું છે.)

૧ ફેબ્રુઆરી ૧૯૬૩.

*

શ્રી અરવિંદ સૂક્ષ્મ શારીરિકમાં છે. જો તમે ઊંઘ દરમિયાન ત્યાં કેમ જવું તે જાણતા હો તો તમને ત્યાં તેઓ મળી શકે.

૧૩ ઑગસ્ટ ૧૯૬૪.

*

(ઊંઘ દરમિયાન એક સાધકને શ્રી અરવિંદનું તેમના સૂક્ષ્મ શારીરિકમાં દર્શન થયેલું. જે સૂક્ષ્મ શારીરિક જગતમાં તેઓ રહે છે. તેણે પોતાના દર્શનનો હેવાલ માતાજીને મોકલ્યો. તેમણે જવાબ આપ્યો :)

શ્રી અરવિંદ દરેકને તેની જરૂરિયાત મુજબ પોતાની જાતનું દર્શન આપે છે અને સૂક્ષ્મ શારીરિકમાં આપણે ત્યાં, અહીં રહેલી વસ્તુઓ જેટલી બંધાયેલી હોય છે તેટલી બંધાયેલી હોતી નથી.

તમને તે દર્શનને લઈને જે લાગણી ઉત્પન્ન થઈ તેને વધારે અગત્ય આપો અને નહિ કે તમે જે જોયું તેની વિગતોને.

*

આખા દિવસ દરમિયાન વહેલી સવારથી શ્રી અરવિંદ પહેલાંની માફક જ, અને એટલા જ જીવંત હાજર રહ્યા છે. કેટલીક વખત શાંત રહેવું મને મુશ્કેલ લાગ્યું, અને હું મારી અંદર આનંદથી ગણગણાટ કરતો રહ્યો. આજે તે રીતે રહેવું તે બિલકુલ સાચું નથી, ખરું ને માતાજી? પરંતુ શ્રી અરવિંદ ખૂબ નજીક હતા અને ખૂબ જીવંત.

તેનાથી ઊલટું તો બિલકુલ સાચું છે. હાલમાં તેઓ જેવા જીવંત છે એટલા જીવંત કદી ન હતા.

૫ ડિસેમ્બર ૧૯૬૭

*

શ્રી અરવિંદ સતત સૂક્ષ્મ શારીરિકમાં છે અને ત્યાં ખૂબ સક્રિય છે. હું તેમને દરરોજ મળું છું અને ગઈ રાત્રીએ મેં તેમની સાથે ઘણા કલાકો ગાળેલા.

જો તમે સૂક્ષ્મ શારીરિક વિશે સભાન બનો તો તમે ચોક્કસ તેમને ત્યાં મળશો, જેમને તેઓ સાચું શારીરિક કહેતા – તેને અને ચૈતસિકને કાંઈ સંબંધ નથી.

૨૧ ડિસેમ્બર ૧૯૬૯

*

શ્રી અરવિંદની સહાય સતત છે, આપણે પોતે જાણવું જોઈએ કે કઈ રીતે તે ગ્રહણ કરવી.

*

શ્રી અરવિંદ આપણી સાથે કાયમ જ છે અને આપણને પ્રકાશ, માર્ગદર્શન અને રક્ષણ આપે છે. આપણે સંપૂર્ણ વફાદારીથી તેમની કૃપાનો પ્રત્યુત્તર વાળવો જ જોઈએ.

## શતાબ્દી

(ઑલ ઇન્ડિયા રેડિયો પોંડિચેરીને પ્રસારણ માટે આપેલો સંદેશ)

આજે શ્રી અરવિંદ શતાબ્દી વર્ષનો પ્રથમ દિવસ છે. તેમણે તેમના શરીરનો ત્યાગ કર્યો છે છતાં તેઓ આપણી સાથે જીવંત અને સક્રિય છે.

શ્રી અરવિંદ ભવિષ્યની સાથે સંકળાયેલા છે, તેઓ ભવિષ્યના દૂત છે, દિવ્ય પ્રભુના સંકલ્પ દ્વારા રચાતા ભવ્ય ભવિષ્યના સાક્ષાત્કારને ઝડપી બનાવવા માટે કયો રસ્તો અનુસરવો તેના માટે હજુ પણ આપણને તેઓ માર્ગદર્શન આપે છે.

જે બધાને માનવજાતિની પ્રગતિ માટે અને ભારતની ઉજ્જવલ નિયતિ માટે સહકાર આપવો હોય તેમણે એક અતિન્દ્રિય સમજશક્તિની અભીપ્સામાં અને પ્રકાશિત કાર્યમાં જોડાવું જોઈએ.

૧૫ ઑગસ્ટ ૧૯૭૧

*

જે લોકો શ્રી અરવિંદ અને માતાજી સાથે સંકળાયેલા છે તેઓ શ્રી અરવિંદ શતાબ્દી વર્ષની કઈ રીતે ઉજવણી કરી શકે?

અભીપ્સા કરો અને સચ્ચાઈવાળા બનો, અને તમારા પ્રયત્નમાં અડગ રહો.

સામાન્ય રીતે માણસો શ્રી અરવિંદની જન્મશતાબ્દી શ્રેષ્ઠ કઈ રીતે ઊજવી શકે?

સમજશક્તિમાં પ્રગતિ કરવા માટે પ્રયત્ન કરીને.

૧૪ સપ્ટેમ્બર ૧૯૭૧

*

શ્રી અરવિંદની ચેતના પ્રત્યે ખુલ્લા થાઓ અને તેને તમારા જીવનનું રૂપાંતર કરવા દો.

૨૬ સપ્ટેમ્બર ૧૯૭૧

*

શ્રી અરવિંદ કાયમ હાજર છે જ.
સચ્ચાઈભર્યા અને શ્રદ્ધાવાન બનો.
આ પ્રથમ શરત છે.
આશીર્વાદ.

૨૯ સપ્ટેમ્બર ૧૯૭૧

*

(ન્યૂ દિલ્હીમાં ડિસેમ્બર ૧૯૭૨માં ૫ થી ૯ તારીખ સુધી ઉજવાયેલ "શ્રી અરવિંદ અને માનવઐક્ય" ઉપર આંતરરાષ્ટ્રીય પરિષદ માટેનો સંદેશો)

અતિમાનસ જાતિના આગમન માટે તૈયારી કરવી એ જ શ્રી અરવિંદને આપણી સર્વશ્રેષ્ઠ અંજલિ છે

નવેમ્બર ૧૯૭૨

*

શ્રી અરવિંદ જગતને ભવિષ્યની જે સુંદરતાનો સાક્ષાત્કાર કરાવવાનો છે તેની જાણ કરવા માટે આવ્યા હતા.

તે આશા આપવા માટે આવેલા નહિ, પરંતુ જગત જે ભવ્યતા તરફ ગતિ કરી રહ્યું છે તેની ખાતરી આપવા માટે આવ્યા હતા. જગત એક કમનસીબ અકસ્માત નથી, પરંતુ એક ચમત્કાર છે, જે પોતાની અભિવ્યક્તિ તરફ ગતિ કરી રહ્યું છે.

ભવિષ્યની સુંદરતાની ખાતરીની જગતને જરૂર છે અને એ ખાતરી શ્રી અરવિંદે આપેલી છે.

૨૭ નવેમ્બર ૧૯૭૧

*

હે પ્રભુ, તને કઈ રીતે શોધવો? અમે તારી કેમ સેવા કરવી તે અમને કહેવા માટે શ્રી અરવિંદ આવ્યા. આ શતાબ્દી વર્ષ દરમિયાન અમે પ્રાર્થના કરીએ છીએ કે અમે સાચી રીતે તેમણે જે શીખવ્યું તેને સમજીએ અને તેને અમલમાં મૂકવા માટે પૂર્ણ સચ્ચાઈ રાખીએ.

૬ ડિસેમ્બર ૧૯૭૧

*

લાલ કમળ શ્રી અરવિંદનું ફૂલ છે, પરંતુ ખાસ કરીને આ શતાબ્દી માટે આપણે ભૂરું કમળ પસંદ કરીશું જે રંગ તેમની શારીરિક પ્રભાનો છે, જેથી તે પરમ પ્રભુના પૃથ્વી ઉપરના આવિર્ભાવની શતાબ્દીનું પ્રતીક બને.

૨૧ ડિસેમ્બર ૧૯૭૧

*

શ્રી અરવિંદે તેમના જીવનનું અર્પણ કરી દીધું, જેથી કરીને આપણે પ્રભુની દિવ્ય ચેતનામાં જન્મ પામીએ.

૨૪ ડિસેમ્બર ૧૯૭૧

*

## ૧૯૭૨

## નૂતન વર્ષ

આ વર્ષ શ્રી અરવિંદને નિવેદન થયેલું છે. તેમના ઉપદેશને વધારે સારી રીતે સમજવો અને તેનો અમલ કરવા પ્રયત્ન કરવો, એ તેમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાની શ્રેષ્ઠ રીત છે. તેઓ આ પૃથ્વી ઉપર જે ઔદાર્યથી સર્વ પ્રકાશ, જ્ઞાન અને બળ ઉતારી લાવ્યા છે, તેને માટે.

તેમનો ઉપદેશ આપણને પ્રકાશિત કરો અને માર્ગદર્શન આપો અને આજે આપણે જે કરી શકતા નથી, તે આવતી કાલે કરીએ. આપણે પૂર્ણ સચ્ચાઈમાં સાચું વલણ લઈએ અને તે ખરેખર નૂતન વર્ષ ગણાશે.

૩૧ ડિસેમ્બર ૧૯૭૧

*

પ્રભુ સિવાય આપણે મર્યાદિત, બિનકાર્યક્ષમ અને અસહાય માનવો છીએ, પ્રભુની સાથે જો આપણે તેને સમગ્ર રીતે આપણી જાત અર્પણ કરી દઈએ તો બધું જ શક્ય છે અને આપણી પ્રગતિ અમર્યાદ હોય છે.

શ્રી અરવિંદના શતાબ્દી વર્ષ દરમિયાન એક વિશિષ્ટ પ્રકારની મદદ પૃથ્વી ઉપર આવેલી છે, આપણે તેનો ફાયદો લઈએ જેથી અહંકાર ઉપર વિજય મેળવીએ અને પ્રકાશમાં દાખલ થઈએ.

**નૂતન વર્ષ**

૧ જાન્યુઆરી ૧૯૭૨

*

શ્રી અરવિંદ કોઈ દેશના નથી પરંતુ આખી પૃથ્વીના છે. તેમનો ઉપદેશ આપણને વધારે સારા ભવિષ્ય તરફ દોરી જાય છે.

૧ જાન્યુઆરી ૧૯૭૨

*

જ્યારે શ્રી અરવિંદે શરીરને છોડયું ત્યારે તેમણે કહેલું કે તેઓ આપણને છોડશે નહિ. અને સાચી રીતે આ એકવીસ વર્ષ દરમ્યાન તેઓ કાયમ આપણી સાથે રહેલા છે, અને જેઓ ગ્રહણશીલ છે અને તેમની અસર પ્રત્યે ખુલ્લા છે તેઓને માર્ગદર્શન અને સહાય આપ્યા કરે છે.

તેમના આ શતાબ્દી વર્ષ દરમિયાન, તેમની મદદ વધારે બળવાન હશે. આપણે કઈ રીતે વધારે ખુલ્લા બનીએ અને તેનો ફાયદો કઈ રીતે લઈએ તેનો આધાર આપણા પોતાના ઉપર છે. જેઓનો આત્મા વીર હશે તેનું ભવિષ્ય ઉજ્જવલ છે. આપણી શ્રદ્ધા જેટલી વધારે મજબૂત અને વધારે સાચદિલ હશે તેટલી મજબૂત અને અસરકારક મદદ ગ્રહણ થશે.

૨ જાન્યુઆરી ૧૯૭૨

*

શ્રી અરવિંદ પૃથ્વી ઉપર અતિમાનસ જગતના આવિર્ભાવની જાહેરાત કરવા આવ્યા હતા અને તેમણે તે આવિર્ભાવ ફક્ત જાહેર કર્યો એટલું જ નહિ પરંતુ અતિમાનસ શક્તિને અમુક અંશે શરીરમાં ધારણ કરેલી અને અતિમાનસ બળને આવિર્ભાવ કરવા માટે કઈ રીતે પોતાની જાતને તૈયાર કરવી તેનું દૃષ્ટાંત દર્શાવ્યું. સૌથી ઉત્તમ વસ્તુ, વ્યક્તિ એ કરી શકે કે તેમણે જે કર્યું તેનો અભ્યાસ કરવો અને તેમના દૃષ્ટાંતનું અનુસરણ કરવું અને નવા આવિર્ભાવ માટે આપણે આપણી જાતને તૈયાર કરવી.

આ જીવનનો સાચો અર્થ આપે છે અને બધાં વિઘ્નો ઉપર વિજય મેળવવામાં સહાય કરશે.

આપણે નવસર્જન માટે જીવન જીવીએ અને આપણે યુવાન અને પ્રગતિશીલ રહીને વધારે અને વધારે મજબૂત બનીશું.

૩૦ જાન્યુઆરી ૧૯૭૨

*

(૧૯૭૨ દરમિયાન આશ્રમની શારીરિક શિક્ષણની હરીફાઈઓ માટેનો સંદેશ)

આ વર્ષ આપણે આપણા શરીરની બધી જ પ્રવૃત્તિઓનું શ્રી અરવિંદને નિવેદન કરીએ.

૧ એપ્રિલ ૧૯૭૨

*

(શ્રી અરવિંદ –'પુસ્તકમાટેનો સંદેશો'– અંજલિની ફૂલમાળા)

શ્રી અરવિંદ પરમપ્રભુનો પ્રાદુર્ભાવ છે. તેઓ એક નવીન માનવજાત અને નવીન જગતના અતિમાનસના આવિર્ભાવની જાહેરાત કરવા માટે પૃથ્વી ઉપર આવ્યા હતા.

આપણે પૂરી સચ્ચાઈ અને તીવ્રતાથી તેને માટે તૈયાર થઈએ.

૨૦ જૂન ૧૯૭૨

*

શ્રી અરવિંદે આધ્યાત્મિક શિક્ષણ આપેલું છે જે આપણને પ્રભુની સાથે, સીધા સંપર્કમાં આવવાનું શીખવે છે.

જુલાઈ ૧૯૭૨

*

શ્રી અરવિંદ તેજોમય ભવિષ્ય તરફનો રસ્તો દર્શાવે છે.

ઑગસ્ટ ૧૯૭૨

*

(દર્શન સંદેશો)

શ્રી અરવિંદનો સંદેશ એક અમર્ત્ય સૂર્યપ્રકાશ છે, જે ભવિષ્ય ઉપર પ્રસરા રહેલ છે.

૧૫ ઑગસ્ટ ૧૯૭૨

*

એક નવીન માનવજાતિ અને નવીન જગત, અતિમાનસ જગતના આવિર્ભાવને જાહેર કરવા માટે શ્રી અરવિંદ પરમપ્રભુમાંથી પૃથ્વી ઉપર આવ્યા.

આપણે પૂર્ણ સચ્ચાઈ અને તીવ્રતાથી તેને માટે તૈયાર થઈએ.

૧૫ ઑગસ્ટ ૧૯૭૨

*

મનુષ્ય ગઈ કાલનું સર્જન છે. શ્રી અરવિંદ આવતી કાલના સર્જનને જાહેર કરવા આવ્યા, અતિમનસ માનવના આગમન માટે.

૧૫ ઑગસ્ટ ૧૯૭૨

*

શ્રી અરવિંદને તેમની શતાબ્દી દરમ્યાન સૌથી શ્રેષ્ઠ અંજલિ એ છે કે પ્રગતિ માટેની તૃષ્ણા રાખવી અને આપણા આખા સ્વરૂપને પ્રભુની દિવ્ય અસર પ્રત્યે ખુલ્લું કરવું, તેના માટે તેઓ પૃથ્વી ઉપરના દિવ્ય દૂત છે.

૧૫ ઑગસ્ટ ૧૯૭૨

*

૧૫–૮–૭૨
શાશ્વતી પ્રત્યે એક વધારે ડગ.

# કાર્ય અને બોધ

શ્રી અરવિંદનું કાર્ય એક અદ્વિતીય પૃથ્વી-રૂપાંતરનું છે.

*

શ્રી અરવિંદ અતિમાનસ ચેતનાનો માનવશરીરમાં અવતાર હતા. અને આપણે કયા પ્રકારના માર્ગને અનુસરવાનું છે અને તે લક્ષ્યને પહોંચવા માટેનું પ્રકટીકરણ તેમણે કર્યું છે, તે ઉપરાંત પોતાના વ્યક્તિગત સાક્ષાત્કારથી આપણી સમક્ષ દૃષ્ટાંત આપેલું છે, તેમ જ તે વસ્તુ કરી શકાય છે તેની સાબિતી તેમણે પૂરી પાડી છે અને હવે તે કરવાનો સમય પાકી ગયો છે.

*

એ શ્રદ્ધામાં કદી એક ક્ષણ માટે પણ ડગશો નહિ કે જે મહાન પરિવર્તનનું કાર્ય શ્રી અરવિંદે ઉપાડયું છે તેનું સફળતામાં પરિણામ આવવાનું છે કારણ કે તે ખરેખર હકીકત છે. આપણા હાથમાં જે કાર્ય છે તેની સફળતા માટે એક શંકાની છાયા પણ ન રાખશો . . . . રૂપાંતર અચૂક થવાનું છે, કોઈ વસ્તુ તેને અટકાવી શકશે નહિ, સર્વ શક્તિમાનના ફરમાનને કોઈ વસ્તુ બગાડી શકશે નહિ. સર્વ અશ્રદ્ધા અને નબળાઈને હાંકી કાઢો અને બહાદુરીપૂર્વક થોડા વખત સુધી, જ્યાં સુધી તે મહાન દિવસ આવે ત્યાં સુધી સહન કરવા માટે સંકલ્પ કરો જેથી લાંબું યુદ્ધ એક કાયમના વિજયમાં પરિણામ પામે.

*

આપણને શ્રી અરવિંદમાં શ્રદ્ધા છે.

તેઓ આપણા માટે એવી વસ્તુનું પ્રતીક છે જેને આપણે આપણી અંદર શબ્દોમાં ઘડીએ છીએ અને જે આપણી અનુભૂતિને પૂરેપૂરું સાચું લાગે છે. આ શબ્દો આપણને આપણી અનુભૂતિને સ્વરૂપ આપવા માટે સ્પષ્ટ રીતે શ્રેષ્ઠ લાગે છે.

પરંતુ જો આપણા ઉત્સાહમાં, એમ ખાતરી રાખીએ કે શ્રી અરવિંદ શું છે અને તેમણે જે અનુભૂતિ આપણને આપી છે તેને વ્યક્ત કરવા માટે

ફક્ત તે જ યોગ્ય અને સાચા શબ્દો છે, તો આપણે સિદ્ધાંતવાદી બની જઈને એક ધર્મ-સ્થાપનના બિંદુએ પહોંચી જઈશું.

જેને આધ્યાત્મિક અનુભૂતિ થઈ છે અને શ્રદ્ધા છે તે પોતાની જાતે જ સૌથી યોગ્ય શબ્દોમાં તેની રચના કરે છે.

પરંતુ જો તેને એવી ખાતરી થાય કે તેની અનુભૂતિ અને શ્રદ્ધા માટે આ એક જ સાચી અને ખરી અભિવ્યક્તિ છે, તો તે સિદ્ધાંત બની જાય છે અને એક ધર્મને રચવાનું વલણ ધરાવે છે.

*

દરેકને પોતપોતાનો વિચાર હોય છે. અને તેના વિચારોના ટેકા માટે પોતાને યોગ્ય લાગે એવાં, શ્રી અરવિંદનાં લખાણોમાંથી વાક્યો શોધી કાઢે છે. આ વિચારોનો જેઓ વિરોધ કરે છે, તેઓ પણ તેમનાં લખાણોમાંથી યોગ્ય વાક્યો શોધી શકે છે. આ રીતે અરસપરસનો વિરોધ કાર્ય કરે છે. જ્યાં સુધી વસ્તુઓ વિશેનું શ્રી અરવિંદનું પૂરેપૂરું દષ્ટિબિંદુ ગ્રહણ ન કરી શકાય, ત્યાં સુધી કાંઈ પણ સાચી રીતે કરી શકાશે નહિ.

૧૦ ઑક્ટોબર ૧૯૫૪

*

સંભવનની શાશ્વતીમાં દરેક અવતાર એક સંદેશવાહક હોય છે, એક વધારે પૂર્ણ સાક્ષાત્કારના અગ્રિમ દૂત તરીકે હોય છે.

અને તેમ છતાં ભૂતકાળના અવતારને દેવત્વ આપવાનું માણસનું કાયમ વલણ હોય છે, જ્યારે ભવિષ્યના અવતારનો તે વિરોધ કરે છે.

હવે ફરીથી શ્રી અરવિંદ જગતને આવતી કાલના સાક્ષાત્કારનો સંદેશો લઈને આવ્યા છે, અને ફરીથી તેમની પહેલાં જ જેઓ થઈ ગયા, તે બધાનો જે રીતે વિરોધ થયો તે રીતે જ તેમના સંદેશને તેવો જ વિરોધ મળ્યો છે.

તેમણે જે સત્ય પ્રકટ કર્યું તે સત્યને આવતી કાલ સાબિત કરશે અને તેમનું કાર્ય અચૂક થશે.

૨૧ ફેબ્રુઆરી ૧૯૫૭

*

શ્રી અરવિંદના બોધને આધ્યાત્મિક ઉપદેશો માંહેના એક તરીકે ગણવામાં ખાસ તાત્ત્વિક ભૂલ થયેલી છે, અને અહીં હાલ જે કાર્ય થયું છે તેને દિવ્ય કાર્યોના પાસામાંનું એક ગણવામાં આવ્યું છે.

આ વસ્તુએ તમારી મૂળભૂત સ્થિતિને જૂઠી પાડેલી છે, અને તે જ બધી જ મુશ્કેલીઓ અને ગોટાળાઓનું કારણ રહેલું છે.

જો તમારા મનમાં અને તમારા વલણમાં આ ભૂલ સુધારી લેવામાં આવે, તો બીજી બધી મુશ્કેલીઓ સહેલાઈથી ચાલી જશે.

તમારે સમજવું જોઈએ કે જગતના ઇતિહાસમાં શ્રી અરવિંદ જેનું પ્રતિનિધિત્વ ધરાવે છે, તે ફક્ત એક ઉપદેશ નથી, તેમ જ એક પ્રકટીકરણ પણ નથી. તે પરમ પ્રભુમાંથી આવતું સીધેસીધું જ કાર્ય છે.

અને તે કાર્યને સિદ્ધ કરવા માટે હું અત્યારે પ્રયત્ન કરી રહી છું.

૧૯૬૧

*

એક મિત્રના ગાંધી ઉપરના એક લેખની ટીકા કરતાં મેં અહિંસા અને બીજા બધા સિદ્ધાંતો જે ગાંધીવાદમાં "અંતિમ સિદ્ધાંતો" બન્યા હતા તેના ઉપર મેં શ્રી અરવિંદના વિચારો ટાંકયા. એક મિત્રે તેનો વિરોધ કરીને કહ્યું કે શ્રી અરવિંદ ઉપરની પ્રશંસાને લઈને બીજા મહાન માણસો પ્રત્યે આપણે અંધ બનવું જોઈએ નહિ: આ મિત્રની વિચારસરણી અનુસાર બધાને સત્યના અમુક અમુક ભાગોની ઝાંખીઓ થયેલી હોય છે. મને લાગ્યું કે બીજા બધાની સાથે શ્રી અરવિંદને મૂકવા એ ભૂલ હતી અને આ મુદ્દા ઉપર વધારે વિગતથી મારે જવાબ આપવો હતો. પરંતુ જો તમે રજા આપો તો જ હું તે પ્રમાણે કરીશ અને તમે જો તમારો પોતાનો જવાબ આપશો તો મને વધુ આનંદ થશે.

માનવજાતિને પરમ સત્ય સુધી પહોંચાડવા અને તેને અભિવ્યક્ત કરવાના પ્રયત્નમાં જે કોઈએ કોઈ પણ શોધ કરી હોય, તે બધા જ, પછી તે ગમે તેટલા નાના હોય, તેમને સ્થાન છે અને ગાંધી તેમાંના એક છે. પરંતુ આ બધી આંશિક શોધખોળોનો વિરોધ કરવો તે એક મહાન ભૂલ છે. તેને બદલે એક પરમ સંવાદમાં તેમને એકત્રિત કરવી જોઈએ. એટલા માટે જ માનવજાતિ હજુ સુધી અંધારામાં ફાંફાં માર્યા કરે છે.

શ્રી અરવિંદ એ પ્રકાશ આપવા માટે આવ્યા છે કે આ પરમ સંવાદિતા અસ્તિત્વ ધરાવે છે. અને તેને કઈ રીતે શોધવી તે આપણને તેઓ દર્શાવે છે.

માર્ચ ૧૯૭૦

*

(એક પ્રશ્ન વિશે)

વ્યક્તિએ શ્રી અરવિંદને વાંચવા જોઈએ અને જવાબ જાણવો જોઈએ.

૧૯ ઑક્ટોબર ૧૯૭૨

*

જે કોઈ શ્રી અરવિંદનું વાચન સંભાળપૂર્વક કરે તો તેને જે કાંઈ જાણવું હોય તે સર્વના વિશે તેને જવાબો મળશે.

૨૫ ઑક્ટોબર ૧૯૭૨

*

'બધા જ વિષયો' ઉપર શ્રી અરવિંદે જે કહેલું છે તેનો ચીવટભર્યો અભ્યાસ કરવાથી વ્યક્તિ આ જગતની વસ્તુઓ વિશે સંપૂર્ણ જ્ઞાનને સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે.

*

શ્રી અરવિંદને વાંચો અને તેમના શિસ્તને અનુસરો.

*

સાવિત્રી
શ્રી અરવિંદના દર્શનનું
પરમ પ્રકટીકરણ.

*

(સાવિત્રી વિશે)

(૧) જે વ્યક્તિએ તે લખ્યું છે તેની આધ્યાત્મિક અનુભૂતિઓની દૈનિક નોંધ.

(૨) જેમને પૂર્ણયોગની સાધના કરવી હોય તેમને માટે માર્ગદર્શન આપી શકે તેવી યોગની પૂર્ણ પદ્ધતિ.

(૩) પ્રભુ તરફ ઊર્ધ્વગમનનો પૃથ્વીનો યોગ.

(૪) દિવ્ય ભગવતીએ ધારણ કરેલા શરીરને પોતાની જાતને અનુરૂપ બનાવવા માટેનો પોતાના પ્રયત્નમાં, તેમની અનુભૂતિઓ અને જે પૃથ્વી ઉપર તેણે અવતાર ધારણ કર્યો તેનું અજ્ઞાન અને જૂઠાણું.

*

(આશ્રમના કલાકારે માતાજીના સહકારથી દોરેલાં ચિત્રોના પ્રદર્શન "સાવિત્રી ઉપર ધ્યાન" માટેનો સંદેશો)

ગાથા ઘણી મોટી છે. તેનો વિષય વૈશ્વિક છે. તેનું દર્શન

પયગંબરી છે. તેના વાતાવરણમાં જે સમય ગાળવામાં આવે છે તે વ્યર્થ જતો નથી.

પ્રદર્શનને જોવા માટે જેટલો સમય જરૂરી લાગે તેટલો લો. અત્યારે માણસો જે ઉશ્કેરાટભરી ઉતાવળ દરેક વસ્તુમાં કરે છે, તેના માટે તે ખુશીથી વળતર વાળી આપશે.

૧૦ ફેબ્રુઆરી ૧૯૬૭

## સામાન્ય

### દિવ્ય પ્રભુ શું છે?

શ્રી અરવિંદમાં તમે જે ભક્તિ રાખો છો તે જ દિવ્ય પ્રભુ છે.

૨૮ માર્ચ ૧૯૩૨

*

તે દિવસ કેટલો સુંદર હોય છે જ્યારે વ્યક્તિ પોતાનો ભક્તિ-ભાવ શ્રી અરવિંદ પ્રત્યે અર્પણ કરે છે.

*

તમારે એવું અનુભવવું જોઈએ કે શ્રી અરવિંદ તમારી સામે જોઈ રહ્યા છે.

*

એ બિનઆજ્ઞાંકિતતાનો પ્રશ્ન નથી. જીવનની રૂપરેખાના સ્રોત જેમાંથી તે લેવાયેલા છે તેના ઉપર તમે કરેલા વધારાઓ વિશે હું કાંઈ જાણતી નથી. મારું દૃષ્ટિબિંદુ આ છે કે શ્રી અરવિંદ વિશે કોઈ સાધકે ગમે તે લખ્યું હોય, જેને લઈને તે સામાન્ય ભૂમિકા ઉપર આવી જાય અને જેને લઈને વાચકને તેમની સાથે એક પ્રકારની વાતોડિયાપણાની આત્મીયતા લાગે તે તેમના પ્રત્યે અને તેમના કાર્ય પ્રત્યેની બિનવફાદારી છે. શુભ આશયો હોવા એટલું જ પૂરતું નથી, પરંતુ એ પણ જરૂરી છે કે દરેકે આ વસ્તુ સમજવી જ જોઈએ.

૩ જૂન ૧૯૩૯

*

શ્રી અરવિંદ કહે છે કે તેમને માટે રાજકીય કાર્યને સ્વીકારવું અને રાજકારણમાં પ્રવેશ કરવો તે અશક્ય છે કારણ કે તે તેમના આધ્યાત્મિક કાર્યનું બલિદાન માગી લે.

તેમની આધ્યાત્મિક સહાય દેશને આપવામાં આવે છે અને જે કોઈ તેના માટે અભીપ્સા રાખે છે તેને વ્યક્તિગત રીતે તે મળે છે તેઓ આ મદદને ચાલુ રાખવા માટે તૈયાર છે અને જો એ જરૂરી હોય તો તેમાં વધારો કરવા માટે તૈયાર પણ છે પરંતુ તેમને ખાતરી છે કે ફક્ત લખાણમાં આપેલા સંદેશાએ કાયમી અસર કરવા અથવા વધારે વિશાળ અસર કરવા માટે પણ પૂરતા પ્રમાણમાં સહાયક નથી.

*


(૧૯૫૭ની દુર્ગાપૂજા માટે આપેલો સંદેશ)

શ્રી અરવિંદ પ્રત્યે આપણે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમના ઉપદેશનું જીવન વ્યક્ત કરવા સિવાય આપણે બીજું કાંઈ કરી શકીએ નહિ.

૩૦ સપ્ટેમ્બર ૧૯૫૭

*

**શ્રી અરવિંદનું પ્રતીક**



ઊતરતો ત્રિકોણ સત્–ચિત્–આનંદનું પ્રતીક છે. ઊર્ધ્વગામી ત્રિકોણ જીવન, પ્રકાશ અને પ્રેમના રૂપે સ્થૂલમાંથી આવતી અભીપ્સાના પ્રત્યુત્તરનું પ્રતીક છે.

બન્નેનું મિલન મધ્યવર્તી ચતુષ્કોણ – પરમ પ્રભુનો-કમળ–અવતારનો પૂર્ણ આવિર્ભાવ છે – ચતુષ્કોણમાં રહેલું જલ – બહુવિધતા, સર્જનનું પ્રતીક છે.

૪ એપ્રિલ ૧૯૫૮

*

જે લોકોને પ્રગતિ કરવી છે અને આવતી કાલના સત્યનો સાક્ષાત્કાર કરવો છે, તે બધાની સાથે તેમની કૃપા કાયમ રહેલી છે.

૧૦ જાન્યુઆરી ૧૯૫૯

*

કોઈને શ્રી અરવિંદના રૂમની ફરીને મુલાકાત લેવી છે અને ત્યાં થોડા સમય માટે ધ્યાન કરવા બેસવું છે.

આવા મહાન હક માટે તેના કયા મહાન ગુણો અને હોદ્દાઓ છે ? ફરીને મુલાકાત લેવી તે બરાબર છે. લોકો શ્રી અરવિંદના રૂમમાં આવી શકે છે

પરંતુ ત્યાં બેસીને ધ્યાન કરવાની રજા માટે, વ્યક્તિએ શ્રી અરવિંદ માટે ઘણું વધારે કર્યું હોવું જોઈએ.

૧૧ જૂન ૧૯૬૦

*

> મધુર માતાજી, તમે કહ્યું છે કે શ્રી અરવિંદના રૂમમાં બેસીને ત્યાં ધ્યાન કરવાની રજા માટે "વ્યક્તિએ તેમના માટે ઘણું વધારે કર્યું હોવું જોઈએ" તમે તે દ્વારા શું કહેવા માગો છો માતાજી? તે પ્રભુ માટે આ "ઘણું" થઈ શકે એવી કઈ વસ્તુ વ્યક્તિ કરી શકે?

પ્રભુ માટે કાંઈક કરવું એટલે તેમને એવી કોઈ વસ્તુ આપવી જે પોતાનું કાંઈક હોય તેમાંથી, અથવા પોતે જે કાંઈ કરે તેમાંથી, અથવા જે હોતે છે તેમાંથી, એટલે કે પોતાની પાસે રહેલી બધી વસ્તુઓનો કોઈ ભાગ અથવા પોતાની માલિકીની બધી વસ્તુઓ, આપણા પોતાના કાર્યની અથવા આપણી બધી જ ક્રિયાઓના અમુક ભાગનું તેમને નિવેદન કરવું અથવા આપણી સમગ્ર જાતનું, કોઈ પણ જાતના સંકોચ વગર તેમને પૂરેપૂરું અર્પણ કરવું, જેથી તેઓ આપણી પ્રકૃતિને હાથમાં લઈને તેનું રૂપાંતર કરી અને દિવ્ય બનાવે. પરંતુ ઘણા માણસો એવા હોય છે, જેઓને કાંઈ પણ આપ્યા સિવાય કાયમ લેવું છે અને ગ્રહણ કરવું છે. આવા લોકો સ્વાર્થી હોય છે અને શ્રી અરવિંદના ખંડમાં ધ્યાન કરવા માટે લાયકાત વગરના હોય છે.

૧૭ ઑગસ્ટ ૧૯૬૦

*

મને આશા છે કે એક દિવસ એવો આવશે જ્યારે આપણે પોંડિચેરી શહેર માટે શ્રી અરવિંદની દિવ્ય હાજરીનો શો અર્થ છે તે બધું જ મુક્ત અને સાચી રીતે કહી શકીશું

૧૨ જાન્યુઆરી ૧૯૬૧

*

> થોડા સમય પહેલાં તમે મને સલાહ આપેલી, "માનવ પ્રતિનિધિત્વોથી પર જઈને પરમ પ્રભુને સીધા જ પહોંચવાની."
>
> હું શ્રી અરવિંદ તરફ વળતો. હું તેમની સમક્ષ મારી મુશ્કેલીઓ રજૂ કરતો અને પ્રાર્થના કરતો. મને લગભગ કાયમ ઉત્તર મળતો. હવે હું તેમના વિશે વિચાર કરતો નથી, તેમના તરફ હવે હું વળતો નથી. હું હવે પ્રભુ પ્રત્યે

સીધો જ વળું છું. પરંતુ મારો અવાજ જાણે કે જંગલમાં બૂમો પાડતો હોય એવું લાગે છે.

શ્રી અરવિંદ સાથેના આ સંબંધને કાપી નાખવામાં હું સાચો છું?

એવો કોઈ પ્રશ્ન જ નથી અને શ્રી અરવિંદ સાથેના સંબંધને કાપી નાખવાનો પ્રશ્ન હોઈ શકે જ નહિ. જો તમને તેના ઉત્તર વિશે સભાન થવાનો વિશિષ્ટ હક હોય તો તેને એક કિંમતી ખજાના તરીકે તમારી પાસે રાખો અને તેનો સારામાં સારો ઉપયોગ કરો. શ્રી અરવિંદ મારફતે તમે પરમ પ્રભુના સંપર્કમાં આવશો અને ખાતરી રાખજો કે તમે આડાઅવળા જશો નહિ.

૨૧ મે ૧૯૭૦

*

મારી દરરોજની પ્રવૃત્તિઓમાં શ્રી અરવિંદની અસર કઈ રીતે જીવંત અને સક્રિય બનાવી શકું?

પૂરેપૂરા સચ્ચાઈવાળા બનો અને તમારા પુકારને તેઓ ઉત્તર આપશે.

જુલાઈ ૧૯૭૦

*

શ્રી અરવિંદના જન્મદિવસે અમારે કેવા બનવું જોઈએ?

સાચદિલ અને પ્રગતિશીલ

*

(ઈ. ફ્રેન્કેલે શ્રી અરવિંદની કાંસાની છાતી સુધીની બનાવેલી પ્રતિમા વિશે)

કલાત્મક દૃષ્ટિબિંદુથી એ ચોક્કસ ઉત્તમ વસ્તુ છે. એ એક પ્રેરણાયુક્ત કાવ્ય છે, શ્રી અરવિંદ સાથેના આંતરિક સંપર્કની પ્રેરણાનું અથવા તેમના એક પાસાના સંપર્ક સાથેનું, તેમના સ્વરૂપના એક ભાગ સાથેના બૌદ્ધિક પાસાનું, જ્ઞાનનું, 'આર્ષદ્રષ્ટાનું.'

*

(ઈરના આર. કિંગે ૧૯૬૪માં શ્રી અરવિંદની કાંસાની છાતી સુધી બનાવેલી પ્રતિમા વિશે)

તેમના વિશાળ સ્થિર લલાટની સરળતા, સમગ્ર જ્ઞાનની પૂર્ણ શાંતિમાં પ્રતિબિંબિત થાય છે.

*

શ્રી અરવિંદની સ્મૃતિ : તેમણે આપણે માટે દોરી રાખેલા જીવનના આદર્શનો સાક્ષાત્કાર કરવા માટે આપણે પ્રયત્ન કરીએ.

## શ્રી અરવિંદ અને માતાજી

(માતાજીએ લાલ કમળને શ્રી અરવિંદના પ્રતીક તરીકે અને સફેદ કમળને પોતાના પ્રતીક તરીકે ઓળખાવેલું.)

લાલ કમળ – પરમ પ્રભુનું પૃથ્વી ઉપરના આવિર્ભાવનું પ્રતીક.

સફેદ કમળ – દિવ્ય ચેતનાનું પ્રતીક.

૨ ફેબ્રુઆરી ૧૯૩૦

*

અમારો પરમ પ્રેમ એક શાશ્વત સત્ય છે.

- ૭ એપ્રિલ ૧૯૩૪

*

તેમના વગર મારું અસ્તિત્વ નથી.
મારા વગર તેમનો આવિર્ભાવ નથી.

૬ મે ૧૯૫૭

*

જ્યારે તમારા હૃદયમાં અને વિચારમાં તમે શ્રી અરવિંદ અને મારી વચ્ચે તફાવત નહિ કરો, જ્યારે શ્રી અરવિંદ વિશે વિચારો એટલે મારા વિશે જ વિચારો અને મારા વિશે વિચારો ત્યારે તેનો અર્થ શ્રી અરવિંદ વિશે જ સ્પષ્ટ રીતે વિચારો, જ્યારે તમે એકને જુઓ ત્યારે અનિવાર્ય રીતે બીજાને તમે જુઓ, એક જ વ્યક્તિની માફક – ત્યારે તમે જાણી શકશો કે તમે અતિમનસની શક્તિ અને ચેતના પ્રત્યે ખુલ્લા થવાની શરૂઆત કરી છે.

૪ માર્ચ ૧૯૫૮

*

માતાજી, શ્રી અરવિંદ મારો આશ્રય છે.

*

# ૨. શ્રી માતાજી

## શ્રી માતાજી

પૃથ્વીની શરૂઆતથી જ કોઈ જગાએ અને જ્યારે પણ ચેતનાના એક કિરણના આવિર્ભાવની શક્યતા હતી ત્યારે ત્યાં હું હાજર હતી.

*

અત્યારે તમારી સાથે જે વાતચીત કરી રહેલ છે, તે પ્રભુની વફાદાર સેવિકા છે. બધા જ સમયથી માંડીને, પૃથ્વીની શરૂઆતથી જ, પ્રભુની વફાદાર સેવિકા તરીકે તેણે પોતાના ગુરુના નામમાં જ વાત કરેલી છે અને જ્યાં સુધી પૃથ્વી અને માણસોની હસ્તી હશે ત્યાં સુધી દિવ્ય પ્રભુના શબ્દનો ઉપદેશ આપવા માટે શરીરનાં હસ્તી ધરાવશે તેથી જે કોઈ જગાએ મને બોલવાનું કહેવામાં આવે છે ત્યાં પ્રભુની સેવિકા તરીકે હું સૌથી ઉત્તમ કામ કરું છું. પરંતુ કોઈ વિશિષ્ટ સિદ્ધાંત અથવા કોઈ માણસના નામે, પછી તે ગમે તેટલો મહાન હોય તોપણ હું કાંઈ પણ બોલી શકું નહિ!

શાશ્વત પરમ પ્રભુ મને અટકાવે છે.

૧૯૧૨

*

### હું અને મારો સંપ્રદાય

હું કોઈ પણ દેશની નથી, કોઈ સંસ્કૃતિની નથી, કોઈ સમાજની નથી, કોઈ જાતિની નથી, પરંતુ હું પ્રભુની છું.

હું પ્રભુ સિવાય કોઈ પણ માલિકની, કોઈ પણ રાજવીની, કોઈ પણ કાયદાની, કોઈ પણ સામાજિક રૂઢીની આજ્ઞા માનતી નથી, તે પ્રભુને મેં મારું સર્વસ્વ સમર્પણ કરેલું છે, મારો સંકલ્પ, મારું જીવન, મારો આત્મા, તે પ્રભુને હું મારું બધું જ રક્ત ટીપેટીપું સમગ્ર આનંદપૂર્વક આપવા તૈયાર છું, જો તેની તેવી ઇચ્છા હોય તો; અને તેની સેવામાં કોઈ પણ વસ્તુ અર્પણ કરવી એ બલિદાન નથી, કારણ કે બધું જ પૂર્ણ પરમાનંદ છે.

જાપાન, ફેબ્રુઆરી ૧૯૨૦

*

## હું કઈ રીતે મારા જીવનના ધ્યેય વિશે સચેતન બની

મારે પૃથ્વી ઉપર કયું કાર્ય કરવાનું છે તેને વિશે કયારે અને કઈ રીતે સચેતન બની? અને કયારે અને કઈ રીતે શ્રી અરવિંદને મળી?

તમે આ બે પ્રશ્નો મને પૂછયા છે અને તેના ટૂંકા જવાબ આપવાનું મેં તમને વચન આપ્યું છે. મારા ધ્યેયના જ્ઞાન વિશે કહેવું મુશ્કેલ છે કે ક્યારે તે મારી પાસે આવ્યું. જાણે કે હું તેના સહિત જ જન્મી હતી અને મન અને મગજની વૃદ્ધિ સાથે આ ચેતનાની સ્પષ્ટતા અને પૂર્ણતા પણ મારામાં વૃદ્ધિ પામી.

અગિયાર અને તેર વર્ષની વચ્ચે ચૈતસિક અને આધ્યાત્મિક અનુભૂતિઓએ મારી અંદર પ્રકાશ કર્યો, ફક્ત પ્રભુની હસ્તી વિશે જ નહિ, પરંતુ માણસની તેની સાથે ઐકયતાની શકયતા વિશે, અને પ્રભુને પૃથ્વી ઉપર એક દિવ્ય જીવનમાં આવિર્ભાવ કરવા વિશે. આ વસ્તુ, તેના સાક્ષાત્કાર માટે એક વ્યવહારુ શિસ્ત સહિત કેટલાક શિક્ષકો દ્વારા, જેમને હું પાછળથી સ્થૂલ ભૂમિકા ઉપર મળી હતી તેવાઓ દ્વારા મારા શરીરની ઊંઘ દરમ્યાન મને મળેલ.

પાછળથી જેમ જેમ આંતરિક અને બાહ્ય વિકાસ આગળ ચાલવા માંડયો તેમ તેમ આધ્યાત્મિક અને ચૈતસિક સંબંધ આ વસ્તુઓની સાથે વધવા લાગ્યો અને તે વધારે અને વધારે સ્પષ્ટ અને વારંવાર થવા લાગ્યો; અને જો કે ભારતનાં દર્શનશાસ્ત્રો અને ધર્મો વિશે હું ઘણું ઓછું જાણતી હતી. તે વખતે હું તેમને કૃષ્ણ કહેવા માટે દોરવાતી અને ત્યાર પછી હું સભાન બની કે તેઓ પોતે જ હતા. (જેમને હું જાણતી હતી કે એક દિવસ પૃથ્વી ઉપર હું તેમને મળીશ અને તેમની સાથે મારે દિવ્ય કાર્ય કરવાનું હતું.) ૧૯૧૦માં મારા પતિ એકલા પોંડિચેરી આવ્યા જ્યાં ખૂબ રસિક અને વિશિષ્ટ સંજોગોમાં તેમણે શ્રી અરવિંદની સાથે પરિચય કર્યો. ત્યારથી અમે બન્ને ભારત પાછાં ફરવાની તીવ્ર ઈચ્છા રાખતાં હતાં – એ દેશ જેને મેં મારી સાચી માતૃભૂમિ તરીકે મારા મનમાં ઈચ્છા કરેલી, અને ૧૯૧૪માં આ આનંદ માટેની અમારા બન્નેની પ્રાર્થના મંજૂર થઈ.

જેવા શ્રી અરવિંદને જોયા કે તરત જ હું તે પ્રખ્યાત સ્વરૂપને ઓળખી ગઈ, જેમને હું કૃષ્ણ તરીકે બોલાવતી હતી. અને આટલું જ સમજાવવા માટે પૂરતું છે કે શા માટે હું પૂરેપૂરી ખાતરી રાખું છું કે

મારી જગ્યા અને મારું કાર્ય ભારતમાં તેમની જ પાસે છે

પોંડિચેરી ૧૯૨૦

*

હે મારા પ્રભુ, મારા પ્રભુ !

તમારી મારા માટે જે ઇચ્છા હોય તે હું બનું.

તમે મારી પાસે જે કરાવવા ઇચ્છો તે હું કરું.

૨૦ જૂન ૧૯૩૧

*

મારા પ્રભુ, તેં સોંપેલા કામમાંથી છટકી જવા હું પ્રયત્ન કરીશ નહિ. જ્યાં જ્યાં તું મારી ચેતનાને મૂકીશ ત્યાં જ તે રહેશે અને તે આનંદમય ઊંચાણો ઉપર ચડવા કોઈ પ્રયત્ન કરશે નહિ. જો તારી ઇચ્છા એવી હોય કે સ્થૂલ પ્રકૃતિના પંકમાં જ તે રહે તો તે ત્યાં જ શાંતિથી અને આરામથી રહેશે. પરંતુ જે કોઈ જગાએ તે હોય ત્યાંથી તે તારા તરફ અભીપ્સા કર્યા વગર, તારી અસર પ્રત્યે ખુલ્લી થયા સિવાય અને તને પોતાને, પોતાની અંદર એકમાત્ર પોતાના અસ્તિત્વ તરીકે પુકાર કર્યા સિવાય રહી શકશે નહિ.

૭ માર્ચ ૧૯૩૨

*

કેટલી બધી તમન્નાથી ચેતના સ્થૂલ આંદોલનોના કારાગારમાંથી છટકવા માટે અને હે પ્રભુ ! તારી નિર્મળ ઊંચાઈઓ ઉપર ચઢવા માટે અભીપ્સા કરે છે !

પરંતુ ઉડ્ડયન અશક્ય છે. . . . . તારા સંકલ્પની વિરુદ્ધ છે. ચેતનાને આ તમોગ્રસ્ત અને અજ્ઞાની પ્રકૃતિના કીચડમાં ફસાઈને રહેવાનું જ છે. તે બધું બરાબર છે. તારી ઇચ્છા પ્રમાણેનું અસ્તિત્વ અને કાર્યનો આનંદ બીજા બધા આનંદો. સૌથી ઊંચા આનંદને પણ, ચઢી જાય છે.

પરંતુ ચેતના બૂમ પાડી ઊઠે છે ! "મારે તારી જ જરૂર છે, મારે તારી જ જરૂર છે. તારા વગર હું કાંઈ પણ નથી, તારા વગર મારું અસ્તિત્વ નથી." અને પુકારનું આંદોલન એટલું બધું શક્તિશાળી હોય છે કે આ વજનદાર સ્થૂલ તત્ત્વ પણ તેનાથી હચમચી ઊઠે છે. "મારે તારી જ જરૂર છે, મારે તારી જ જરૂર છે ! જ્યારે તારી તરફ ઠેક ભરવા માટે તું મને મંજૂરી આપતો નથી અને બાકીની બધી વસ્તુઓને તારી પાછળ મૂકી દે છે ત્યારે હું તને અહીંથી પુકાર કરીશ અને હું તને એટલી બધી પ્રાર્થના કરીશ કે તું પોતે તારી હાજરીની પૂરેપૂરી જરૂરિયાત હોય એવા, છેવટે

જાગ્રત થયેલા આ જગતમાં તું તારી જાતને પ્રસરાવી દઈશ." અને આ આહ્વાનનું આંદોલન એટલું બધું તીવ્ર હતું કે અંધકારમય અને આકાર-હીન સમુદાયમાંથી પ્રથમ પૂજારી ઉત્પન્ન થઈ જેણે દિવ્ય પ્રેમીનું આગમન જાહેર કર્યું.

૮ માર્ચ ૧૯૩૨

*

હે મારા પ્રભુ ! તેં મને કહ્યું છે, "સ્થૂલ તત્ત્વમાં ભૂસકો માર અને તેની સાથે તારું અદ્વૈત પ્રાપ્ત કર. ત્યાં હું આવિર્ભાવ પામીશ."

અને તારો સંકલ્પ બની આવ્યો છે— પરંતુ સ્થૂલ તત્ત્વએ આ બક્ષિસની પરવા કરી નથી અને જિદ્દીપણે તમોગ્રસ્ત અને અસત્ય ક્રિયાઓમાં શોધ રાખવાની તેની જિદ્ ચાલુ રાખી છે જે સંબંધોમાં તેને ત્યાં કદી સંતોષ મળી શકે નહિ.

અને તેમ છતાં તેં મને વિજયનું અભયદાન આપેલું છે.

*

હે પ્રભુ ! મારા સમગ્ર સ્વરૂપને જાગ્રત કર, જેથી કરીને તે તારી જરૂરિયાત મુજબનું સાધન, પૂર્ણ સેવક બની શકે.

૨૭ માર્ચ ૧૯૩૬

*

ભૌતિક જગતમાં, પૃથ્વી ઉપર મારે શું ઉતારવું છે :

૧. પૂર્ણ ચેતના.

૨. સમગ્ર જ્ઞાન, સર્વજ્ઞતા.

૩. શક્તિ, અજેય, અવિરોધ્ય, સ્વતંત્ર, સર્વશક્તિસંપન્ન.

૪. તંદુરસ્તી, પૂર્ણ, કાયમી, અડગ, કાયમી નવસર્જન પામતી શક્તિ.

૫. શાશ્વત યુવાની, સતત વિકાસ, અવરોધ વગરની પ્રગતિ.

૬. પૂર્ણ સૌંદર્ય, જટિલ અને સમગ્ર સંવાદિતા.

૭. અખૂટ, અજોડ સમૃદ્ધિ, આ પૃથ્વી ઉપરના સમગ્ર ધન ઉપરનો કાબૂ.

૮. રોગમુક્ત કરવાની અને સુખ આપવાની બક્ષિસ.

૯. બધા અકસ્માતોમાંથી ભયમુક્ત સ્થિતિ, બધા વિરોધી હુમલાઓની સામે અભેદ્યતા.

૧૦. બધાં જ ક્ષેત્રોમાં અને બધી જ પ્રવૃત્તિઓમાં અભિવ્યક્તિની સંપૂર્ણ શક્તિ.

૧૧. જિહ્વાની બક્ષિસ, બધા જ સંપૂર્ણ રીતે સમજી શકે એ રીતે પોતાની જાતને ઘડવાની શક્તિ.
૧૨. અને તારા કાર્યની સિદ્ધિ માટે જે કાંઈ બીજું જરૂરી હોય તે. સર્વસ્વ.

૨૩ ઑક્ટોબર ૧૯૩૭

*

હું ઇચ્છું છું :
૧. વ્યક્તિગત રીતે પરમ પ્રભુની શાશ્વત અભિવ્યક્તિ બનું.
૨. અતિમાનસ વિજય, આવિર્ભાવ અને રૂપાંતર તાત્કાલિક બની આવે.
૩. બધી જ વેદનાઓ હાલના અને ભવિષ્યના જગતમાંથી કાયમ માટે અદૃશ્ય થઈ જાય.

## બાહ્ય જીવન

મેં લાંબા સમયથી સેવેલી ઇચ્છાને અભિવ્યક્ત કરવા માટે આજના દિવસની નોંધ લઉં એવી મારી ઇચ્છા છે; – ભારતીય નાગરિક બનવાની મારી ઇચ્છા. જ્યારે પ્રથમ વખત હું ભારતમાં આવી – ૧૯૧૪ – ત્યારથી મને એમ લાગતું હતું કે ભારત મારો પોતાનો સાચો દેશ છે, મારા આત્માનો અને મારી ભાવનાનો દેશ. ભારત સ્વતંત્ર થાય કે તરત જ મારી આ ઇચ્છાને સિદ્ધ કરવાનો મેં નિશ્ચય કરેલો. પરંતુ મારે ત્યાર પછી પણ વધારે સમય સુધી રાહ જોવી પડી કારણ કે અહીં પોંડિચેરી આશ્રમની ખૂબ ભારે જવાબદારી હતી. એ સમય આવ્યો છે જયારે હું મારી જાત વિશે જાહેરાત કરી શકું.

પરંતુ શ્રી અરવિંદના આદર્શ પ્રમાણે મારો હેતુ એ બનવાનો છે કે સત્ય ઐક્યમાં રહેલું છે અને નહિ કે વિભક્તતામાં. એક દેશના નાગરિકત્વનો ઇન્કાર કરવો જેથી બીજા દેશનું નાગરિકત્વ સ્વીકારાઈ શકે એ ઉકેલ આદર્શ નથી. તેથી મને આશા છે કે મને બેવડું નાગરિકત્વ સ્વીકારવાની મંજૂરી મળે, એટલે કે હું ભારતીય બનું ત્યારે પણ હું ફ્રેન્ચ રહી શકું.

જન્મથી અને શરૂઆતના શિક્ષણથી હું ફ્રેન્ચ છું, પરંતુ પસંદગી અને અભિરુચિથી હું ભારતીય છું. મારી ચેતનામાં બન્ને વચ્ચે કોઈ વિરોધ નથી,

ઊલટું તે બન્ને સારી રીતે જોડાઈ શકે છે અને એકબીજાને પૂર્ણ કરે છે. હું જાણું છું કે હું બન્નેની એકસરખી રીતે સેવા કરી શકીશ કારણ કે મારા જીવનનું એકમાત્ર ધ્યેય, શ્રી અરવિંદના મહાન શિક્ષણનું સાકાર સ્વરૂપ આપવાનું છે અને તેમના ઉપદેશમાં તેઓ સ્પષ્ટ કહે છે કે બધા જ દેશો તાત્ત્વિક રીતે એક છે અને પૃથ્વી ઉપર દિવ્ય પ્રભુના ઐક્યની અભિવ્યક્તિ માટે છે, એક વ્યવસ્થિત અને સેવા અને સંવાદમય વિભિન્નતા દ્વારા.

૧૫ ઑગસ્ટ ૧૯૫૪

*

દિવ્ય માતાજી,

જે અધિકારી મતદાર યાદીઓ તૈયાર કરે છે તેને માતાજીના નામને યાદીમાં મૂકવાની ઇચ્છા છે. જો માતાજી મંજૂરી આપે તો હું નામ આપું.

હા.

જો તેઓ રાષ્ટ્રીયતા વિશે પૂછે તો તમે ભારતીય મૂકશો.

૧૨ એપ્રિલ ૧૯૫૫

*

મારા કોઈ પુસ્તક અથવા પુસ્તકો માટેનું પત્રક ભરશો નહિ – હું લેખક તરીકેના કોઈ પણ હકની માગણી કરતી નથી – અને તેઓ પૂછે તે કોઈ પણ પ્રશ્નનો ઉત્તર આપવાનો હું ઇન્કાર કરું છું.

એ સાચું છે કે આ શરીર પૅરિસમાં જન્મ્યું હતું અને તેના આત્માએ જાહેર કર્યું છે કે ભારતીય છે. પરંતુ હું કોઈ પણ ખાસ દેશની નથી અને વહીવટ કરનારાઓ તે વસ્તુને સમજી શકે નહિ તેથી તેમની સાથે હું કાંઈ પણ સંબંધમાં પડવા માગતી નથી.

૧૪ ફેબ્રુઆરી ૧૯૬૮

*

૨૧-૨-૬૮

મારાં ભૂતકાળનાં સ્મરણો ટૂંકમાં હશે.

હું શ્રી અરવિંદને મળવા ભારતમાં આવી. હું શ્રી અરવિંદ સાથે જીવન જીવવા રહી ગઈ. જ્યારે તેમણે તેમનું શરીર છોડી દીધું ત્યારે મેં તેમનું કાર્ય કરવા માટે અહીં રહેવાનું ચાલુ રાખ્યું. તે કાર્ય છે સત્યની સેવા, અને માનવજાતને પ્રકાશિત કરવાનું અને પ્રભુના પ્રેમનું પૃથ્વી ઉપર

ઝડપથી સામ્રાજ્ય લાવવાનું.

૨૧ ફેબ્રુઆરી ૧૯૬૮

*

આ શરીરની સ્થૂલ હસ્તીની વિગતો વિશે પ્રશ્ન પૂછશો નહિ: તેનું પોતાનું કોઈ મહત્ત્વ નથી અને તેણે કોઈ ધ્યાન ખેંચવાની જરૂર નથી.

આ સમગ્ર જીવન દરમિયાન, જાણતાં કે અજાણતાં, પ્રભુ મને જેવી બનાવવા ઇચ્છતા હતા તેવી હું બની છું, પ્રભુ મારી પાસે જે કરાવવા ઇચ્છતા હતા તે જ મેં કર્યું છે. તે જ ફક્ત મહત્ત્વનું છે.

*

**સમાધિને જોઈને:**

મારી પૂજા થાય તેવું હું ઇચ્છતી નથી. હું કામ કરવા માટે અહીં આવી છું, પૂજા કરાવવા માટે નહિ, તેમના હૃદયને સંતોષ થાય એટલી હદ સુધી ભલે તેઓ તમારી પૂજા કરે અને મને શાંત અને ગુપ્ત રહેવા દો, જેથી કરીને હું મારું કાર્ય કોઈ પણ જાતની ખલેલ વગર કરી શકું – અને બધા જ બુરખાઓનાં શરીરનો બુરખો સર્વશ્રેષ્ઠ છે.

*

મારી ભૂતકાળની જિંદગી વિશે જે જાહેરમાં બોલાય છે તે ભલે છેલ્લી વખતનું હોય! – આ શરીરને પોતાના વિશે બોલાવવાની કોઈ ઇચ્છા નથી – તેને શાંત રહેવું છે અને શક્ય તેટલું 'ઉપેક્ષિત'.

## કાર્ય અને બોધ

જો પરમ પ્રભુની એવી ઇચ્છા હોય કે જેઓ મારા ઉપર આધાર રાખે છે તેમને મારી અંદર શ્રદ્ધા ન હોય, તો મારે કાંઈ કહેવાનું નથી. હું ફક્ત મારી પોતાની પૂર્ણ સચ્ચાઈ માટે જ જવાબદાર છું.

૧૪ ડિસેમ્બર ૧૯૩૨

*

મારી સંકલ્પશક્તિનો તમારી સંકલ્પશક્તિ સાથે ઐક્ય કરવાનો કોઈ માર્ગ નથી? કદાચ તમારે કોઈ વિશિષ્ટ સંકલ્પ ન હોય, કારણ કે તમારે કાંઈ જોઈતું નથી.

મારે શું જોઈએ છે અથવા પ્રભુનો સંકલ્પ શો છે તે હું સંપૂર્ણ રીતે જાણું છું, અને તે જ વસ્તુ કાળક્રમે વિજયી બનશે.

૧૧ મે ૧૯૩૪

*

> હું ધારું છું અને મારી માન્યતા છે કે તમારું કાર્ય માનવીઓ ઉપર આધાર રાખતું નથી.

ના, તે બિલકુલ માનવીઓ ઉપર આધાર રાખતું નથી. બધા જ શકય વિરોધો હોવા છતાં જે કરવાનું છે તે કરવામાં આવશે જ.

*

હું ફકત એક જ વસ્તુ માટે ખાતરી રાખું છું અને તે 'હું કોણ છું.' શ્રી અરવિંદ પણ તે જાણતા હતા અને તેમણે જાહેર કરેલું. સમગ્ર માનવ-જાતિની શંકાઓ પણ આ હકીકતમાં કોઈ ફેરફાર કરી શકશે નહિ.

પરંતુ બીજી હકીકત ચોક્કસ નથી – તે છે મારા આ શરીરમાં રહેલા સ્વરૂપ વિશેની, હું જે હાલ કરું છું તેની. હું મારી પોતાની આતુરતા માટે તે કરતી નથી. શ્રી અરવિંદે મને તે કરવાનું કહ્યું હતું અને તેથી પરમ પ્રભુના હુકમોને આજ્ઞાધીન બનવાની પવિત્ર ફરજ તરીકે હું કાર્ય કરું છું.

પૃથ્વીને તેની મારફતે કેટલો ફાયદો થયો છે તેની સ્પષ્ટતા સમય નક્કી કરશે.

૨૪ મે ૧૯૫૧

*

## એક પત્રનો હેતુલક્ષી પ્રત્યુત્તર

જો પરમ ચેતના આ શરીરમાં અવતાર લઈને પોતાની જાતની અભિ-વ્યક્તિ કરે છે તો સમગ્ર જગતના ઇન્કારો પણ તેને તેમ કરવામાંથી અટકાવી શકશે નહિ.

અને જો તે પ્રમાણે નહિ હોય તો મારી શારીરિક હસ્તીનું અસ્તિત્વ જે લોકોને મારામાં શ્રદ્ધા છે અને તેની મદદથી મારી મારફતે જેઓ પ્રભુની પરમ ચેતનામાં સંપર્કમાં પ્રવેશ કરી શકે છે તે લોકો માટે જ તે રસપ્રદ* છે.

તેઓ માટે જ આ પ્રશ્ન અગત્યનો છે અને બીજાઓને તેની સાથે કોઈ સંબંધ નથી કારણ કે આવી શ્રદ્ધા જે સાચી અને અસરકારક છે તેની

* બીજા મુસદ્દામાં "ઉપયોગી" શબ્દ છે.

તરફેણ કરવા અથવા વિરોધ કરવા કોઈ પણ વ્યક્તિ પ્રચાર માટેનું સાધન હોઈ શકે નહિ. તેનો ઉદ્ભવ મુક્ત અને સાહજિક હોવો જોઈએ. તે દબાણથી પ્રાપ્ત કરી શકાય નહિ અથવા ઈન્કારથી તેનો વિનાશ પણ થઈ શકે નહિ

જેમને વિશ્વાસ અથવા શ્રદ્ધા સામે ઉગ્ર રીતે લડાઈ આપવાની જરૂરિયાત લાગે, પછી તે ગમે તે પ્રકારની હોય, તે સાબિત કરે છે કે તેના સ્વરૂપનો એક ભાગ ગમે તેટલો નાનો હોય તો પણ આ માન્યતાથી અસર પામેલો હોય છે, જ્યારે તેનો પોતાનો બીજો ભાગ, ઘણો ઘણો વધારે અગત્યનો અને બાહ્ય ભાગ, પૂરેપૂરી શ્રદ્ધાના સ્વીકારનો ઈન્કાર કરે છે. આવી શ્રદ્ધા તેને જોખમી લાગે છે, કારણ કે તે ભાગ તેના પ્રત્યે વધારે સંવેદનશીલ છે અને તેનો જોરદાર ઈન્કાર કરવાની ઇચ્છા એ પોતાની જાતને સમજાવવાની જે જરૂરિયાત છે તેમાંથી ઉત્પન્ન થાય છે.

આત્મલક્ષી દષ્ટિબિંદુથી હું જાણું છું કે હું કોણ છું. પરંતુ આ જ્ઞાન પ્રમાણે જીવન જીવાય છે તેની કિંમત તેની સચ્ચાઈમાંથી થાય છે; અને આ સચ્ચાઈ વિશેનો ન્યાય ફક્ત પરમ પ્રભુ જ કરી શકે.

૭ નવેમ્બર ૧૯૧૧

*

હું જાણું છું કે હું વધારે કરી શકું નહિ — આશ્ચર્યો અને ચમત્કારો માટેની માનવઇચ્છાને હું સંતોષ આપી શકું નહિ. એક એવો સમય હતો જ્યારે હું તે પ્રમાણે કરી શકતી અને કરતી હતી. પરંતુ તેને માટે વ્યક્તિએ પ્રાણિક ચેતનામાં રહેવું જોઈએ અને પ્રાણિક શક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ, જે બહુ ભલામણ કરવા લાયક નથી.

૨૩ જાન્યુઆરી ૧૯૫૨

*

મારા માટે એમ કહેવાશે, “ તે મહત્ત્વાકાંક્ષાથી ભરેલી હતી, તેને જગતનું રૂપાંતર સાધવું હતું !” પરંતુ જગતને રૂપાંતરિત થવું નથી સિવાય કે એક બહુ લાંબી અને ધીમી પ્રક્રિયા દ્વારા, એટલી બધી મંદ કે એક પેઢીથી બીજી પેઢી સુધી તે ફેરફાર દેખાતો નથી.

હું જાણું છું કે પ્રકૃતિ ઢીલ કરે છે અને નુકસાન કરે છે. પરંતુ તેને લાગે છે કે હું વધારે ઉતાવળ કરું છું અને બહુ મુશ્કેલીરૂપ છું અને વધારે માગણી કરનાર છું.

મારે જે કાંઈ કહેવું છે તે બધું મને લખી લેવા દો; જે કાંઈ બનવાનું છે તેનું ભવિષ્ય મને કહેવા દો અને પછી જે કોઈને એમ લાગે

કે હું યોગ્ય રીતે કાર્ય કરતી નથી તો પછી હું નિવૃત્તિ લઈશ અને બીજાઓને તે કરવા માટે છોડી દઈશ.

૩૧ માર્ચ ૧૯૫૩

*

તમારું શ્રી અરવિંદની કોઈક વસ્તુ સાથે જોડાણ છે તેને વિશે હું ઈન્કાર કરતી નથી, એવી કોઈક વસ્તુ જેને તમારી અંદર કાંઈક રસ હતો, અને જેનાં તમે કાર્ય કરો છો. આ કોઈક વસ્તુ તમારી સાથે રહેલી હોય અને અમેરિકામાં અને બીજી જગાએ તમારા કાર્યમાં તે તમને પ્રેરણા અને મદદ આપતી હોય. પરંતુ તે શ્રી અરવિંદનો ફકત એક ભાગ છે, નાનો, ઘણો નાનો, જેને હું જાણું છું અને જેની સાથે હું ત્રીસ વર્ષ સુધી શારીરિક રીતે જીવેલી અને જે હજુ મને છોડી ગયેલ નથી, એક ક્ષણ માટે પણ નહિ – કારણ કે તેઓ હજુ પણ મારી સાથે જ છે, "રાત્રી અને દિવસ દરમ્યાન," મારા મગજ મારફતે વિચાર કરતા, મારી પેન મારફતે લખતા, મારા મુખ મારફતે બોલતા અને મારી વ્યવસ્થાશક્તિ મારફતે કાર્ય કરતા.

૫ મે ૧૯૫૩

*

અવતારવાદની શકયતામાં માનવું અથવા ન માનવું તેથી સત્ય હકીકતમાં કોઈ પણ ફેરફાર થઈ શકતો નથી. જો ભગવાન માનવશરીરમાં આવિર્ભાવ કરવાનું પસંદ કરે તો હું એ સમજી શકતી નથી કે કઈ રીતે માનવવિચારની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ પ્રભુના નિર્ણયને જરા પણ અસર કરી શકે, અને જો પ્રભુ શરીરમાં જન્મ લે તો માણસોનો ઇન્કાર તે હકીકતને, હકીકત ન હોવા માટે અટકાવી શકે નહિ. તેથી કરીને તેના વિશે ઉશ્કેરાઈ જવાની શી જરૂર છે? ફકત સંપૂર્ણ સ્થિરતા અને શાંતિમાં, બધા પૂર્વગ્રહો અને પસંદગીઓમાંથી મુકત થઈને જ ચેતના સત્યનું દર્શન કરી શકે છે.

૨૪ સપ્ટેમ્બર ૧૯૫૩

*

મારા અવતારવાદના સંબંધમાં માણસોના અભિપ્રાયનું શું મહત્ત્વ હોઈ શકે? જો હું (અવતાર) ન હોઉં તો, હજારો ભક્તોની શ્રદ્ધા પણ હું અવતાર બની શકું તેમ કરી શકે નહિ. બીજી બાજુથી જોઈએ તો જો હું અવતાર હોઉં તો સમગ્ર જગતનો ઈન્કાર પણ મને અવતાર હોવા વિશે અટકાવી શકે નહિ.

૨૫ સપ્ટેમ્બર ૧૯૫૩

*

## અહીં છટકી ન શકાય એવો ન્યાય છે.

અહીં એક ચેતના કાર્ય કરે છે. દરેક વ્યક્તિ આ દિવ્ય ચેતનાની વિરુદ્ધ જાય છે ત્યારે, જ્યારે તે પ્રમાણે કરે છે ત્યારે તેની ચેતનામાંથી કાંઈક ખોઈ બેસે છે. તે તેનાથી વિરુદ્ધ કાંઈક કરે છે ત્યારે દરેક વખતે નીચે પડે છે. આ દિવ્ય ચેતના પ્રમાણે દરેક વખતે જ્યારે તે કાર્ય કરે છે ત્યારે તેની ચેતનામાં કાંઈક તે પ્રાપ્ત કરે છે.

આ જગત જે પ્રમાણે છે તે પ્રમાણે ચાલ્યા કરે છે. જ્યારે હું કે તમે તેમાં ફેરફાર કરવા માટે કાંઈ ન કરી શકીએ ત્યારે આપણે બ્રહ્મની માફક જ શાંત સાક્ષીની જેમ સ્થિર રહી શકીએ છીએ. જે પ્રમાણે વિશ્વમાં છે તે પ્રમાણે અહીં પણ છે. ઘણી બધી વસ્તુઓ ચાલ્યા કરે છે; દરેક વ્યક્તિ પોતાની મહત્તા સાબિત કરવા પ્રયત્ન કરે છે; ઘણા બધા પ્રકારનું રાજકરણ છે, પ્રચાર છે. હું બ્રહ્મની માફક સાક્ષીભૂત રહું છું; હું તરફેણમાં કે વિરુદ્ધમાં નથી તેમ જ નથી સંમતિ આપતી કે નથી ધિક્કારતી.

૨૬ એપ્રિલ ૧૯૫૫

*

મારે માટે માનવજીવનમાં રહેલી દરેક વસ્તુ સેળભેળ થયેલી છે, કોઈ પણ વસ્તુ પૂરેપૂરી સારી નથી. કોઈ પણ વસ્તુ પૂરેપૂરી ખરાબ નથી. હું આ કે તે વિચારને મારો સમગ્ર અને એકમાત્ર ટેકો આપી શકું નહિ. મારે માટે કાર્યમાં ફક્ત અગત્યની વસ્તુ શ્રી અરવિંદનું કાર્ય છે, અને સાહજિક રીતે જ મારો સચેતન ટેકો, જે વસ્તુ તે કાર્યમાં સહાયરૂપ હોય છે, તેની સાથે હોય છે અને જેટલા પ્રમાણમાં મદદ હોય છે તેના પ્રમાણમાં હોય છે. અને તે કાર્યને જે રીતે ઉઠાવવાનું છે તેમાં મારે બધા સહકાર અને સર્વ-સહાયની જરૂર હોય છે, અને હું ફક્ત એક યા તો બીજાને સ્વીકારું અને બીજા બધાનો ઇન્કાર કરી શકું નહિ. હું આ પક્ષની કે પેલા પક્ષની હોઈ શકું નહિ. હું ફક્ત ભગવાનની જ છું, અને બીજા બધા વાદો અને પક્ષોની દરકાર વગર, આ પૃથ્વી ઉપરનું મારું કાર્ય પ્રભુના વિજય માટે જ છે અને રહેશે.

*

૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬
(બુધવારે સમૂહ ધ્યાન સમયે)

આજે સાંજે તમારી વચ્ચે દિવ્ય પ્રભુની હાજરી ઘન અને સ્થૂલ રીતે

હાજર હતી. મારી પાસે જીવંત સોનાનું સ્વરૂપ હતું, વિશ્વથી પણ વધારે મહાન, અને મારી સામે એક પ્રચંડ સોનેરી બારણું હતું જે વિશ્વને પ્રભુથી વિખૂટું પાડતું હતું.

જ્યારે મેં બારણા સામે જોયું ત્યારે મેં જાણ્યું અને સંકલ્પ કર્યો, ચેતનાની એકમાત્ર ગતિમાં કે "સમય પાકી ગયો છે." અને મારા બન્ને હાથથી એક પ્રચંડ સોનેરી હથોડાને ઊંચકીને મેં એક ઘા માર્યો, ફક્ત બારણા ઉપર એક જ ફટકો અને બારણું ભાંગીને ભુક્કો થઈ ગયું.

અને પછી અતિમાનસ પ્રકાશ, શક્તિ અને ચેતના પૃથ્વી ઉપર અટકયા વગર સીધાં જ ધસી આવ્યાં.

૧૯૫૬

*

જ્યારે પરમાત્માએ તમને જગત બનાવવાનું કહ્યું ત્યારે તમને કેવી રીતે ખબર પડી કે કઈ વસ્તુ કરવાની છે?

મારે તેના વિશે કાંઈ જાણવાનું ન હતું, કારણ કે પરમાત્મા તેમની પોતાની અંદર દરેક વસ્તુ ધારણ કરે છે: સમગ્ર જગત વિશેનું જ્ઞાન અને તેના સર્જન માટેની શક્તિ. જ્યારે તેમણે નક્કી કર્યું કે એક જગત હોવું જોઈએ ત્યારે તેમણે જગત વિશેનું જ્ઞાન અને તેને બનાવવાની શક્તિ બહાર મૂક્યાં અને તે હું છું, અને પછીથી મને જગત બનાવવા માટે તેમણે આજ્ઞા આપી.

૨૫ સપ્ટેમ્બર ૧૯૫૭

*

તમે અમારા જેવાં થઈને શા માટે આવ્યાં? તમે સાચી રીતે જે છો તે રીતે કેમ ન આવ્યાં?

કારણ કે હું તમારા જેવી જો થઈને ન આવી હોત તો હું તમારી નજીક ન આવી શકી હોત અને હું તમને એમ ન કહી શકત, "હું જે છું તે તમે બનો"

૨૭ સપ્ટેમ્બર ૧૯૫૭

*

માતાજી,

આ પ્રશ્નનો તમારો ઉત્તર શો છે? "તમે ભગવાન છો?"

આ પ્રશ્ન ગમે તે માનવને પૂછી શકાય, અને તેનો જવાબ છે: હા, ગર્ભિત રીતે.

અને તે વસ્તુને સાચી હકીકત બનાવવી તે દરેકનું કાર્ય છે.

ઑગસ્ટ ૧૯૬૬

*

હું જાણતી નથી કે હું શક્તિશાળી છું કે નહિ. (કારણ કે તે ખાતરી નથી કે મારો હું ક્યાં છે.) પરંતુ પ્રભુ સર્વશક્તિમાન છે. વિશ્વાસ બધી શંકાઓથી પર હોય છે અને પ્રભુ આ વસ્તુમાં ધ્યાન આપે છે.

*

તમે તમારા શબ્દોમાં એવી કોઈક વસ્તુ મૂકો છો જે અમને સત્યનું દર્શન કરવામાં મદદ કરે છે, જે શબ્દો દ્વારા કહી શકાય નહિ. તો તમારા શબ્દોની સાથે કઈ વસ્તુ સંલગ્ન છે ?

ચેતના.

૨૭ ડિસેમ્બર ૧૯૬૭

*

જ્યારે હું બોલું છું ત્યારે જ હું કહું છું તે હું 'જીવું' છું. અને જ્યારે મારા શબ્દોની સાથે 'અનુભૂતિને' રજૂ કરું છું – આ વસ્તુને કોઈ યંત્ર નોંધી શકે નહિ. એટલા માટે નોંધ, જ્યારે તે સાંભળવામાં આવે છે અથવા વાંચવામાં આવે છે ત્યારે પૂરેપૂરી ભિન્ન દેખાય છે; મુખ્ય વસ્તુ ચાલી ગઈ હોય છે, કારણ કે તે બધી નોંધથી પર હોય છે. મેં પોતે પુસ્તકમાં અથવા લેખમાં, જો છપાયો હોય તેમાં જાતે લખેલું હોય છે તેમ છતાં જ્યારે હું લખતી હોઉં છું ત્યારે જે અનુભૂતિની તીવ્રતા હોય છે, તે છટકી જાય છે. છતાં લખાણ સાદું લાગે છે. જો કે શબ્દો એકના એક જ હોય છે.

એટલા માટે સ્થૂલ હાજરીનું આ જ ખાસ કારણ હોય છે, અને તેની નિર્વિવાદ અગત્યતા છે.

*

મારા શબ્દોને ઉપદેશ તરીકે સ્વીકારશો નહિ, તે કાયમ કાર્યમાં રહેલું બળ છે, એક ખાસ હેતુ માટે બોલાયેલા હોય છે અને તે હેતુમાંથી તેને છૂટા પાડવામાં આવે ત્યારે તેમની સાચી શક્તિ તેઓ ગુમાવી બેસે છે.

## શરીરની સાધના

આ શરીરને દેવની બિનહરીફ સત્તા પણ નથી અથવા સંતની અક્ષુબ્ધ સ્થિરતા પણ નથી. તે ફક્ત અતિમાનવ તત્ત્વનું એક ફક્ત ઉમેદવાર છે.

*

હે મારા મધુર પ્રભુ, પરમ સત્ય, હું અભીપ્સા રાખું છું કે હું જે ખોરાક લઉં છું તે મારા શરીરના બધા કોષોમાં તારું સર્વ જ્ઞાન, તારી સર્વ શક્તિ, તારાં સર્વ શુભનું પ્રસરણ કરાવે.

૨૧ સપ્ટેમ્બર ૧૯૫૧

*

જ્યારે મારા શરીરને માણસોની પ્રગતિ માટે તેમના શરીર જેવા જ હોવાની જરૂર નહિ રહે ત્યારે તે અતિમાનસિક બનવા માટે મુક્ત થશે.

૨ ઑગસ્ટ ૧૯૫૨

*

એ હકીકત છે કે પ્રભુએ કાયમ સ્થૂલ શરીર ધારણ કરેલું હોય છે; તે એવા હેતુથી કે શરીર રૂપાંતર પામે અને પૃથ્વી ઉપર તેના આવિર્ભાવને માટે તેને યોગ્ય કરણ બનાવે. પણ એ પણ હકીકત છે કે હજુ સુધી તેમ કરવામાં તે નિષ્ફળ ગયા છે અને એક અથવા બીજા કારણસર રૂપાંતરના કાર્યને પૂરું કર્યા સિવાય તે સ્થૂલ શરીરને તેમણે કાયમ છોડી દેવું પડયું છે.

પૂર્ણ રૂપાંતર બની આવે, ત્યાં સુધી પ્રભુ જે શરીર મારફતે પૃથ્વી ઉપર આવિર્ભાવ પામે છે, તેને તે રાખી શકે તે માટે એ જરૂરી છે કે તે વધારે નહિ તો ઓછામાં ઓછી એક વ્યક્તિએ તેને માટે જરૂરી એવી શરતો, સંવાદ, શક્તિ, સચ્ચાઈ, ખંત, નિઃસ્વાર્થપણું અને શારીરિકમાં સમતા માટે, તે શરીર જેમાં પ્રભુ અવતાર લે છે તેના માટે સૌથી અગત્યનું હોવું જોઈએ એટલું જ નહિ પરંતુ એકમાત્ર અગત્યની વસ્તુ હોવી જોઈએ. તે વસ્તુ દિવ્ય કાર્ય કરતાં પણ વધારે અગત્યની હોવી જોઈએ. ખરી રીતે તો આ શરીર પૃથ્વી ઉપરના દિવ્ય કાર્યનું પ્રતીક અને પાર્થિવ સ્વરૂપ બનવું જોઈશે.

૩ ઑક્ટોબર ૧૯૫૨

*

કામથી કદી હું થાકતી નથી. જ્યારે મારે ફરજિયાત રીતે અસંતોષ,

નિરાશા, શંકા, ગેરસમજૂતી અને દુરિચ્છાના વાતાવરણમાં કાર્ય કરવું પડે છે ત્યારે દરેક આગળનું પગલું એક પ્રચંડ પ્રયત્ન રજૂ કરે છે અને સામાન્ય કાર્યના દસ વર્ષના ઘસારા કરતાં પણ તે વધારે ઘસારો મારા શરીરને પહોંચાડે છે.

૨૦ સપ્ટેમ્બર ૧૯૫૩

*

છેલ્લા થોડા દિવસોથી જ્યારે હું સવારે જાગું છું ત્યારે મને મારું પોતાનું શરીર ન હોય એવા એક શરીરમાં પ્રવેશ કરતી હોઉં તેવી લાગણી થાય છે–મારું શરીર મજબૂત અને તંદુરસ્ત છે, શક્તિ અને જીવનથી ભરપૂર, નરમ અને સંવાદી, જ્યારે આ શરીર એવા કોઈ ગુણો પરિપૂર્ણ કરતું નથી; તેની સાથેનો સંપર્ક દર્દજનક હોય છે; તેની સાથે મારી જાતને બંધબેસતી કરવામાં મહાન મુશ્કેલી નડે છે અને આ બેયેની ઉપર વિજય મેળવવામાં મારો ઘણો સમય પસાર થાય છે.

૧૪ જાન્યુઆરી ૧૯૫૪

*

ગઈ કાલે રાત્રે જ્યારે હું ફિલ્મ જોતી હતી ત્યારે જે અનુભૂતિ થયેલી તેની પછી ફલ રૂપે આ અનુભૂતિ બની આવી. મને ખૂબ તીવ્રતાથી લાગણી થઈ કે મારાં બાળકો મુક્ત થઈ ગયાં છે અને તેમનું કાર્ય સારી રીતે કરવા માટે મારે શારીરિક રીતે વચ્ચે પડવાની જરૂર નથી. એટલું પૂરતું છે કે તેમની મધ્યમાં મારી હાજરી એક પ્રેરણારૂપ છે અને તેમના લક્ષ્યને સ્પષ્ટ દર્શન આપવા માટે માર્ગદર્શનરૂપ છે અને તેથી તેઓ માર્ગ ઉપર ભૂલા પડતા નથી. આ વસ્તુ સ્વાભાવિક રીતે જ શારીરિકને પોતાની અંદર પાછા ખેંચી લેવા માટે દોરી જાય છે જેથી શરીરના રૂપાંતરના કાર્ય ઉપર સ્થૂલ રીતે એકાગ્રતા થઈ શકે. હવે હું તેમને બાહ્ય રીતે તેમના પોતાના વિચારો અનુસાર કાર્ય કરવા માટે છોડી દઈ શકું છું અને મારી હાજરીને, એક સર્જનાત્મક પ્રેરણા અને ચેતનાના વધારે કે ઓછા અદૃશ્ય ભાગ ભજવવા માટે, ઓછી કરી શકું.

૧૦ મે ૧૯૫૪

*

શરીર વારંવાર અને તીવ્ર સચ્ચાઈથી પુનરુચ્ચાર કરે છે : "કોઈની પણ પાસેથી કોઈ પણ વસ્તુની માગણી કરનાર હું કોણ છું? મારી જાત પ્રત્યે છોડી દેવામાં આવે તો હું કાંઈ પણ નથી. હું કાંઈ પણ જાણતું નથી.

હું કાંઈ પણ કરી શકું નહિ. જ્યાં સુધી સત્ય મારી આરપાર પ્રવેશ કરીને મને સૂચના આપે નહિ, ત્યાં સુધા નાનામાં નાનો નિર્ણય લેવા અને કઈ વસ્તુ કરવી શ્રેષ્ઠ છે તે જાણવા માટે અને સૌથી તુચ્છ સંજોગોમાં જીવવા માટે પણ હું અશક્ત છું. કઈ વસ્તુનો પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવાનો છે, તે આવિર્ભાવ કરવા માટે મારે કેવા હોવું જોઈએ અને તે બિંદુ સુધી હું મારું રૂપાંતર સાધી શકાશ કે કેમ ?"* પરંતુ આ ઉત્તર શા માટે કાયમ ઊંડાણમાંથી, તમારામાંથી, હે પ્રભુ, એક નિર્વિવાદ ખાતરીથી આવે છે, "જો તું નહિ કરી શકે તો પૃથ્વી ઉપરનું બીજું કોઈ પણ શરીર કરી શકશે નહિ." ફક્ત એક જ ફલશ્રુતિ છે : હું મારો પ્રયત્ન ચાલુ રાખીશ, હાર્યા સિવાય અને મૃત્યુ કે વિજય સુધી હું મારો ખંત ચાલુ રાખીશ.

૮ સપ્ટેમ્બર ૧૯૫૪

*

મારા પ્રભુ, મારી પાસે તારે કરાવવું હતું તે મેં કર્યું છે. અતિમનસનાં દ્વારો ખુલ્લાં મુકાયાં છે અને અતિમાનસ ચેતના પ્રકાશ અને બલનાં પૂર પૃથ્વી ઉપર ઊતરી રહ્યાં છે.

પરંતુ મારી પાસે જેઓ રહેલાં છે તેમને હજુ સુધી ભાગ્યે જ તે વસ્તુની જાણ છે. તેમની ચેતનામાં કાંઈ સંપૂર્ણ પરિવર્તન થયું નથી અને તેઓ ફક્ત મારા શબ્દ ઉપર વિશ્વાસ રાખે છે અને તેથી જ તેઓ કહેતા નથી કે સાચેસાચ કાંઈ પણ બન્યું નથી. ઉપરાંત બાહ્ય સંજોગો પહેલાં હતા તેનાથી વધારે કપરા બન્યા છે અને મુશ્કેલીઓ પહેલાં કરતાં પણ ન ઓળંગી શકાય એટલી ઝડપથી ઉત્પન્ન થતી જાય છે.

હવે જ્યારે અતિમનસ ત્યાં છે – કારણ કે તેના વિશે 'મને પૂરેપૂરી ખાતરી છે', ભલે પછી પૃથ્વી ઉપર ફક્ત હું એકલી જ તે વિશે સભાન હોઉં – તેથી એમ બને કે આ સ્વરૂપનું કાર્ય પૂરું થયું છે અને બીજું સ્વરૂપ તેની જગાએ કાર્યને હાથમાં લેશે ? હુ આ પ્રશ્ન 'તારી' પાસે મૂકુ છું અને ઉત્તરની માગણી કરું છું – એક એવી નિશાની જેથી હું ચોક્કસપણે જાણી શકું કે તે હજુ મારું જ કાર્ય છે. અને બધા જ વિરોધો અને ઇન્કારો હોવા છતાં મારે મારું કાર્ય ચાલુ રાખવાનું છે.

ગમે તે નિશાની હોય તેની મને પડી નથી. પરંતુ તે 'સ્પષ્ટ' હોવી જોઈએ.

*

---

* હું ખરેખર સાધી શકીશ.

હજુ પણ હું "મારી જાત" કહી શકું નહિ, કારણ કે જ્યારે હું મારી જાત કહું ત્યારે લોકો મારા શરીર વિશે વિચાર કરે છે અને મારું શરીર ખરેખર "મારી જાત" નથી, હજુ તે રૂપાંતર પામેલું નથી, અને તે તેમના મગજમાં ગોટાળો ઉત્પન્ન કરે છે. ઉપરાંત મને કાયમ લાગ્યું છે કે મારા શરીરનું આ વલણ, જે તેની અપૂર્ણતાને જોઈ શકે છે, તેની અનિવાર્ય જરૂર હતી, જેથી કરીને શારીરિક ચેતનામાં એક જીવંત અને સતત નમ્રતા રહી શકે.

જ્યારે રૂપાંતર સમગ્ર બનશે, ત્યારે હું બોલી શકીશ, તે પહેલાં નહિ.

૨૧ ઑક્ટોબર ૧૯૫૫

*

હે દિવ્ય પરમ પ્રકાશ, અતિમાનસ વાસ્તવિકતા :

આ ખોરાકની સાથે મારા આખા શરીરમાં પ્રવેશ કરો, દરેક કોષમાં પ્રવેશ કરો, દરેક અણુમાં તારું પોતાનું સ્થાપન કરો, દરેક વસ્તુ પૂરેપૂરી સચ્ચાઈવાળી અને ગ્રહણશીલ બનો, આવિર્ભાવને અટકાવનાર દરેક વસ્તુમાંથી મુક્ત, ટૂંકમાં જે જે મારા શરીરના બધા ભાગો જે તું પોતે નથી તે બધા ભાગો તારા તરફ ખુલ્લા થાઓ.

૧૬ જાન્યુઆરી ૧૯૫૮

*

અને શરીર પરમાત્માને કહે છે : તારે મને જે બનાવવાની ઇચ્છા હોય તે હું બનીશ, તારે મને જણાવવાની ઇચ્છા હોય તે જ હું જાણીશ, તું મારી પાસે જે કરાવવા માગતો હોય તે જ હું કરીશ.

૩ ઑક્ટોબર ૧૯૫૮

*

પરંતુ આ શરીરને કસરતની જરૂર છે, અને પગથિયાં ઉપર ચડવું અને ઊતરવું એ ઘણી સારી કસરત છે. વધારામાં મારા કાર્યમાં સાથીદાર બનવાને તે ટેવાયેલું છે અને તેની મુશ્કેલીઓને લઈને કાંઈ ફેરફાર કરવામાં આવે તો તેને દુઃખ થશે.

તેથી વસ્તુઓ જેમ દરરોજ ચાલે છે તેમ ચાલશે અને જ્યારે તેને મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો સમય આવશે ત્યારે મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જશે.

૧૭ ફેબ્રુઆરી ૧૯૬૧

*

> તમારા નવા શરીરમાં જોવાની મને મંજૂરી આપશો ? હું માનું છું કે તમારી મદદથી તે શક્ય બને.

મદદ કાયમ હોય છે પણ તેને તીવ્ર બનાવવામાં આવશે કારણ કે તમારે ઠીક ઠીક લાંબા સમય સુધી રાહ જોવાની તૈયારી રાખવી પડશે.

જાન્યુઆરી ૧૯૬૩

*

> મને તમારા નવા શરીરમાં જોવાનું ખૂબ પસંદ પડશે ત્યાં સુધી મારા ઉપર કૃપા કરો કે તમે મને જે આપો તેને હું ગ્રહણ કરીને પચાવી શકું.

હું ધારું છું, તમે એમ કહેવા માગો છો કે મારો નવો 'દેખાવ' અથવા મારું 'રૂપાંતર પામેલું શરીર'. કારણ કે મારા 'નવીન' શરીર માટે, હું એવી કોઈ વ્યક્તિ વિશે જાણતી નથી જે પૂરેપૂરું જીવંત શરીર બનાવી શકે, જેમાં હું મારી હાલની ચેતનાને ગુમાવીને અથવા આંશિક રીતે ગુમાવીને પગલું મૂકી શકું. ચોક્કસ આ કદાચ સાપેક્ષ રીતની ઝડપી પ્રગતિ બની શકે. પરંતુ આ શરીરના કોષો માટે બહુ સારું નથી, જેઓ ઉત્સાહથી ભરપૂર છે અને રૂપાંતરની કઠિન પ્રક્રિયામાં પોતાની જાતને આનંદપૂર્વક સમર્પણ કરે છે.

કોઈ પણ રીતે મેં તમને હમણાં કહ્યું તે પ્રમાણે તેના માટે ઘણા લાંબા સમય સુધી રાહ જોવી પડશે, અને ઘણા જન્મદિનોને પસાર થતા જોવા પડશે. જે ખરેખર ઘણું સારું છે અને હું તેને પૂર્ણ મંજૂરી આપું છું.

૨૫ જાન્યુઆરી ૧૯૬૩

*

### મારા દરેકે દરેક બાળક પ્રત્યે

જ્યારે જ્યારે જૂઠાણાના આવેગ નીચે તેઓ વિચારે છે, બોલે છે અથવા કાર્ય કરે છે ત્યારે ત્યારે મારા શરીર ઉપર તે એક ફટકાનું કાર્ય કરે છે.

૧૬ જુલાઈ ૧૯૭૨

*

સત્ય કહું તો હું કોઈ પણ વસ્તુને પસંદગી અથવા નાપસંદગી સિવાય લઈ શકું છું પરંતુ ટેબલ ઉપર ઘણી પસંદગીઓ હોય છે તેથી હું મારું શરીર જે સ્વીકારે છે અને સહેલાઈથી પચાવી શકે છે તે વસ્તુને પસંદ કરીને લઉં છું.

*

એવો એક પણ રોગ નથી જેનાથી મેં સહન કર્યું ન હોય. મેં મારા શરીર ઉપર બધા જ રોગો લીધેલા છે જેથી તેમની કાર્ય કરવાની રીત અને તેમના વિશેના જ્ઞાનનો મને શારીરિકમાં અનુભવ થાય અને જેથી તેમના ઉપર હું કાર્ય કરી શકું. પરંતુ મારા શારીરિકને કોઈ ભીતિ ન હોવાથી અને તે ઉચ્ચતર દબાણને પ્રત્યુત્તર આપતું હોવાથી, મારે માટે તેમનામાંથી મુક્તિ મેળવવી સહેલી છે.

## આશીર્વાદ

દરરોજ, દરેક ક્ષણે મારા આશિષ તમારી સાથે જ છે.

*

મારા બાળક,

તારી ચેતનાને વિશાળ અને વિશુદ્ધ કરવા માટે મારા આશિષ તારી સાથે જ છે, જેથી તારી અંદર કાયમ શાંતિ રહે.

*

શબ્દો લખાયેલા હોય કે ન હોય, હું કાયમ મારા આશીર્વાદ તને મોકલું છું.

૨૩ એપ્રિલ ૧૯૩૪

*

તને જાગ્રત કરવા માટે મારા આશીર્વાદ કાયમ તારી સાથે હોય છે, પણ તારે તેનો ઉપયોગ કરવાની ઇચ્છા કરવી જોઈએ.

૨૧ ઑક્ટોબર ૧૯૩૫

*

આશીર્વાદ વ્યક્તિ માટે અથવા સમૂહની તરફેણમાં દિવ્ય કૃપાનો આવિર્ભાવ છે.

૨૨ ઑક્ટોબર ૧૯૩૫

*

મારો પ્રેમ અને આશીર્વાદ તમારી સાથે છે. એટલું સમજો કે આશીર્વાદ ઉત્તમ આધ્યાત્મિક પરિણામ માટે છે અને આવશ્યક રીતે માનવીય ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે નહિ.

*

મારા આશીર્વાદ બહુ જોખમી છે. તે આ વસ્તુ માટે કે પેલી વસ્તુ માટે અથવા માણસની વિરુદ્ધમાં કે તે વસ્તુની વિરુદ્ધમાં નથી. તે એટલા માટે છે અથવા હું રહસ્યમય રીતે મૂકું :

તે પ્રભુની સંકલ્પશક્તિને પૂર્ણ બળ અને શક્તિ સાથે કાર્ય કરવાને માટે છે, તેથી એ જરૂરી નથી કે કાયમ તેમાં સફળતા મળે. તેમાં નિષ્ફળતા પણ હોઈ શકે. જો પ્રભુનો સંકલ્પ તે પ્રમાણે હોય તો અને પ્રભુની સંકલ્પ-શક્તિ પ્રગતિ માટે છે એટલે કે આંતરિક પ્રગતિ માટે, એટલે જે કાંઈ બનશે તે સર્વ શ્રેષ્ઠ માટે જ હશે.

૨૧ જાન્યુઆરી ૧૯૬૦

## સામાન્ય

ઘણા પ્રસંગો ઉપરથી મને જાણ થઈ કે મારો ચહેરો એક દર્પણ જેવો છે જે દરેકને તેની આંતરિક સ્થિતિનું પ્રતિબિંબ બતાવે છે.

૨૮ જૂન ૧૯૩૧

*

મને જવાબ આપવાનું મન થાય છે :

હું આ બધી પ્રણાલિકાઓથી એટલી બધી ભિન્ન રીતે જીવું છું કે મેં તેના વિશે વિચાર પણ કરેલો નહિ.

૧૬ મે ૧૯૩૨

*

(૨૪ એપ્રિલ ૧૯૨૦ વિશે)

મારો પોંડિચેરીના પુનરાગમનનો ઉત્સવ વિરોધી બળો ઉપરના વિજયની સ્પષ્ટ નિશાની હતી.

૨૪ એપ્રિલ ૧૯૩૭

*

"તું કોણ છો ?" વિરોધી બળ પૂછે છે

"હું તટસ્થ અને સત્ય દર્પણ છું જેમાં દરેક પોતાનું સાચું સામ્ય શોધી શકે છે."

૨૫ માર્ચ ૧૯૫૨

*

અતિમાનસનું ઘણા લાંબા સમય પહેલાં મનમાં અને પ્રાણમાં પણ અવતરણ થયેલું – ઘણા ઘણા લાંબા સમય પહેલાં; તે શારીરિકમાં પણ કાર્ય કરતું હતું પરંતુ આ વચગાળાની અવસ્થાઓમાં થઈને પરોક્ષ રીતે. અતિમનસનો શારીરિકમાં સીધેસીધા કાર્યનો પ્રશ્ન હતો. શ્રી અરવિંદે કહ્યું કે સ્થૂલ મન જયારે અતિમનસ પ્રકાશ ગ્રહણ કરે ત્યારે જ તે શકય બને : શારીરિક મન, સૌથી સ્થૂલ ઉપર સીધેસીધું કાર્ય કરવાનું કરણ હતું. આ સ્થૂલ મન જે અતિમનસ પ્રકાશને ઝીલે છે તેને શ્રી અરવિંદે દ્યુતિમનસ કહ્યું છે.


૨૯ જૂન ૧૯૫૩

*

જેવા શ્રી અરવિંદ શરીરમાંથી પાછા હઠી ગયા ત્યારે જેમને તેઓ દ્યુતિમનસ કહેતા તેનો મારી અંદર સાક્ષાત્કાર થયો.

*

## માતાજીનું પ્રતીક



મધ્ય વર્તુળ દિવ્ય ચેતનાનું પ્રતીક છે.

ચાર પાંખડીઓ માતાજીની ચાર શક્તિઓનું પ્રતીક છે.

બાર પાંખડીઓ માતાજીની બાર શક્તિઓનો તેમના કાર્યમાં આવિર્ભાવની રજૂઆત કરે છે.

*

મધ્ય વર્તુળ પરમ ભગવતી મા, મહાશક્તિનું પ્રતીક છે. ચાર મુખ્ય પાંખડીઓ માતાજીનાં ચાર પાસાંઓ છે – અને બાર પાંખડીઓ તેમના બાર ગુણો છે.

૧૯૫૫

*

તે પરમ ચેતનાના સફેદ કમળની પ્રતીકાત્મક આકૃતિ છે, જેમાં મહાશક્તિ (માતાજીનું વૈશ્વિક સર્જનનું સ્વરૂપ) કેન્દ્રમાં છે. તે તેમનાં ચાર

પાસાંઓ અને બાર ગુણોમાં રહેલાં છે.

*

શ્રી અરવિંદ કહે છે, "માનવ મન, બાળક, યુવાન અને પ્રૌઢનો અભ્યાસ એ શિક્ષણનો સાચો પાયો છે." પરંતુ વ્યકિત કઈ રીતે અભ્યાસ કરે છે? વ્યક્તિ ક્યાંથી શરૂઆત કરે છે? આ અભ્યાસમાં ક્યાં ક્યાં પગથિયાં છે?

મન વિશે મને કોઈ પણ પ્રશ્ન પૂછશો નહિ; મને હવે તેમાં રસ નથી; હું અધિમનસની એકતા ઉપર એકાગ્ર થયેલી છું.

૯ ડિસેમ્બર ૧૯૭૨

*

કોઈ પણ સમસ્યાનો ઉકેલ લાવવાનું કઈ રીતે શીખવું?

હું માનસિક રીતે ઉત્તર આપી શકું નહિ. તે વસ્તુ આંતરિક રીતે ગ્રહણ કરવાની હોય છે.

૧૭ ફેબ્રુઆરી ૧૯૭૩

*

**માતાજીની સહી**

જુઓ પ્રાથમિક પૃષ્ઠોમાં

પરમ પ્રભુમાંથી આવતી દિવ્ય કૃપાનો સંદેશ લાવનાર પક્ષી.

*

મારી મદદ કાયમ પહેલાંની માફક જ સક્રિય તમારી સાથે છે; પરંતુ હું હવે મનોમય રીતે ઉત્તર આપતી નથી.

૫ માર્ચ ૧૯૭૩

*

શા માટે તમે ઇચ્છો છો કે મારે કાંઈક કહેવું?

શાંતિમાં સૌથી વધારે મહાન શક્તિ રહેલી છે.

## અન્ય વ્યક્તિઓ સાથેના સંપર્ક

### "હું તમારી સાથે છું"

માતાજી દરેકને તેની જરૂરિયાત પ્રમાણે કાયમ પ્રેમ આપે છે.

૧૧ જાન્યુઆરી ૧૯૩૩

*

હું કાયમ તમારા હૃદયમાં બેઠેલી છું અને તમારી અંદર સજ્ઞાન રીતે જીવું છું.

૨ સપ્ટેમ્બર ૧૯૩૫

*

તમારું હૃદય ખુલ્લું કરો અને તમે મને ત્યાં બેઠેલી જોશો.

*

બેચેન ન બનો, તમારા હૃદયમાં સ્થિરતાથી એકાગ્ર રહો અને મને ત્યાં શોધી શકશો.

૧ ઑક્ટોબર ૧૯૩૫

*

મંદિરમાં ઊંડે ઊંડે પહોંચો અને મને તમે ત્યાં જોશો.

૧૧ ફેબ્રુઆરી ૧૯૩૮

*

જે આત્માઓ અભીપ્સા રાખે છે તેઓ સીધી મારી સંભાળ નીચે હોય છે.

૨૭ ડિસેમ્બર ૧૯૫૭

*

જેઓ દિવ્ય જીવન તરફની પોતાની અભીપ્સામાં સચ્ચાઈવાળા છે તે બધાની સાથે માતાજી હાજર છે.

૨૬ માર્ચ ૧૯૭૧

*

માતાજી, હું અવિરત રીતે તમને મારું સમર્પણ કરું છું.
હું અહીં આ રહ્યો, માતાજી.

હું તમને હૃદયમાં રાખું છું અને ત્યાં રાખી મૂકું છું.
આશીર્વાદ

૫ જૂન ૧૯૭૧

*

> માતાજી, વારંવાર હું આ નવા આંદોલનને મારી અંદર પ્રવેશ કરતું અનુભવું છું અને તે તેની સાથે જોમ, શક્તિ અને આનંદ લાવે છે અને તે શું છે તે મને ખબર નથી– પણ તે એટલું બધું સુંદર છે. તમે અહીં છો, મારાં માતાજી.

હું તમારા અંતરમાં કાયમ હોઉં છું.

આશીર્વાદ.

૧૯ મે ૧૯૭૧

*

હું તમારી નજીક, તમારી અંદર કાયમ હાજર છું, અને મારી સાથે મારા આશીર્વાદ આવે છે.

*

ખાતરી રાખજો કે તમારા કાર્ય અને સાધનામાં માર્ગદર્શન આપવા અને સહાય આપવા હું તમારી વચ્ચે કાયમ હાજર હોઉં છું જ.

*

હાલ પૂરતી અગત્યની વસ્તુ એ છે કે ચેતનાની આ વિશાળતા અને ઊંડાણને કેળવવાં જોઈએ જે તમને મારી હાજરીનો સતત અનુભવ શક્ય બનાવે, જેને તમે સાચી અને સઘન રીતે અનુભવો અને તે તમારી અંદર અચલ શાંતિ લાવી આપશે.

*

મારી સતત પ્રેમાળ હાજરીની આ સભાનતાને કાયમ ધારણ કરી રાખો અને બધું બરાબર થઈ જશે.

*

આત્મવિશ્વાસ રાખો, હું તમારી પાસે જ છું.

મારા કોમળ પ્રેમ સાથે.

*

આજે પ્રણામ વખતે, હું 'ક્ષ' ના હૃદયમાં પ્રથમ વખત પ્રવેશ કરી શકી અને ત્યાં મારા એક પ્રાદુર્ભાવનું સ્થાપન થયું.

૧૪ જૂન ૧૯૩૨

*

તમારી ચેતનાની જાગૃતિથી હું ખુશ થઈ છું. તમારે તેનો વધારે અને વધારે વિકાસ થવા દેવો જોઈએ જેથી કરીને પ્રકાશ દરેક જગાએ પ્રવેશ કરી શકે, સૌથી અંધારા ખૂણામાં પણ.

મારી મદદ અને રક્ષણ તમારી સાથે કાયમ છે.

૧૭ જૂન ૧૯૩૫

*

તમારી પ્રગતિ અને તમારા કાર્યમાં સહાય કરવા માટે મારી મદદ હંમેશાં તમારી સાથે છે.

આજે જે મુશ્કેલીઓ ઉપર તમને વિજય પ્રાપ્ત થતો નથી તે આવતી કાલે અથવા પછીથી થશે જ.

*

મારી નજર કાયમ ઊર્ધ્વ તરફ હોય છે. પરમ સૌંદર્ય, પરમ શાંતિ અને પરમ પ્રકાશ ત્યાં છે અને નીચે ઊતરવાની તૈયારીમાં છે. તેથી કાયમ અભીપ્સા રાખો અને ઊર્ધ્વમાં નજર કરો જેથી કરીને તે બધાં આ પૃથ્વી ઉપર આવિર્ભાવ પામે.

આ પૃથ્વીની વિરૂપ વસ્તુઓ તરફ નજર ન નાખો. જ્યારે જ્યારે તમને નિરાશા આવે ત્યારે મારી સાથે હંમેશાં ઊર્ધ્વમાં નજર કરો.

*

ખૂબ સ્થિર રહો અને તમે મારી મદદ અનુભવશો.

*

બેટા, તું ફરિયાદ કરે છે કે તું મને ફક્ત મિત્ર તરીકે જ જુએ છે.... પરંતુ જે જાણે છે, કાર્ય કરે છે અને પ્રેમ કરે છે એવો મિત્ર હોવો, તેનાથી વધારે સારું બીજું શું હોઈ શકે ?

૨૧ સપ્ટેમ્બર ૧૯૪૫

*

સાચે જ મારા બાળક, મારે તને છોડી દેવાનો ઇરાદો નથી. અને તારે ચિંતા કરવાની જરૂર નથી. તારે એક વસ્તુ ચોક્કસ જાણવી જોઈએ અને કદી ન ભૂલવી જોઈએ : જે કાંઈ સત્ય અને સચ્ચાઈવાળું છે તેને કાયમ રાખવામાં આવશે. ફક્ત જે અસત્ય અને બિનસચ્ચાઈવાળું છે તે અદશ્ય થઈ જશે. જેટલા પ્રમાણમાં તારે માટે મારી જરૂરિયાત સચ્ચાઈભરી અને હૃદયપૂર્વકની હશે, તેટલા પ્રમાણમાં તે ચરિતાર્થ થશે.

૫ ઑક્ટોબર ૧૯૫૫

*

મારા વહાલા બેટા,

આ છોડી દેવાની બધી વાત અર્થવિહીન છે.

તું શું છે અથવા તો નથી તે તું જાણે તેના કરતાં હું વધારે સારી રીતે જાણું છું; અને જેને તું તારો નિમ્ન પ્રાણ કહે છે તેની પાછળ કયા ખજાનાઓ ગુપ્ત રીતે છુપાયેલા છે, તે હું જાણું છું.

તું જે કહે છે કે પ્રેમ બિનશરતી અને નિઃસ્વાર્થી છે તે એક જ વસ્તુ સાચી છે. શ્રી અરવિંદનો અને મારો તારા માટેનો પ્રેમ એ પ્રકારનો છે.

એટલા માટે જ તારી બધી અર્થવિહીન વાતો અમે કદી સાંભળીશું નહિ, અને તને ચોક્કસ પ્રેમ કરીશું. મારી પાસે ડર્યા વગર ચાલ્યો આવ. હું તને ઠપકો નહિ આપું તેમજ તારી સામે "ડોળા" ફાડીને 'જોઈશ નહિ.'

*

મારા ખૂબ વહાલા બાળક,

તેં કહ્યું ન હતું છતાં આ વસ્તુની કાંઈક મને જાણ હતી અને ફક્ત એક જ વસ્તુમાં મને દુઃખ થયું કે તેં તારી મમ્મીને ચાહી નહિ અને તેનામાં વિશ્વાસ રાખ્યો નહિ. તું કઈ રીતે એમ માની શકે કે આ વસ્તુ તારા ઉપરનો મારો પ્રેમ બદલી નાખશે?

હવે 'કોઈ પણ વસ્તુ' આપણી વચ્ચે વિઘ્નરૂપ નથી, 'ક્ષ' અને તેની મમ્મીની વચ્ચે અને જો મારો પ્રેમ તારા માટે વધારે મોટો હોય તો અત્યારે જ તે પ્રકારનો હોવો જોઈએ કારણ કે તેં મારામાં પૂર્ણ આત્મશ્રદ્ધા દર્શાવેલી છે.

*

શ્રી અરવિંદે તને જે લખ્યું છે તે યાદ રાખ. જ્યારે મનની આ પ્રકારની સ્થિતિઓ થાય ત્યારે તું માતાજીથી દૂર કેમ નાસી જાય છે? ઊલટું તેમની પાસે આવ અને તેઓ તને સહેલાઈથી સાજો કરી દેશે. તેમણે તને કહ્યું તેનો સાર આ છે.

*

મારા સૌથી વહાલા નાના બાળક,

એ કેટલી દુઃખદાયક વસ્તુ છે કે મારું બાળક સાજું નથી! મને આશા છે કે હવે તે સાજું થતું જશે; પરંતુ શાંત રહેજે અને કામ માટે અથવા બીજી કોઈ પણ વસ્તુ માટે ચિંતા કરીશ નહિ – તે બધું જ ચાલ્યું જાય ત્યાં સુધી તારે હરવું–ફરવું નહિ.... જ્યારે તું આજે સાંજે પૂરેપૂરો સાજો થાય ત્યારે આવજે અને મને ખૂબ આનંદ થશે.

મારા સંપૂર્ણ પ્રેમ અને સહાનુભૂતિથી હું તારી સાથે જ છું અને મેં તને મારા હાથમાં પકડી રાખેલો છે અને હું પ્રાર્થના કરું છું કે તું ઘણો

ઘણો વહેલો પૂરેપૂરો સાજો થઈ જઈશ.

*

મારો પ્રેમ તેની પૂર્ણ તીવ્રતાથી તારી સાથે રહેલો છે. અને આ પ્રેમની તીવ્રતામાં મેં આપણા પ્રભુને વારંવાર પ્રાર્થના કરેલી છે અને તેમને કહ્યું છે કે તારા ઉપર તેઓ તેમની કૃપા વરસાવે અને તારી અંદર રહેલા પરમ દિવ્ય પ્રકાશ અને આત્મા વિશે તને સચેતન બનાવે, જેથી તેમની દિવ્ય હાજરીનો પરમ સાક્ષાત્કાર તને આપે.

*

બધાં જ વાદળો વિખેરાઈ જાઓ. બધી જ આસક્તિઓ અદૃશ્ય થઈ જાઓ. બધાં જ વિઘ્નો નાશ પામો જેથી કરીને મારી ખૂબ નજીક, પ્રભુના નિવાસમાં, અહીં રહેવાનો આનંદ અને શાંતિને તું પૂર્ણપણે માણી શકે.

*

આ કહેવા માટે હું તને લખું છું કે તારે દરરોજ મારી હાજરીનો અનુભવ કરવા શક્તિમાન બનવું જોઈએ. હું તારી સાથે એટલી બધી સઘન રીતે રહેલી છું અને હું તને એટલી બધી સ્પષ્ટ રીતે જોઈ શકું છું કે આપણે સાથે વાતચીત કરી શકીએ છીએ અને એક સુંદર બગીચાના સંવાદ વિશે સાથે જ મનન કરીએ છીએ; હું તને સમજાવું છું અને એ બતાવું છું કે આ મહાન શાંતિ કાયમ પોતાની અંદર કઈ રીતે ધારણ કરી રાખવી. તે તને શાશ્વતીમાં જીવતાં શીખવે છે, બધાં જ માનવીય દર્દોથી પર, અને આપણા પ્રભુની દિવ્ય હાજરીમાં (સત્યમાં).

*

મને તારો પત્ર મળ્યો. મારી તારી સાથે સૌથી ઊંડી સહાનુભૂતિ છે.

ચેતનામાં સત્યનો પ્રકાશ ફરીથી આવે તે દિવસ સુધી આપણે પ્રાર્થના કરવી જોઈએ. તે સમય દરમિયાન મારો પ્રેમ અને આશીર્વાદ તારી સાથે હંમેશ માટે છે.

*

મારા વહાલા નાનકડા બાળક,

મારો પ્રેમ તારી સાથે રહેલો જ છે. હું સતત આપણા પ્રભુને પ્રાર્થના કરું છું કે તેઓ તારી અંદર રહેલી તેમની હાજરી વિશે તને સભાન બનાવે અને આ રીતે મારી સાથે ઐક્ય કરાવે.

*

એક વૃદ્ધિ પામતા પ્રકાશ અને શાંતિમાં હું તારી સાથે કાયમ છું. સતત વધારે ને વધારે ઊંચે ચડતા જતા પ્રેમ, આનંદ અને શાંતિમાં કાયમ આગળ ને આગળ ધપતા જાઓ.

*

હું મારાં બધાં જ બાળકોને એકસરખી રીતે જ યાદ કરું છું અને ચાહું છું. જો કે તેઓ ન લખતા હોય તો પણ – અને બધી જ સાચદિલ પ્રાર્થનાઓનો કાયમ ઉત્તર આપવામાં આવે છે – જો કે હું પોતે લખતી ન હોઉં તેમ છતાં પણ. તેથી તું દુઃખ લગાડીશ નહિ અને આનંદમાં રહેજે.

૨૧ નવેમ્બર ૧૯૬૨

*

હું ધારું છું કે હંમેશાં, દરેક ક્ષણે કોઈ એક યા તો બીજી વ્યક્તિ તમને પુકાર કરે છે અને તમે પ્રત્યુત્તર આપો છો. આ વસ્તુ તમારી ઊંઘ અથવા આરામમાં ખલેલ પહોંચાડતી નથી ?

દિવસે તેમજ રાત્રી દરમિયાન હજારો પુકાર આવે છે – પરંતુ ચેતના સદા જાગ્રત હોય છે અને તે પ્રત્યુત્તર આપે છે.

વ્યક્તિ, કાળ અને સ્થળ દ્વારા, ફક્ત ભૌતિક રીતે જ મર્યાદિત હોય છે.

૩ જાન્યુઆરી ૧૯૬૮

*

'ક્ષ' આપણા વિચારોમાં કાયમ હાજર હોય છે અને આપણા હૃદયમાં જીવે છે.

કારણ કે વિચારો માટે વિશ્વ નાનકડું છે, પરંતુ હૃદય માટે કોઈ અંતર નથી.

*

ઠંડીના દિવસો છે અને તમારા ખભાની આસપાસ માતાજીના પ્રેમને વિંટાળવાનું તમને પસંદ પડશે.

*

અવારનવાર મારો વિચાર કરતા રહેજો.

ફક્ત એટલું જ ! ખરેખર હું તારા વિશે ઘણી વધારે વખત વિચારું છું !

પ્રેમ અને આશીર્વાદ.

૧૯૭૦

## "હું તમારી સાથે છું"

"હું તમારી સાથે છું," તેનો બરાબર અર્થ શો ?

જ્યારે અમે પ્રાર્થના કરીએ અથવા કોઈ સમસ્યા વિશે અમારી અંદર કોઈ ગડમથલ કરીએ ત્યારે અમને ખરેખર, કાયમ સાંભળવામાં આવે છે ? અમારી અંદર રહેલી અણઘડતા અને અપૂર્ણતા હોવા છતાં ! અમારી અશુભ સંકલ્પશક્તિ અને ભૂલ હોવા છતાં ? અને કોણ સાંભળે છે ? તમે જે અમારી સાથે છો તે ?

અને તે તમે તમારી પરમ ચેતનામાં રહેલાં છો તે, તમારું અવૈયક્તિક દિવ્ય બળ, તમારી યોગની શક્તિ અથવા તમે શરીરમાં રહેલાં માતાજી, તમારી શારીરિક ચેતના સાથે તમે સાંભળો છો ? એક વ્યક્તિગત હાજરી જે ખરેખર એકેએક વિચાર અને દરેક કાર્યને જાણે છે અને કોઈ અનામી શક્તિ નહિ ? તમે કહી શકો કે કેવી રીતે તમે અમારી સાથે હાજર છો ?

શ્રી અરવિંદ અને તમે એમ કહેવાય છે કે, એક જ સ્વરૂપ અને એક જ ચેતના છો, પરંતુ શ્રી અરવિંદની એક અંગત હાજરી અને તમારી વ્યક્તિગત હાજરી બન્ને ભિન્ન વસ્તુઓ છે અને દરેક પોતાનો વિશિષ્ટ ભાગ ભજવે છે ?

હું તમારી સાથે છું, કારણ કે હું તે તમે છો અને તમે તે હું છું.

હું તમારી સાથે છું તે ઘણી બધી વસ્તુઓ સૂચવે છે, કારણ કે હું તમારી સાથે બધા જ સ્તરો ઉપર, બધી ભૂમિકાઓ ઉપર છેક પરમ ચેતનાથી માંડીને મારી સૌથી સ્થૂલ ચેતના સુધી તમારી સાથે જ છું. અહીં પોંડિચેરીમાં, તે લગભગ ભૌતિક રીતે સૂક્ષ્મ શારીરિક વાતાવરણમાં સભર રીતે હાજર છે અને તે સરોવર સુધી, અહીંથી દસ કિલોમિટર સુધી ફેલાયેલી છે. અને વળી મારી ચેતનાની સ્થૂલ પ્રાણમાં પણ અનુભૂતિ થાય છે; ત્યાર પછી મનોમય ભૂમિકા ઉપર પણ અને બીજી ઉચ્ચતર ભૂમિકાઓ ઉપર અને દરેક જગાએ તેનો અનુભવ થાય છે. જ્યારે હું અહીં સૌથી પ્રથમ વખત આવી ત્યારે મને શ્રી અરવિંદના વાતાવરણની અસર થયેલી અને મેં તેને દસ માઈલ, દસ દરિયાઈ માઈલો, નહિ કે કિલોમિટર સુધી, સ્થૂલ રીતે અનુભવેલી.

તે ઘણી એકાએક, ઘણી સઘન હતી, અને તે વાતાવરણ શુદ્ધ, હળવું, તેજસ્વી અને પ્રકાશમય હતું જે તમને ઊંચે ચડાવે તેવું હતું.

ઘણા લાંબા સમય પહેલાંથી શ્રી અરવિંદે આ વસ્તુ, યાદ રાખવા માટે આશ્રમમાં દરેક જગાએ મુકાવેલી છે. "કાયમ એવી રીતે વર્તો, જાણે કે શ્રી માતાજી તમારી સામે જોઈ રહ્યાં છે, કારણ કે તેઓ ખરેખર કાયમ હાજર હોય છે."

આ ફક્ત એક શબ્દસમૂહ અથવા સાદા શબ્દો નથી, એ એક હકીકત છે. હું તમારી સાથે એક સઘન રીતે હાજર છું અને જેમનામાં સૂક્ષ્મ દર્શન હોય તેઓ મને જોઈ શકે છે.

સામાન્ય રીતે મારું બળ સતત કાર્ય કરતું હોય છે અને તમારા સ્વરૂપના મનોમય તત્ત્વોમાં સતત ફેરફાર કરતું રહે છે. તે તમને નવા સંબંધોમાં મૂકી આપે છે અને તમારી પ્રકૃતિનાં જુદાં જુદાં પાસાંઓને તમારી જાત સમક્ષ સ્પષ્ટ કરી આપે છે જેથી કરીને તમે જોઈ શકો કે કઈ વસ્તુમાં ફેરફાર કરવાનો છે, વૃદ્ધિ કરવાની છે અને ઇન્કાર કરવાનો છે.

પરંતુ તે સિવાય પણ તમારી અને મારી વચ્ચે એક અંગત વિશિષ્ટ સંબંધ છે. જે જે માણસો શ્રી અરવિંદના શિક્ષણ તરફ અને મારા તરફ વળેલા છે તે બધાની વચ્ચે – અને, તે બરાબર સમજાય તેવું છે કે અહીં અંતર ગણવામાં આવતું નથી, તમે ફ્રાન્સમાં હોઈ શકો છો, તમે પૃથ્વીના છેડા ઉપર હોઈ શકો છો અથવા પોંડિચેરીમાં, આ સંબંધ કાયમ સાચો અને જીવંત હોય છે. અને જ્યારે દરેક વખતે કોઈ પુકાર આવે છે અને દરેક વખતે મારે તેને જાણવાની જરૂર હોય છે, જેથી કરીને હું એક શક્તિ મોકલી શકું, એક પ્રેરણા, એક રક્ષણ અથવા બીજી કોઈ પણ વસ્તુ, ત્યારે ઓચિંતા મારી પાસે એક પ્રકારનો સંદેશ આવી જાય છે અને જે જરૂરી હોય તે હું કરું છું. આ સંદેશાઓ સ્પષ્ટ રીતે ગમે તે ક્ષણે મારી પાસે આવી પહોંચે છે અને તમે ઘણી વખત વાક્યની અથવા કાર્યની અધવચ્ચે મને અટકતી જોઈ હશે, તે એટલા માટે છે કે કંઈક વસ્તુ મારી પાસે આવે છે, કોઈક સંદેશો અને હું એકાગ્ર થાઉં છું.

જેમને મેં શિષ્યો તરીકે સ્વીકારેલા છે, જેમને મેં હા કહેલી છે, તેમની સાથે એક સંબંધ કરતાં પણ કાંઈક વિશેષ હોય છે, તેમની સાથે મારો પ્રાદુર્ભાવ હોય છે. આ પ્રાદુર્ભાવ જ્યારે જરૂરિયાત હોય ત્યારે મને ચેતવણી આપે છે અને શું બને છે તેની મને જાણ કરે છે. ખરેખર મારી

પાસે સતત સૂચનો આવ્યાં જ કરે છે, પરંતુ મારી સક્રિય સ્મૃતિમાં તે બધાં નોંધાતાં નથી, નહિ તો હું તણાઈ જાઉં; શારીરિક ચેતના ગરણીની માફક કાર્ય કરે છે. વસ્તુઓ સૂક્ષ્મ ભૂમિકા ઉપર નોંધાઈ જાય છે અને તેઓ સુષુપ્ત અવસ્થામાં ત્યાં રહે છે, કોઈ સંગીતના ભાગની માફક, જે વગાડાતું નથી, પરંતુ નોંધ લેવાય છે અને જ્યારે મારી શારીરિક ચેતના વડે મારે તેને જાણવાની જરૂરિયાત ઊભી થાય છે, ત્યારે હું આ સૂક્ષ્મ શારીરિક ચેતનાનો સંપર્ક સાધું છું અને રેકર્ડ ફરવા માંડે છે. અને પછી વસ્તુઓ કેવા પ્રકારની છે, સમયમાં તેમનામાં શું વૃદ્ધિ થયેલી છે અને સાચું પરિણામ શું છે, તે હું જોઉં છું.

અને જો કોઈ કારણસર મારી મદદ માગતું કોઈ લખાણ કરો અને હું જવાબ આપું, "હું તમારી સાથે છું," તો તેનો અર્થ એ કે તમારી સાથેનો વ્યવહાર સક્રિય બને છે, તમે મારી સક્રિય ચેતનામાં તે સમયે અને જરૂરી સમય સુધી આવો છો.

અને તમારી અને મારી વચ્ચેનો આ સંબંધ કદી કપાઈ જતો નથી. કેટલાક લોકોએ બંડની પરિસ્થિતિમાં આશ્રમને ઘણા લાંબા સમય પહેલાં છોડી દીધેલો છે અને તેમ છતાં હું તેમના વિશે માહિતગાર રહું છું. અને તેમના ઉપર ધ્યાન આપું છું. તમારો કદી ત્યાગ કરવામાં આવતો નથી.

હકીકતમાં હું દરેક માટે, તેવા લોકો માટે પણ જેમને હું મારા જીવનમાં ફક્ત એક ક્ષણ માટે પણ મળી હોઉં, તેમને માટે મારી જાતને જવાબદાર ગણું છું.

હવે તમે એક વસ્તુ યાદ રાખો. શ્રી અરવિંદ અને હું પોતે એક જ છીએ અને એક જ ચેતના છીએ. એક અને તેની તે વ્યક્તિ ફક્ત જ્યારે આ હાજરી જે એક જ છે, તે તમારી વ્યક્તિગત ચેતનામાં થઈને પસાર થાય છે, ત્યારે તે એક સ્વરૂપ ધારણ કરે છે, એક દેખાવ જે તમારી પ્રકૃતિ અનુસાર, તમારી અભીપ્સા અનુસાર, તમારી જરૂરિયાત અનુસાર અને તમારા સ્વરૂપના વિશિષ્ટ વલણ અનુસાર જુદા જુદા હોય છે. તમારી વ્યક્તિગત ચેતના એક ગળણી જેવી, એક દર્શક જેવી હોય છે જો હું તે પ્રમાણે કહી શકું તો : તે એક પસંદગી કરે છે અને દિવ્ય શક્યતાઓની અનંતતાની એક શક્યતા નક્કી કરે છે. વાસ્તવિક રીતે, પ્રભુ દરેક વ્યક્તિને તે તેમની પાસે જે પ્રકારની માગણી કરે છે તે પ્રમાણે જ બરાબર આપે છે. જો તમે એમ માનો કે પ્રભુ તમારાથી દૂર દૂર છે અને તે ઘાતકી છે, તો તે તમારાથી દૂર દૂર અને ઘાતકી જ રહેશે, કારણ કે તમારા અંતિમ શુભને માટે એ જરૂરી હશે.

કે પ્રભુનો ક્રોધ તમે અનુભવો; કાલીના પૂજકો માટે તે કાલી હશે અને ભક્તને માટે તે પરમાનંદ હશે. જ્ઞાનની શોધ કરવા માટે તે સર્વજ્ઞ હશે, માયાવાદી માટે તે અવૈયક્તિક પરમ તત્ત્વ હશે; નાસ્તિક માટે તે નાસ્તિક હશે અને પ્રેમી માટે પ્રેમ હશે. શ્રદ્ધાવાન સાથે કાયમ તે ભ્રાતૃભાવવાળો નજીકનો મિત્ર હશે અને તેને મદદ કરવા માટે તે તૈયાર હશે, જેઓ તેને આંતરિક માર્ગદર્શક તરીકે દરેક ગતિમાં અને દરેક ક્ષણે અનુભવ કરશે અને જો તમે એવી માન્યતા રાખશો કે તે બધી વસ્તુઓને ભૂંસી નાખી શકે છે, તો તે તમારા બધા દોષોને, તમારી બધી ભૂલોને અથાક રીતે ભૂંસ્યા જ કરશે અને તમે તેની અનંત કૃપાનો દરેક ક્ષણે અનુભવ કરી શકશો તમારી ઊંડામાં ઊંડી અભીપ્સામાં તમે પ્રભુ વિશે જે ધારશો તે ખરેખર તે હશે.

અને જ્યારે તમે આ ચેતનામાં પ્રવેશ કરો છો જેમાં તમે ફક્ત એક જ નજરમાં બધી વસ્તુઓ જુઓ, પ્રભુના અને માનવના સંબંધોના અનંત સમૂહને, ત્યારે આ બધું તેની વિગતમાં કેટલું બધું અદ્ભુત છે તે તમે જોઈ શકો. તમે માનવજાતિના ઇતિહાસમાં જોઈ શકો છો અને જુઓ છો કે પ્રભુ કેવી રીતે ઉત્ક્રાંતિ પામેલા છે! માણસો જે રીતે તેને સમજયા છે, તેના માટે ઇચ્છા રાખેલી છે આશા રાખેલી છે અને સ્વપ્નાં સેવ્યાં છે અને પ્રભુ કઈ રીતે ભૌતિકવાદીઓની સાથે ભૌતિક બનેલો છે અને કઈ રીતે દરરોજ વિકાસ પામતો પામતો નજીક ને નજીક આવતો જાય છે! જે રીતે માનવચેતના વિશાળ બને છે તે પ્રમાણે તે વધારે પ્રકાશિત બને છે. દરેક પસંદગી કરવા માટે મુક્ત છે. માનવના પ્રભુ સાથેના આ સંબંધની અનંત વિવિધતાની પૂર્ણતા જગતના ઇતિહાસમાં એક અનિર્વચનીય ચમત્કાર છે અને આ સમગ્ર વસ્તુ એકસાથે પ્રભુના સમગ્ર આવિર્ભાવની ફક્ત એક સેકંડ જ છે.

તમારી અભીપ્સા પ્રમાણે પ્રભુ તમારી સાથે હોય છે. સ્વાભાવિક રીતે જ તેનો અર્થ એવો નથી કે તમારી બાહ્ય પ્રકૃતિની ધૂનો અનુસાર તે નીચો નમે છે. અહીં હું તમારા સ્વરૂપના સત્યની જ વાત કહું છું અને તેમ છતાં કેટલીક વખત તમારી બાહ્ય અભીપ્સા અનુસાર તે પોતાની જાતને બનાવે છે. અને જો ભક્તોની માફક, તમે વારાફરતી વિરહ અને મિલનમાં તીવ્ર આનંદ અને નિરાશામાં જીવો તો પ્રભુ પણ તમારાથી છૂટો પડશે અને તમારી સાથે મિલન કરશે. તમે જે રીતે માનો તે પ્રમાણે; આ રીતે તમારું વલણ ઘણું અગત્યનું છે, તમારું બાહ્ય વલણ પણ લોકોને ખબર નથી કે શ્રદ્ધા કેટલી અગત્યની છે, શ્રદ્ધા કેવો ચમત્કાર છે, તે કેવા ચમત્કારોનું

સર્જન કરી શકે છે. જો તમે દરેક ક્ષણે એવી ધારણા રાખો કે તમને ઉપર ઊંચકી લેવામાં આવે છે અને પ્રભુ પ્રત્યે ખેંચી જવામાં આવે છે તો, તે તમને ઊંચકવા માટે આવશે અને તે ત્યાં જ હશે, બિલકુલ તમારી નજીક, વધારે નજીક, કાયમ નજીક અને નજીક.

*

## "મારી નજીક હોવા માટે"

કાયમ સાચેસાચી અને અસરકારક રીતે મારી નજીક રહેવા માટે તમારે મારી પાસે વધારે સચ્ચાઈવાળા અને ખુલ્લા અને સ્પષ્ટ બનવું જોઈએ.

બધી જ દંભી વસ્તુઓને ફેંકી દો અને મને તાત્કાલિક ન કહી શકો એવી કોઈ પણ વસ્તુ ન કરવાનું નક્કી કરો.

*

મારી સામે જ જે વસ્તુઓ મૂંઝવણની લાગણી વગર કરી શકો એવી જ વસ્તુઓ કરો અને મારી પાસે મુશ્કેલી વગર વારંવાર કહી શકો એવી જ વસ્તુ બોલો.

*

ખૂબ સાચદિલ અને સરળ બનો અને તમારી અંદર એવી વસ્તુ ન સંઘરો જે મને તમે ભીતિ વગર બતાવી ન શકો; અને મારી સમક્ષ જે વસ્તુ કરતાં શરમાઓ એવી કોઈ વસ્તુ કરો નહિ.

*

મારી સાથેના સંબંધમાં બાળકની માફક સાહજિક અને સરળ બનવા પ્રયત્ન કરો – તે તમને ઘણી મુશ્કેલીઓમાંથી બચાવી લેશે.

*

સરળ બનો,
સુખી બનો,
સ્થિર રહો,
તમારું કાર્ય જેટલી સારી રીતે બની શકે તે રીતે કરો,
કાયમ મારા પ્રત્યે ખુલ્લા રહો,
તમારી પાસે ફક્ત આટલું જ માગવામાં આવે છે.

*

## શારીરિક સામીપ્ય

હું તમને જોઉં કે ન જોઉં તેનાથી મદદમાં કોઈ ફેર પડતો નથી. એ ત્યાં કાયમ હશે.

*

તમારા મગજમાંથી એ જૂઠાણાંને તમારે હાંકી કાઢવાં પડશે.

(૧) બીજાઓની પાસે હોય અથવા ન હોય તેની સાથે તમે મારી પાસેથી જે મેળવો છો તેને કોઈ સંબંધ નથી. તમારી ફક્ત એકલાની સાથેનો જ મારો સંબંધ તમારા ઉપર આધાર રાખે છે. હું તમને તમારી સાચી જરૂરિયાત અને શક્તિ અનુસાર આપું છું. અહીં પણ તમે અત્યારે મારી સાથે એકલા જ હતા. જો બીજા કોઈ ન હોત તો તમને તેનાથી વધારે કાંઈ મળ્યું ન હોત.

(૨) તમારી પ્રગતિ માટે એક અનિવાર્ય વસ્તુ તરીકે મારું શારીરિક સામીપ્ય હોવું જોઈએ એમ વિચારવું એ મહાન ભૂલ છે. જો તમે આંતરિક સંબંધનું સ્થાપન ન કરો તો તે તમારે માટે કાંઈ પણ કરશે નહિ કારણ કે તેના વગર તમે સવારથી રાત સુધી મારી સાથે રહી શકો અને તેમ છતાં મને મળી શકો નહિ. ફક્ત આંતરિક ઉદ્‌ઘાટન અને સંપર્ક દ્વારા જ તમે મારી હાજરીનો સાક્ષાત્કાર કરી શકો.

*

> માતાજીની નિવૃત્તિએ[1] અમારા માટે એક ઘણો અગત્યનો પ્રશ્ન ઊભો કર્યો છે, તેમની અને ઘણાખરા આશ્રમવાસીઓની વચ્ચે જે શારીરિક અંતર હતું તેને તે વધારે દૂર કરશે કે કેમ અને તેમના સતત માર્ગદર્શન સિવાય પણ આશ્રમની ઘટનાઓ વ્યવસ્થિત ચાલશે કે કેમ; તેમની નિવૃત્તિ દરમ્યાન સાધકોના સાચા હિતોમાં ઓટ આવશે નહિ? જેવી રીતે તેઓ પહેલાં અમારી સંભાળ લેતાં હતાં તે જ રીતે તેઓ અમારી સંભાળ લેશે?

તમારે કદી ભૂલવું ન જોઈએ કે દરેક વ્યક્તિ જીવનમાં તે પોતે જે છે તેની યોગ્ય અભિવ્યક્તિને મેળવે છે. મારી કૃપા અને આશીર્વાદ તમારી સાથે હંમેશાં છે જ. જેઓ મારી શક્તિ ઉપર આધાર રાખે છે તેમની યોગ્ય રીતે સંભાળ લેવામાંથી મેં મારી જાતને એક દિવસ પણ અટકાવી નથી.

૨૨ મે ૧૯૬૨

*

---

૧. ૨૦ માર્ચ ૧૯૬૨થી આશ્રમમાં માતાજી તેમના ઉપરના ઓરડાઓમાં રહેતાં અને દરરોજના કાર્યમાંથી તેમણે નિવૃત્તિ લીધેલી જેમાં દરેક વ્યક્તિ તેમને નિયમિત રીતે મળી શકતી હતી; ત્યાર પછી તેઓ માણસોને મળતાં પરંતુ જેમણે મંજૂરી મેળવી હોય તેમને જ.

કાર્ય કરો – મારી પ્રેરણા અને માર્ગદર્શન કાયમ તમારી સાથે હશે, અને જ્યારે જરૂર હશે ત્યારે હું તમને ભૌતિક રીતે મળીશ. પરંતુ આ જરૂરિયાતને વધારે અને વધારે ઓછી કરવા માટે હું કાર્ય કરું છું. કાર્યની પૂર્ણતા માટે આંતરિક માર્ગદર્શન ગ્રહણ કરવું એ અનિવાર્ય છે.

૨૧ ડિસેમ્બર ૧૯૬૪

*

હવે જ્યારે તમે અહીં છો ત્યારે ફક્ત એક જ વસ્તુ કરવાની છે કે તમારે ભૂતકાળને ભૂલી જવો અને અહીંના કાર્ય ઉપર એકાગ્રતા કરવી. એ સાચું છે કે આ સમયે હું તમને નિયમિત રીતે મળી શકું નહિ પરંતુ તમારે 'આંતરિક' સંપર્ક મેળવવા માટે શીખવું જોઈએ (મારી નિવૃત્તિનાં કારણોમાંનું આ એક મુખ્ય કારણ છે) અને પછીથી તમે જાણશો, કે હું માર્ગ-દર્શન આપવા અને સહાય કરવા તમારી સાથે કાયમ છું. અને તમારી સાધનાને યોગ્ય રીતે કરવા માટે અહીં કરતાં તમે વધારે સારી પરિસ્થિતિઓ પ્રાપ્ત કરી શકો નહિ.

*

એમ કહેવું વધારે સાચું હોઈ શકે કે કેટલાક વિચારો, કેટલીક લાગણીઓ અને કેટલાંક કાર્યો મારી પાસેથી લોકોને દૂર કરે છે અથવા કોઈ વ્યક્તિ અને મારી વચ્ચે શારીરિક સામીપ્ય હોવા છતાં એક પ્રકારની જુદાઈનું સર્જન કરે છે

૧ મે ૧૯૬૮

*

અમને એમ લાગે છે, કે અમને તમારી હાજરીમાંથી જુદા પાડવામાં આવ્યા છે; પરંતુ આ જુદાઈ ફક્ત એક ભ્રમ જ છે, ખરું ને, મારાં માતાજી ?

સાચી જુદાઈ છે જ નહિ. પરંતુ જો ચેતના ખોટું વલણ ધારણ કરે, તો તે પોતાની જાતને એવી અવસ્થામાં મૂકે છે જેને જુદાઈની લાગણી અથવા સંવેદન થાય છે.

*

તમારી સાથેનો શારીરિક સંપર્ક અનિવાર્ય છે ?

ના, આ શારીરિક સંપર્ક બિલકુલ અનિવાર્ય નથી. ખરેખર જેમનામાં

સાચું વલણ હોય છે તેમને શારીરિક સંપર્ક, શરીરનાં રૂપાંતરની ગતિને અનુસરવા માટે સહાય કરે છે. પરંતુ શરીર ભાગ્યે જ તેનાથી લાભ મેળવવાની પરિસ્થિતિમાં હોય છે. ઘણે ભાગે જન્મદિવસોએ તે વધારે ગ્રહણશીલ હોય છે.

સપ્ટેમ્બર ૧૯૭૧

*

હવે હું સક્રિય જીવન જીવતી નથી; જો તમે ખુલ્લા હો તો મદદ ચોક્કસ મળવી જ જોઈએ.

૧૪ ડિસેમ્બર ૧૯૭૨

*

### માર્ગદર્શક તરીકેનો પાઠ

જો તમે ખરેખરા સચ્ચાઈવાળા હશો તો તમે મારી સાથે સહમત થશો કે તમે મારા માટે ફરિયાદ કરો છો કે હું પૂરતી દિવ્ય નથી, નહિ કે હું વધારે પડતી દિવ્ય છું કારણ કે મેં જે સ્થૂલ શરાર ધારણ કરેલું છે. દા. ત. જો ભારતીય પ્રાચીન પ્રણાલિકા દ્વારા સેવેલી ઇચ્છા પ્રમાણેનું રૂપ મેં ધારણ કરેલું હોત તો તે કેટલું વધારે સગવડ ભરેલું હોત! કલ્પના કરો કે, જો મારે સંખ્યાબંધ માથાંઓ હોત અને ઘણી મોટી સંખ્યામાં હાથ હોત અને હું સર્વવ્યાપક શક્તિવાળી હોત, અને જ્યારે 'ક્ષ' મારા હાથોની માવજત કરવા આવે અને બારણાને અતિધિસરનું ખખડાવે અને મને માહિતી આપે કે તે ત્યાં હાજર છે, (ત્યારે હું તેને બારણું ખખડાવવાની ના કહી શકું કેમ કે તે બહુ કામમાં છે) અને હું મારા બે હાથની એક ભેટ તેના કાર્ય માટે મોકલી શકું અને તેમ છતાં હું મારા નાનકડા ઓરડામાં રહીને 'ય'ને જવાબ આપું જે મારી પાસે જ ત્યાં બેઠેલી હોય તો તે કેટલું સુંદર લાગત! . . . .

તેથી તમે સમજી શકો છો કે મેં માનવીય બનવાનું સ્વીકાર્યું છે અને સમય અને સ્થળના માનવધર્મો દ્વારા હું વધારે પડતી બંધાયેલી છું અને આ રીતે હું એક જ સમયે અર્ધો ડઝન વસ્તુઓ કરવાને શકિતમાન ન હોઉં!

૧૨ જાન્યુઆરી ૧૯૩૨

*

પ્રભુ, હું મારી મર્યાદાઓ માટે અફસોસ જાહેર કરું છું. પરંતુ . . . . તેમની મારફતે જ, તે ગુણોને લઈને જ માણસો મારી પાસે આવે છે. તેમના વગર તમે દૂર દૂર રહો, જાણે કે તમે હાડ અને માંસનું શરીર ધારણ કરેલું ન હોય તેવા, માણસો માટે અપ્રાપ્ય.

એટલા માટે તેઓ દરેક જે કાંઈ પ્રગતિ કરે છે તે મારા માટે એક સાચી મુક્તિનું પ્રતીક બને છે કારણ કે તેઓ તમારા તરફ જે કાંઈ દરેક પગલું લે છે તે આ મર્યાદાઓમાંથી એકને ફેંકી દેવા માટે મને હક આપે છે જેથી કરીને હું તમારો વધારે સાચી રીતે અને વધારે પૂર્ણ રીતે આવિર્ભાવ કરી શકું.

અને તેમ છતાં આ મર્યાદાઓનો નિકાલ થઈ શકે તેમ છે. પરંતુ તો પછી અમારી પાસે એવા માણસોને રાખવાની જરૂરિયાત ઊભી થઈ હોત, ફક્ત તેવા જેમણે પ્રભુની અનુભૂતિ કરેલી હોત અને જેઓએ તમારી સાથે હે પ્રભુ, ભલે ફક્ત એક વખત પણ, યા તો તેમની પોતાની અંદરમાં અથવા વિશ્વમાં તારી સાથે તદ્રૂપતા સાધી હોય. કારણ કે આ તાદાત્મ્ય એ યોગના પાયા માટેની અનિવાર્ય વસ્તુ છે. તે તેનું પ્રસ્થાન બિંદુ છે.

૧૭ જુલાઈ ૧૯૩૨

*

તેઓ મારા વિશેની તેમની પોતાની મનોમય અને પ્રાણિક રચનાઓને ચાહે છે, અને નહિ કે મારી જાતને. આ હકીકત મારી સામે વધારે ને વધારે સ્પષ્ટ રીતે આવતી જાય છે. દરેકે પોતાની જાત માટે મારી પોતાની એક પ્રતિમા ઉત્પન્ન કરી છે અને તે તેમની જરૂરિયાત અને કામનાઓને અનુરૂપ હોય છે અને આ પ્રતિમાની સાથે વ્યક્તિ સંબંધમાં હોય છે અને તેની મારફતે તે વૈશ્વિક બળોનો નાનો જથ્થો ગ્રહણ કરે છે અને અતિમાનસ બળોનો તેથી પણ વધારે નાનો, જે આ બધી રચનાઓ મારફતે ચળાઈને આવે છે. કમનસીબે તેઓ મારી શારીરિક હાજરીને વળગી રહે છે, નહિ તો પછી હું મારી આંતર નીરવતામાં પાછી હઠી જઈ શકું અને મારું કાર્ય ત્યાં રહ્યાં રહ્યાં ખૂબ સ્થિરતાથી અને મુક્ત રીતે કરી શકું. પરંતુ આ શારીરિક હાજરી તેમને માટે એક પ્રતીક હોય છે અને તેથી તેઓ તેને વળગી રહે છે, કારણ કે હકીકતમાં તેઓને મારું શરીર ખરેખર જે છે તેની સાથે તેઓને ઘણો ઓછો સાચો સંપર્ક હોય છે અથવા તે શરીર જે પ્રચંડ સચેતન શક્તિનો સંગ્રહ છે અને જે તેનું પ્રતીક છે તેની સાથે તેમને ઘણો ઓછો સાચો સંબંધ છે.

અને હવે હે ઉચ્ચતર બળ, જ્યારે તું મારી અંદર અવતરણ કરે છે અને મારા શરીરના બધા જ અણુઓમાં વધારે ને વધારે સમગ્ર રીતે આરપાર ઊતરે છે ત્યારે મારી પોતાની અને મારી ચારે બાજુએ રહેલી દરેક વસ્તુનું અંતર વધારે ને વધારે વૃદ્ધિ પામતું દેખાય છે અને હું મારી જાતને

તેઓની સમગ્ર સમજણશક્તિથી પર રહેલી એવા પ્રકાશિત ચેતનાના વાતાવરણમાં તરતી જોઉં છું.

૧૧ જૂન ૧૯૫૪

*

હે પ્રભુ, હું ફક્ત તને જ ચાહું છું તેથી સર્વમાં અને દરેકમાં રહેલા કેવળ તને જ ચાહું છું અને તેમની અંદર રહેલી તારી ચાહનાના જોરે તેમને તારા વિશે થોડા વધારે સચેતન બનાવીને જ હું જંપીશ.

તેમને માટે કોઈ પણ જાતની પસંદગીઓ અને વિરોધો સિવાય કઈ રીતે પ્રેમ કરાવવો તે જાણવું એ જ સાચી વસ્તુ છે. પરંતુ તેમને તેમની પોતાની રીતે જ પ્રેમ કરાવવાની ઈચ્છા છે એટલું જ નહિ પરંતુ તેમને પ્રેમ પ્રત્યે ખુલ્લા થવાની ઈચ્છા પણ નથી સિવાય કે તે પ્રેમ તેમની પસંદગીના માધ્યમ દ્વારા પ્રાપ્ત થાય . . . . અને જે વસ્તુ એક થોડાક કલાકમાં, થોડા મહિનાઓમાં અથવા થોડાં વર્ષોમાં બની શકે તેને સિદ્ધ કરવા માટે સદીઓ લે છે.

*

દરેક હાજર રહેલા માણસ સાથે એક સચેતન સંપર્કનું સ્થાપન કર્યા પછી હું પરમ પ્રભુમાં ઓતપ્રોત થઈ જાઉં છું અને પછીથી મારું શરીર કાંઈ પણ હોતું નથી, સિવાય કે એક નહેર જેની મારફતે બધાની ઉપર તે તેનો પ્રકાશ, તેની ચેતના અને તેનો આનંદ, દરેકની શક્તિ પ્રમાણે વહેવડાવે છે.

*

તમારા બધાની અંદર રહેલા બારણાને ખુલ્લું કરવા માટે હું સૌથી વધારે કાળજી લઉં છું, જેથી કરીને જો તમે તમારી અંદર ફક્ત એક નાનકડી એવી એકાગ્રતાની ગતિ કરો તો તમારે એક બંધ અને ખસી ન શકે એવા બારણા આગળ લાંબા સમય સુધી રાહ ન જોવી પડે. તે બારણાની ચાવી તમારી પાસે નથી અને તેને કેવી રીતે ખોલવું તે તમે જાણતા નથી.

બારણું ખુલ્લું છે, ફક્ત તમારે તે દિશામાં જોવાનું છે. તમારે તેના તરફ તમારી પીઠ ફેરવવી જોઈએ નહિ.

*

હું કોઈની પણ ગુરુ બનવાને માટે આતુર નથી. બધા માટે મા બનવાની લાગણી મારા માટે સાહજિક રીતે અનુભવવી એવી મારી પ્રકૃતિ છે અને મારા પ્રેમની શક્તિ મારફતે શાંતિથી હું તેઓને આગળ દોરી જાઉં છું.

૧૯ સપ્ટેમ્બર ૧૯૬૧

*

હું કોઈની પણ ગુરુ બનવાને માટે આતુર નથી. મારે માટે જગત જનની બનવાનું અને પ્રેમ દ્વારા શાંતિમાં કાર્ય કરવાનું વધારે સહજ લાગે છે પરંતુ તમે પ્રશ્ન મૂકો છો તેથી હું જવાબ આપીશ.

તમે જે સમયથી મંત્રનો ઉપયોગ કરવાની શરૂઆત કરી છે ત્યારથી તેને અસરકારક બનાવવા માટે મેં તેમાં શક્તિ મૂકેલી છે. હવે જ્યારે તમે આ મંત્રનો શબ્દ મને કહેલો છે ત્યારે અંદર મૂકેલી શક્તિને અત્યારે હું મહોર મારું છું.

*

મારો તમારી સાથેનો સંબંધ છે તેના વિશે તમે શું ધારો છો?

તમે જગતજનનીના પુત્ર નથી?

૨૫ જુલાઈ ૧૯૭૦

*

અત્યાર સુધી મારું સાહજિક વલણ એક પરમ માતા પોતાના પ્રેમાળ હાથમાં વિશ્વને ધારણ કરે છે એવું હતું. અને હું દરેકની સાથે એવી રીતે વર્તતી હતી, જેવી રીતે એક બાળકને સહન કરીએ તેમ; અને અહીં જે બધા માણસો મને ખુશ કરવા માટે જે કાંઈ કરતા હતા તેને મારા પ્રેમની નિશાની તરીકે હું લેતી હતી અને તેને માટે હું બહુ કૃતજ્ઞ હતી. આજે મને જાણવા મળ્યું છે કે ઘણા, જો કે ઘણા બધા નહિ, મારી તરફ તેમના ગુરુની માફક જુએ છે અને મને ખુશ કરવા માટે તેઓ ઘણા આતુર છે, કારણ કે ગુરુને ખુશ કરવા એ માર્ગ ઉપર ચાલવા માટે લાયકાત મેળવવાનો ઉત્તમ રસ્તો છે અને પછીથી મને સમજાયું કે દરેક પાસેથી જે વસ્તુ તેને જલદીથી પ્રભુ તરફ દોરી જાય અને તેના દિવ્ય હેતુ માટે સેવારૂપ હોય તે વસ્તુમાં તેને ઉત્સાહ આપવાની ગુરુની ફરજ હોય છે અને આ પાઠ માટે હું ઘણી કૃતજ્ઞ છું.

*

દરેકે તેના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સૌથી ઉત્તમ અને સૌથી ઝડપી હોય તેવા પોતાના માર્ગનું જ અનુસરણ કરવું જોઈએ તેથી તેને તે બતાવવા માટેની મારી ફરજ છે.

*

જ્યારે હું એમ કહું કે, મેં કોઈને દીક્ષા આપી છે ત્યારે હું એમ કહેવા માગું છું કે આ વ્યક્તિ પ્રત્યે મેં મારી જાતનું 'શબ્દો વગર' પ્રકટી-

કરણ કર્યું છે અને તે વ્યક્તિ હું જે છું તે જોવાને માટે, અનુભવવા માટે અને જાણવા માટે, શક્તિશાળી હતી.

*

## "તમને પસંદ પડે તે પ્રમાણે કરો"

તમે જે સૌથી સારું વિચારો તે જ મારે જોઈએ છીએ.

જ્યારે લોકો બે વૈકલ્પિક વસ્તુઓનું સૂચન કરે છે અને તે બેમાંથી કયું એક કરવું તે વિશે મને પૂછે છે ત્યારે અને બેમાંથી એક પણ બીજા કરતાં વધારે સારું ન હોય ત્યારે હું જવાબ આપું છું, "તમને પસંદ હોય તે."

૧૭ જાન્યુઆરી ૧૯૩૩

*

"જો તમારી ઇચ્છા હોય તો,"માં સ્પષ્ટ રીતે ગર્ભિત છે કે તમારે જે કરવું હોય તે, તમારી સાધના માટે બહુ સારું હોતું નથી અને તે તેનાં પરિણામો માટે જોખમરૂપ હોય છે. પરંતુ તે ઉપરાંત પણ તમે કદાચ, જે વસ્તુ કરવાની ઇચ્છા કરો છો તે ન કરવા માટે તમને શક્તિશાળી બનાવે તેવી પ્રગતિ માટે તૈયાર નથી.

૨૯ માર્ચ ૧૯૩૩

*

એમ લાગે છે કે મારી સીધી સાદી સરળતા સમજવાને માટે તમે ઘણા વધારે જટિલ અને ગૂંચવાયેલા છો. જ્યારે હું કહું, "આ સૌથી સારું છે," ત્યારે મારો કહેવાનો અર્થ એ હોય કે તે સૌથી ઉત્તમ છે અને પરિણામ રૂપે તે વસ્તુ કરવાની હોય છે અને જેને હું સમર્પણ કહું છું તે મેં કરેલી વ્યવસ્થાના ઉત્તર રૂપે એક બીજી સમાંતર દરખાસ્ત રજૂ કરવાની નથી, પરંતુ પૂરેપૂરી હૃદયપૂર્વક સ્વીકારવાની હોય છે.

તમે શાંતિની માગણી કરો છે જાણે કે હું તેને પાછી ખેંચી લેતી હોઉં, પરંતુ જ્યારે મેં સદ્ભાવ, શ્રદ્ધા અને વિચારણાની શ્રેષ્ઠ લાગણીથી તમને લખ્યું કે "આ કરવા માટે સૌથી ઉત્તમ વસ્તુ છે," તે વખતે તમે તાત્કાલિક એમ પ્રત્યુત્તર આપ્યો હોત કે, "હા માતાજી, ભલે તે પ્રમાણે બને," તો તમારી અંદર તમે વધારે શાંતિ અને એક મધુર આનંદનો પણ ચોક્કસ અનુભવ કર્યો હોત.

૨૬ જુલાઈ ૧૯૩૯

*

> મારા પત્રના જવાબ રૂપે તમારો છેલ્લો પત્ર જેમાં તમે સમજ આપી છે કે હું શું કરવાનું વિચારતો હતો તે આ પ્રમાણે છે, "તમને પસંદ પડે તે રીતે કરો. પરંતુ જ્યારે તમે મારો અભિપ્રાય માગો છો તો મારે કહેવું પડશે કે તે મૂર્ખાઈ છે!" મારી અંદર એવી લાગણી છે કે સંજોગો ફરજ પાડનારા છે એટલે તે મૂર્ખાઈ છે? બીજી વસ્તુ : તમે પેલા શબ્દો શા માટે છોડી દીધા છે જેની મારે માટે ખૂબ કિંમત છે અને તમે પહેલાં તો કાયમ પત્રના અંતમાં તે શબ્દો લખતાં હતાં, "પ્રેમ અને આશીર્વાદ?"

મારા શબ્દો "તે મૂર્ખાઈ છે" તે પ્રશ્નની ઘણી બાજુઓને આવરી લે છે અને તેમાં સૌથી બાહ્ય વસ્તુઓ પણ આવી જાય છે. સંજોગો ફરજ પાડનારા છે એમ માનવાની મૂર્ખાઈ તમે સૂચવો છો, જ્યારે સંજોગો ખરેખર તેવા નથી તે મેં જે શબ્દો 'તે મૂર્ખાઈ છે' તેમ લખ્યું તેનો એક ભાગ છે.

મેં હેતુપૂર્વક "પ્રેમ અને આશીર્વાદ" શબ્દો છોડી દીધા છે કારણ કે હું એમ નહોતી ઇચ્છતી કે તમે એમ વિચારો કે હું તમારા સાહસમાં આશીર્વાદ આપું છું – હું આપતી નથી કારણ કે મને તે મૂર્ખાઈ લાગે છે. તેથી જો હું પ્રેમ અને આશીર્વાદ વડે પત્ર પૂરો કરું તો તમે ભૂલ ન કરશો, આ શબ્દો તમારા આત્મા માટે છે જેના વિશે તમે અત્યારે સચેતન નથી અને તે શબ્દો તમારા બાહ્ય સ્વરૂપ માટે નથી.

૧૮ જૂન ૧૯૪૨

*

## શા માટે હું આટલી બધી બીક અનુભવું છું?

કારણ કે તમે એમ વિચારો છો કે હું મારી ઇચ્છા તમારી ઇચ્છા ઉપર લાદીશ પરંતુ આ ખોટું છે. ઊલટું તમે તમારી જાતે જ બિલકુલ મુક્ત રીતે નિશ્ચય કરો એવી મારી ઇચ્છા છે. ફક્ત હું એવી વસ્તુ જાણું છું અને અગાઉથી જોઈ શકું છું જે તમે જાણતા નથી અને અગાઉથી જોઈ શકતા નથી, એટલું જ બસ છે. મારા જ્ઞાનનો ઉપયોગ કરવો કે ન કરવો તે તમારા ઉપર આધાર રાખે છે. એક વર્ષ માટે રાહ જોવાનો તમારો નિર્ણય ડહાપણભર્યો છે અને હું ખુશ છું કે તમે તેવો નિર્ણય લીધો છે.

૧૩ ફેબ્રુઆરી ૧૯૫૪

*

તમને યોગ કરવા માટે દબાણ કરવાનું કોઈએ વિચાર્યું નથી. જો તમારે સંજોગો ઉપર કાબૂ પ્રાપ્ત કરવા માટે યોગ કરવો હોય તો તે હેતુ ઉમદા અથવા ઉચ્ચ નથી; હું તમને મદદ કરીશ એવું તમે ધારી શકો નહિ. હું તમને તો જ મદદ કરી શકું જો તમારો હેતુ સત્યની શોધ કરવાનો હોય, (તેને માટે અગાઉથી એમ ન માની લેવું જોઈએ કે તમે જે વિચારો છો તે સત્ય છે) અને તમે સત્યને જ સમર્પણ કરો એટલે નિર્ણય લેવો તે તમારા હાથમાં છે.

૧ ડિસેમ્બર ૧૯૬૧

*

હવે મારે કહેવાની ફરજ પડે છે કે હું સંમતિ કે અસંમતિ કાંઈ જ આપી શકતી નથી, પસંદગી કે નાપસંદગી, કાંઈ નહિ, કોઈ ઇચ્છા પણ નહિ કે અંગત સંકલ્પ પણ નહિ. દરેક પ્રસંગને વ્યક્તિગત રીતે જોવાનો હોય છે અને દરેકને સારામાં સારો પ્રત્યુત્તર આધ્યાત્મિક દષ્ટિબિંદુથી આપવામાં આવે છે

તારાં માતાપિતા પાસે જા અને તે જ સમયે તું સમજવા અને નિશ્ચય કરવા શક્તિમાન બનીશ કે ફક્ત કોઈ પણ વસ્તુ કરતાં તારે સચ્ચાઈ-પૂર્વક દિવ્ય જીવન જીવવાની જરૂર છે કે કેમ ?

૮ ઑક્ટોબર ૧૯૬૬

*

હું બીજાઓ ઉપર મારી ઇચ્છા લાદવા માટે ટેવાયેલી નથી. જો તેઓ જાતે જ મદદની માગણી કરશે તો તેમને મદદ આપવામાં આવશે.

૨૪ ઑક્ટોબર ૧૯૬૭

*

### "હું અપ્રસન્ન નથી"

તમને ખરાબ સૂચનો આવતાં હતાં, (કે હું તમને ચાહતી નથી અને તમારે ચાલ્યા જવું છે) કારણ કે તમે મારી આજ્ઞા માનતા ન હતા. પરંતુ તમે મારી ઇચ્છા પ્રમાણે વર્તવાનો તમે નિર્ણય લીધો છે તેથી ખરાબ સૂચનો અદૃશ્ય થઈ જશે.

કોઈએ પણ તમારી વિરુદ્ધ મને કાંઈ પણ કહ્યું નથી.

૨૪ ડિસેમ્બર ૧૯૩૧

*

તમારે તાત્કાલિક અને એકીવખતે જ આ વિચાર છોડી દેવો જોઈએ

કે હું નાખુશ થઈ છું. તે મને એટલો બધો વિચિત્ર લાગે છે ! જો માનવ નબળાઈઓની હાજરીને લઈને હું નાખુશ થઈ જાઉં તો જે કાર્ય હું અત્યારે કરી રહી છું તેને માટે હું ચોક્કસ યોગ્ય ન ગણાઉં અને મારા પૃથ્વી ઉપરના આગમનનો કોઈ પણ અર્થ હોઈ ન શકે.

૧૪ જાન્યુઆરી ૧૯૩૩

*

તમે જ્યારે પ્રણામ માટે આવો છો ત્યારે તમારી અંદર કોઈ પણ ખરાબ વસ્તુ મને દેખાઈ નથી. તમારી અભીપ્સા ઘણી સ્વચ્છ છે. અને હું કાયમ તેનો પ્રત્યુત્તર આપું છું. બીજા લોકો જે કાંઈ કહે તેના વિશે ચિંતા કરો નહિ. તમારા વિશે મને પૂરેપૂરો સંતોષ છે અને મારા આશીર્વાદ કાયમ તમારી સાથે છે.

૧૫ જાન્યુઆરી ૧૯૩૭

*

મને લાગ્યું કે તમને મારાથી પૂરેપૂરો સંતોષ નથી.

એવું કાંઈ નથી. દરેકને પોતાની તકલીફો હોય છે, અને અહીં હું તમને તેમાંથી બહાર નીકળવા મદદ કરવા માટે છું.

મારો પ્રેમ અને આશીર્વાદ.

૨૫ ફેબ્રુઆરી ૧૯૪૨

*

કદાચ તમને સમય મળ્યો નહિ હોય અથવા મારા પત્રનો ઉત્તર આપવાનું તમને જરૂરી નહિ લાગ્યું હોય. તમારી નજરમાં કાંઈક એવું ઊંડાણ હતું જેને હું માપી શક્યો નહિ. તે એક ઠપકા જેવું લાગ્યું. જો તેમ હોય તો તેનું શું કારણ હોઈ શકે તે હું જાણતો નથી. પ્રણામ સાથે.

ઠપકા જેવું કાંઈ નથી, મેં 'ક્ષ' મારફતે જે મને સૌથી અગત્યનો ઉત્તર લાગ્યો તે મેં મોકલ્યો હતો અને મેં ધારેલું કે તમે તે કબૂલ કરશો તેવી મારી દૃષ્ટિ.

વધારામાં કહું કે બધા માનવ-સંબંધોમાં કાયમ પ્રાણમય આકર્ષણો અને આવેગોનો બુરખો હોય છે અને ચૈતસિક ગતિની એવી ગુપ્તતા હોય છે તેથી વ્યક્તિ પોતે કદી પૂરેપૂરો સજાગ હોતો નથી.

આશીર્વાદ.

માતાજી,

છેલ્લા ત્રણ દિવસથી તમારી પાસે જ્યારે પ્રણામ માટે આવું છું ત્યારે તમારી આંખોમાં રહેલા ભાવો હું વાંચી શકવા સમર્થ બન્યો નથી. મને એવું લાગે છે કે મારા ઉપર તમે અપ્રસન્ન છો. હું કદાચ ખોટો હોઉં, પરંતુ જો કાંઈ એવું હોય તો હું એમ ઇચ્છું છું કે તમે મને કહો.

પ્રણામ સાથે.

મારા તમારી સાથેના વલણના ફેરફાર વિશે હું સભાન નથી; અને તેના ફેરફાર માટે કોઈ કારણ નથી. ફક્ત એક જ વસ્તુ હતી કે તમે આવ્યા ત્યારે હું 'ય' વિશે વિચાર કરતી હતી અને મને આશ્ચર્ય થતું હતું કે સંજોગોની પરિસ્થિતિ વિશે તમને કેટલે સુધી જાણ છે. તમારી સાથે અપ્રસન્ન રહેવા વિશે તો કોઈ જગાએ તેની નિશાની પણ નથી અને હું સહીસલામત રીતે કહી શકું કે 'હું અપ્રસન્ન નથી.'

મારા પ્રેમ અને આશીર્વાદ સાથે.

૫ સપ્ટેમ્બર ૧૯૪૫

*

મારાં મધુર માતાજી,

મને લાગે છે, કે મેં તમને નાખુશ કર્યાં છે. ગમે તે કારણ હોય પરંતુ તેને માટે હું ઘણો દિલગીર છું. મને તેના માટે ઘણું ખરાબ લાગ્યું છે. મારા તમારા માટે વધતા જતા સ્નેહ માટે મારે વધારે કહેવાની ભાગ્યે જ જરૂર છે.

પ્રણામ સહિત.

મારા વહાલા બાળક,

તું ખરાબ લગાડીશ નહિ. 'હું બિલકુલ નાખુશ નથી.' કોઈ હળવો વાર્તાલાપ હોય તેને લઈને કેટલાક લોકો થોડાઘણા અસ્તવ્યસ્ત થઈ જાય પરંતુ હું તને તેને માટે જવાબદાર ગણતી નથી સામાન્ય સમજની બહાર ઘણી વસ્તુઓ વિશે લોકોને હળવાશથી અને બેજવાબદારીથી આશ્રમમાં બોલવાની ટેવ પડી ગઈ છે. આ અસરને સફળતાપૂર્વક સહન કરીને તેનો સામનો કરવા માટે ઘણી મહાન તાકાતની જરૂર હોય છે. તેમ છતાં જેમનામાં શુભ સંકલ્પ હોય છે તેમનામાં, મને આશા છે કે, આ તાકાત અને સહનશક્તિ વધતી જશે. તે દરમિયાન મારા પ્રેમ અને આશીર્વાદ બધાની સાથે છે.

ખાતરી રાખજે કે તારી અંદર રહેલાં પ્રેમ અને ભક્તિ વિશે હું પૂરેપૂરી સભાન છું અને તેમને યોગ્ય પ્રત્યુત્તર મળશે.

મારા પ્રેમ અને આશીર્વાદ સહિત.

૨૨ સપ્ટેમ્બર ૧૯૪૭

*

ફરીને એક વખત આ પૂરેપૂરો, અકારણ આઘાત લાગ્યો . . . . મને બિલકુલ ખબર ન હતી કે તું 'ક્ષ' પાસેથી 'તારી પોતાની' સિતાર પાછી માગતી હતી; તેણે મને કહ્યું તે પ્રમાણે એવું સ્પષ્ટ લાગતું હતું કે, તે પ્રશ્ન 'તેની' સિતાર વિશેનો હતો. હું સમજી શકું છું કે તે ભૂલ હતી અને જો તારે તેની જરૂર હતી તો તેણે તને પાછી આપવી જ જોઈએ. પરંતુ તારા પોતાના માટે મારે કહેવું પડશે કે જ્યાં સુધી તું આવા ખોટા વિચારો દા. ત. "મારી પક્ષ લેવાની વૃત્તિ," એક અથવા બીજા પ્રત્યેની વગેરે વગેરે ધારી લે ત્યાં સુધી તારે આઘાતો અને સખત ફટકાઓ ગ્રહણ કરવા પડશે.

આવું બધું બિલકુલ ખોટું અને પાયા વગરનું છે અને જો તારે તારી જાતને પ્રભુની નજીક અનુભવવાની ઇચ્છા હોય તો આ રીતની વિચારધારામાંથી તારે મુક્ત થવું પડશે.

મારા પ્રેમ અને આશીર્વાદ સહિત.

૫ નવેમ્બર ૧૯૪૭

*

તારે કાયમ સમજી લેવું જોઈએ કે લોકો જે કોઈ ભૂલો કરે છે તે મને ગુસ્સે કે નાખુશ કરી શકે નહિ. જો કોઈ દુરિચ્છા અથવા બંડની લાગણી હોય તો કાલી આવી શકે અને શિક્ષા આપે, પરંતુ તે કાર્ય તે કાયમ પ્રેમથી કરે છે.

૨૩ માર્ચ ૧૯૫૪

*

## કાર્ય કરવાની રીત

> લોકો કહે છે કે અમે જે કોઈ વસ્તુઓ કરીએ છીએ તેની તમે કાયમ પ્રશંસા કરો છો પછી ભલે તે ગમે તેવી રીતે થાય.

કેવો વિચિત્ર વિચાર ! ઘણી બધી વસ્તુઓ અને કાર્યો હોય છે જે મને ખરાબ લાગે છે જેની હું બિલકુલ પ્રશંસા કરતી નથી.

૧૨ મે ૧૯૩૪

*

મેં ભૂરી વસ્તુનો પુષ્કળ ઉપયોગ કર્યો અને તમારી પાસે એક પછી એક દલીલો કર્યા જ કરી પરંતુ તમે કોઈ પણ પ્રતિવાદ કર્યો નહિ. તમે બિલકુલ આનંદથી તટસ્થ રહ્યાં.

તમારા પત્રમાં રહેલી બધી જ દલીલો તમારા બાહ્ય સ્થૂલ મનમાંથી આવે છે. તમે એવું ન ધારી શકો કે હું એટલી બધી નીચે ઊતરું અને ત્યાંથી તમારી સાથે ચર્ચા કરું. હું બીજી જ ભૂમિકા ઉપરથી જોઉં છું અને જુદી જ રીતે.

૧૯ જુલાઈ ૧૯૪૨

*

મારી ચેતનામાં મોડા પડવાની ઈચ્છા હોય છે તેવું માનવું બિલકુલ અયોગ્ય છે. સત્ય એ છે કે સમયસર તૈયાર થવાની સંકલ્પશક્તિ, બીજા બધા સંકલ્પો કરતાં અગ્રભાગે રહેલી નથી; તે બીજા બધા સંકલ્પોમાં તેની યોગ્ય જગાએ હોય છે અને તે કેવળ એકમાત્ર સંકલ્પ નથી પરંતુ સમગ્રનો એક ભાગ હોય છે જેની મહત્તા અને અગત્ય, તમે જે વસ્તુ વિચારો અથવા અનુભવો તેને બંધબેસતી ન આવે. હકીકતમાં તમારી સાપેક્ષ અગત્યની ભાવના અને મારી ભાવના એક જ નથી. વધારામાં તમે પ્રશ્નને એક સીધી લીટીમાં અને એક જ રીતે જુઓ છો, જાણે કે તે બીજા બધા પ્રશ્નો કરતાં ભિન્ન અને જુદો હોય. દરેક સમસ્યા તેની પોતાની આગવી હસ્તી ધરાવતી નથી પરંતુ બીજી બધી સમસ્યાઓના સંબંધમાં હોય છે; અને સાચા હોવા માટે, તેના ઉકેલ માટે બીજા પ્રશ્નોને છોડી દેવા ન જોઈએ.

જો તમે તે વસ્તુ સમજી શકો તો તમારી મુશ્કેલી અવશ્ય અદૃશ્ય થઈ જશે.

૧૬ નવેમ્બર ૧૯૫૦

*

સ્પષ્ટ રીતે માનવધર્મો અનુસાર હું તમને દર મહિને મળીશ એવું કહેવામાં હું ખોટી હતી, કારણ કે તે પ્રમાણે હું કરી શકીશ કે કેમ તેની મને ખાતરી નહોતી. તેમ છતાં મેં જે કહેલું તેને હું ભૂલી નહોતી.

હકીકતમાં હું એક ક્ષણથી બીજી ક્ષણમાં જીવું છું અને તે પરમ પ્રભુના માર્ગદર્શન પ્રમાણે અને તેના પરિણામે હું યોજનાઓ બનાવવા માટે અશક્ત છું. જે માનવમનોમયતા એમ માને છે કે અગાઉથી બધું નક્કી થઈ જવું જોઈએ તેના માટે આ સુખદાયક નથી, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી આ વસ્તુ અનિવાર્ય છે.

દરેક સાધકે યાદ રાખવું જોઈએ કે મારે તેના એકલા સાથે જ વ્યવહાર કરવાનો નથી. શક્ય હોય તેટલો હું દરેકને સંતોષ આપવા પ્રયત્ન કરું છું અને જ્યારે જ્યારે જરૂરી હોય ત્યારે તેમના વાજબી પ્રશ્નોના ઉત્તરો આપું છું.

*

જે ખરેખર બને છે પરંતુ તેના કરતાં ઘણું વધારે સૂક્ષ્મ હોય છે તેના વિશે અણઘડ વલણથી કહેવાની આ એક રીત છે.

જો હું એક જ વ્યક્તિની સાથે કામમાં ગૂંથાયેલી હોઉં તો મારી સ્મૃતિમાં આવી બધી ચોકસાઈઓ હું કદાચ રાખી શકું. પરંતુ હું હજાર કરતાં પણ વધારે માણસો સાથે સચેતન રીતે વ્યવહાર કરતી હોઉં ત્યારે સ્પષ્ટ વિગતોની નોંધ ઘણે ભાગે રાખવામાં આવતી નથી, અને તે જરૂરી પણ નથી, કારણ કે ચેતનાને જે રીતે કાર્ય કરવું હોય છે તે રીતે જ તે હમેશાં કાર્ય કરે છે.

*

માણસો જેવાં છે અને તેઓ જે કરે છે તેમાં અને તેઓએ જેવાં હોવું જોઈએ અને તેમણે જેમ કરવું જોઈએ તે બેમાં કાયમ ઘણો મોટો તફાવત હોય છે. ચેતના બિલકુલ આ વિશે સભાન હોય છે અને તે વસ્તુને સુધારવા અને ફેરફાર કરવા માટે સતત કાર્ય કરતી હોય છે. પરંતુ તે જુદાં જુદાં બિંદુઓ ઉપર અસ્તવ્યસ્ત રીતે કાર્ય કરતી નથી. તે સમગ્ર રીતે, પરિસંજ્ઞાનક રીતે સમગ્ર ઉપર કાર્ય કરતી હોય છે. પ્રગતિ ધીમી દેખાય છે પરંતુ તે પૂર્ણ હોય છે અને તેમાં કાંઈ પણ વિસ્મૃતિ આવતી નથી.

*

સાચું કહીએ તો 'મારો પોતાનો કોઈ અભિપ્રાય હોતો નથી.' સત્યના દૃષ્ટિબિંદુથી જોઈએ તો દરેક વસ્તુ ભયંકર રીતે મિશ્રિત થઈ ગયેલી છે, થોડું કે વધારે પ્રકાશ અને અંધકારનું, સત્ય અને અસત્યનું, જ્ઞાન અને અજ્ઞાનનું મિશ્રણ હોય છે અને જ્યાં સુધી પોતાના અભિપ્રાયો પ્રમાણે નિર્ણયો લેવામાં આવે છે અને કાર્ય કરવામાં આવે છે ત્યાં સુધી વસ્તુઓ તે પ્રમાણે જ રહેશે.

આપણે એવા કાર્યનું દૃષ્ટાંત આપવું છે જે સત્યના દર્શન અનુસાર કરાયું હોય, પરંતુ કમનસીબે આ આદર્શથી આપણે ઘણા ઘણા દૂર છીએ અને સત્યનું દર્શન ભલે પોતે જ અભિવ્યક્ત થાય છતાં તેના અમલીકરણમાં તે તાત્કાલિક વિકૃત થઈ જાય છે.

એટલે હાલની પરિસ્થિતિમાં એમ કહેવું અશક્ય છે કે "આ સાચું

છે અને પેલું ખોટું છે. આ આપણને લક્ષ્યથી દૂર લઈ જાય છે અને પેલું લક્ષ્યની નજીક લાવે છે.''

જે પ્રગતિ કરવાની છે તેના માટે 'દરેક વસ્તુનો' ઉપયોગ થઈ શકે. જો આપણે તેનો ઉપયોગ કેમ કરવો તે જાણીએ તો 'દરેક વસ્તુ' ઉપયોગી થઈ શકે છે.

અગત્યની વસ્તુ એ છે કે આપણે જે વસ્તુઓનો સાક્ષાત્કાર કરવાનો છે તેના આદર્શની દૃષ્ટિ કદી ગુમાવવી જોઈએ નહિ, અને આ આદર્શને દૃષ્ટિમાં રાખીને બધા જ સંજોગોનો ઉપયોગ કરવો જોઈએ.

અને છેવટે વસ્તુઓ વિશે તરફેણમાં અથવા વિરુદ્ધમાં કોઈ પણ જાતનો એકહથ્થુ નિર્ણય ન લેવો તે કાયમ વધારે સારું છે, અને બનાવો જે વસ્તુને ધીરે ધીરે ખુલ્લી કરે છે તેનું નિરીક્ષણ એક સાક્ષીની તટસ્થતા વડે કરવું જોઈએ અને પ્રભુના પરમ ડહાપણ ઉપર આધાર રાખવો જોઈએ જે ઉત્તમ માટે જ નિર્ણય લેશે અને જરૂરી હોય તે જ કરશે.

૨૯ જુલાઈ ૧૯૬૧

*

મારી જોવાની રીત કાંઈક જુદા જ પ્રકારની છે. મારી ચેતના માટે પૃથ્વી ઉપરનું સમગ્ર જીવન, જેમાં માનવજીવન અને તેની બધી મનોમયતા આવી જાય છે, તે એક આંદોલનોનો સમૂહ છે અને તે આંદોલનો ઘણે ભાગે અસત્ય, અજ્ઞાન અને અવ્યવસ્થાનાં હોય છે. તેમાં ઉચ્ચતર પ્રદેશમાંથી આવતાં પરમ સત્ય અને પરમ સંવાદનાં આંદોલનો વધારે અને વધારે કાર્ય કરે છે અને બધા પ્રતિકારો હોવા છતાં પણ તેમનો રસ્તો તે ઘસીને પણ કરે છે. આ દર્શનમાં અહંભાવ, વ્યક્તિત્વનો પ્રક્ષેપ અને વિભક્તતા બિલકુલ અવાસ્તવિક અને ભ્રામક બની જાય છે.

જ્યારે આવી હસ્તી ધરાવતા ગોટાળામાં કોઈક 'વધારાના' ગોટાળાનું સર્જન થાય છે ત્યારે શક્ય એટલી વધારે સંવાદિતાનું સ્થાપન કરવા માટે હું કેટલાંક વિશિષ્ટ પ્રકારનાં આંદોલનો તેના ઉપર મોકલું છું. તેમાં ખરેખર વ્યક્તિઓ 'ફટકાનો' અનુભવ કરતી નથી પરંતુ અસંવાદિતાને વળગી રહેવાનું અને તેનો પક્ષ લેવાનું તેમનું વલણ હોય છે તેને માટે તે કાર્ય હોય છે. .... આવા દાખલાઓમાં કોઈ પક્ષ સાચો અને બીજો ખોટો એમ કદી હોતું નથી. પરંતુ જેટલા પ્રમાણમાં તે બધા જૂઠ અને ગોટાળાને વળગી રહે છે તેટલા પ્રમણમાં તે બધા ઠપકાને પાત્ર છે.

*

તમે મારી કાર્ય કરવાની રીતને સમજતા નથી. તમે આ પ્રમાણે પણ કહી શકો : "તમારામાં અતિમાનસ શક્તિ છે અને તમે શા માટે આ બધા ગોટાળા ઉપર તેનો ઉપયોગ કરીને અંત લાવતા નથી." પરંતુ આ રીતે કાર્ય થઈ શકે નહિ. જગત અતિમાનસ બલને માટે તૈયાર નથી અને પાયો તૈયાર થયા સિવાય જો તેનો ઉપયોગ કરવામાં આવે તો વસ્તુઓ પૂરેપૂરી રીતે ભાંગીને ભુક્કો થઈ જાય. મારે પાયો તૈયાર કરવાનો છે અને ત્યાર પછીથી તે બલને નીચે ઉતારી લાવવાનું છે.

તમારી માનવદૃષ્ટિ એક સીધી લીટીમાં જ વસ્તુઓને જુએ છે. તમારે માટે આ અથવા પેલો જ રસ્તો હોય છે. મારા માટે આ રીતે હોતું નથી. હું આખી વસ્તુને, એક સમગ્ર ચેતનાના સમુદાયને, તેના લક્ષ્ય અથવા ધ્યેય પ્રત્યે ગતિ કરતો હોય તે રીતે જોઉં છું. દરેક નાનામાં નાની ગતિ માટે પણ મારે એ જોવું પડે કે સમગ્ર સમૂહ ઉપર તેના કેટલા પ્રત્યાઘાતો પડશે અને પાછળથી તેમાંથી તે વસ્તુના કેવા પ્રતિભાવો આવશે.

જ્યારે હું એમ કહું કે અમુક વસ્તુ આ રીતે થવી જોઈએ અથવા પેલી રીતે, ત્યારે તમારું મન તેને સિદ્ધાંત તરીકે સ્વીકારી લે છે અને તે વસ્તુને બધા જ પ્રસંગોમાં જડ રીતે અમલમાં મૂકવા પ્રયત્ન કરે છે. મારા માટે તે પ્રમાણે હોતું નથી. મારા માટે કોઈ નિયમો કે સિદ્ધાંતો હોતા નથી. મારે માટે દરેક વસ્તુ એક અપવાદરૂપ પ્રસંગ હોય છે અને મારે તેની સાથે એક વિશિષ્ટ રીતનો વ્યવહાર કરવાનો હોય છે. કોઈ પણ બે પ્રસંગો એક સરખા હોતા નથી.

ચેતનાની આ સામૂહિક ગતિમાં હું જાણું છું કે કોઈ ચોક્કસ બિંદુએ સહેલાઈથી ધ્યેયપ્રાપ્તિ કરવા માટે એક ચોક્કસ દિશામાં ગતિ કરવી જોઈએ. આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને હું જાહેર કરું છું કે આ વસ્તુનો અમલ થવો જોઈએ કે નહિ. પરંતુ કેટલીક વખત મને તે રસ્તામાં મોટું વિઘ્ન લાગે છે. હવે તે વસ્તુની સાથે બે રીતનો વ્યવહાર કરી શકાય; મારે તે બિંદુને તેની દિશા ફેરવવા માટે મંજૂરી આપવી જોઈએ અને તે વિઘ્નને જ્યાં સુધી તેના ઉપર વધારે અને વધારે પ્રકાશ પડે અને તેમાં ફેરફાર થઈ જાય તેટલા સમય પૂરતું તેને છોડી દેવું જોઈએ અથવા મારે તે વિઘ્નને ભાંગી નાખવું જોઈએ. મેં કહ્યું તે પ્રમાણે દરેક નાની ગતિના પ્રત્યાઘાતો અને પ્રતિભાવો સમગ્ર જથ્થા ઉપર હોય છે એટલે આ ભાંગી નાખવાની ક્રિયા પણ એક પ્રત્યાઘાતોની હારમાળા ઉત્પન્ન કરશે જે વધારે મોટા ક્ષેત્રને અસર કરશે. હું વ્યક્તિઓનું બહુમાન કરનાર નથી પરંતુ મારે જોવાનું હોય

છે કે જે વ્યક્તિ અથવા વ્યક્તિઓની સાથે મારે કામ લેવાનું હોય છે તેમના બદલાતા સંજોગોને દરેક ક્ષણે જોવાના હોય છે અને સમયના ફેરફાર અનુસાર તે વસ્તુ કયા પ્રવાહ મારફતે ચાલે છે તે મારે જોવાનું હોય છે. મારે આ બધા ફેરફારો સાથે જોવાનું હોય છે કે કઈ રીતે વસ્તુ ઉત્તમ રીતે બને જેથી કરીને આખા સમૂહની પ્રગતિમાં મદદ થઈ શકે. મારે એ પણ જોવું પડે કે તે વિઘ્નને ભાંગી નાખવું ઉપયોગી છે કે કેમ અને તેનાં પરિણામો કયાં આવશે અથવા માણસોની મૂર્ખાઈ સહન કરી શકે તે ક્ષણ સુધી તે વસ્તુને રહેવા દેવી એ વધારે સારું છે કે કેમ. જો વસ્તુને તમે સમગ્ર રીતે જુઓ તો તમને જે વિરોધાભાસ દેખાય છે તે ખરેખર વિરોધ નથી. એક જ અંત સુધી પહોંચવા માટે ઘણા ઘણા ભિન્ન માર્ગો છે તેથી જો મને એમ લાગે કે જે છે તેના કરતાં વસ્તુને ભાંગી નાખવામાં વધારે મોટું જોખમ છે તો પછી તમને પસંદ પડે તે રીતે જવાની તમને મંજૂરી આપું છું. પરંતુ તે વસ્તુ વિઘ્નને બાતલ કરવામાંથી મને અટકાવતી નથી તેમ જ તે જવી જ જોઈએ એમ કહેવામાંથી હું પાછી પડતી નથી.

છેવટે તો વહેલા કે મોડા ચેતનાના આ સમૂહમાં રહેલી હરેક વસ્તુએ એક જ ધ્યેય તરફ ગતિ કરવાની જ છે. પરંતુ તે ધ્યેય તરફ ચેતનાને દોરી જવા માટે માનવીઓને મારી સાથે ગતિ કરવા હું મંજૂરી આપું છું. અને મારે તેમની ધારણાના સ્વરૂપમાં દૃશ્યમાન થવું પડે છે અને તેમની ભાષા બોલવી પડે છે. મારે અણઘડ અભિવ્યક્તિ સ્વીકારવી પડે છે. મારે જે રીતે બોલવું પડે છે તે રીતની મૂર્ખાઈને હું જોઈ શકું છું અને કેટલાક નિયમો અને બંધારણો મારે મૂકવાં પડે છે. અને આ રીતે માનવજાત માટે મારે આ છૂટ રાખવી પડે છે : નહિ તો પછી તે કોઈ પણ વસ્તુ સમજી શકશે નહિ. હું જ્યારે તેમની પોતાની ભાષામાં બોલું છું ત્યારે પણ લોકો મારી ગેરસમજ કરે છે અને ગોટાળો કરે છે. જો હું પ્રકાશની ભાષામાં વાત કરું તો આ સમગ્ર વસ્તુ તેમના માથા ઉપરથી પસાર થઈ જાય અને કાંઈ પણ સમજ્યા વિના તેઓ તેમનાં મોઢાં ખુલ્લાં રાખીને ટગર ટગર ઊંચે જોયા કરે.

'ક્ષ'નું મન ઘણું જ સુવિકસિત છે. હું એમ કહી શકું કે તેનું મન પ્રકાશ તરફ ઘણું ખુલ્લું છે. બે વખત મેં તેની સાથે શ્રી અરવિંદ જેને દ્યુતિમનસ કહે છે તેની ભાષામાં વાત કરવા પ્રયત્ન કર્યો. પરંતુ તે પણ સમજી શકયો નહિ. તે થોડુંક પકડી શકયો પરંતુ અર્થની પૂર્ણતા તેની પાસેથી છટકી ગઈ.

બીજાઓની સાથેના વ્યવહારમાં તો તેનાથી પણ વધારે ખરાબ તકલીફ છે; તેઓ કાંઈ પણ સમજવામાં નિષ્ફળ જાય છે અને ડઘાઈ ગયા હોય તેમ જુએ છે. આ લોકોની ખાતર મારે સમાધાન કરવું પડે છે. હું એમ કહું છું કે અમુક વસ્તુ મૂર્ખાઈ છે પરંતુ હું જોઈ શકું છું કે તમે તે કર્યા વગર રહી શકતા નથી અને તેને માટે તેને સહન કરી લેવું પડે છે. હું વસ્તુઓની સાપેક્ષ કિંમત જોઉં છું અને જે વસ્તુથી પ્રગતિ થઈ શકે તે વસ્તુને અપનાવું છું. તમારા લાભમાં અને સમગ્ર ચેતનાના સમૂહની પ્રગતિના લાભાર્થે, મારે ઘણી બધી વસ્તુઓની મંજૂરી આપવી પડે, પરંતુ તેનો અર્થ એમ નથી કે હું તેમના પ્રત્યે અંધ છું. અને તેની મૂર્ખાઈ જોઈ શકું નહિ. કેટલીક વખત એ જરૂરી હોય છે કે તમને અનુભવ થવો જોઈએ અને તેથી તે વસ્તુને મંજૂરી આપવામાં આવે છે. પરંતુ હું જ્યારે ચોક્કસ રીતે ના પાડું છું, ત્યારે તેનો વિરોધ કરવો એ ભયંકર છે. એક જ કાર્ય માટે ઘણાં કારણો હોઈ શકે, પરંતુ તમારા મનને તે બધાં સમજાવવાં એ અશક્ય છે.

આ ખાસ દાખલામાં મેં ના પાડી હતી. પછી 'ય' વચ્ચે પડ્યો. હવે 'ય' ઘણો સુંદર માણસ છે અને તેના કેટલાક ભાગોમાં તે સચ્ચાઈવાળો છે. હું જાણું છું કે તે નબળો છે અને તેનામાં પકડવાની અને માલિકીની ટેવ છે. હું ના પાડી શકી હોત. પરંતુ તે વસ્તુએ તેને ખૂબ વિચલિત કર્યો હોત. તેના પોતાના માટે તેની જાતને અચલ રાખવાનું મુશ્કેલ બન્યું હોત. મેં તમને કહ્યું તે પ્રમાણે, હું સાપેક્ષ કિંમત જોઉં છું અને મેં જોયું કે તે વસ્તુ એટલી બધી અવિચલિત કરી દે તેટલી કિંમતી નહોતી અને તેથી મેં મારી મંજૂરી આપી હોત. પરંતુ તે સાચી વસ્તુ નથી એમ કહેતાં હું અટકતી નથી.

*

### અફવાઓ

> આનંદની જનની, મને જાણીને આશ્ચર્ય થાય છે કે એવા લોકો છે જેઓ વિચારે છે કે તમે એવા સાધકોને જ બોલાવો છો જેઓ તમારી કૃપાને દૂરથી સ્વીકારી શકે નહિ. અને તેથી જેઓ તમને વારંવાર મળે છે તેમના માટે તે નબળાઈની નિશાની છે.

લોકો શું માને છે અથવા કહે છે તેની પરવા કરવી નહિ. તે ઘણુંખરું હંમેશાં અજ્ઞાનભરી મૂર્ખતાઓ જ હોય છે. જે લોકો એમ ધારે કે તેઓ મારા કાર્યનાં કારણો જાણે છે તેમના માટે મને હંમેશાં આશ્ચર્ય થાય છે. હું

દરેકની સાથે ભિન્નભિન્ન રીતે વર્તન કરું છું, તેની પોતાની વિશિષ્ટ પરિસ્થિતિની જરૂરિયાત પ્રમાણે.

*

સાધકો જે કાંઈ કહે છે તેને કદી સાંભળવું નહિ, તેમ હું તમને સલાહ આપું છું – ખાસ કરીને જેઓએ પ્રગતિ કરી છે તે સાધકોને.

૨૯ ડિસેમ્બર ૧૯૩૧

*

એ ખરેખર બિલકુલ સાચું નથી કે હું સાધકો માટે અને તેમની સાધના માટે પરવા કરતી નથી. વિશ્વના ખરાબ સંજોગો તેમની સંભાળ લેવામાંથી મને શા માટે અટકાવે. ખરી રીતે તો ઝડપી આધ્યાત્મિક પ્રગતિ કરવા માટેનું તે એક કારણ છે અને એકમાત્ર રસ્તો છે, તમે માણસો પાસેથી જે સાંભળો તેમાં માનવું જોઈએ નહિ; એવી બધી સતત ધિક્કારપાત્ર અને વિક્ષોભ કરનારી વસ્તુઓ વિશે કહેવાતી વાતો બિલકુલ જૂઠી હોય છે.

૮ ઑક્ટોબર ૧૯૪૦

*

મારા વહાલા બાળક,

તારા બધા જ પત્રોના ઉત્તરો આપ્યા છે, પરંતુ તે તારા હૃદયની પ્રશાંત અવસ્થામાં; તારે પ્રત્યુત્તરો ત્યાં સાંભળવાનું શીખવું જોઈએ અને નહિ કે બીજાના મોઢેથી. તને કાયમ પૂરેપૂરી મદદ આપવામાં આવે છે પરંતુ તારા હૃદયની પ્રગાઢ શાંતિમાં ગ્રહણ કરવાનું તારે શીખવું જોઈએ અને નહિ કે બાહ્ય કરણો મારફતે. તારા હૃદયની શાંતિમાં પ્રભુ તારી સાથે વાતચીત કરશે અને તને માર્ગદર્શન આપીને તારા ધ્યેય પ્રત્યે લઈ જશે. પરંતુ તેના માટે તને પ્રભુની કૃપામાં અને દિવ્ય પ્રેમમાં પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ.

૧૮ જાન્યુઆરી ૧૯૬૨

*

મારા નાના બાળક,

જ્યારે તારો પ્રથમ પત્ર આવ્યો ત્યારે મેં તેના પર ફ્રેન્ચ ભાષામાં એક શબ્દ લખીને મારા ટેબલ ઉપર મૂકી દીધો – કારણ કે હું બીજા પત્રની આશા રાખતી હતી; મને પૂરેપૂરી ખાતરી હતી કે તને મારો મૂંગો ઉત્તર મળી જશે.

તમે દિલાસો આપવા માટે, હું તાત્કાલિક અને કાયમ માટે કહી શકુ કે લોકો બીજા વિશે જે કાંઈ કહે તેના ઉપર હું આધાર રાખતી નથી, પછી

ભલે તે ગમે તે વ્યક્તિ હોય અને તારા પક્ષે હું તને કહું છું કે મારા નામે તને કોઈ પણ વ્યક્તિ '(તે ગમે તે હોય)' કાંઈ પણ કહે તેને ગંભીરતાથી લઈશ નહિ કારણ કે ગમે તેટલી શુભ ભાવનાઓ હોય તો પણ તે 'કાયમ વિકૃત હોય છે.'

અત્યારે હું તને કહું છું કે આ શાળાના પ્રસંગની બાબતમાં પણ તું કાંઈ ચિંતા કરીશ નહિ. હું તેને વિશે લખીશ નહિ, પણ મારે તને એક દિવસ બોલાવવાની ઇચ્છા છે અને મારે તને 'સમજાવવું' છે કે સમગ્ર વસ્તુને 'હું કઈ રીતે જોઉં છું.' પાછળથી તું જોઈ શકીશ કે 'તને તેના વિશે કેવી લાગણી થાય છે.'

દરમિયાન મનને શાંતિમાં રાખજે જેથી કરીને દિવ્ય પ્રકાશ તેમાંથી પસાર થઈ શકે

મારા સંપૂર્ણ પ્રેમ અને આશીર્વાદ સહિત.

૨૭ ઑક્ટોબર ૧૯૬૩

*

આ જગ્યામાં ઊડતી અફવાઓને સાંભળવાનું બંધ કરવાનું તું ક્યારે શીખીશ ?

૧૫ જુલાઈ ૧૯૬૭

*

હા, આ બધી જ જૂઠી અને મૂર્ખ અફવાઓ આશ્રમમાં ફરીને પાછી મારી પાસે આવી છે. મેં તેમને કોઈ અગત્ય આપી નથી કારણ કે અહીં રહેલા ઘણાખરા માણસો ગપ્પાં અને જૂઠાણાંઓ માટે જ જીવે છે અને મેં મારી ચેતનાને કાયમ તે બધી વસ્તુઓ માટે બંધ કરી દીધી છે જેથી કરીને કાલી અથવા દુર્ગાના આવિર્ભાવને દૂર રાખી શકાય.

હું આશા રાખું છું કે જેઓ વફાદાર છે અને સામાન્ય સૂઝવાળા છે તેઓ આ બધું સાંભળવામાં પોતાનો સમય વ્યર્થ રીતે ગુમાવશે નહિ.

*

તેં જે ખોરાક વિશે મને કહ્યું તેની મને જાણ હતી. પરંતુ તું કબૂલ કરીશ કે પોતાના કાર્યને સુધારવાની અને તેને વધારે પ્રકાશિત અને અર્થપૂર્ણ બનાવવા માટે હંમેશાં એક રીત હોય છે.

*

બીજાઓની ભૂલો અને નબળાઈઓ વિશે તમારે કદી ચિંતા ન કરવી જોઈએ. એક જ વસ્તુ જરૂરી છે કે લોકો જે કાંઈ કહે, ખાસ કરીને મારા નામે, 'તેમાં વિશ્વાસ ન મૂકવો.'

*

જ્યારે આપણામાં કડવાશ ઉત્પન્ન થાય ત્યારે આપણે પ્રભુનો સંપર્ક ખોઈ બેસીએ છીએ અને ખૂબ 'કડવાશભર્યા' માનવ બનીએ છીએ.

મારા નામે જે કાંઈ વારંવાર કહેવામાં આવે તેનાથી ચેતતા રહો – જે ચૈતન્યથી તે કહેવામાં આવ્યું હોય છે તે ચાલ્યું જાય છે.

*

મારામાં રહેલો તારો વિશ્વાસ ઘટાડે એવી કોઈ પણ અસરને ન થવા દેવા માટે ખૂબ સંભાળ રાખજે અને કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ જે તને મારાથી વિખૂટી પાડે તેને મંજૂરી આપીશ નહિ.

*

એક મહાન ગેરસમજ ઉત્પન્ન થઈ છે.

તું એમ માનતો લાગે છે કે હું એક વસ્તુ કહું છું પરંતુ તેનો અર્થ જુદો હોય છે. આ મૂર્ખાઈ છે.

જ્યારે હું બોલું છું ત્યારે બિલકુલ સ્પષ્ટ બોલું છું અને 'હું જે કહું છું તે જ અર્થ હોય છે.'

જ્યારે હું કહું છું : યોગ માટેની પહેલી શરત છે, શાંત અને સ્થિર રહો – ત્યારે મારો કહેવાનો અર્થ તે જ હોય છે.

જ્યારે હું કહું છું કે વાતચીત અર્થહીન હોય છે અને ફક્ત ગોટાળો જ ઉત્પન્ન કરે છે, શક્તિનો વ્યય કરે છે અને પોતાનામાં થોડોઘણો પણ પ્રકાશ હોય તે ચાલ્યો જાય છે – ત્યારે મારો કહેવાનો તે જ અર્થ હોય છે અને બીજો કોઈ નહિ.

જ્યારે હું કહું છું કે મારે નામે બોલવાનો કોઈને પણ મેં અધિકાર આપ્યો નથી અને તમારી પોતાની કલ્પના પ્રમાણે મારા શબ્દોનું અર્થઘટન કરશો નહિ ત્યારે મારો કહેવાનો અર્થ તે જ હોય છે અને બીજો કોઈ નહિ.

મને આશા છે કે આ વસ્તુ સ્પષ્ટ અને નિર્ણાયક છે. અને આ એકમાત્ર ગેરસમજનો હવે અંત આવી જશે.

*

મેં કોઈ વસ્તુ કહી હોય અથવા ન કહી હોય તેની મારી માન્યતા વિશે જે લોકો ઓછી કે વત્તી ખોટી રીતે અફવાઓ ફેલાવે છે તેમને મેં ચેતવણી આપેલી જ છે કે તે એક દ્રોહનું કાર્ય છે

આ એક ધૃણાસ્પદ કુટેવ અટકતી દેખાતી નથી તેથી મારે વધારામાં કહેવું પડે છે કે જેઓ આ પ્રમાણે કરવાનું ચાલુ રાખશે તેમની સાથે દ્રોહીઓની તરફ કરીએ એવું ગુહ્ય વર્તન કરવામાં આવશે.

*

## ઠપકાઓ

મારી સ્પષ્ટ મંજૂરી સિવાય મારું બિનછપાયેલું લખાણ કોઈને પણ મોકલવાની 'પૂરેપૂરી મનાઈ ફરમાવવામાં' આવી છે. મને કહેવામાં આવ્યું છે કે તમે તેવો ઇરાદો રાખો છો તેથી હું જલદીથી જાણ કરું છું કે તમારે તેમ કરવાનું નથી અને તમારી પાસે જે ટાઈપ થયેલી બધી નકલો છે તેને તાત્કાલિક મોકલવાની હું તમને જાણ કરું છું.

૧૮ જૂન ૧૯૬૪

*

કોઈ પણ વસ્તુને સન્નિષ્ઠાપૂર્વક કરવી એટલે તેને ખૂબ સાવધાનીપૂર્વક, પ્રમાણિકપણે અને જેટલી પૂર્ણ રીતે વ્યક્તિ કરી શકે તેવી રીતે કરવી.

બીજે વખતે જ્યારે મેં તમને લખેલું છે તેમાં એવા કોઈ શબ્દો હોય જે તમને સમજાતા ન હોય ત્યારે તમારે મને પુસ્તક પાછું મોકલીને મારી પાસેથી સમજૂતી માગવી એ સારી વસ્તુ છે. હું તમને કાયમ આપીશ અને આ રીતે મેં તમને જે લખેલું છે તેને વિશે બીજાની સાથે વાતચીત કરતાં તમે અટકી જશો – કારણ કે તે પ્રમાણે કરવું તે સારું નથી.

*

એ દયાજનક છે કે તમારા પ્રશ્નોના આપેલા મારા ઉત્તરો તમે બતાવી દીધા છે. તે તમારા માટે જ હતા અને નહિ કે બીજા કોઈ પણ માટે. આ વસ્તુએ અનુભૂતિને નુકસાન પહોંચાડયું છે, કારણ કે પ્રાણ અને મનને તેમની પોતાની કામનાઓને સંતોષ આપવા માટે પરિસ્થિતિનો લાભ ઉઠાવવો હતો.

*

(માતાજીનો સાધકો અને વિદ્યાર્થીઓ સાથે ટેનિસ રમવા વિશે)

મને એમ કહેવામાં આવ્યું છે કે આપણાં બાળકોને (નાના અથવા મોટા) એક યા બીજા કારણસર મારી સાથે રમવું ગમે છે (બરાબર શબ્દોમાં "મને રમત આપવી") પરંતુ 'સાચેસાચ રમવું,' અને રમવાનું શીખવા માટે તેમણે તેમની પોતાની અંદરોઅંદર રમવું જોઈએ.

*

તમને રમત રમી શકવા માટેની આ અદ્‌ભુત તક છે. દિવ્ય ચેતના, પ્રકાશ અને શક્તિથી ભરપૂર વાતાવરણ છે તેમાં તમે કસરત એવી રીતે કરો છો કે તમારી દરેક ગતિ માટે એમ કહી શકાય કે તેમાં એક એવી ચેતના, પ્રકાશ અને શક્તિથી સભર છે કે જે પોતે જ એક સઘનયોગ છે, અને

તમારી અજ્ઞાની અચેતનતા, તમારી દર્શનવિહીનતા અને સંવેદનની ખામી એવી છે કે તમે એમ માનો છો કે તમે મને રમત આપો છો. અથવા તમે એક સારી વૃદ્ધ સ્ત્રી, જેના માટે તમને થોડી કૃતજ્ઞતાની લાગણી થાય છે અને એક પ્રકારનો તમને સ્નેહ છે તેને રમવા માટે મદદ કરો છો.

૫ જૂન ૧૯૪૯

*

મેં પ્રત્યુત્તર ન આપ્યો કારણ કે તેમનાં મન ભયંકર ઉત્પાતથી ભરેલાં હતાં. તેઓ શક્તિનો કઈ રીતે ઉપયોગ કરવો તે તેઓ જાણતા નથી અને મારી રચનાઓને તેઓ બગાડી નાખે છે. પરંતુ તમારે તેઓને તેમ કહેવાની જરૂર નથી – તેમને મારા આશીર્વાદ મોકલો.

૧૩ મે ૧૯૫૫

*

તમારે એક વસ્તુ સમજવી જ જોઈએ. કોઈ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં, હું હાલના અને ભવિષ્યના પ્રશ્નનો બધી જ બાજુથી વિચાર કરું છું. એટલે જ્યારે ઉત્તર આપવામાં આવે ત્યારે તે 'છેવટનો જ' હોય છે. એટલે મારે ફરીથી એ પ્રશ્નનો વિચાર કરવાનો રહેતો નથી.

૧૨ જૂન ૧૯૫૫

*

સાઇઠ વર્ષ ઉપરના તમારા લાંબા અનુભવ ઉપરથી તમને એવું લાગે છે કે અમારા તરફથી અને માનવજાતની તરફથી તમારી અપેક્ષા ઠીક ઠીક પ્રમાણમાં પૂર્ણ થઈ છે?

હું કોઈ પણ વસ્તુની અપેક્ષા રાખતી ન હોઈ હું પ્રશ્નનો જવાબ આપી શકું નહિ.

*

'ક્ષ' કહે છે, "તે વસ્તુ માતાજી ઉપર આધાર રાખે છે."

ના, તે મારા ઉપર બિલકુલ આધાર રાખતું નથી. જો તેમ હોત તો બધી વસ્તુઓ સરળ રીતે ચાલ્યા કરતી હોત – પરંતુ વ્યકિતનું ચારિત્ર્ય વચમાં હોય છે.

૨૦ ઑગસ્ટ ૧૯૬૧

*

હું મૂર્ખ માણસોને કઈ રીતે ડહાપણભરી સલાહ આપી શકું ?

*

આ રહ્યા બે પ્રશ્નો જેના જવાબની જરૂર નથી :

આટલી બધી માગણીઓ કરવા માટે તમે 'પ્રભુ માટે' શું કરેલું છે?

આટલા બધા ફટકાઓ ગ્રહણ કરવા માટે તમે 'પ્રભુ પ્રત્યે' શું કરેલું છે ?

*

તમે પ્રભુને એવું શું આપેલું છે અને તેના માટે એવું શું કરેલું છે જેથી તમે તમારા પોતાના માટે કાંઈક કરવાનું મને કહો છો ? હું ફક્ત પ્રભુનું જ કાર્ય કરું છું

*

તમારી ભૂલ ત્યાં થાય છે કે તમે એમ માનો છો કે હું છેતરાઉં છું – આ અશક્ય છે, કારણ કે તેમના શબ્દો કરતાં તેમનો મારા માટેનો 'હેતુ' વધારે સારો છે, પરંતુ જેઓ મને છેતરવા માટે પ્રયત્ન કરે છે તેમના પ્રત્યે જો હું કડક થાઉં તો આ કડકાઈમાંથી ઘણી ઓછી વ્યક્તિઓ બાકાત રહી શકે.

*

તમારા પોતાના કોઈ પણ નિર્ણયમાં તમે કદી ભૂલ કરેલી નથી ?

હા, તમે ભૂલ કરેલી છે, ખરું ને ? અને ઘણી વખત. તો પછી, તમે કયા હકથી એમ વિચારો છો કે જ્યારે મારો નિર્ણય તમારા નિર્ણય અનુસાર ન હોય ત્યારે હું જ ભૂલમાં હોઉં છું ?

*

હું જાણું છું કે તમારે માટે મારી સાથે રહેવું જરૂરી નથી અને આનંદદાયક પણ નથી. પરંતુ ફરજ રૂપે છે. અને તમે બીજી જગાએ બીજાઓ સાથે વધારે સુખી છો તેથી જ્યારે જરૂરી હોય ત્યારે જ હું તમને બોલાવું છું – નહિ કે જ્યારે મને ગમે ત્યારે, કારણ કે ઘણા લાંબા સમયથી મારા દબાણને મેં મારા ખિસ્સામાં મૂક્યું છે અને ત્યાં જ રહેવા દીધું છે.

*

મેં તમને મુલાકાત ન આપી કારણ કે હું જાણતી હતી કે તે બિલકુલ બિનઉપયોગી હતું, કારણ કે આપણા બન્નેનાં જીવન અને કાર્ય વિશેનાં દૃષ્ટિબિંદુઓ એકબીજાથી બિલકુલ ભિન્ન છે.

*

તમે મારી વિરુદ્ધ શું કરી શકો ? તમે તમારી શરીર – ચેતનામાં જ રહો છો અને તમારું શરીર નાશવંત છે. હું મારી આત્મચેતનામાં રહું છું અને મારો આત્મા અમર છે.

*

આપણે તે સ્થિતિમાં છીએ. પ્રભુ, તે બધા તે જ લોકો છે જેમને તમે સૌથી વધારે પ્રેમ દર્શાવ્યો છે અને તેઓ તેમની મુશ્કેલીઓ માટે તમને જ જવાબદાર ગણે છે.

*

# ૩. શ્રી અરવિંદ આશ્રમ

## શ્રી અરવિંદ આશ્રમ

શ્રી અરવિંદ ચાર કે પાંચ શિષ્યો સાથે ૧૯૧૦થી ૧૯૨૦ સુધી પોંડિચેરીમાં રહેતા હતા.

માતાજી* ૧૯૧૪માં ફ્રાંસમાંથી (પોલ રિશાર સાથે) આવ્યાં અને શ્રી અરવિંદે "આર્ય"નું સંપાદન શરૂ કર્યું, તે જાન્યુઆરી ૧૯૨૦ સુધી ચાલ્યું.

એપ્રિલ ૧૯૨૦માં માતાજી જાપાનમાંથી પાછાં આવ્યાં અને ધીરે ધીરે માણસોની સંખ્યા વૃદ્ધિ પામતી હોવાથી આશ્રમનું ૧૯૨૬માં સ્થાપન થયું.

*

> આપણા આશ્રમની સ્થાપનાની કોઈ નિશ્ચિત તારીખ નથી તેથી હકીકતમાં એક સુંદરતા અને કાવ્યમયતા છે તો ગુહ્યદૃષ્ટિબિંદુથી એમ કહી શકાય ખરું કે માતાજીના આગમનથી જ આશ્રમનો જન્મ થયો?

જાપાનમાંથી હું પાછી ફરી પછી થોડાં વર્ષો પછી, ૧૯૨૬માં આશ્રમનો જન્મ થયો.

૧૭ એપ્રિલ ૧૯૬૭

*

૨૧મી ફેબ્રુઆરી માતાજીનો જન્મદિવસ છે.

૨૯મી માર્ચ શ્રી અરવિંદની સાથેની તેમની મુલાકાતનો વાર્ષિક દિવસ છે.

૪થી એપ્રિલ આશ્રમનો નૂતન વર્ષનો દિવસ છે. તે તારીખે શ્રી અરવિંદનું પોંડિચેરીમાં આગમન થયું.

૨૪મી એપ્રિલ માતાજીની પોંડિચેરીમાં છેવટની પુનરાગમનની તારીખ છે.

૧૫મી ઑગસ્ટ શ્રી અરવિંદનો જન્મદિવસ છે.

* માતાજી અહીંથી પોતાના વિશે ત્રીજા પુરુષમાં લખે છે.

૨૪મી નવેમ્બર ૧૯૨૬માં એક ઘણો અગત્યનો આધ્યાત્મિક પ્રસંગ બનેલો તેની યાદગીરીમાં તે વિજયનો દિવસ ગણાય છે.

૧૯૩૮

પ્રચલિત સાધનાઓનું લક્ષ્ય પરમ ચેતના (સત્-ચિત-આનંદ) સાથે અદ્વૈત સાધવાનું હોય છે. અને જેઓ તે સ્થિતિમાં ત્યાં પહોંચે છે તેઓ તેમની પોતાની મુક્તિથી સંતોષ માને છે અને જગતને તેની દુ:ખી સ્થિતિમાં છોડી દે છે. તેનાથી ઊલટું શ્રી અરવિંદની સાધના બીજી સાધનાઓનો અંત આવે છે ત્યાંથી શરૂઆત થાય છે. એક વખત પરમ તત્ત્વની સાથે અદ્વૈત સિદ્ધ થઈ ગયું ત્યાર પછી તે સાક્ષાત્કારને વ્યક્તિએ નીચે બાહ્ય જગતમાં ઉતારી લાવવાનો છે અને પૃથ્વી ઉપરના જીવનની પરિસ્થિતિઓમાં ફેરફાર ત્યાં સુધી કરવાનો છે જ્યાં સુધીમાં પૂર્ણ રૂપાંતર સિદ્ધ થાય. આ ધ્યેયને અનુલક્ષીને પૂર્ણ યોગના સાધકો જગતમાથી નિવૃત્તિ લઈને ચિંતન અને ધ્યાનનું જીવન જીવતા નથી. દરેકે પોતાના સમયનો એક તૃતિયાંશ ભાગ કોઈ ઉપયોગી કાર્યમાં આપવો જોઈએ. બધી જ પ્રવૃત્તિઓ આશ્રમમાં ચાલે છે અને દરેકે પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય તેવું કાર્ય પસંદ કરવાનું હોય છે પરંતુ તે કાર્ય સેવા અને નિ:સ્વાર્થતાના ઉદ્દેશથી કરવું જોઈએ અને પોતાની સમક્ષ પૂર્ણયોગના આદર્શનું દૃષ્ટિબિંદુ રાખવું જોઈએ.

આ હેતુને શકય બનાવવા માટે આશ્રમની વ્યવસ્થા એ રીતે કરવામાં આવી છે કે બધા જ આશ્રમવાસીઓની યોગ્ય જરૂરિયાતો સંતોષાય અને તેમના જીવનનિર્વાહ માટે તેમને ચિંતા કરવી પડતી નથી.

*

નિયમો બહુ ઓછા છે તેથી દરેક પોતાના વિકાસ માટે સ્વતંત્રતાનો આનંદ માણી શકે, પરંતુ કેટલીક વસ્તુઓની સખતાઈથી મનાઈ કરવામાં આવે છે: તે છે (૧) રાજકારણ, (૨) ધૂમ્રપાન, (૩) આલ્કોહોલિક પીણાં અને (૪) કામવાસનાનો આનંદ.

સારી તંદુરસ્તી અને સુખાકારી જાળવવા માટે બધાની, નાના તેમ જ મોટા, યુવાન તેમ જ વૃદ્ધોની ખૂબ જ સંભાળ રાખવામાં આવે છે.

૨૪ સપ્ટેમ્બર ૧૯૫૩

*

બાહ્ય દેખાવો અને નિયમો બદલાય પરંતુ આપણી શ્રદ્ધા અને આપણું ધ્યેય એક જ રહે છે.

૩૦ ઑક્ટોબર ૧૯૪૫

*

આપણું ધ્યેય રાજકીય પણ નથી તેમ જ સામાજિક પણ નથી પરંતુ આધ્યાત્મિક છે. આપણને વ્યક્તિની ચેતનાના રૂપાંતરની જરૂર છે, નહિ કે રાજ્ય કે સરકારનો ફેરફાર. તે ધ્યેયને પહોંચવા માટે આપણે કોઈ પણ માનવ-સાધનોમાં, ગમે તેટલાં શક્તિશાળી હોય તો પણ શ્રદ્ધા મૂકતા નથી; આપણને ફક્ત પ્રભુની કૃપામાં જ શ્રદ્ધા છે.

*

ફકત એક જ વસ્તુ આપણા માટે અગત્યની છે. આપણે પ્રભુ માટે અભીપ્સા રાખીએ છીએ, પ્રભુ માટે જ જીવન જીવીએ છીએ અને પ્રભુ માટે જ કાર્ય કરીએ છીએ.

જુલાઈ ૧૯૫૬

*

કેટલાય યુગોની તીવ્ર અભીપ્સા આપણને પ્રભુનું કાર્ય કરવા માટે અહીં લાવેલ છે.

*

> મધુર માતાજી, અમને એમ કહેવામાં આવ્યું છે કે બાળકો આશ્રમમાં આવ્યાં તે પહેલાં શરતો ઘણી કડક હતી અને શિસ્ત પણ ઘણું સખત હતું. તો પછી અત્યારે આ શરતોમાં કેમ અને શા માટે ફેરફારો થયા છે?

બાળકો આવ્યાં તે પહેલાં, જેમને સાધના કરવાની ઇચ્છા હતી તેમને જ આશ્રમમાં પ્રવેશ આપવામાં આવતો અને સાધનાની પ્રક્રિયાના ઉપયોગ માટે જે ટેવો અને ક્રિયાઓની જરૂર હતી તેને જ ચલાવી લેવામાં આવતી.

પરંતુ બાળકો સાધના કરે એ માગણી કરવી વાજબી ન હોવાથી, જેવાં બાળકોને આશ્રમમાં દાખલ કરવામાં આવ્યાં કે તુરત જ આ કડકાઈને અદૃશ્ય થવું પડયું.

જાન્યુઆરી ૧૯૬૧

*

માનવજાતની કોઈ પણ સિદ્ધિ પછી ભલે તે ગમે તેટલી મહાન હોય છતાં આપણે માટે અનુસરવા માટેનો આદર્શ તે કદી બની શકે નહિ. માનવ-આદર્શોના પ્રયોગો માટે વિશાળ વિશ્વ પડેલું છે.

આપણો હેતુ બિલકુલ ભિન્ન છે અને હાલમાં સફળ થવા માટે આપણને ઓછી તક હોય તો પણ આપણને ખાતરી છે કે આપણે ભવિષ્ય માટેની તૈયારી કરીએ છીએ.

હું જાણું છું કે બાહ્ય દષ્ટિબિંદુથી આ જગતમાં હાલ સિદ્ધ કરેલી ઘણી વસ્તુઓથી આપણે નીચે છીએ પરંતુ માનવ-માપદંડો પ્રમાણે પૂર્ણતાનો સિદ્ધાંત આપણો નથી. આપણે બીજી જ કોઈ વસ્તુઓ માટે પ્રયત્ન કરીએ છીએ જે ભવિષ્ય માટે છે.

આશ્રમ સ્થપાયો છે અને તે નવીન જગતનું પારણું બનવાનો છે.

પ્રેરણા ઉપરથી આવેલી છે, માર્ગદર્શક બળ ઊર્ધ્વમાંથી આવે છે, સર્જનાત્મક શક્તિ ઉપરથી આવે છે અને તે નવીન સાક્ષાત્કારના અવતરણ માટે કાર્ય કરે છે.

આશ્રમની ક્ષતિઓ, તેની ખામીઓ અને તેની નિષ્ફળતાઓને લઈને જ તે હાલના જગતની સાથે સંબંધ ધરાવે છે.

માનવજાતિની હાલની કોઈ પણ સિદ્ધિઓમાં આશ્રમને તેની મુશ્કેલીમાંથી બહાર ખેંચી લાવવાની શક્તિ નથી.

તેના બધા જ સભ્યોનું સમગ્ર રૂપાંતર અને સત્યના અવતરણ પામતા પ્રકાશ પ્રત્યેનું પૂર્ણ ખુલ્લાપણું જ તેને તેના સાક્ષાત્કારમાં મદદ કરી શકે.

ખરેખર કાર્ય ઘણું પ્રચંડ છે પરંતુ અમને તેને સિદ્ધ કરવાનો આદેશ આપ્યો છે અને અમે કેવળ તે હેતુ માટે જ પૃથ્વી ઉપર છીએ.

અમે પરમ પ્રભુની સંકલ્પ અને મદદની અડગ શ્રદ્ધા વડે અંત સુધી પ્રયત્ન ચાલુ રાખીશું.

બારણું ખુલ્લું છે અને જેઓ તે હેતુ માટે પોતાનું જીવન અર્પણ કરે છે તેમના માટે કાયમ ખુલ્લું રહેશે.

૧૩ જૂન ૧૯૬૪

*

> બાહ્ય સંજોગો કરતાં અહીં કોઈક વસ્તુ ઘણી વધારે સારી છે, હૃદયમાં અને આત્મામાં એક હૂંફાળા અને જીવંત સૂર્યના જેવું કાંઈક.

આ સાચી વિવેકશક્તિ છે અને હું તમને અભિનંદન આપું છું, જેઓ કેવળ બાહ્ય દેખાવોને જુએ છે તેઓ તેમની અંદર રહેલા સૂક્ષ્મ ભેદો અને મુખ્ય અગત્યની વસ્તુ વચ્ચેનો વિવેક કરી શકતા નથી જે વસ્તુ એક સાચી અને પ્રકાશિત ચેતનાની હાજરી જ કરી શકે છે.

૧૧ જૂન ૧૯૬૭

*

અહીં આપણે માટે કોઈ 'ધર્મ' નથી. આપણે ધર્મની જગાએ એક આધ્યાત્મિક જીવન મૂકીએ છીએ, જે એકીસાથે વધારે સાચું, વધારે ઊંડું અને વધારે ઊંચું હોય છે એટલે કે જે પ્રભુની વધારે નજીક હોય છે. કારણ કે પ્રભુ દરેક વસ્તુમાં રહેલો છે, પરંતુ આપણે તેના વિશે સચેતન હોતા નથી. માણસે આ ઘણી વિશાળ પ્રગતિ કરવી જ જોઈશે.

૧૯ માર્ચ ૧૯૭૩

*

## પ્રવેશ માટેની શરતો

બાહ્ય દેખાવો ઉપરથી નિર્ણયો બાંધશો નહિ અને લોકો જે કહે તે સાંભળશો નહિ, કારણ કે આ બન્ને વસ્તુઓ ગેરરસ્તે દોરી જાય છે. પરંતુ જો તમને જરૂરી લાગે તો તમે ચોકકસ જઈ શકો છો અને બાહ્યદષ્ટિબિંદુથી તે ખરેખર વધારે ડહાપણભર્યું છે.

વધારામાં અહીં રહેવું તે સહેલું નથી. આશ્રમમાં બાહ્ય શિસ્ત નથી, તેમજ કોઈ દશ્યમાન કસોટી પણ નથી. પરંતુ કઠિન અને સતત આંતરિક કસોટી હોય છે અને વ્યક્તિએ બધા જ અહંકાર ઉપર વિજય મેળવવાની અભીપ્સામાં ખૂબ સચ્ચાઈભર્યા રહેવું પડે છે અને અહીં રહેવા માટે બધા મિથ્યાભિમાન ઉપર વિજય મેળવવાનો છે.

બાહ્ય રીતે પૂર્ણ સમર્પણની બળજબરીથી માગણી કરવામાં આવતી નથી પરંતુ જેમને ચીટકી રહેવું હોય તેમના માટે તે અનિવાર્ય છે અને સમર્પણની સચ્ચાઈની પરીક્ષા કરવા માટે ઘણી વસ્તુઓ આવે છે. તેમ છતાં લોકો માટે કૃપા અને મદદ કાયમ હોય છે, જેઓ તેમના માટે અભીપ્સા રાખે છે; અને તેમની શકિત અમર્યાદ હોય છે જ્યારે તેઓ શ્રદ્ધા અને આત્મનિષ્ઠાથી તેને સ્વીકારે છે,

૨૦ નવેમ્બર ૧૯૪૮

*

જીવન પ્રત્યે અને લોકો તરફની ઘૃણામાંથી માણસે યોગમાં આવવાનું નથી.

મુશ્કેલીઓમાંથી નાસી જવા માટે માણસે અહીં આવવું જોઈએ નહિ.

પ્રેમના માધુર્ય અને રક્ષણ શોધવા માટે પણ યોગ નથી, કારણ કે જો વ્યક્તિ સાચું વલણ રાખે તો પ્રભુનો પ્રેમ અને રક્ષણ દરેક જગાએ આનંદથી મેળવી શકાય છે.

જ્યારે વ્યક્તિને પ્રભુની સેવામાં પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ કરવાની ઇચ્છા હોય, પ્રભુના કાર્યમાં પોતાની જાતનું સમગ્ર રીતે નિવેદન કરવાનું હોય, પોતાની જાતના અર્પણ અને સેવાના ફક્ત આનંદ ખાતર, તેના બદલામાં કોઈ પણ જાતની માગણી કરવાની ન હોય, સિવાય કે નિવેદન અને સેવાની, ત્યારે જ વ્યક્તિ અહીં આવવા માટે તૈયાર હોય છે અને અહીંનાં ખુલ્લાં વિશાળ દ્વારો તેને પ્રાપ્ત થશે.

આ જગતમાં કોઈ પણ જગાએ રહેલાં મારાં બાળકોને આપેલા આશીર્વાદ હું તમને આપું છું, "તમારી જાતને તૈયાર કરો, મારી મદદ કાયમ તમારી સાથે રહેશે."

૩૦ માર્ચ ૧૯૬૦

*

તમે એમ કહો છો કે તમારે આધ્યાત્મિક જીવન જીવવું છે પરંતુ તેના માટે તમારે સમજવું પડશે કે પ્રમથ મુદ્દો એ છે કે નિમ્નગતિઓ, બધાં જ આકર્ષણો અને બધી જ આસક્તિઓ ઉપર તમારે વિજય મેળવવાનો છે કારણ કે આ બધી વસ્તુઓ આધ્યાત્મિક જીવનને માટે 'પૂરેપૂરી વિરોધી' છે.

આધ્યાત્મિક જીવન 'માગણી કરે છે કે' વ્યક્તિ કેવળ પ્રભુ પ્રત્યે જ વળે અને 'ફક્ત' પ્રભુ પ્રત્યે જ. વ્યક્તિ જે કાંઈ કરે તે 'પ્રભુ માટે જ' કરે, બધાં જ કાર્યો, બધી જ અભીપ્સાઓ, બધું જ, અપવાદ સિવાય સમગ્ર સ્વરૂપના પૂર્ણ સમર્પણ વડે પ્રભુ પ્રત્યે જ ગતિ કરાવવાં જોઈએ.

હું જાણું છું કે આ વસ્તુ એક જ દિવસમાં બની શકે નહિ પરંતુ તે પ્રમાણે થાય એટલા માટે 'અડગ રીતનો' નિર્ણય હોવો જોઈએ. ફક્ત આ શરતે જ હું તમને આધ્યાત્મિક જીવન માટે સ્વીકારી શકું.

૨૯ જુલાઈ ૧૯૬૦

*

શારીરિક સ્થિતિ કરતાં ઘણી વધારે અગત્યની વસ્તુ છે આદર્શની વફાદારી અને કાર્ય માટે નિવેદન કરવું જે સાચો શિષ્ય બનાવે છે.

૨૫ ઑગસ્ટ ૧૯૬૨

*

આશ્રમમાં પ્રવેશ મેળવવાની
પ્રથમ અનિવાર્ય શરત

ઉમેદવારે પોતાના જીવનનું પ્રભુની સેવા માટે બિનશરતી નિવેદન કરવાનો નિર્ણય લેવો જોઈશે.

૧૨ જૂન ૧૯૬૫

*

આશ્રમવાસીની વ્યાખ્યા છે : તેણે પ્રભુના સાક્ષાત્કાર માટે અને સેવા માટે પોતાના જીવનનું સમર્પણ કરવાનો નિર્ણય લીધો હોય છે.

આ માટે ચાર ગુણો અનિવાર્ય છે જેના સિવાય પ્રગતિ અનિશ્ચિત હોય છે અને પ્રથમ તકમાં જ અડચણો આવવાની અને મુશ્કેલીભર્યાં પતનો થવાની સંભાવના છે.

સચ્ચાઈ, વફાદારી, નમ્રતા અને કૃતજ્ઞતા.

*

આશ્રમના સાચા બાળક કહેવડાવવા માટે વ્યક્તિમાં કયા ગુણો જરૂરી છે ?

સચ્ચાઈ, હિંમત, શિસ્ત, સહનશીલતા, પ્રભુના કાર્યમાં પૂર્ણ શ્રદ્ધા અને પ્રભુકૃપામાં અડગ શ્રદ્ધા. આ બધી વસ્તુઓની સાથે એક ટકી રહેનારી, તીવ્ર અને ખંતપૂર્વકની અભીપ્સા અને અમર્યાદ ધીરજ હોવાં જોઈએ.

૨૮ ડિસેમ્બર ૧૯૬૬

*

જે લોકોને પોતાના જીવનનું અર્પણ કરવાની ઇચ્છા હોય તેમને માટે આશ્રમ છે.

જૂન ૧૯૭૧

*

આશ્રમમાં સાધક તરીકે રહેવાની
બે અનિવાર્ય શરતો

૧. બીજી બધી જરૂરિયાતો કરતાં આત્માની જરૂરિયાતો મેળવવા માટેનો નિશ્ચય, અને શરીરની, પ્રાણની અને મનની જરૂરિયાતોનો એટલે સુધી જ સંતોષ મેળવવાનો જ્યાં સુધી આત્માની જરૂરિયાતોની સિદ્ધિમાં તે અડચણરૂપ ન થાય.

૨. એ પ્રકારની ખાતરી રાખવાની કે દરેકે દરેકના આત્માની જરૂરિયાતોને જાણવા માટે હું સમર્થ છું અને એટલા માટે આ બાબતમાં નિર્ણય લેવાની આવડતનો મને હક છે.

*

જો વ્યક્તિને એમ ખાતરી ન થાય કે વસ્તુઓ અને કાર્યનાં પરિણામો અને ફૂલો વિશે હું અગાઉથી વધારે સારી રીતે જાણું છું તો અહીં રહેવાનો લગભગ ઘણોખરો લાભ વ્યકિત ગુમાવી બેસે છે.

*

## યોગ્ય વર્તન

હું જાણું છું કે લોકો ધાંધલિયા અને અવ્યવહારુ હોય છે. પરંતુ જ્યાં સુધી તેમની ચેતના બદલાય નહિ ત્યાં સુધી આપણે તેમની પાસે શી અપેક્ષા રાખી શકીએ ?

*

લોકો તેમની ચેતનામાં પરિવર્તન લાવવા માટે અહીં છે. જ્યાં સુધી 'તેમના બધા જ' તેમના 'લક્ષ્ય' પ્રત્યે સાચદિલ બને નહિ ત્યાં સુધી કોઈ પણ 'સાચી વસ્તુ' બની શકે નહિ.

*

એટલું સ્પષ્ટ છે કે જેઓ અહીં રહે છે તેમનામાં ફેરફાર થવો જ જોઈએ, તેમની જીવનની રીતમાં એટલો બધો નહિ, જેટલો તેમના સ્વરૂપમાં થવો જોઈએ.

આપણે એક વધારે ઊંડી, વધારે સમગ્ર અને વધારે સાચી ચેતના પ્રત્યે આવી રહ્યાં છીએ; કારણ કે આપણું અહીં રહેવાનું મૂળભૂત કારણ આ ચેતનાનો આવિર્ભાવ કરવાનું છે.

*

સાધક બનવાનો શો ઉપયોગ – જો આપણે જેવા કાર્ય કરીએ કે તરત જ અજ્ઞાની સામાન્ય માનવની માફક કાર્ય કરતા રહીએ ?

*

આપણી પાસેથી જગતને વધારે સારા જીવનના દૃષ્ટાંતની અપેક્ષા રખાય છે, પરંતુ ચોક્કસ, ગેરવર્તનની 'નહિ.'

*

જે ક્ષણે વ્યકિત આશ્રમના જીવનમાં પ્રવેશ કરે છે, તે ક્ષણથી તે કોઈ પણ સંપ્રદાય, જ્ઞાતિ અને જાતિનો રહેતો નથી; તે શ્રી અરવિંદના શિષ્યોમાંનો

એક હોય છે અને બીજું કાંઈ જ નહિ. તે ભૂતકાળમાં કેવો હતો તેના વિશે હાસ્યમજાક ઉડાવવી એ બિલકુલ બેહૂદું અને હલકા રસવાળું છે અને તેના પોતાનામાં અને બોલનારમાં અને એક જૂનું અને ખોટું માનસિક વલણ રાખી મૂકવામાં મદદ કરે છે.

જાન્યુઆરી ૧૯૨૯

*

> જ્યારે નૃત્યકાર 'ક્ષ' તમને મળવા માટે આવ્યો ત્યારે ઘણા સાધકો તેની આસપાસ ટોળે ફરી વળ્યા. તેમણે આગ્રહ કર્યો કે તે કેટલાંક નૃત્યો કરે, પરંતુ તેણે કહ્યું કે તે નૃત્ય માટેની વેશભૂષા વગર અહીં આવેલો હતો. લોકોની નૃત્ય માટેની ઇચ્છાઓ તેને પસંદ પડી નહિ. તેણે ખાનગી રીતે મને કહ્યું કે જો તે અહીં ફરીથી આવશે તો તે ખાસ સંભાળ રાખશે કે નૃત્ય માટેની વેશભૂષા લાવશે નહિ કારણ કે તે પોતાના સારા દેખાવ માટે અહીં નહિ આવે પરંતુ યોગ માટે આવશે.

તે બિલકુલ સાચો છે. આશ્રમમાં ઘણાંખરાં માણસો ભૂલી જાય છે કે તેઓ અહીં 'યોગને માટે' છે.

૭ જાન્યુઆરી ૧૯૩૮

*

આશ્રમ યોગ માટે છે અને નહિ કે સંગીતના જલસા અથવા બીજી સામાજિક પ્રવૃત્તિઓ માટે.

જે લોકો આશ્રમમાં રહે છે તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સ્થિરતાથી અને ઘોંઘાટ વગર રહે અને તેઓ પોતે ધ્યાન કરવા શક્તિમાન ન હોય તો તેઓએ બીજાઓને ધ્યાન કરવા માટે મુક્ત રાખવા જોઈએ.

*

મને ખબર નથી કે કોણ એવી અફવાઓ ફેલાવે છે કે મને સંગીત ગમતું નથી. તે બિલકુલ સાચું નથી. મને સંગીત બહુ ગમે છે, પરંતુ તે નાના સમૂહમાં સાંભળવું જોઈએ એટલે કે પાંચ કે છ વ્યક્તિની હાજરીમાં. જ્યારે ટોળું થાય ત્યારે ઘણી વખત તે એક સામાજિક મિલન થઈ જાય છે અને જે વાતાવરણ ઉત્પન્ન થાય છે તે સારું હોતું નથી.

*

એ હકીકત છે કે જે લોકો પોતાના પ્રાણની અને લાગણીઓની ઇચ્છાઓનો સંતોષ શોધે છે તેમના માટે આશ્રમ નથી પરંતુ જે લોકો પ્રભુને સંપૂર્ણ નિવેદન કરવાની અભીપ્સા રાખે છે તેમને માટે છે. તે ઉપરાંત મારે તેમને ચેતવણી આપવી પડે છે કે જે જાહેરમાં થઈ શકે તેટલું જ તમારે અહીં કરવાનું છે કારણ કે કોઈ પણ વસ્તુ ગુપ્ત રહી શકે નહિ.

૨૫ એપ્રિલ ૧૯૫૮

*

આશ્રમમાં જે જાહેર થઈ શકે તે જ કરવાનું છે કારણ કે કોઈ વસ્તુ ગુપ્ત રહેતી નથી. મારું રક્ષણ તો સર્વના ઉપર છે નહિ કે બીજી વ્યકિતઓને બાદ કરીને અમુક વ્યકિતઓ માટે જ.

*

બધા જ કિસ્સાઓ માટે ફકત એક જ જવાબ આપવો અશકય છે. દરેક માણસની બાબતમાં અને દરેક પ્રસંગ ઉપર તે જુદો હોઈ શકે. પરંતુ કોઈ પણ સંજોગોમાં એટલું તો કહી શકાય કે જે કોઈ સમૂહમાં રહે તેણે શકય એટલા પ્રમાણમાં તે સમૂહના નિયમોને અનુસરવાં જ જોઈએ. વધારામાં સામૂહિક નિયમોની વિરુદ્ધ લોકોને જવાનો હક ત્યારે જ હોય છે જ્યારે તેમનાં બધાં જ કાર્યોમાં તેમની અંદર રહેલા પ્રભુ દ્વારા જ તેમને આદેશ મળેલો હોય. જેવી રીતે તેઓ પ્રભુની હાજરીમાં કરે અને કહે તે પ્રમાણે જ તેઓ કરે અને કહે તો જ. અને ત્યારે જ તેમને કહેવાનો હક છે કે, "હું મારા પોતાના નિયમને અનુસરું છું અને બીજા કોઈને નહિ."

૨૮ જાન્યુઆરી ૧૯૬૦

*

"અંગત લાગણીઓ" માટે આશ્રમમાં કાંઈ થઈ શકે નહિ. અંગત લાગણીઓથી ઉપર ઊઠો અને સાક્ષાત્કારનાં દ્વારો ખૂલશે.

૩ ફેબ્રુઆરી ૧૯૬૫

*

હવે સમય પાકી ગયો છે જ્યારે આશ્રમમાં શાંતિ અને સંવાદનું સામ્રાજ્ય હોવું જોઈએ.

*

(બે આશ્રમવાસીઓની તકરાર વિશે)

તે બધું ગુફામાં રહેતા પ્રાથમિક માનવીના સમયમાં પાછા જવા જેવું લાગે છે.

આપણી સંસ્કૃત સમાજનું કૃત્રિમ જીવન જીવવાની ઇચ્છા નથી પરંતુ ફટકાબાજીઓના શાસનમાં પાછા ફરવાને બદલે એક વધારે મોટી સંસ્કૃતિની નિસરણી ઉપર ચડવું વધારે સારું છે.

*

મેં તેને કહેવા માટે એક સંદેશવાહક મોકલ્યો છે કે આ પ્રકારની પ્રવૃત્તિને આશ્રમમાં સ્થાન નથી, જો કે કમનસીબે આવું વારંવાર બન્યા કરે છે; પરંતુ તેને મળ્યા વગર હું આ પત્ર તને લખું છું જેથી કરીને તું જાણી શકે કે હું જે તને લખું છું તેની સાથે તેને કાંઈ પણ સંબંધ નથી.

પરંતુ તમારા પત્રના બીજા ભાગે મને જાણ કરી કે હુમલાને વાજબી ઠેરવ્યા સિવાય, કેમ કે આક્રમણ કદી વાજબી ઠેરવી શકાય નહિ, તમારા મનની પરિસ્થિતિ તેની 'સાબિતી' આપે છે આવો ધિક્કાર અને ઈર્ષ્યા મેં ભાગ્યે જ જોયાં છે; તેમાં કડવાશભરી ટીકા અને સામાન્ય પ્રકારની નૈતિકતા છે જે અસંતોષાયેલી અને દબાયેલી કામનાઓમાંથી ઉત્પન્ન થાય છે.

આ બધું કાંઈ બહુ સારું નથી અને તમને જે ફટકાઓ મળેલા છે તેના માટે તમારા તરફ ઉત્પન્ન થયેલી સહાનુભૂતિને તાત્કાલિક દૂર કરે છે.

મારાં સ્થાનની સાથે મારે ફરજો અને જવાબદારીઓ સંકળાયેલી છે તેની તમે મને યાદ અપાવી તેના માટે હું તમારો આભાર માનું છું. પરંતુ ન્યાયના આહ્વાનને બદલે કૃપાને બોલાવવી એ વધારે સારું છે, કારણ કે જો ન્યાય કાર્યાન્વિત બને તો બહુ ઓછી વ્યક્તિઓ તેની સમક્ષ ઊભી રહી શકે.

*

કામવાસનાના સંબધોનો આશ્રમમાં નિષેધ છે તેથી આશ્રમ અને કામવાસનાના સંબંધો વચ્ચે પ્રામાણિકતા પસંદગી માગી લે છે. તે અંતરઆત્માના અવાજનો વિષય છે.

૧૨ જૂન ૧૯૭૧

*

આશ્રમ એવી જગા નથી જ્યાં બીજી કોઈ વ્યક્તિની સાથે તમે પ્રેમમાં પડો. જો તમારે આવી મૂર્ખાઈમાં સરી પડવું હોય તો તમે તે પ્રમાણે બીજી જગાએ કરી શકો, અહીં નહિ.

*

## રાજકારણનો નિષેધ

આપણે અહીં રાજકારણ માટે નહિ પરંતુ પ્રભુની સેવા માટે છીએ.

*

શ્રી અરવિંદ વિચારે છે કે આવા પ્રકારની રાજકારણની વસ્તુમાં એક તારને (ટેલિગ્રામને) લઈને આપણે ભાગ લઈએ તે શક્ય નથી. વધારેમાં વધારે 'ક્ષ' એ આવા દર્દજનક અને મુશ્કેલ સંજોગોમાં કેવો રસ્તો લેવો, તે વિશે તમારો અંગત અભિપ્રાય તમે લખી શકો છો.

પ્રેમ અને આશીર્વાદ સાથે.

૨૪ ફેબ્રુઆરી ૧૯૩૯

*

મને 'ક્ષ'નો પત્ર મળ્યો છે. તમે તેને લખી શકો છો : આશ્રમ સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ પ્રકારના રાજકારણમાં પડવું એ તેના ક્ષેત્રની બહારનું છે. તેણે 'ક્ષ' પાસે જવાનું નથી. (કોઈ પણ સંજોગોમાં તે ફલદાયી નથી). જો તે ત્યાં ગયો હોય અને 'ક્ષ'એ અમને તે વિશે વાત કરી હોય તો અમે તેના કાર્યને મંજૂરી આપી નથી એમ જાહેર કરવાની અમને ફરજ પડશે.

૩ જૂન ૧૯૩૯

*

શ્રી અરવિંદ અને હું પોતે, અહીં રહેલા 'ક્ષ' સાથે પત્રવ્યવહાર કરવાની મના કરીએ છીએ અને ખાસ કરીને તેની પાસેથી પૈસા સ્વીકારવાની, કારણ કે જો કે તે થોડા માસ માટે અહીં હતો છતાં અમને તેણે જે કાંઈ થોડુંઘણું કહ્યું હોય તે સિવાય તેના વિશે બીજું કાંઈ પણ જાણતા નથી

કેટલાંક અવલોકનો તેણે કર્યાં તેનાથી એવું લાગે છે કે તે ઉગ્ર રીતે નાઝી–પક્ષનો લાગે છે અને તે તેવું છુપાવતો નથી, અને તેની સાથેનો કોઈ પણ સંપર્ક આ સમયે આશ્રમ માટે કોઈ ગંભીર મુશ્કેલી ઊભી કરે.

૨૫ જૂન ૧૯૪૦

*

આજે વહેલી સવારે તમારું મન મારી પાસે આવ્યું અને મને કેટલાક પ્રશ્નો પૂછ્યા જેના મેં ઉત્તરો આપેલા છે.

મેં પ્રશ્નો અને ઉત્તરો નોંધેલા છે જેથી કરીને તમારી બાહ્ય ચેતના તેનાથી લાભ મેળવી શકે.

"શા માટે તમે બ્રિટિશ સરકાર સામે ગુસ્સે ભરાતા નથી જ્યારે તે આશ્રમને નુકસાન કરે એવી રીતે વર્તે છે?"

શા માટે ગુસ્સે થવું? તે સ્વાભાવિક છે કે તેમણે તેમ કરવું જોઈએ. કારણ કે તે તેમના લાભમાં છે અને તેમનામાં શક્તિ છે.

"પણ તે સાચું અને ઔદાર્યવાળું નથી?"

તમે ક્યારે જોયું કે સરકાર ન્યાયયુક્ત અને સહાનુભૂતિવાળી હોય છે? બાહ્ય વ્યવહારોમાં તે બધી જ એકસરખી હોય છે.

"તો પછી તમે એકને બીજા કરતાં શા માટે ટેકો આપો છો?"

આ જુદી જ વસ્તુ છે અને બાહ્ય સપાટીની પાછળ કાર્ય કરતાં બળોની રમત હોય છે. કેટલાંક બળો પ્રભુ માટે કાર્ય કરતાં હોય છે અને બીજાનો હેતુ અને લક્ષ્ય પ્રભુવિરોધી હોય છે.

જો રાષ્ટ્રો અથવા સરકારો, જેઓ દિવ્ય બળોનાં આંધળાં કરણો હોય છે તેઓ તેમની પ્રક્રિયાઓ અને કાર્યોની રૂપરેખામાં પૂર્ણ શુદ્ધ અને દિવ્ય હોય અને પ્રેરણાને અંધ રીતે ઝીલે તો તેઓ અજેય હોય છે. બાહ્ય અભિવ્યક્તિમાં રહેલું મિશ્રણ અસુરને હરાવવા માટે હક મળે છે.

આસુરિક બળોના સફલ કરણ બનાવવાનું સહેલું હોય છે, કારણ કે તેઓ તમારી નિમ્નપ્રકૃતિની બધી ગતિઓને કાબૂમાં લે છે અને તેમનો ઉપયોગ કરે છે જેથી કરીને તમારે કોઈ પણ આધ્યાત્મિક પ્રયત્ન કરવાનો રહેતો નથી.

તેનાથી ઊલટું જો તમારે દિવ્ય શક્તિના યોગ્ય કરણ બનવું હોય તો તમારે તમારી જાતને સંપૂર્ણ શુદ્ધ બનાવવી જોઈએ કારણ કે ફક્ત પૂર્ણ દિવ્ય બનેલા કરણમાં જ દિવ્ય બળની પૂર્ણ શક્તિ અને અસર હશે.

૪ જુલાઈ ૧૯૪૦

*

જગતની પરિસ્થિતિ અત્યારે કટોકટીભરી છે. ભારતનું ભાગ્ય પણ અત્યારે તોળાઈ રહેલું છે. એક એવો સમય હતો જ્યારે ભારત પૂરેપૂરું સલામત હતું અને તેના પર કોઈ પણ આસુરિક હલ્લાનો ખતરો ન હતો. પરંતુ વસ્તુઓ પલટાઈ ગઈ છે. ભારતમાં રહેલા લોકો અને શક્તિઓએ એવી રીતે કાર્ય કરેલું છે કે તેના ઉપર આસુરિક બળોની અસરોને તેમણે આમંત્રણ આપ્યું છે; આ વસ્તુઓએ ખંતપૂર્વક કાર્ય કરેલું છે અને જે

સલામતી હતી તેનો પાયો ખોદી નાખ્યો છે.

જો ભારત જોખમમાં હોય તો પોંડિચેરી જોખમી પ્રદેશની બહાર રહી શકે નહિ. દેશના બાકીના ભાગના ભાગ્યમાં તેણે ભાગ લેવો પડશે. હું જે રક્ષણ આપી શકું તે બિનશરતી નથી. ગમે તે વસ્તુ હોવા છતાં બધા જ ઉપર મારું રક્ષણ રહેશે એવી આશા રાખવી એ ખોટું છે. એ કહેવાની જરૂર નથી કે નાઝીઓ તરફની સહાનુભૂતિ કે ટેકો (અથવા તેમના કોઈ મિત્રો તરફ) રક્ષણના વર્તુળને સ્વાભાવિક રીતે જ કાપી નાખે છે. આ ચોખ્ખી અને બાહ્ય હકીકત સિવાય પણ, બીજા માનસશાસ્ત્રીય સંજોગો છે જે સિદ્ધિ માટે માગણી કરે છે. જેઓ પૂર્ણ હૃદયથી પ્રભુને વફાદાર છે તેઓને જ પ્રભુ રક્ષણ આપી શકે છે. જેઓ ખરેખર સાધનાની ભાવનામાં જ સાચી રીતે જીવે છે અને ચેતના અને કાર્યને પ્રભુ ઉપર જ આધારિત રાખે છે અને પ્રભુની જ સેવામાં જોડાયેલાં હોય છે તેમને જ પ્રભુ ટેકો આપી શકે છે. કામના, પોતાની પસંદગીઓ અને સગવડો માટેનો આગ્રહ, દંભની બધી ગતિઓ, અને બિનસચ્ચાઈ અને જૂઠાણું, પ્રભુના આડે આવતાં જો તમે પ્રભુ ઉપર તમારી ઇચ્છા લાદવાનો પ્રયત્ન કરો તો તમે એક બૉમ્બને તમારા ઉપર પડવા માટે બોલાવો છો. હું એમ નથી કહેતી કે વસ્તુઓ આ રીતે જ બનશે; પરંતુ તે પ્રમાણે બનવાની શક્યતા છે જો લોકો સચેતન અને ખૂબ જાગ્રત ન રહે તો અને આધ્યાત્મિક શોધ કરનાર સાધકના સાચા ભાવમાંથી કાર્ય ન કરે તો, તે પ્રમાણે બને. જો બાહ્ય જગતમાં રહેલું વાતાવરણ માનસ-શાસ્ત્રીય રીતે અહીં પણ રહે તો જે તમોમય બળો ત્યાં કાર્ય કરી રહ્યાં છે તેમાંથી રક્ષણ માટેની ચોક્કસ દીવાલ અહીં રહી શકશે નહિ અને વેદના અને વિનાશની પ્રવેશની કસોટીમાંથી પસાર થવું પડશે.

૨૫ મે ૧૯૪૧

*

તેં ગઈ કાલે જે મૂર્ખાઈભરી અફવા ફેલાવી તે મેં હમણાં જ વાંચી અને મારે તને ફરજિયાત કહેવું પડે છે કે તારે આવું ફરીથી કરવું નહિ એ ઘણી સારી રીતે સમજાય તેવું છે કે આખી જ વાત હાસ્યાપદ રીતે જૂઠી છે અને તેમાં સત્યનો એક અણુ પણ નથી પણ લોકો એટલા બધા મૂર્ખ છે કે તેઓ ગમે તે વસ્તુ માની શકે છે અને કોઈ પણ વસ્તુનું કોઈ પણ ભોગે પુનરાવર્તન કરે છે અને તેથી એમ કહેવામાં આવે છે કે આશ્રમમાંથી આવી બધી અફવાઓ ફેલાવવામાં આવે તો અમારા માટે ઘણી દુઃખદાયક અને જોખમી મુશ્કેલી પણ લાવી શકે છે.

મને ખાતરી છે કે તું મારો મુદ્દો સમજી શકીશ અને હું તને મારો પ્રેમ અને આશીર્વાદ મોકલું છું.

૧૧ ફેબ્રુઆરી ૧૯૪૬

*

મેં તને પહેલાં કહેલું જ છે કે આવું કોઈ પણ રાજકારણ આશ્રમ-માંથી ઉદ્ભવ પામી શકે નહિ; તે વસ્તુ મુશ્કેલીઓનો ડુંગર લાવી શકે છે. હાલના આવા સંઘર્ષના પ્રસંગમાં તારે શ્રી અરવિંદ અને મારામાં રહેલી તારી શ્રદ્ધાને સત્ય રીતે વળગી રહેવું જોઈએ અને તેના ભવિષ્યને અમારી જવાબદારી ઉપર છોડી દેવું જોઈએ. જો તેના સ્વરૂપનું સત્ય હોય કે તેને મુક્તિ મળવી જોઈએ તો ચોક્કસ તેને મુક્તિ મળશે. મારા પ્રેમ અને આશીર્વાદ સાથે.

૧૪ ફેબ્રુઆરી ૧૯૪૬

*

વારંવાર કહેવામાં આવ્યું છે કે પ્રાદેશિક લાગણીઓને આશ્રમમાં સ્થાન નથી અને તેને સહન કરી શકાય નહિ.

મને કહેતાં દુઃખ થાય છે કે ગઈ કાલે જે સભા થઈ તેણે ઘણું જ સંકુચિત અને મૂર્ખાઈભર્યું પ્રાદેશિક વલણ દર્શાવ્યું છે. તેથી આ બધી સભાઓને બંધ કરવાની મને અણગમતી ફરજ પડે છે.

૧ એપ્રિલ ૧૯૪૬

*

## એક જાહેરાત

શ્રી અરવિંદ રાજકારણમાંથી નિવૃત્ત થયા; અને તેમના આશ્રમમાં એક અગત્યનો નિયમ છે કે વ્યક્તિએ બધા રાજકારણમાંથી દૂર રહેવાનું છે – એટલા માટે નહિ કે જગતમાં બનતા બનાવો સાથે શ્રી અરવિંદે સંબંધ રાખ્યો નથી, પરંતુ રાજકારણ જે રીતે ખેલાય છે તે એક નિમ્ન અને બેહૂદી વસ્તુ છે અને તેના ઉપર જૂઠાણું, છેતરપિંડી, અન્યાય, શક્તિનો દુરુપયોગ અને હિંસાનો કાબૂ છે; કારણ કે રાજકરણમાં સફળ થવા માટે વ્યક્તિએ તેની પોતાની અંદર દંભ, દ્વિવિધ વ્યક્તિત્વ અને અપ્રામાણિક મહત્ત્વાકાંક્ષા કેળવવી પડે છે.

યોગ માટેનો અનિવાર્ય પાયો સચ્ચાઈ, પ્રામાણિકતા, નિઃસ્વાર્થપણું, કાર્યમાં અનાસક્ત નિવેદન, ચારિત્ર્યની અમીરાત અને સરળતા છે. જેઓ

આ પ્રાથમિક ગુણોને અમલમાં મૂકતા નથી તેઓ શ્રી અરવિંદના શિષ્યો નથી, અને તેમને આશ્રમમાં સ્થાન નથી. એટલા માટે નિર્માલ્ય અને પાયા વગરના, વિકૃત અશુભ ભાવનાવાળા મનમાંથી ઉત્પન્ન થયેલા દોષારોપણોનો જવાબ આપવા માટે હું ઇન્કાર કરું છું.

શ્રી અરવિંદ તેમની માતૃભૂમિને ઊંડાણપૂર્વક ચાહતા હતા અને તેઓ ઇચ્છતા હતા કે તે મહાન ઉમદા, પવિત્ર અને જગતને મહાન સંદેશ આપવા યોગ્ય બને. તે અધમ, સ્વાર્થી અને રાગદ્વેષોની નિમ્ન અને હલકી ભૂમિકામાં તે ડૂબે તેની તેઓ ના પાડતા. એટલા માટે તેમની ઇચ્છાને પૂર્ણ કરવા માટે આપણે સત્ય, પ્રગતિ અને માનવજાતિના રૂપાંતરનું ધોરણ ઘણું ઊંચું લઈ જઈએ છીએ જેથી આત્મવાન લોકો તેને જોઈ શકે અને તેની આસપાસ એકઠા થઈ શકે.

૨૫ એપ્રિલ ૧૯૫૪

*

એ ઘણું અગત્યનું અને અત્યાવશ્યક છે કે તમારા એકતા પક્ષના લોકોએ ચેતનાની ઉચ્ચતર ભૂમિકા પર ચડવું જોઈશે અને લોકો ઉપરના તુચ્છ રાજકીય પ્રકારના હુમલાઓને બંધ કરવા જોઈશે. તેમણે પરમ સત્ય અને પ્રભુના સાક્ષાત્કારને 'માટે' લડતાં શીખવું જોઈએ અને નહિ કે કોઈ રાજકીય પક્ષની 'સામે.' પ્રભુના દૃષ્ટિબિંદુથી બધી જ સાચદિલ માન્યતાઓની પાછળ સત્ય હોય છે. જીવન અને કર્મના માનસિક અને વ્યવહારુ વર્તનમાં જ જૂઠાણું બહાર આવે છે અને બધી વસ્તુઓને વિકૃત બનાવે છે. હવે સમય આવી ગયો છે જ્યારે બધા લોકો જેઓ આશ્રમ સાથે વત્તા કે ઓછા પ્રમાણમાં સંકળાયેલાં છે અને જેમને શ્રી અરવિંદ અને મારા શિક્ષણ ઉપર કાર્યનો પાયો રચવો છે તેમણે આ બધી નિમ્નપ્રકારની રાજકીય ગતિઓમાં અટકી જવું પડશે અને આત્માની ઉચ્ચતર ભૂમિકાઓ ઉપર રહેવું પડશે.

હું આશા રાખું છું કે તમે તાત્કાલિક જરૂરી પગલાં લેશો.

૩૧ જાન્યુઆરી ૧૯૫૫

*

એ સમજી લેવાનું છે કે આશ્રમમાં કોઈ પણ પ્રકારનું રાજકારણ નથી અને તેને ચૂંટણીઓમાં કોઈ રસ નથી.

૨૧ જૂન ૧૯૫૫

*

રાજકારણનો પાયો અસત્ય ઉપર રચાયેલો છે, આપણને તેની સાથે કોઈ સંબંધ નથી

નૈતિકતા એક ઢાલ છે જેને માણસો સત્યની સામે રક્ષણ કરવા માટે વાપરે છે.

ફક્ત પ્રભુનો સંકલ્પ જ અબાધિત છે અને માણસ તેના પોતાના કાર્યમાં વિકૃત કરી મૂકી તેને ખોટો પાડે છે.

*

## એક જાહેરાત

કેટલાક લોકો વસ્તુઓને ઉપરછલ્લી રીતે જોઈને એમ પૂછી શકે કે આ શહેરમાં આશ્રમ આટલાં બધાં વર્ષોથી અસ્તિત્વમાં છે અને લોકોને તેના માટે ચાહના કેમ નથી?

પ્રથમ અને તાત્કાલિક ઉત્તર એ છે કે આ વસ્તીમાં જે લોકો સંસ્કારિતા, બુદ્ધિ અને શુભ સંકલ્પ અને શિક્ષણમાં ઉચ્ચતર ધોરણવાળા છે તેમણે આશ્રમને આવકાર આપ્યો છે એટલું જ નહિ પરંતુ તેમણે તેના માટે તેમની સહાનુભૂતિ, પ્રશંસા અને શુભ લાગણી વ્યક્ત કરેલી છે. શ્રી અરવિંદ આશ્રમને પોંડિચેરીમાં ઘણા સાચદિલ અને વફાદાર અનુયાયી અને મિત્રો છે.

આટલું કહ્યું અને આપણી સ્થિતિ સ્પષ્ટ છે:

આપણને કોઈ સંપ્રદાય કે ધર્મ સાથે તકરાર નથી.

આપણને કોઈ પણ પ્રકારની સરકાર સામે તકરાર નથી.

આપણને કોઈ પણ સામાજિક વર્ગ સામે વિગ્રહ નથી.

આપણને કોઈ રાષ્ટ્ર કે સંસ્કૃતિ સામે વિગ્રહ નથી.

આપણે વિભક્તતા, અચેતનતા, અજ્ઞાન, જડતા અને જૂઠાણા સામે લડાઈ લડીએ છીએ.

આપણે પૃથ્વી ઉપર એકતા, જ્ઞાન, ચેતના અને સત્યનું સ્થાપન કરવા માટે પ્રયત્ન કરીએ છીએ અને પ્રકાશ, શાંતિ, સત્ય અને પ્રેમના નવસર્જનના અવતરણમાં જે કાંઈ વિરોધ કરે છે તેની સામે યુદ્ધ આપીએ છીએ.

૧૬ ફેબ્રુઆરી ૧૯૬૫

*

આશ્રમ ઉપર થયેલા હુમલા વખતે (૧૯૬૫માં) મેં આત્મશ્રદ્ધા અને શાંતિ રાખવા પ્રયત્ન કર્યો અને તમારી મદદ માટે પુકાર કર્યો. હું પૂછું છું કે મારા ડરપોકપણાને સંતાડવા માટેનો આ બુરખો નહોતો?

આવા અનુભવને માટે કદી શંકા કરશો નહિ. દરેકે બરાબર આ સ્થિતિમાં જ રહેવું જોઈએ; જે પરિસ્થિતિ હું આશ્રમમાં લાવતી હતી તેમાં જો બધાએ ભાગ લીધો હોત તો કાંઈ પણ બન્યું ન હોત અને બધા જ હિંસક હુમલાઓ નિષ્ફળ ગયા હોત.

૧૯૬૫

*

પક્ષ અને રાજકારણથી પર રહીને દિવ્ય જીવન પ્રત્યે જેઓ તેમની અભીપ્સામાં સચ્ચાઈવાળા હોય છે તે બધાની સાથે માતાજી છે.

૨૬ માર્ચ ૧૯૭૨

*

## સગવડ અને સુખ

દરેક પોતાના સુખની શક્તિ પોતાની અંદર ધારણ કરે છે પરંતુ મને ખાતરી છે કે જેઓ અહીં સુખી થઈ શકે નહિ તેઓ ક્યાંય પણ સુખી બની શકે નહિ.

૧૪ એપ્રિલ ૧૯૩૯

*

લોકો જ્યારે અહીં હોય ત્યારે તેમણે સુખી થવું જોઈએ, નહિ તો પછી અપવાદરૂપ મળેલી તકનો પૂરેપૂરો લાભ તેમને મળી શકે નહિ.

*

જેઓ સંવાદ અને સમજૂતી માટે ઇચ્છા રાખે છે અને પોતાની ભૂલો સુધારવા અને પ્રગતિ કરવા ઇચ્છે છે તેમનો સ્વીકાર કરવામાં અને મદદ કરવામાં મને કાયમ આનંદ આવે છે. પરંતુ જેઓમાં સત્યને જોવાની લાયકાત નથી અને બીજાઓ ઉપર દોષ ઢોળી દે છે અને તે પ્રમાણે કરી શકતા નથી તેમને હું કોઈ પણ પ્રકારની મદદરૂપ થઈ શકતી નથી.

પરંતુ એ કહેવાની જરૂર નથી કે જેઓ અહીં છે અને અહીં રહેવા માટે મુશ્કેલીઓનો સામનો કરવા માટે તૈયાર છે તેઓને અહીં કાયમ આવકાર મળે છે.

એક અજ્ઞાનભર્યા અને ઉદ્દંડ નૈતિકતાના દષ્ટિબિંદુથી નિર્ણય લઈને તમે, તમને જે વિશ્વાસપૂર્વકનો આવકાર આપવામાં આવેલો તેને બદલે, એક ઉદ્ધત અને બિનસમજુ પ્રત્યુત્તર આપ્યો છે, જે તમારા પ્રત્યેની સાહજિક સહાનુભૂતિમાંથી તમને દૂર કરી શકે. આવી સહાનુભૂતિ અહીં જે કોઈ આધ્યાત્મિક જીવનની શોધમાં આવે છે તેમને આપવામાં આવે છે. પરંતુ અહીંના નિવાસ દરમ્યાન ઓછામાં ઓછી એક માનસિક નમ્રતા અને આત્માના ઔદાર્યની અનિવાર્યતા જરૂરી છે.

જે લોકો અહીં દુઃખની લાગણી અનુભવે છે અને જેઓને એમ લાગે છે કે તેમને જરૂર હોય એટલી સુખસગવડ મળતી નથી તેમણે અહીં રહેવાની જરૂર નથી; અમે જે કરીએ છીએ તેનાથી વધારે કરવા માટેની સ્થિતિમાં નથી અને છેવટે તો અમારું ધ્યેય લોકોને સુખસગવડનું જીવન આપવાનું નથી પરંતુ તેમને દિવ્ય જીવન માટે તૈયાર કરવાનું છે, જે બિલકુલ ભિન્ન વસ્તુ છે.

*

લોકોને અહીં આવીને રહેવાનું કારણ ખરેખર સુખસગવડ અને મોજ-શોખ મેળવવાનું નથી – જો માણસ પૂરતો ભાગ્યશાળી હોય તો તે વસ્તુઓ ગમે ત્યાં મળી શકે છે. પરંતુ વ્યક્તિ જે અહીં પ્રાપ્ત કરી શકે છે તે બીજી કોઈ પણ જગાએ 'પ્રાપ્ત થઈ શકે નહિ;' તે છે પ્રભુનો પ્રેમ, પ્રભુકૃપા અને પ્રભુની સંભાળ. જ્યારે 'આ વસ્તુ' ભુલાઈ જાય છે અથવા તેની ઉપેક્ષા થાય છે ત્યારે લોકોને દુઃખની લાગણી થાય છે. જ્યારે કોઈ દુઃખની અને અસંતોષની લાગણી અનુભવે ત્યારે તેણે એક ચોક્કસ નિશાની તરીકે ગણવું જોઈએ કે પ્રભુ તેને જે કાયમ આપે છે તેના તરફ પીઠ ફેરવે છે અને તે દુન્યવી સંતોષની પાછળ આડમાર્ગે ભમે છે.

૧૩ જાન્યુઆરી ૧૯૪૭

*

અજ્ઞાની માણસો ગમે તે વસ્તુ માને, તેમ છતાં બાહ્ય સંજોગોને માટે આંતરિક આંદોલનો જ જવાબદાર હોય છે.

અહીં આશ્રમમાં રહેનારા લગભગ ઘણાખરા માણસો બહુ સહેલાઈથી ભૂલી જાય છે કે તેઓ અહીં શાંત આનંદદાયક જીવન જીવવાને માટે નથી, પરંતુ સાધના કરવા માટે જીવન જીવે છે અને સાધના કરવા માટે પોતાની આંતરિક ગતિઓ ઉપર અમુક પ્રકારનો કાબૂ મૂકવો એ અનિવાર્ય છે

૧ ઑક્ટોબર ૧૯૫૯

*

જે લોકો સાધના માટે આવ્યા છે અને ખરેખર સાધના કરે છે, તેઓ જ અહીં સુખી અને સંતોષી રહી શકશે. બીજાઓને અહીં સતત મુશ્કેલી હોય છે કારણ કે તેમની ઇચ્છાઓ સંતોષાતી નથી.

૨ ઑક્ટોબર ૧૯૫૯

*

જો તમારે સુખી થવું હોય તો તમારે આત્મપૂર્ણતાનો યોગ કરવાની સંકલ્પશક્તિથી જ આવવું જોઈએ; કારણ કે જો તમે તે માટે આવશો નહિ, તો તમને એવી વસ્તુઓ દ્વારા દરેક ક્ષણે ધક્કો લાગશે જે વસ્તુઓ તમારી ટેવો અને સામાન્ય જીવનના સિદ્ધાંતોથી ઊલટી હોય છે અને તમારે માટે અહીં રહેવું શક્ય બનશે નહિ કારણ કે અહીં કાર્ય અને વ્યવસ્થા માટે આ વસ્તુઓ જરૂરી છે અને તેમાં ફેરફાર થઈ શકશે નહિ.

૩૦ સપ્ટેમ્બર ૧૯૬૦

*

આપણે અહીં આપણા જીવનને સહેલું અને સુખસગવડભર્યું બનાવવા માટે નથી. આપણે અહીં પ્રભુને શોધવા માટે, પ્રભુ બનવા માટે, પ્રભુનો આવિર્ભાવ કરવા માટે છીએ.

આપણી સાથે જે બની રહ્યું છે તે પ્રભુનો વ્યાપાર છે અને આપણે તેના વિશે વિચાર કરવાનો નથી.

આપણે જે કરીએ છીએ તેના કરતાં પ્રભુ વધારે સારી રીતે જાણે છે કે જગતની અને આપણી પોતાની પ્રગતિ માટે શું સારું છે.

૧૯ ઑગસ્ટ ૧૯૬૭

*

અહીં સમજદારી અનિવાર્ય છે અને પૂર્ણયોગ, સમતુલા, સ્થિરતા અને શાંતિના પાયા ઉપર રચાયેલો છે અને નહિ કે સહન કરવાની બિનતંદુરસ્ત જરૂરિયાત ઉપર.

૧૨ મે ૧૯૬૯

*

શ્રી અરવિંદે કહ્યું હતું કે શારીરિકને યોગમાં સમાવી લેવાનું હતું અને તેનો ઇન્કાર અથવા ઉપેક્ષા કરવાની નહોતી અને અહીં રહેલા બધા જ વિચારવા લાગ્યા કે તેઓ શારીરિકમાં યોગ કરતા હતા અને તેઓ શારીરિક "જરૂરિયાતો" અને કામનાના શિકાર બની ગયા.

સ્પષ્ટ રીતે કહું તો તે ભૂલ, જે કહેવાતા સંન્યાસીઓ, જેઓ ધિક્કારથી ભરેલા હોય છે, અશુભ ભાવનાવાળા હોય છે અને બીજાઓ માટે તિરસ્કારની લાગણી રાખે છે તેના કરતાં વધારે સારી લાગે છે.

તે વિષય ઉપર જે બધું કહી શકાય તેના માટે મારી પાસે સમય નથી.

## આશ્રમમાં આગમન

તમે કહો છો કે તમને એવું લાગે છે કે તમે તમારા ભૂતકાળના જીવનમાં પાછા ફર્યા છો અને તમે આધ્યાત્મિક ચેતનાની સ્થિતિ, જેમાં તમે થોડો સમય રહેલા તેમાંથી નીચે ઊતરી ગયા છો અને તમે પૂછો છો કે તમે તમારું વચન પૂર્ણ કરી શક્યા નથી તેથી શ્રી અરવિંદે અને મેં અમારાં રક્ષણ અને મદદ પાછાં ખેંચી લીધાં એમ કેમ ?

એમ માનવું કે અમારા તરફથી કાંઈ પણ પાછું ખેંચી લેવામાં આવ્યું છે તે ભૂલ છે, અમારી મદદ અને રક્ષણ તમારી સાથે કાયમ હોય છે જ, પરંતુ એમ કહેવું વધારે સાચું છે કે અમારી મદદનો અનુભવ કરવાની તમારી અશક્તિ અને તમારા વચનનું પાલન કરવાની તમારી અશક્તિ બન્ને એક જ કારણની એકીસાથેની અસર છે.

જ્યારે તમે કલકત્તા ગયા ત્યારે મેં તમને જે લખેલું તે યાદ કરો : તમારી અને પ્રભુની વચ્ચે કોઈ પણ અસરને આવવા દો નહિ. આ ચેતવણી ઉપર તમે પૂરતું ધ્યાન આપ્યું નહિ; તમે કોઈ અસરને તમારી અને તમારા આધ્યાત્મિક જીવન વચ્ચે હસ્તક્ષેપ કરવા મંજૂરી આપી છે. તમારી ભક્તિ અને તમારી શ્રદ્ધા આ વસ્તુને લઈને ગંભીર રીતે ડગી ગઈ છે. તેનું પરિણામ એ આવ્યું કે તમે ડગી ગયા અને દિવ્ય હેતુ પ્રત્યે તમારા સમર્પણમાં તમને પહેલાંનો આનંદ ન મળ્યો અને વળી સ્વાભાવિક રીતે જ તમે તમારી સામાન્ય ચેતનામાં અને ભૂતકાળના જીવનમાં પાછા સરી પડયા.

તેમ છતાં તમારી જાતને નિરાશ ન થવા દેવામાં તમે સાચા છો. ગમે તેવું પતન હોય છતાં તેમાંથી ઊંચે ઊઠી શકવું કાયમ શક્ય છે એટલું જ નહિ, પરંતુ ધ્યેયને પહોંચવા માટે તમે વધારે ઊંચે ઊઠી શકો, ફક્ત એક તીવ્ર અભીપ્સા અને સતત સંકલ્પ જરૂરી છે.

પ્રભુના સાક્ષાત્કાર પ્રત્યે તમારા આરોહણમાં કોઈ પણ વસ્તુની ડખલગિરિ ન થવા દેવા માટે તમારે એક દૃઢ નિશ્ચય કરવો જોઈએ અને પછી સફળતા ચોક્કસ છે.

ક્યારેય નિષ્ફળ ન જાય તેવી અમારી મદદ અને રક્ષણ માટે ખાતરી રાખજો.

૩ ફેબ્રુઆરી ૧૯૩૧

*

માતાજી, મારી શારીરિક માતા અહીં આવવા ઇચ્છે છે. જો તે મારા ખાતર આવતાં હોય તો તે મારે માટે અથવા તેમને માટે સારું થશે નહિ. જો તેમને પ્રભુ માટેની ઉત્કંઠા હોય, તો વાત જુદી છે.

માતાજી, તેમની આતુરતા સાચી છે? તમે એ બાબતમાં શું ધારો છો ?

હું ખરેખર માનું છું કે જો તમે અહીં ન હોત તો તેમણે અહીં આવવાનું સ્વપ્ન પણ સેવ્યું ન હોત. ખાસ કરીને તમને જોવા માટે જ તેમની ઇચ્છા છે અને તમે કહો છો તે પ્રમાણે તમારા માટે અથવા તેમના માટે પણ તે સારું નથી. તેથી તેઓ અહીં ન આવે તે વધારે સારું થશે. મારા આશીર્વાદ તમારી સાથે કાયમ છે.

*

તે યોગ માટે પ્રયત્ન કરી શકે છે. પરંતુ તેનો હેતુ શુદ્ધ હોવો જોઈએ, કારણ કે જો તે તમને મળવા માટે યોગ કરવાનો નિશ્ચય કરે તો તેમાંથી કાંઈ સારું પરિણામ આવી શકે નહિ.

૨૫ જૂન ૧૯૩૨

*

હું મૂંઝાઈ ગયો છું. મારું હૃદય તમારી પ્રત્યે ખેંચાય છે અને મારે પાછા આવવું છે, પરંતુ કેટલીક વસ્તુઓ મને અહીં રોકી રાખે છે અને મને લાગે છે કે હાલ હું ત્યાં પાછો આવું તો પણ તે વસ્તુઓ મને ખેંચતી રહેશે. મારે શું કરવું જોઈએ ? પરંતુ હું વિનંતી કરું છું કે તમે એટલું જાણજો કે હું અત્યારે આવું અથવા ન આવું, પરંતુ હું તમારી સાથેનો સંબંધ તોડી શકું નહિ – હું તમને પ્રાર્થના કરું છું કે તમે મને છોડી દેશો નહિ.

મારા વહાલા બાળક, આજના દિવસના આશીર્વાદ. – તારો ૨૧મીનો પત્ર હમણાં જ મળ્યો. તે મારી પાસે ત્રણ દિવસ પહેલાં સીધો જ આવ્યો (લખેલા શબ્દો વગર). કદાચ ત્યારે તું લખતો હોઈશ ત્યારે જ; અને મારો શાંત જવાબ સ્પષ્ટ હતો. તું ત્યાં જ રહેજે, જ્યાં સુધી અહીં રહેવાની જરૂરિયાત તારે માટે એટલી બધી અસંદિગ્ધ બને કે બીજી બધી જ વસ્તુઓની કિંમત તારે માટે નકામી બની જાય. અત્યારનો મારો ઉત્તર પણ બરાબર તે

જ છે. મારે ફક્ત તને એટલી ખાતરી આપવાની છે કે અમે તારો ત્યાગ કરતા નથી અને તને અમારી મદદ અને રક્ષણ કાયમ જ રહેશે.

૨૪ એપ્રિલ ૧૯૩૯

*

હું 'ક્ષ' પર મારી કૃપા વરસાવવા માટે બિલકુલ તૈયાર છું પરંતુ હું તે અહીં આવે તેના માટે સલાહ આપવી યોગ્ય માનતી નથી. હું માનતી નથી કે અર્ધી મિનિટનાં દર્શન તેની ટેવોમાં સુધારો કરી શકે. અમને તેના વિશે કડવો અનુભવ થયેલો છે કે તે ચૈતસિક ઉદ્ઘાટનનો પણ વિરોધ કરે છે. પ્રથમ તો તેના પોતાનામાં ફેરફાર કરવા માટે સચ્ચાઈભરેલો સંકલ્પ હોવો જોઈએ.

અમારો પ્રેમ અને આશીર્વાદ.

૧૬ જાન્યુઆરી ૧૯૪૦

*

હમણાં જ તમારો પત્ર મળ્યો, અને વાંચ્યો. આ રહ્યો મારો ઉત્તર. તમારો સ્વભાવ એવો છે કે તમે જ્યાં નથી હોતા ત્યાં જવાની કાયમ તમારી ઇચ્છા હોય છે. આશ્રમના જીવન માટેનું આકર્ષણ એ હકીકતમાંથી આવે છે કે તમે તેનાથી દૂર છો. જેવા તમે અહીં પાછા આવશો કે તરત જ તમને ચંચળતાની લાગણી થશે અને નાસી જવાની તીવ્ર ઇચ્છા થશે. રામકૃષ્ણે કહ્યું છે તે પ્રમાણે ગુરુથી દૂર રહીને સતત તેમનું ચિંતન કરવું એ તેમની પાસે રહીને દુન્યવી આનંદપ્રમોદો વિશે ચિંતન કરવા કરતાં વધારે સારું છે.

જ્યારે તમે આ પરિસ્થિતિથી પર થશો અને તમારી અંદર રહેલા ચૈત્ય પુરુષને અને પ્રભુ માટેની સતત ઉત્કંઠાને પ્રાપ્ત કરશો ત્યારે અહીં આવીને કાયમ માટે સ્થિર રહેવા માટેનો સમય આવશે.

૧૦ જૂન ૧૯૪૯

*

અમે એવું વિચારતા નથી કે આશ્રમમાં કાયમી રહેઠાણ માટે તમારો સમય પાકી ગયો હોય. તમારા માટે સૌથી સારી વસ્તુ છે કે તમારે અવારનવાર દર્શન માટે આવવું અને તમારી જાતને તૈયાર કરવી. જ્યારે તૈયારી પૂરતી થાય ત્યાર પછી તમે કાયમી નિવાસ માટે અહીં આવી શકો છો.

અમારી મદદ માટે ખાતરી રાખજો અને અમારો પ્રેમ અને આશીર્વાદ તમારી સાથે રહેશે.

૨૪ ફેબ્રુઆરી ૧૯૪૧

*

શ્રી અરવિંદ મને તમને કહેવાનું કહે છે કે તમારે આશ્રમમાં તાત્કાલિક આવવું નહિ, એ વધારે સારું છે. યોગ મુશ્કેલ છે અને તેમાં તૈયારી વગર ભૂસકો મારવો તેને વધારે મુશ્કેલ બનાવશે. તમારે "દિવ્ય જીવન"-ને પ્રથમ વાંચવું જોઈએ અને સમજવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે તમારો નિશ્ચય અડગ પાયા પર રચાયેલો છે અને તમારાં મન અને પ્રાણ એક નવીન આંતરજીવનમાં પ્રવેશ કરવા માટે તૈયાર છે કે કેમ.

અમારી મદદ અને આશીર્વાદ તમારી સાથે રહેશે.

૨૪ ફેબ્રુઆરી ૧૯૪૧

*

એ સાચું છે કે મેં 'ક્ષ'ને માફ કરેલ છે, કારણ કે દિવ્ય કૃપા દરેક વસ્તુને માફ કરે છે, પરંતુ એ પણ સાચું છે કે 'ક્ષ'ની પત્ની અને બાળકનો અહીં આવવાનો પ્રશ્ન જ રહેતો નથી. તેમાં ઘણાંખરાં કારણોમાંનું એક પૂરતું છે — એ એક ખરાબ દૃષ્ટાંત છે જેનાથી વધારે ચેપી કોઈ પણ વસ્તુ નથી અને આવા દુઃખદ બનાવોના પુનરાવર્તનને હું મંજૂરી આપી શકું નહિ.

૬ જૂન ૧૯૫૪

*

તમે એક ભૂલ કરેલી છે અને બધી મુશ્કેલીઓનું કારણ તે વસ્તુ છે. જતાં પહેલાં તમારે મને "ખુલ્લા દિલે" વાત કરતી જોઈતી હતી અને મને કહેવું જોઈતું હતું કે આ યુવાન સુંદર છોકરીને અહીં લાવવા માટે તમારે તેની સાથે લગ્ન કરવાની ફરજ પડી હતી. હું તમને આવી દુઃખદ જરૂરિયાતને ત્યજી દેવાનો પ્રયત્ન કરવા માટે સલાહ આપી શકી હોત. પરંતુ કોઈ પણ રીતે તમારા લગ્નના સમાચાર અહીં આઘાત તરીકે આવ્યા ન હોત અને તેનાથી બદનામી થઈ ન હોત.

હવે ઉત્તમ વસ્તુ એ છે કે જ્યાં સુધી 'ક્ષ' તેની માંદગીમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી રાહ જોવી અને તેને તમારી સાથે લાવવો; આશ્રમવાસીઓ માટે તમારી સચ્ચાઈ માટેની કાંઈક સાબિતી મળશે.

અમે 'ય' માટે નાના બાળક સાથેના રહેઠાણની તૈયારી કરી છે અને તમે જુદા રહેશો.

આ અનુભવ ઉપરથી તમારે શીખવું પડશે કે હિંમતપૂર્વકની અને સરળ નિખાલસતા મુશ્કેલીઓનો સામનો કરવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

૫ ફેબ્રુઆરી ૧૯૫૫

*

પ્રભુમાં તમારો વિશ્વાસ ક્યાં છે? પ્રભુમાં શ્રદ્ધા રાખીને તમારે આનંદ માણવો જોઈએ કે 'ક્ષ'ને આંતરિક સાદ થયો છે અને તેણે દિવ્ય જીવન જીવવાનો નિશ્ચય કર્યો છે; પ્રભુની કૃપાની આ નિશાનીથી તમારે ખુશી થવું જોઈએ અને તેના માટે કૃતજ્ઞતાની લાગણી અનુભવવી જોઈએ.

સામાજિક મુશ્કેલીઓનો સમતાપૂર્વક અને આનંદથી અને શાંતિથી સામનો કરવો ત્યાર પછી જ તમે જાણી શકશો કે મારો પ્રેમ અને આશીર્વાદ તમારી સાથે છે.

૨૦ ફેબ્રુઆરી ૧૯૫૫

*

મારાં વહાલાં બાળકો,

મને તમારો પત્ર મળ્યો છે અને તમારા નિર્ણયની પ્રશંસા કરું છું પરંતુ જ્યારે તમે અહીં આશ્રમમાં રહેતાં હતાં ત્યારે તમે જે મુશ્કેલીઓ અહીં અનુભવતાં હતાં તેના દૃષ્ટિબિંદુથી હું તમને વધારે સારી સલાહ આપું છું કે તમે થોડો વધારે સમય રાહ જુઓ અને તમે આશ્રમમાં જોડાવા માટે નિશ્ચય કર્યો છે તેના ઉપર તમે આધાર રાખી શકો છો કે કેમ? અત્યારે તમારે માટે સારી વસ્તુ એ છે કે તમે જો અહીં ન રહી શકો તો તમારે ભારત છોડી દેવું. જો થોડા સમય પછી તમને એમ લાગે કે તમે તે જ નિશ્ચયને હજુ પણ ટકાવી રાખો તો ફરીથી મને લખશો અને અહીં મુસાફરીના પરવાનાથી અહીં આવવાની વ્યવસ્થા ન કરશો પરંતુ વિદ્યાર્થી અથવા શિક્ષકના પરવાનાથી આવશો.

જો તેમાં સત્ય હશે તો ગમે તેવા વિરોધી સંજોગો હોય છતાં તે નાશ પામશે નહિ.

પ્રભુકૃપાના આશીર્વાદ તમારી સાથે કાયમ રહો.

૩ જૂન ૧૯૫૭

*

હું દિલગીર છું કે આ ક્ષણે અમે આશ્રમવાસીઓની સંખ્યા વધારવાની સ્થિતિમાં નથી. અહીં જેઓ છે તેમને માટે પણ વ્યવસ્થા કરવી અત્યારે જ મુશ્કેલ છે — તેમાં અપવાદ રૂપે બહુ ઓછા એવા માણસોના દાખલાઓ છે જેઓ સાધના માટેના સાચા સાદથી અહીં આવે છે.

૧ ઑગસ્ટ ૧૯૫૯

*

(એવી કોઈ વ્યક્તિને જેને આશ્રમમાં પોતાના કુટુંબને લાવવું હતું.)

આ ઘણું સારું છે. મને આખા જગતને 'આશ્રય' આપવો ગમશે અથવા જેઓ વધારે સારા જીવન માટેની અભીપ્સા રાખે છે તેઓને તો ખાસ. પરંતુ અમારી પાસે જગ્યા અને સાધનોની અછત છે.

શહેરનો વિકાસ થાય અને સાધનોની વૃદ્ધિ થાય પછી અમારી મહેમાનગતિ વધારે વિશાળ બનશે.

*

માતાજી,

મારાં બાળકો જેમનાં ચિત્રો તમે હાલ જોયાં તેઓ યોગ્ય સમયે અહીં આવી શકશે? અને તેમના માટે તમારું રક્ષણ મળશે?

ચોક્કસ. મારા આશીર્વાદ ત્રણેની સાથે છે. અહીં આવવા વિશે તો બે મોટાં બાળકોને અહીં આવવાની ઈચ્છા થશે એ ચોક્કસ નથી. તેમનો 'પોતાનો સંકલ્પ' જરૂરી છે. ત્રીજી વધારે પડતી નાની હોવાથી ચોકસાઈપૂર્વક કાંઈ કહી શકે નહિ પરંતુ તે આશાસ્પદ બાળકી છે.

૨૪ માર્ચ ૧૯૬૬

*

તું પૂછે છે કે તું વધારે સમય માટે દૂર રહે તો મારી સાથે પહેલાના જેવો જ સંબંધ જાળવી શકે કે કેમ? વારુ, તે સમયની મર્યાદા ઉપર આધાર રાખે છે.

કારણ કે ધીરે ધીરે તારું જે સત્ય સ્વરૂપ છે (અથવા હતું) તે તું ભૂલી જાય અને તું "વિચારશીલ, કુશળ અને સમજદાર" પ્રાણી તરીકે ટેવાઈ જાય અને પછી તું બીજી રીતનો હોઈ શકે એવું સ્વપ્ન પણ સેવી શકે નહિ.

કોઈ પણ સંજોગોમાં તારે તારી જાતે જ નિર્ણય લેવાનો છે, અને તારાં માતાપિતા અથવા હું, કોઈ પણ તારા માટે નિર્ણય લઈ શકીએ નહિ. તારા ભાગ્યનિર્માણમાં ડખલ કરવાનો મને જેટલો અધિકાર છે તેનાથી વધારે તેમને અધિકાર નથી. હું ફક્ત એક જ વસ્તુ કહી શકું. જો કોઈ પણ વખતે અને જ્યારે પણ તું વિચારશીલ, કુશળ અને બુદ્ધિશાળી પ્રાણી

બનવામાંથી કંટાળી જાય ત્યારે તું ત્યાંથી ઝડપથી અને કોઈ પણ ખચકાટ વગર દોડી જજે અને અહીં પાછો આવી જજે. હું તને તારો સાચો આત્મા આપીશ.

*

એ ચોક્કસ અનિવાર્ય છે કે તું અહીં રહેવાને માટે યોગ્ય બને તે પહેલાં તારી પ્રકૃતિમાં કોઈક વસ્તુનું સંપૂર્ણ પરિવર્તન આવવું જોઈએ. તું આધ્યાત્મિક જીવન જીવવા માટે ઘણો અહં-કેન્દ્રી છો અને તેને લઈને જ આ કમનસીબી અને વેદના આવેલ છે. અને આખી ઘટનાનું તે સ્વાભાવિક કારણ છે. ખરેખર આશ્રમજીવનને તારી જાત માટે સ્વાર્થી રીતે જીવવાનું એક બહાનું છે તેને બદલે તું સામાન્ય જીવનનો સામનો કરી લેવા અત્યારે જ જાય અને બીજાઓની સાથે અને બીજાઓને માટે જીવન જીવે તે સારું છે.

*

દરેકને પોતે પસંદ કરેલા માર્ગનું અનુસરણ કરવાનો હક છે. પરંતુ તે સાચી જગાએ હોવું જોઈએ અને એ સ્પષ્ટ છે કે આ આશ્રમ, તેં પસંદ કરેલા માર્ગને અનુસરવા માટેનું સ્થળ નથી.

## આશ્રમમાંથી વિદાય

હું તને જવાની સલાહ આપતી નથી. 'ક્ષ' માટે, તું જે સંજોગોનું વર્ણન કરે છે તે ઉપરથી વધારે સારું એ છે કે તે અહીંથી જાય તેના બદલે તેને મદદ કરવા માટે કોઈ અહીં આવે. તમે તેની વ્યવસ્થા કરી શકો ?

આશીર્વાદ.

૨૫ ફેબ્રુઆરી ૧૯૩૯

*

'ક્ષ'ને બહાર જવાની હું બહુ સંમતિ આપતી નથી, પરંતુ તમારે માટે તો હું તેને પૂરેપૂરો નિષેધ કરું છું. મારી સમજમાં ઊતરતું નથી કે તે તેના ગામ પાછા જવાનું પસંદ કરે છે તેથી કરીને શા માટે તમારું કાર્ય તમારે છોડી દઈને તમારી સાધનામાં ખલેલ કરી જોખમ પહોંચાડવું.

આ નિર્ણય તમારે માટે અથવા તમારી આધ્યાત્મિક અભીપ્સા માટે

મને સારો અથવા ઠીક પણ લાગતો નથી અને તેથી હું આશા રાખું છું કે તમે આ રીતે જોશો અને તમારા નિર્ણયની ફેરવિચારણા કરશો.

૩ મે ૧૯૩૯

*

ચોક્કસ મારે તમને દુઃખી કરવા નથી અને તમારા અંતરાત્માનું ખેંચાણ તમારે માટે એટલું બધું તીવ્ર હોય કે તમે તે સહન કરી શકો નહિ તો તમને જતાં હું અટકાવી શકું નહિ.

૪ મે ૧૯૩૯

*

જો તમને ખાતરી હોય કે તમારા જન્મસ્થાનમાં રહેવાથી તમારા શરીરને રાહત થશે તો હું મારી મંજૂરીનો ઇન્કાર કરી શકું નહિ. તમે સૂચન કર્યું તે મુજબ તમે પહેલી જૂને જઈ શકો છો.

૩૦ મે ૧૯૩૯

*

'ક્ષ'ના જવા માટેનાં કારણો બહુ મજબૂત નથી. પરંતુ જો તેની જવાની ઈચ્છા ખૂબ આગ્રહભરી હોય તો તે જઈ શકે છે – તારે જવું ન જોઈએ એવું તને લાગે છે તે સાચું છે.

મારા આશીર્વાદ.

૫ મે ૧૯૪૧

*

માતાજી,

એમ લાગે છે કે ડૉ. 'ક્ષ'એ આશ્રમના કલાકારોને જીંજીના કિલ્લામાં લઈ જવાની ઇચ્છા વ્યક્ત કરી છે, હું પોતે જવા માટે બહુ આતુર નથી. હું ફક્ત ત્યારે જ તૈયાર થાઉં જો તમે પોતે એમ માનતા હો કે મારે જવું યોગ્ય છે અને તમે ઇચ્છો કે હું જાઉં. મારે માટે તે ઇચ્છા નથી. તમને જે પસંદ પડે તેની જ હું કાયમ ઇચ્છા રાખું છું અને તેથી હું તમારી સલાહ માગું છું અને ઇચ્છું છું કે તમે મહેરબાની કરી તમારો અભિપ્રાય સંકોચ અથવા ખચકાટ સિવાય દર્શાવશો. એક ઇચ્છાને સંતોષ આપવો તેના કરતાં તમારી ઇચ્છા પૂર્ણ કરવી અને તમારા શબ્દોને અનુસરવું એ મારે માટે વધારે આનંદની વાત છે.

પ્રણામ સાથે.

તમે ન જાઓ એ વધારે સારું છે; આવા પ્રકારની સફર આધ્યાત્મિક જીવન માટે બહુ તંદુરસ્ત નથી.

મારા પ્રેમ અને આશીર્વાદ સાથે.

૨૪ ડિસેમ્બર ૧૯૪૦

*

તું જઈ શકે છે અને તારા પિતાને મળી શકે છે – પરંતુ હું ઇચ્છું છું કે તારી શાળા બંધ થાય પછીથી જ તું જાય, એટલે કે બીજી ડિસેમ્બર પછી, અને પહેલી જાન્યુઆરીએ શાળા ખૂલે છે તે પહેલાં આવી જા – જેથી કરીને તારા પાઠ પડે નહિ.

મારા પ્રેમ અને આશીર્વાદ સાથે.

*

મારે માટે સમજવું મુશ્કેલ છે કે 'ક્ષ' જે ઘણાં વર્ષો સુધી યોગમાં મગ્ન હતા, જેમની પ્રકૃતિ તમારા મત પ્રમાણે 'સંત'ની હતી તે તમારાથી કઈ રીતે દૂર થઈ ગયા અને યૌગિક જીવનમાંથી તેમનું પતન કઈ રીતે થયું.

તમારા માનસશાસ્ત્રમાં રહેલી ભૂલ એ છે કે તમે તેને વધારે પડતું સરળ બનાવો છો. તમે ફક્ત એક જ અતિશય આગ્રહવાળા દૃષ્ટિબિંદુથી જુઓ છો અને બીજી બધી વસ્તુઓની ઉપેક્ષા કરો છો. વ્યક્તિમાં કેટલાક ગુણો હોય છે પરંતુ તે પૂર્ણ ન હોય અને તેના અવચેતનમાં તેનાથી વિરોધી વસ્તુઓ રહેલી હોય. આ વિરોધને નાબૂદ કરવાની જો વ્યકિત દરકાર ન રાખે તો સંજોગોના દબાણ નીચે ગમે તે ક્ષણે અવચેતનમાં પડેલી વસ્તુઓ બળપૂર્વક ઉપર ઊઠી આવે અને એક પતન લાવે છે જેને યોગભ્રષ્ટતા કહેવાય છે.

૩૦ નવેમ્બર ૧૯૪૩

*

જો કોઈ માણસ જેને 'પ્રકૃતિમાં તમે સંત' તરીકે જાહેર કરેલો હોય તે વર્ષોના યૌગિક જીવનમાંથી પાછો ફર્યો હોય તો હું દુઃખ અને નિરાશાની લાગણી અનુભવ્યા વગર રહી શકું નહિ.

હું તને બતાવી શકું કે એવી કોઈ વસ્તુ બની નથી જે સુધરી ન શકે. એટલું ચોક્કસ કે વ્યક્તિ માર્ગમાંથી જેટલી દૂર ખસી જાય તેટલા

પ્રમાણમાં તેને પાછા ફરવાનો ફેરફાર માગી લે છે, પરંતુ પાછું ફરવું એ કાયમ શક્ય છે.

૨૨ ડિસેમ્બર ૧૯૪૩

*

માતાજી ચોક્કસ જાણે છે કે અમુક વ્યક્તિ એવા પ્રકારની છે જે બંડ ઉઠાવે અથવા નિરસ જીવન જીવે અને કોઈ પણ સંજોગોમાં આશ્રમમાંથી ચાલી જાય. આવું જાણવા છતાં તેઓ શા માટે આવી વ્યક્તિને આશ્રમમાં રહેવા દે છે? શા માટે તેને કહેતાં નથી કે તેનો નિવાસ બિનઉપયોગી છે અથવા તો તેને ગમે ત્યારે ચાલ્યા જવાની છૂટ છે?

કારણ કે, દરેકને પૂર્ણ તક આપવામાં આવે છે અને કાયમ વ્યક્તિમાં કોઈક વખત અણધાર્યું ઉદ્ઘાટન અને રૂપાંતર થઈ શકે છે.

૨૪ જૂન ૧૯૫૮

*

મને તમારો પત્ર મળ્યો છે અને મેં વાંચ્યો છે. કેટલાક મુદ્દાઓની સ્પષ્ટતા કરવી એ વધારે સારું રહેશે. પહેલું તો લોકો પાસેથી ખાસ કરીને નોકરો પાસેથી કૃતજ્ઞતાની અપેક્ષા રાખવી એ કાયમ બિનડહાપણભર્યું છે. બીજું, જો વ્યક્તિ ફક્ત આનંદ લેવા માટે જ મશ્કરી કરે તો તે ખરાબ મશ્કરી કહેવાય. છેવટે, લોકોના અભિપ્રાયને બહુ અગત્ય આપવી એ જરૂરી નથી કારણ કે તે ફક્ત પસાર થતી છાપોનાં પસાર થતાં પરિણામો હોય છે; બીજા સંજોગો અને નવી છાપો તેમને સહેલાઈથી ફેરવી શકે છે.

પરંતુ પરિસ્થિતિને સરળ બનાવવા માટે તમારા રહેઠાણને ફેરવવું એ મને વધારે ડહાપણભર્યું લાગે છે અને સમયને, આ મગજના ભારને હળવો કરવા દો.

તેમ છતાં મારે વધારામાં કહેવાનું કે જો તમને અહીં દુઃખ લાગતું હોય અને વાતાવરણ સહન કરવું મુશ્કેલ લાગે તો તમારી કસોટી હોવા છતાં તમને રહેવા માટે હું કહી શકું નહિ.

૭ ઑક્ટોબર ૧૯૫૯

*

તમારે તિરુવરન્નમલાઈ જવા માટે હું કાંઈ મુદ્દો જોતી નથી સિવાય કે તમને મુસાફરી પસંદ હોય.

૫ સપ્ટેમ્બર ૧૯૬૪

*

દિવ્ય માતાજી,

મારે અમેરિકા પાછા જઈને પૈસા એકઠા કરવાની વ્યવસ્થા અને તમારા અને શ્રી અરવિંદ માટે યોગનો ફેલાવો કરવો જોઈએ કે પછી આ ફક્ત મારી સક્રિય પ્રાણમય વાતચીત છે? મારે અહીંના યુદ્ધમાં પીઠ ફેરવવાની ઇચ્છા નથી; જો મારે તે ભાગ ભજવવાનો હોય તો. પરંતુ મને એવી લાગણી હમણાંથી થાય છે કે મારું સ્થાન ત્યાં હોઈ શકે.

એટલે હું ખરેખર એમ પૂછવા માગું છું—મારે શું ભાગ ભજવવાનો છે અને તે ક્યાં?

જો તમે અહીં રહો તો કાર્ય માટે અને 'તમારા પોતાના માટે' ઘણું વધારે સારું છે.

૩૦ મે ૧૯૬૬

*

મારા વહાલા બાળક,

તું મારો પુત્ર છે અને હું તારી શાશ્વતી માટેની માતા છું; ચિંતા કરીશ નહિ, તારા આધ્યાત્મિક વિકાસની સંપૂર્ણ જવાબદારી મારા ઉપર લઉં છું અને તું આશ્રમમાં તારું પોતાનું ઘર લાગે ત્યાં સુધી રહી શકે છે અને પ્રભુના કાર્યમાં તું સચ્ચાઈથી તારી જાતનું નિવેદન કર.

પ્રેમ અને આશીર્વાદ સહિત.

૧૩ ડિસેમ્બર ૧૯૬૬

*

માર્ગ સરળ નથી.

અહીં નિવાસ કરવો, ફક્ત તેવાઓ માટે જ છે જેઓને પોતાની અંદર ઊંડે ઊંડે એમ લાગે કે આખા જગતમાં આ 'એક જ જગા' એવી છે જ્યાં તેમણે રહેવું જ જોઈએ.

આવું કદાચ તમને પણ થાય—(થવું જ જોઈએ)—પરંતુ તે સમય દરમિયાન તમારે જગતમાં પાછા ફરવું તે વધારે સારું છે જેથી તમે જોઈ શકો કે તે તમને શું આપે છે.

તમારા વધારે સારા ભાવિ તરફની અભીપ્સામાં હું તમારી સાથે કાયમ જ રહીશ.

આશીર્વાદ.

૩ જુલાઈ ૧૯૬૮

અહીં અનુભવ માટેનું સૌથી મોટું ક્ષેત્ર છે કારણ કે તે સૌથી ભૌતિક પ્રવૃત્તિઓથી માંડીને સૌથી આધ્યાત્મિક પ્રદેશો સુધી ફેલાયેલું છે અને મધ્યવર્તી બધી જ ભૂમિકાઓને આવરી લે છે.

તેથી જો તમને તમારો 'માનવનો અનુભવ' પ્રાપ્ત કરવા માટે અહીંથી ચાલી જવાની જરૂરિયાત લાગે તો તેનું કારણ એ છે કે તમને જે બધી મૂર્ખાઈવાળી વસ્તુઓ કરવી ગમે છે તે કરવાની તમારે સ્વતંત્રતા જોઈએ છે અને તમારે સીધે સીધી ઋત–ચેતનાના કાબૂ નીચે રહેવું નથી. તે તમને એમ જણાવી દે કે તે બધી મૂર્ખાઈઓ છે.

વ્યક્તિગત પ્રગતિ માટે જે સાચા અનુભવોની જરૂર છે તે વ્યક્તિ જે સંજોગો અથવા પરિસ્થિતિઓમાં જીવન જીવે છે તેની ઉપર આધાર રાખતા નથી. પરંતુ એક આંતરિક વલણ અને પ્રગતિ કરવાના સંકલ્પ ઉપર આધાર રાખે છે.

*

જો તમારે તમારા આત્માની શોધ કરવી હોય, તેને જાણવો હોય અને તેની આજ્ઞામાં રહેવું હોય તો કોઈ પણ ભોગે તમારે અહીં રહેવું જ જોઈએ.

જો તમારા જીવનનું આ ધ્યેય ન હોય અને જો તમે અસંખ્ય, બહુમતિવાળા માણસો જેવું જીવન જીવે છે તે પ્રમાણે જીવવા માટે તૈયાર હો, તો તમે ચોક્કસ તમારા કુટુંબમાં પાછા ફરી શકો છો.

*

'ક્ષ' જાણવા માગે છે કે તેણે આ જીવન અપનાવવું કે પોતાના સામાન્ય જીવનમાં પાછા ફરવું ?

તે અહીં રહેલી છે એ હકીકત સાબિત કરે છે કે તેના સ્વરૂપના કોઈ ભાગમાં એક અભીપ્સા રહેલી છે અને મદદ મળવાથી આ અભીપ્સા તેના સમગ્ર સ્વરૂપમાં વિસ્તાર પામી શકે.

*

તમારા પ્રશ્ન વિશે, "તમે યોગ્ય રીતે ક્યાં ગોઠવાઈ શકો." જગત તમારા જેવા લોકોથી ભરેલું છે; તેથી તમે જગતમાં સારી રીતે ગોઠવાઈ શકશો–જો– કારણ કે તેમાં જો રહેલું છે જ – જો તમે તમારી પોતાની અંદર વિભક્ત ન હો તો. તમારી મુશ્કેલીઓનું કારણ છે, તમે પોતે તમારી જાતની સાથે જ ગોઠવાયેલા નથી અથવા બીજી રીતે તમારું બાહ્ય સ્વરૂપ અને તેનાં કાર્ય

તમારા આત્માની સાથે બિલકુલ બંધ બેસતાં નથી, અને તમારો આત્મા સંતોષકારક રીતે જાગ્રત હોવાથી, તમારી અંદર રહેલો આ સંઘર્ષ તમને મુશ્કેલીમાં મૂકી દે છે. એક વખત વ્યક્તિનો આત્મા જાગ્રત થયા પછી તેનાથી છૂટવું એ સહેલી વસ્તુ નથી. તેથી વધારે સારું એ છે કે તેના હુકમોનું પાલન કરવું.

તમને આ સલાહથી સૌથી સારી મદદ આપી શકું.

*

એવું ખરું કે તમે જેને ધીરી પ્રગતિ ગણો છો તેનાથી તમે થોડા અધીરા બની ગયા છો ?

શું એવું છે કે તમે અશાંત થઈ ગયા છો અને તમારા પ્રયત્નોનું ફલ તાત્કાલિક ચાખવું છે ?

વધારામાં હું જોઈ શકતી નથી કે કઈ રીતે તેમાં થોડાં અઠવાડિયાં માટે પણ ભૂસકો મારી શકે. તે વાતાવરણ ઉપરના પડની જાડાઈ માટે જવાબદાર છે. તેની આરપાર તમારા આત્માએ તેનું ભેદન કરીને પોતાની જાતને બાહ્ય રીતે અનુભવ લેવો હોય તો તમારી સાથે "વળગી રહેલા તોળાતા ભયોનો" નિકાલ લાવવામાં સહેજ પણ મદદ કઈ રીતે થઈ શકે ?

તમારા આત્માની અભીપ્સા અને તેના લક્ષ્ય માટે તમે પૂરેપૂરા સચેતન છો; તમારા આત્માને શેની જરૂર છે અને તમે કેવા બનો તેની તે શી અપેક્ષા રાખે છે તેના માટે પણ તમે સચેતન છો. હાલની આ શારીરિક રચનાનાં કેટલાંક પરિણામો તમારા માર્ગમાં અંતરાયરૂપ છે અને હવે આ બધી મુશ્કેલીઓમાંથી એક સ્થિર અને ખંતપૂર્વકનું કાર્ય જ તમારી મુશ્કેલીઓનું નિવારણ કરી શકે.

એટલે યોગના દૃષ્ટિબિંદુથી કોઈ પણ 'રજા લેવી' એ વિરોધની જીદને 'તાબે થઈ જવા' જેવું બને. આ મારા માટે બહુ સ્પષ્ટ છે.

પરંતુ તમારા મનના કોઈ એક ખૂણમાંથી ડોકિયાં કરતી આસક્તિની સ્મૃતિ તમારામાં નથી અને બહારથી આવતા કોઈ દબાણની જીદને અજાણતાં પણ તમે તાબે થઈને તમે ઉત્તર નથી આપતા તેની તમને ખાતરી છે ? તો પછી તે પ્રસંગમાં આ પ્રશ્નને એક જુદા જ દૃષ્ટિકોણથી વિચારવો પડશે.

*

એ સ્પષ્ટ છે કે તમારું આંતરસ્વરૂપ બહુ શક્તિશાળી નથી અને એક એવું વાતાવરણ જે નિઃસત્ત્વ શંકાઓ, હારેલી નિરાશા, અહંકાર અને

બિનવફાદારીથી ભરેલું છે તેની ભયંકર અસરનો પ્રતિકાર કરવા માટે શક્તિશાળી નથી.

આપણો માર્ગ સહેલો નથી, તે મહાન હિંમત અને અણથક ધીરજ માગી લે છે. વ્યક્તિએ સખત કાર્ય કરવું પડે અને પરિણામ મેળવવા એક શાંત સ્થિરતાપૂર્વકનો પ્રયત્ન કરવો જોઈએ જે કેટલીક વખત બાહ્ય રીતે ભાગ્યે જ દેખી શકાય છે.

ઘણા બધા માનવપ્રાણીઓને કાદવમાં આળોટવાની જરૂર છે જેથી કરીને તેઓ પોતાની જાતને સ્વચ્છ કરવાની જરૂરિયાત અનુભવી શકે.

જો તેના ઉપર વિજય મેળવવાની તમારી જીદ્દી ઇચ્છા હોય તો તમે જે લોકોને ઓળખો છો તેમને તમારે માટે એક જગા શોધવાનું કહો. (જે યુવાન લોકો આશ્રમમાંથી બહાર જાય છે તેમના માટે આ કાર્ય બહુ મુશ્કેલ નથી.) અને ત્યાં જાઓ અને સામાન્ય જીવનનો સામનો કરો અને પછી તમે જે જીવન છોડી દીધું હોય તેની સાચી કિંમત આંકી શકશો.

વ્યક્તિમાં અગ્રદૂત બનવા માટે બહાદુરી હોવી જોઈએ કારણ કે માણસોને ઘણે ભાગે જે વસ્તુ સિદ્ધ થઈ ગઈ હોય, સ્પષ્ટ અને દેખી શકાય તેવી હોય અને જેનો સૌથી શંકાશીલ માણસ પણ સ્વીકાર કરે તેમાં જ શ્રદ્ધા હોય છે.

*

તમને જતા જોઈને મને દુઃખ થશે અને મેં આશા રાખેલી કે એવી જરૂર ઊભી થશે નહિ. પરંતુ જો તમને ખૂબ દુઃખની લાગણી થતી હોય અને તમારી જાત વિશે બહુ ઓછી ખાતરી હોય, તો થોડા સમય માટે ચાલ્યા જવું અને તમારી સમતુલા પાછી મેળવવી એ વધારે સારું છે. તમારે માટે બારણું ખુલ્લું રાખીશ અને જ્યારે તમે પૂરતા મજબૂત બનશો ત્યારે તમે પાછા આવશો.

મારા આશીર્વાદ કાયમ તમારી સાથે છે અને રહેશે.

અને બીજે વખતે જો તમે યોગને માટે અને દિવ્ય જીવનને માટે આવી શકશો તો દરેક વસ્તુ સહેલી બની હશે.

*

તમારા અહીંના નિવાસે જો તમારી દૃષ્ટિ અને સમજશક્તિને વિશાળ કરી હોય અને તમારી ચેતનાને વધારે ઊંડી બનાવી હોય તો હું ખુશ છું.

# આશ્રમ બહારની વ્યક્તિઓ સાથેના સંબંધો

સાધકે શું હોવું જોઈએ તે વિશેની તમારી લાગણીની હું કદર કરી શકું છું અને તે દૃષ્ટિબિંદુથી તમે જે કહો છો તે સાવ સાચું છે. પરંતુ એ બરાબર સમજી શકાય તેમ છે કે આશ્રમ કેવળ સાધકોનો જ બનેલો નથી. આશ્રમ એક જીવનનું નાનું પ્રતીક છે. તેમાં જેઓ યોગની સાધના કરે છે તેઓ લઘુમતિમાં છે અને જેઓ પૂર્ણ સચ્ચાઈથી સાધના કરે છે તેમને જ મારે અહીં રાખવાના હોય તો ખરેખર ઘણા ઓછા સાધકો રહી શકે.

શ્રી અરવિંદ આપણને એક હકીકતની કાયમ યાદ આપે છે કે પ્રભુ દરેક જગાએ અને દરેક વસ્તુમાં રહેલા છે અને આપણને સાચી કરુણાનો પ્રયત્ન કરવાનું કહે છે કારણ કે અત્યારે જે સૂત્ર ઉપર હું વિવેચન કરું છું તેમાં તે ખૂબ સુંદર રીતે વ્યક્ત થયેલું છે, "તમારી જાતને નિર્દયતાથી તપાસો, ત્યાર પછી જ તમે બીજાઓ પ્રત્યે વધારે ઉદાર અને વધારે કૃપાળુ બનશો."

અને આ વસ્તુના સંદર્ભમાં મારે કહેવું પડશે કે તમારે 'ક્ષ'ને આવવા માટે અને તેની માતાને મળવા માટે મંજૂરી આપવી પડશે કારણ કે તેની માતા તેને ખૂબ ચાહે છે અને તેની મુલાકાત ન કરવા દેવામાં આવે તો તે ઘણી દુઃખી થઈ જાય.

તેના કામ માટેનો પ્રશ્ન તો તેની અને મારી વચ્ચેનો છે અને હું જાણું છું કે આપણે કોઈક સંતોષકારક વ્યવસ્થા કરી શકીશું.

એટલે મારે તમને ફરીથી શાંતિમાં રહેવાનું અને પ્રભુની કૃપામાં અને ડહાપણમાં વિશ્વાસ રાખવાનું કહેવું પડશે.

૨૬ જાન્યુઆરી ૧૯૬૨

*

શરીરના નજીકપણા કરતાં હૃદય અને લાગણીનું નજીકપણું વધારે મજબૂત અને સાચું હોય છે.

તમારી માને સાચી રીતે ચાહો અને દુઃખ અને વેદના વગર તમારી

માતાને અમેરિકા જવા દેશો અને એટલું જાણી લેજો કે પૃથ્વી નાની છે અને પ્રેમ વધારે વિશાળ છે.

૨૨ જુલાઈ ૧૯૬૮

*

મારા વહાલા બાળક,

ખરેખર અમે તારાં સાચાં માતાપિતા છીએ અને તારી સાચી ફરજ પ્રભુ પ્રત્યે છે.

અજ્ઞાની માણસો ભલે તેમના અજ્ઞાન પ્રમાણે બોલે પરંતુ તમારી પોતાની અંદર દિવ્ય ચેતનાના પ્રકાશ, જ્ઞાન અને શાંતિ રાખો.

અમારા પ્રેમ અને આશીર્વાદ સાથે.

*

હું ખુશ છું કે તમે આ સંપૂર્ણ "નાટકને" જે રીતે લેવું જોઈએ તે રીતે લો છો એટલે કે સુંદર રીતે હસી કાઢીને.

તેઓ તમને "શરણાર્થીઓ" કહે છે, પરંતુ પ્રભુના શરણાર્થીઓ બનીને તેનો આશ્રય અને પ્રેમ પામવો એ તો ભવ્ય વસ્તુ છે.

તેમને પસંદ હોય તો દિવ્ય જીવનમાં ભલે તેઓ અશ્રદ્ધા વ્યક્ત કરે. આપણને તેનાથી કોઈ અસર થઈ શકે નહિ.

*

શ્રી અરવિંદ કહે છે :

તૂટેલાં બંધનોને ફરીથી સ્થાપન ન કરવાં અને તમારા ભૂતકાળને સદંતર પાછળ મૂકી દેવો એ વધારે સારું છે.

તમે લખો જ નહિ અથવા તાર ન કરો તે વધારે સારું રહેશે.

*

આશ્રમવાસીઓને મુલાકાતીઓ તથા પરદેશીઓ સાથેના વ્યવહારમાં (અને તેમની પોતાની અંદરોઅંદર પણ) સારી સલાહ :

"જ્યારે તમારે આશ્રમની કોઈ વસ્તુ અથવા વ્યકિત વિશે કોઈ આનંદ-દાયક વાત કહેવાની ન હોય ત્યારે પ્રશાંત રહો."

"તમારે એટલું જાણવું જ જોઈએ કે આ શાંતિ પ્રભુના કાર્ય પ્રત્યેની વફાદારી છે."

*

'ક્ષ'એ મને બે લેખકોની ભલામણ કરેલી છે. તેમની

પાસેથી આપણા જર્નલમાં છાપવા માટે લેખોની માગણી કરવાનું હું વિચારું છું. પરંતુ હું જાણતો નથી કે શ્રી અરવિંદ પ્રત્યેનું તેમનું વલણ કેવું છે. 'ક્ષ'એ મને કહ્યું છે કે તેઓ કુશળ લેખકો છે અને શ્રી અરવિંદનો તેમણે અભ્યાસ કર્યો છે તેથી તેઓ આપણા જર્નલ માટે લખી શકશે. મારો અનુભવ છે કે જો આ લેખકો ખુલ્લા મનના અને પ્રગતિશીલ હોય તો તેઓ શ્રી અરવિંદ વિશે એક જુદા જ દૃષ્ટિબિંદુથી લખે અને તે ઘણું રસિક હશે. પરંતુ ઘણુંખરું તેઓ તેમના પોતાના સાંકડા અને અમુક પ્રકારની બંધાયેલી બુદ્ધિની દૃષ્ટિથી શ્રી અરવિંદને ન્યાય આપવાનો પ્રયત્ન કરે છે. તેથી આ બાબતમાં તમારું માર્ગદર્શન આપશો.

જેમને આપણે જાણતા નથી અને જેમના મન વિશે ખાતરી નથી તેવા લોકો પાસેથી કાંઈ મંગાવવું નહિ.

મેં જે લખેલું છે તે 'બધાને માટે' છે.

૨૬ ઑક્ટોબર ૧૯૬૫

*

માતાજી, નીચેના પત્રમાં શ્રી અરવિંદે લખ્યું છે કે આપણે બાહ્ય જગત સાથેના સંપર્કમાં કાબૂ મૂકવાની જરૂરિયાત છે અને આપણે સામાન્ય જીવનમાંથી અલગ પડી જવું જોઈએ જેથી કરીને પૃથ્વી માટે એક નવીન ચેતનાને નીચે ઉતારવાનું વિશિષ્ટ કાર્ય આપણે કરી શકીએ.

આ પત્ર ૧૯૩૩માં લખાયેલો. પરંતુ હવે બહારના જગતમાંથી જુદા જુદા પ્રકારના લોકોને આશ્રમમાં આવવાની મંજૂરી મળે છે અને આશ્રમના સાધકો તેમની સાથે મુક્ત રીતે ભળે છે. એ એટલા માટે કે આપણે હવે આપણા કાર્યમાં નવી અવસ્થાએ પહોંચ્યા છીએ અને બાહ્ય જગત સાથેના સંપર્ક માટેની પહેલી મર્યાદાઓની હવે પછી જરૂર નથી? મારા આ મુદ્દા ઉપર પ્રકાશ પાડશો?

(શ્રી અરવિંદને પ્રશ્ન)

બધાં જ પ્રાણીઓમાં પ્રભુનો પ્રેમ અને બધી જ વસ્તુઓમાં તેનું સતત દર્શન અને તેનાં કાર્યોનો સ્વીકાર* — જો પ્રભુના સાક્ષાત્કારમાં અને બધામાં તેનું દર્શન કરવામાં આ બીજી રીતોમાંની એક હોય, તો શા માટે આપણે બહારના જગતમાં રહેલા માણસો સાથેના વ્યવહારમાં અહીં કાબૂ રાખીએ છીએ ? શા માટે આપણે આપણો પ્રેમ બધાને ન આપી શકીએ ?

(શ્રી અરવિંદનો ઉત્તર)

સામાન્ય કર્મયોગમાં આ બધું બરાબર છે જેમાં વૈશ્વિક આત્મા સાથે ઐક્યનું લક્ષ્ય હોય છે. તે અધિમનસ આગળ અટકી જાય છે — પરંતુ અહીં એક ખાસ પ્રકારનું કાર્ય કરવાનું છે અને પૃથ્વી માટે નવીન સાક્ષાત્કાર કરવાનો છે અને તે આપણા પોતાના એકલા માટે કરવાનો નથી. બાકીના જગતમાંથી અલગ પડવાનું છે જેથી સામાન્ય ચેતનામાંથી આપણે છૂટા પડીએ અને નવીન ચેતનાને નીચે ઉતારી શકીએ.

એવું નથી કે બધા પ્રત્યે પ્રેમ રાખવો એ સાધનાનો એક ભાગ નથી, પરંતુ તેથી બધાની સાથે આપણે ભળી જવાનું નથી, સામાન્ય રીતે જરૂરિયાત પડે ને ભાવના સક્રિય વૈશ્વિક શુભસંકલ્પમાં અભિવ્યક્ત થવી જોઈએ, પરંતુ બાકીના સમયે તેણે પૃથ્વી માટેની તેની બધી જ અસરોમાં એક ઊર્ધ્વતર ચેતનાને નીચે અવતરણ કરાવવાના સખત કાર્યમાં રહેવાનું છે. બધી જ વસ્તુઓમાં પ્રભુના કાર્યનો સ્વીકાર કરવો જરૂરી છે એ અર્થમાં કે આપણા સંઘર્ષો અને મુશ્કેલીઓમાં પાછળ પણ તે વસ્તુ રહેલી છે પરંતુ માનવ-પ્રકૃતિ અને જગત જેવાં છે તેમને સ્વીકારવાનાં નથી — આપણું લક્ષ્ય દિવ્ય કાર્ય પ્રત્યે ગતિ કરવાનું છે અને તે અત્યારે છે તેના કરતાં વધારે મહાન અને વધારે સુખકારક

* શ્રી અરવિંદ 'યોગનો સમન્વય'

આવિર્ભાવનું સ્થાપન કરશે. તે પણ દિવ્ય પ્રેમનું સખત કાર્ય* છે

૨૨ ઓક્ટોબર ૧૯૩૩

શ્રી અરવિંદે જે લખેલું છે તે બરાબર સાચું છે અને તેનો અમલ કરવો જ જોઈએ.

ફક્ત એક જ નવી હકીકત છે – વર્ષની શરૂઆતથી એક નવીન ચેતના આવિર્ભાવ પામી છે અને પૃથ્વીને નવસર્જન માટે તૈયાર કરવા માટે તીવ્રતાથી કાર્ય કરી રહી છે.

૧૭ એપ્રિલ ૧૯૬૯

*

શ્રી અરવિંદ શતાબ્દી પ્રસંગે ઘણા માણસો આશ્રમમાં આવશે. આશ્રમની વાસ્તવિકતા બતાવવા માટે અમે શું કરી શકીએ?

તે જીવન જીવો. આ વાસ્તવિક જીવન જીવો. બાકી બધું – વાતચીત કરવી વગેરે – નો કોઈ અર્થ નથી.

અમે અમારી જાતને કઈ રીતે તૈયાર કરીએ?

ચૈત્યપુરુષ સાથે, પ્રભુના અવતાર સાથે, આપણી અંદર ઊંડાણમાં

એક તીવ્ર અભીપ્સા,
એક સંપૂર્ણ એકાગ્રતા,
એક સતત નિવેદન.

## પૈસો અને કરકસર

સૌથી પ્રથમ, નાણાંકીય દૃષ્ટિબિંદુથી જે સિદ્ધાંત ઉપર આપણું કાર્ય આધાર રાખે છે તે નીચે પ્રમાણે છે : પૈસો પૈસાને બનાવવા માટે નથી; પૈસાએ પૈસાને બનાવવા જ જોઈએ એવો ખ્યાલ જૂઠો અને વિકૃત છે.

* યોગ ઉપરના પત્રો, વૉલ્યુમ ૨૩, પાનું ૮૫૧.

પૈસો એટલા માટે છે કે કોઈ પણ સંસ્થા, દેશ અથવા તો વધારે સારી રીતે કહીએ તો સમગ્ર પૃથ્વીની સમૃદ્ધિ અને ઉત્પાદનની તે વૃદ્ધિ કરે. પૈસો એક સાધન, શક્તિ અને બળ છે અને તેના પોતાના માટે કાંઈ નથી, અને બધાં બળો અને બધી શક્તિઓ માફક તે ગતિ અને પરિભ્રમણથી તે વૃદ્ધિ પામે છે અને પોતાની શક્તિ વધારે છે અને નહિ કે તેનો સંગ્રહ કરવાથી અથવા બંધિયાર હાલતમાં તેને મૂકી દેવાથી.

અમે એક સાકાર દૃષ્ટાંત મૂકીને જગતને સાબિત કરવા માગીએ છીએ કે આંતરિક માનસશાસ્ત્રીય સાક્ષાત્કારથી અને બહિર્વ્યવસ્થાથી એક એવું જગત ઉત્પન્ન થઈ શકે છે જેમાં માનવદુઃખોનાં ઘણાંખરાં કારણો અદૃશ્ય થઈ જશે.

*

> એક મિત્ર તમારા માટે નાણાં એકડાં કરવાની ઇચ્છા રાખે છે. તે કહે છે કે પૈસાની મદદ માટે લોકોની સાથે કઈ રીતનું વલણ રાખીને તેમની પાસે જવું તે માટે જો તમે લેખિત સૂચના આપો તો તેને ઘણી મદદ થશે.

કોઈના તરફ પૈસા માટે લખવાની મને ટેવ નથી. જો લોકોને એવું ન લાગે કે તેમના માટે એક મહાન તક અને પ્રભુકૃપા છે જેથી કરીને પ્રભુના કાર્ય માટે તેઓ પૈસો આપી શકે તો તેમના માટે વધારે ખરાબ વસ્તુ છે. કાર્ય માટે ધનની જરૂર છે — પૈસો ચોક્કસ આવવાનો છે. કયા લોકોને તે આપવાનો ખાસ હક હશે તે જોવાનું બાકી છે.

૨૪ એપ્રિલ ૧૯૩૮

*

પૈસા મારા નથી, તે આશ્રમની માલિકીના છે અને આશ્રમ પૈસા ધીરતો નથી. તે કોઈ વ્યક્તિ તરફ પક્ષપાત ધરાવતો નથી અને ખાસ કરીને જ્યારે આ માણસ આશ્રમ પ્રત્યે બહુ વફાદાર નથી ત્યારે તેને માટે તો ખાસ નહિ.

૨૦ એપ્રિલ ૧૯૫૧

*

મને તમારા પત્રો મળ્યા છે અને મેં આંતરિક રીતે પ્રત્યુત્તરો આપ્યા છે એ ખાતરીથી કે તમે આ આંતરિક જોડાણોને સ્વીકારવા શક્તિમાન છો.

પરંતુ મને લાગે છે કે મેં તમને જે કાંઈ લખ્યું તેમાં મારે કાંઈક વધારવું પડશે.

લોકો પાસે જઈને નાણાં ઉઘરાવવાનો પ્રશ્ન જ નથી. એક જ વ્યક્તિ અથવા નાણાંનિગમને અથવા ફાઉન્ડેશનને શોધી કાઢવાનું છે જે જરૂરી રકમ પૂરેપૂરી આપી શકે એવી સ્થિતિમાં હોય અને આ એક નવીન સાહસ છે જેમાં કાંઈક નવીન અને કરવા લાયક કામ કરવા માટે તે સાહસ કરવા તૈયાર થાય.

આવો માણસ અથવા માણસો હસ્તી ધરાવે છે. તેમાં ફકત બે ધ્રુવોને એકઠા કરવાના છે.

*

આવી નાની એવી પચાસ હજાર કે એક લાખ રૂપિયાની રકમ માટે તમારે મદદ માગવી ન જોઈએ. તમારે તેમની પાસે ભવ્યતાથી અને તમારા સંદેશની અગત્યની ભાવના સાથે જવું જોઈએ. કદી ભૂલશો નહિ કે આ કાર્ય સામાન્ય ઉપરછલ્લું નથી પરંતુ એક આત્માનું કાર્ય છે અને તે થવાનું જ છે તેની ખાતરી છે. આપણે લોકો પાસે દાનની માગણી કરતા નથી. આપણે તેમના આત્માની નજીક આવવા માટેની તેમને એક તક આપીએ છીએ

કાર્ય શરૂ કરતાં પહેલાં મને પુકાર કરજો અને હું ત્યાં હોઈશ. મારું સામર્થ્ય તમારી સાથે કાયમ છે જ.

૧૭ ડિસેમ્બર ૧૯૫૨

*

તમારે જાણવું જ જોઈએ કે સૌથી સ્થૂલ અને બાહ્ય રૂપમાં તમારે જે સાથ આપવાનો છે તે એક ઉદ્યોગ અથવા ઉદ્યોગોનું સંકુલ નથી, અથવા વ્યવસ્થાનું એક ખાતું નથી, અથવા એક રાજ્યની સેવા નથી પરંતુ એક નાની દુનિયા છે જેમાં માનવસમૂહની બધી જ શકયતાઓ ગર્ભિત રીતે રહેલી છે અને તે ઉપરાંત પણ એક નવીન અને હજુ સુધી અજાણી એવી ગુપ્ત (શકયતાઓ) આવિર્ભાવ પામવા માટે તૈયાર થઈ રહેલી છે.

તમે અત્યારે જ એક વ્યવસ્થાનું બીજ શોધી શકશો જેના સહયોગના કેન્દ્રમાં પ્રભુની હાજરીનું પ્રતીક છે અને તે વિશ્વના એક પરમ પ્રભુની રજૂઆત કરે છે. કારણ કે અહીં સર્વ કાર્યો પ્રભુને અર્પણ થાય છે જે પરમ પ્રભુ સર્વ છે અને સર્વને ધારણ કરે છે. અહીં બધાં જ કાર્યો અંગત લાભ માટે થતાં નથી પરંતુ પ્રેમના અર્પણ રૂપે થાય છે કારણ કે અહીં જે એકમાત્ર શકિત વ્યકત કરી શકીએ તે પ્રેમની શકિત છે અને તેમાં હું બધા પ્રયત્નોને એકત્રિત કરનાર ફકત એક પ્રતીક અને સંદેશવાહક

છું અને માર્ગદર્શન આપું છું.

વ્યવહારુ રીતે, જો આપણી પાસે ભંડોળની થોડી ઓછી ખેંચ હોય તો ઘણી મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જાય.

આપણે દરેક ખર્ચ માટે સંભાળવાનું છે અને તેને માટે ઘણી ઉપયોગી વસ્તુઓ થઈ શકતી નથી.

એટલે તમે જો કોઈ એક અથવા વધારે માણસોને શોધી શકો જેમને આ સાહસમાં અથવા જોખમમાં રસ હોય – કારણ કે તે વસ્તુ એક નવા જગતનું સર્જન કરવા કરતાં જરા પણ ઓછું નથી – અને જો તેઓ આર્થિક રીતે મદદ કરવા તૈયાર હોય, પછી તે ભેટ અથવા લોન રૂપે આપે, તો આપણે આપણા પ્રયત્નમાં વધારે ઝડપથી અને પૂર્ણ રૂપે ગતિ કરી શકીએ.

ટૂંકમાં આ પરિસ્થિતિ છે. જો તમારે વધારે વિગતો જોઈતી હશે તો તે આપવામાં આવશે.

*

એમ માનવું ભૂલભરેલું છે કે કેટલાક નિઃસ્વાર્થી ક્રિયાવાળા લોકો કરતાં સ્વાર્થી અને કામનાથી ભરપૂર લોકોની લાગણીઓને સંતોષ આપવા માટે હું સહમત છું. અહકારયુક્ત લોભનો સમય પૂરો થયો છે; દરેકે કરકસર માટેના પ્રયત્નમાં પોતાનો ભાગ આપવાનો છે.

૨૨ જૂન ૧૯૪૦

*

ભારતમાં હાલના સંજોગોના દૃષ્ટિબિંદુથી પુરવઠાની અને વાહન-વ્યવહારની (ખાસ કરીને પુરવઠાની) મુશ્કેલીઓ યુદ્ધની પૂર્ણાહુતિથી ઘટી નથી; મારે આશ્રમવાસીઓને વિનંતી કરવાની ફરજ પડે છે કે તેમણે કોઈ પણ પ્રકારનો ખોટો વ્યય, ખાસ કરીને ખોરાકની ચીજોનો કરવામાં ખૂબ ધ્યાન રાખવું પડશે. ઘણાખરા માણસોને ખાસ આવશ્યક એવી જીવન જરૂરિયાતી વસ્તુઓનો પણ તોટો હોય છે.

૧૯૪૫ અથવા ૧૯૪૬

*

આશ્રમને આર્થિક મુશ્કેલીઓ છે છતાં કેટલાક લોકો પોતાની જીદ પકડી રાખીને તેમનો માગણીનો હિસ્સો માગે છે. વિદ્યાર્થીઓ તરીકે અમે જેઓ ધરતીકંપ અથવા પૂરના ભોગ બનેલા તેમને મદદ કરવા માટે ઉપવાસ કરતા.

કમનસીબે (?) હાલની મુશ્કેલી પૂરની, દુષ્કાળની અથવા યુદ્ધ, ધરતીકંપ કે આગની, કે એવી વસ્તુઓ જે માનવસંવેદના જગાડે તેની નથી તેમ જ સ્થૂલ કામનાઓ જેને 'જરૂરિયાતો' કહેવાય તેના ઉપર કાબૂ અપાવે તેવા પણ નથી.

પૈસાની મુશ્કેલી માણસોને શુષ્ક અને થોડા કડવાશભર્યા બનાવે છે, જો કે બંડખોર નહિ. અને હું એવા કેટલાક લોકોને જાણું છું જેઓ શ્રદ્ધા ગુમાવવાની અણી ઉપર છે કારણ કે મારે જેટલી જરૂરિયાત છે એટલા પૈસા મારી પાસે નથી.

*

જ્યારે પૈસાની ખોટ હોય ત્યારે તેને સ્થાને ખૂબ શુભ નિષ્ઠા અને વ્યવસ્થા-શક્તિનો પ્રયત્ન મુકાવો જોઈએ. હું તે પ્રયત્નની માગણી કરું છું, તમસ અને બેદરકારી ઉપર વિજય. કોઈ ભાંગી પડે તેમ હું ઇચ્છતી નથી પરંતુ દરેક પોતાની જાત ઉપર વિજય મેળવે.

*

> 'ક્ષ' આશ્રમ માટે કાર્ય કરતો નથી; બીજા બધા ઘણાની માફક તે આશ્રમમાં રહે છે અને પોતાને માટે કાર્ય કરે છે.

આ વસ્તુ જ આશ્રમને નાણાંકીય વિનાશ તરફ દોરી રહી છે.

*

> 'ક્ષ' આપણાં વૃક્ષોમાંથી નાળિયેર તોડે છે. આ વખતે જ્યારે તેને તોડવાં હતાં ત્યારે મેં તેને કહ્યું કે સારાં નાળિયેર મારે મુલાકાતીઓ અને આશ્રમનાં બાળકો માટે રાખવાં છે અને તેણે તે તોડવાં નહિ.

લોકોને જે વસ્તુની ખરી જરૂરિયાત છે તે આશ્રમમાંથી મળી રહે છે. હું મુલાકાતીઓને ફળો અને ફૂલોની વહેંચણી માટે સંમત નથી. તે લોભ, ઇચ્છા અને ગેરશિસ્તને વધારે છે અને જો દરેક વ્યક્તિ, તેને પોતાને સૌથી સારું લાગતું હોય તે પ્રમાણે જ કરે તો આ આખી વ્યવસ્થામાં અંધેર થઈ જશે.

૧૫ મે ૧૯૫૪

*

જો પ્રભુ પ્રત્યે સમર્પણના સાચા વલણમાંથી વેપાર ન થઈ શકે તો તે વેપાર બંધ કરવામાં આવશે અને આશ્રમમાં તેની બંધી થશે જેમ રાજકરણની બંધી કરવામાં આવી છે તે રીતે.

તેથી જ્યાં સુધી સાધકોની ચેતના આ જટિલતા અને ક્ષુદ્રતાની દુઃખી અવસ્થામાંથી મુક્ત ન થાય ત્યાં સુધી બધી જ વ્યાપારને લગતી પ્રવૃત્તિઓ બંધ કરવાનની જરૂરિયાત મારા માટે ઉત્પન્ન થશે; કારણ કે તે એમ સાબિત કરશે કે સચ્ચાઈની ભાવના રાખવી શકય નથી.

૨૭ મે ૧૯૫૫

## વ્યવસ્થા અને કાર્ય

> "(આશ્રમ માટે) કોઈ પણ માનસિક યોજના હતી નહિ, કોઈ નિશ્ચિત પ્રોગ્રામ કે કોઈ વ્યવસ્થા અગાઉથી વિચારવામાં આવતી નહિ. આખી જ વસ્તુ જન્મ પામી છે, વિકસી છે અને વૃદ્ધિ પામી છે એક જીવંત વ્યક્તિની માફક, એક ચેતનાની ગતિ દ્વારા, (ચિત્-તપસ) જે સતત ટકાવી રાખવામાં આવતી, વૃદ્ધિ પામતી અને રક્ષિત હતી."
>
> —શ્રી અરવિંદ (૨૨ ઑગસ્ટ ૧૯૩૯)

તેનો અર્થ કે ચેતનાની ગતિ કોઈ પણ ક્ષણે અટકી નથી. એમ નથી કે સર્જનની ગતિ શરૂ થઈ અને પછી બંધ થઈ અને ફરી પાછી શરૂ થઈ — ચેતનાનું સતત પુનઃસર્જન થયા કરે છે એટલે કે પોતાનું સર્જન ચાલુ રાખે છે; એ એવી વસ્તુ નથી જે પૂર્ણ થઈ અને પછી પૂર્ણ થઈ તેમાંથી નવી ઉત્પન્ન થઈ છે તે આ રીતે 'ચાલુ જ' રહે છે. ચેતના સતત પોતાનું કાર્ય કર્યા જ કરે છે અને પહેલાં જે હતું તેના અનુસંધાનમાં નહિ પરંતુ દરેક ક્ષણે જેનું તે નિર્માણ કરે છે તેના પરિણામ રૂપે માનસિક ગતિમાં જે પહેલાં બની ગયું હોય છે તેનું પરિણામ આવે છે. ચેતનામાં તેમ બનતું નથી. ચેતના એવી વસ્તુ છે જે સતત નિરીક્ષણ કરે છે કે દરેક વસ્તુનું શું કરવાનું છે. તે વસ્તુ સમજવી ઘણી અગત્યની છે કારણ કે તેનું આ રીતે સાતત્ય ચાલુ રહે છે. એ કોઈ રચના નથી જેની સંભાળ લેવી જોઈએ;

દરેક સેકંડે ચેતના આગળ ચાલે તે તેની પોતાની ગતિને અનુસરે છે – તે દરેક વસ્તુને મંજૂર રાખે છે; એ વસ્તુ જ ચમત્કારો અને ઊથલપાથલો વગેરેને મંજૂરી આપે છે; ને દરેક વસ્તુને સ્વીકારે છે; માનવ રચનાઓથી આ બિલકુલ ઊલટું જ છે અને તે તેના પ્રમાણે છે અને ચાલુ રહે છે અને જ્યાં સુધી હું ત્યાં છું ત્યાં સુધી તે તે પ્રમાણે જ રહેશે.

*

આંકડાઓ અને ગણતરીઓ કેવળ મનોમય છે અને અહીં બધા જ મનોમય નિયમો છેવટે ઊર્ધ્વતર શક્તિઓના કાર્યથી વિરોધી બની જાય છે.

*

મને યોગ્ય વ્યવસ્થાનો ખૂબ શોખ છે – જેમને વ્યવસ્થા કરવી છે તેમણે જો તે સચ્ચાઈપૂર્વક કરવી હોય તો – મને સ્પષ્ટ અને ચોક્કસ માહિતી આપવી જોઈએ. જ્યારે આ આપવામાં આવે છે અને પરમ વ્યવસ્થા શક્તિમાં પૂરતા પ્રમાણમાં વિશ્વાસ રાખવામાં આવે છે ત્યારે તે બધું બરાબર બને છે; બીજું બધું કરી લેવામાં આવશે.

*

(આશ્રમમાં કોઈ વિભાગમાં અસંતોષકારક સેવા બાબત)

અસંતોષકારક સેવા ત્યારે જ આવે છે જ્યારે મુખ્ય વ્યક્તિમાં ચેતનાની ખામી હોય.

શું કરવું તેની સ્પષ્ટ અને ચોક્કસ દૃષ્ટિ અને તેને માટે સ્થિર, શાંત અને દૃઢ સંકલ્પ હોવો એ આવશ્યક શરતો છે જેથી તંત્ર વ્યવસ્થિત ચાલે અને સામાન્ય નિયમ પ્રમાણે, તમારા પોતાનામાં જે ગુણો ન હોય તેની બીજાઓ પાસે માગણી કરશો નહિ. મને એક પ્રબળ લાગણી છે કે 'ક્ષ' વિભાગમાં જેવું નિરીક્ષણ હોવું જોઈએ તેવું નથી.

*

(એક સાધકને દિવસના બે કલાકથી વધારે કામ કરવું નહોતું. તેના નિરીક્ષકે માતાજીને લખ્યું :)

મેં તેને કહ્યું કે તેની પાસે મારી કોઈ માગણી નથી. હું જેટલું બની શકે તેટલું કાર્ય કરું છું. કારણ કે તે મારાં માતાજીની સેવા માટે છે. હું બીજા કોઈ પણ પાસે તે પ્રમાણે કરાવવાનો આગ્રહ ન રાખું. ફક્ત અમે શું કરીએ છીએ તેના વિશે માતાજીને જાણ કરું છું.

* ટેપમાં નોંધાયેલું.

તેં બહુ સારો જવાબ આપ્યો, પણ એ સ્પષ્ટ છે કે કોઈનામાં સચેતનતા ન હોય તો તેને આપી શકાય નહિ અને જે માણસ પ્રમાદી હોય તેને કામમાં હૃદય પરોવવાનું કરાવવું એ મુશ્કેલ છે.

૩ મે ૧૯૭૫

*

મારી આજુબાજુ રહેલા માણસો જેટલી સારી રીતે પહેલાં કાર્ય કરતા હતા તે રીતે કરતા નથી.

રસ્તો ચૂકી ગયા ? તેને સ્વસ્થતાથી સ્વીકારવાનું, મન ઉપર નહિ લેવાનું અને સ્થિરતાથી કાર્ય કરે જવું .... અને સારા દિવસો આવશે તેવી આશા રાખવી.

*

કાર્યકરોમાં કાર્યક્ષમતા ચારે બાજુ ઘટતી જાય છે.

હા, અવ્યવસ્થા સામાન્ય બની છે. એક જ સહાય 'શ્રદ્ધા' છે.

*

આશ્રમમાં કાર્ય વગરના લોકોની તંગી નથી, પરંતુ જેઓ કાર્ય વગરના છે તે ચોક્કસ એટલા માટે છે કે તેમને કાર્ય કરવું ગમતું નથી; અને તે રોગ માટેનો ઉપાય શોધવો બહુ અઘરો છે – તે પ્રમાદ કહેવાય છે ....

*

જ્યારે માનવ આવેગો કાર્યને માર્ગદર્શન આપે છે ત્યારે હું એક સાક્ષી તરીકે જુદી ઊભી છું. શું નક્કી કર્યું છે તેની મને નમ્રતાથી જાણ કરવામાં આવે છે – શું કરવું જોઈએ તે વિશે મને પૂછવામાં આવતું નથી.

હું આજ્ઞા આપી શકું નહિ કારણ કે એ હુકમોનો ભંગ કરવામાં આવે તો કુદરતી રીતે તે કમનસીબી તરફ દોરી જાય.

એટલે આવેગો ઠંડા પડે ત્યાં સુધી ધીરજપૂર્વક રાહ જોયા સિવાય બીજું કાંઈ કરવાનું નથી અને .... શ્રેષ્ઠ માટે આશા રાખવી.

કેટલાક માણસો સખત કામ કરવાની જરૂરિયાત પ્રત્યે જાગ્રત થાય.

*

મારી પાસે એટલા બધા સંઘર્ષયુક્ત અભિપ્રાયો અને લાગણીઓ છે કે હું આજ્ઞા આપી શકું નહિ

*

અત્યારે દરેકને માટે મુશ્કેલીભર્યો સમય આવ્યો છે. યુદ્ધ ચાલે છે અને દરેક સહન કરે છે.

જે લોકોને અહીંયાં સ્થિરતા અને સલામતીમાં રહેવાનો હક મળ્યો છે તેમણે ક્ષુદ્ર ઝઘડાઓ અને મૂર્ખાઈભરી ફરિયાદોનો ત્યાગ કરીને કૃતજ્ઞતા વ્યકત કરવી જોઈએ.

દરેક સ્ત્રીપુરુષે પોતપોતાનું કાર્ય અંતઃકરણપૂર્વક અને ગંભીરતાથી કરવું જોઈએ અને બધી જ તમસયુકત સ્વાર્થી ગતિઓ ઉપર વિજય મેળવવો જોઈએ.

૨૭ સપ્ટેમ્બર ૧૯૩૯

*

> હું જાણું છું કે અત્યારની ક્ષણે સહકાર અને સહયોગ આશ્રમ માટે જરૂરી છે. હું મારાથી બનતું ઉત્તમ કરું છું પરંતુ દુઃખદાયક રીતે નિષ્ફળ જઉં છું. કદાચ અમારામાંના દરેકની આ પ્રમાણેની જ વાત હશે.

આ વસ્તુને અંગત પ્રસંગ તરીકે લો નહિ. આખા જગતમાં અવ્યવસ્થા અને ગોટાળો ફેલાયેલાં છે કારણ કે સત્યના કાર્યની સાથે જૂઠાણાનો વિરોધ છે. અહીં સત્યનું કાર્ય વધારે સચેતન અને એકાગ્ર હોવાથી, અવરોધ થાકી ગયેલ છે અને આ મહાન વમળમાં ઘણીખરી વ્યકિતઓને સંઘર્ષમાં રહેલાં બળો દ્વારા પૂતળાંઓની માફક ગતિ કરવી પડે છે.

*

આશ્રમમાં રહેલી પરિસ્થિતિ વિશે તો તમે કહો છો તે પ્રમાણે છે અને કદાચ વધારે ખરાબ પરિસ્થિતિ છે. હું શ્રી અરવિંદની માફક કહીશ : જ્યાં સુધી 'ચેતનામાં' પરિવર્તન આવે નહિ ત્યાં સુધી ખરેખર કોઈ વસ્તુ કરવી શકય નથી.

તમે વચ્ચે પડશો – અને એ એક દૃષ્ટાંત અને નિદર્શન તરીકે સારી વસ્તુ છે – પરંતુ બીજે જ દિવસે તે વધારે ખરાબ બનશે.

આપણે પરમ સત્યને આવિર્ભાવ માટે અવતરણ કરવાનું પણ કહી શકીએ નહિ. જૂઠાણું એટલું બધું વિશાળ અને ગહન રીતનું વ્યાપેલું છે કે તેનું પરિણામ વિનાશમાં આવે. છતાં પ્રભુકૃપા અનંત છે અને તે રસ્તો શોધી કાઢશે.

*

શ્રી અરવિંદ કહે છે કે વસ્તુઓને બરાબર કરવા માટે તેમની ઇચ્છા યૌગિક સાધનો દ્વારા પ્રયત્ન કરવાની છે, અને નહિ કે બાહ્ય સાધનો દ્વારા;

પરંતુ આ વસ્તુને માટે એ જરૂરી છે કે વસ્તુઓ જે રીતે હાલમાં છે રીતે તે થોડા સમય માટે ચાલુ રહે. તેના માટે તમારા સહકારની જરૂર પડશે અને તેમને ખાતરી છે કે તે લક્ષ્ય સુધી પહોંચવા જરૂરી પ્રયત્ન કરવા માટે તમારા શુભ સંકલ્પ ઉપર આધાર રાખી શકે.

*

હાલની ક્ષણે – બાહ્ય વ્યવસ્થા કરતાં જે વસ્તુને હું વધારે અગત્યની ગણું છું તેમાં હું પૂરેપૂરી વ્યસ્ત હોઉં તે બિલકુલ સાચી વસ્તુ છે – અને એટલા માટે જ હું દરેક વ્યક્તિ પાસેથી એવી અપેક્ષા રાખું છું કે તેણે તેનાથી બનતી શ્રેષ્ઠ ફરજ બજાવવી જોઈએ અને પ્રભુના દિવ્ય કાર્યની વિશાળતા ઉપર તેની આંખો સ્થિર કરવી જોઈએ; તે વસ્તુ તેની અંગત મુશ્કેલીઓમાં ચોક્કસ મદદગાર બનશે.

દરેક વ્યક્તિ માટે અને દરેક વસ્તુમાં વખત ખરાબ આવેલો છે – પરંતુ ચોક્કસ આપણી મર્યાદા ઉપર વિજય પ્રાપ્ત કરવાનું તે શીખવવા માટે છે.

*

(કેટલાક વખત સુધી માતાજી પોતાના રોજિંદા કામમાંથી નિવૃત્ત થયાનું મનાતું હતું.)

આ ખૂબ રસિક છે પરંતુ અણધારેલું નથી. હું 'નિવૃત્ત' થયેલી હોવાથી, દરેક પોતપોતાના વિચારો પ્રમાણે બીજાઓની સાથે સંલગ્ન થયા સિવાય કાર્ય કરતા હોય એવું લાગે છે અને – મને ખલેલ ન પહોંચાડવાના બહાના નીચે – મારી સલાહ પણ લેતા નથી અને મને જાણ પણ કરતા નથી.

જો કે મારાં પોતાનાં સાધનો દ્વારા, શું ચાલી રહ્યું છે તે વત્તી કે ઓછી રીતે હું જાણું છું, તેથી હું ફક્ત હસી લઉં છું અને વચ્ચે પડતી નથી. દરેકે અનુભવ દ્વારા શીખવું જ જોઈએ.

હું તે દિવસની રાહ જોઉં છું જ્યારે અવ્યવસ્થા ઉપર વ્યવસ્થા વિજય મેળવશે અને ગોટાળા ઉપર સંવાદ વિજય મેળવે. આ દિશામાં સર્વ પ્રયત્નોની પાછળ હું છું.

*

એમ કહેવાની જરૂર નથી કે જેઓ બનાવોની આવી અવસ્થાની સામે મારી સાથે યુદ્ધ કરી રહ્યા છે તે બધાની સાથે મારું બલ અને મદદ તીવ્રપણે હાજર છે. અને તે સર્વની પાસે એટલું જ માગું છું કે તેમણે શ્રદ્ધાવાન અને સહનશીલ બનવું. સત્યનો વિજય છે. સરસ હિંમત રાખો !

*

હું કોઈ વસ્તુને દોષ દેતી નથી અથવા કોઈને પણ, અને જાણું છું કે દરેક તેનાથી બની શકે તેટલું ઉત્તમ કરે છે, એ સ્પષ્ટ છે કે કાર્ય ઘણું મુશ્કેલ છે. પરંતુ અહીં આપણે મુશ્કેલીઓ ઉપર વિજય મેળવવા માટે નથી.

*

આશ્રમનું કાર્ય યોગ્ય રીતે કરવા માટે વ્યક્તિએ મજબૂત અને પૂરતા પ્રમાણમાં નમનીય હોવું જોઈએ જેથી કરીને કઈ રીતે જે અખૂટ શક્તિ તમને પીઠબળ આપી રહી છે તેનો ઉપયોગ કેમ કરવો તે તમે જાણી શકો.

હું દરેકની પાસે જરૂરિયાત પ્રમાણેની ઊંચાઈ ઉપર પહોંચવા માટેની અપેક્ષા રાખું છું.

જો આપણે તેટલું કરવા માટે પણ શક્તિમાન ન હોઈએ, તો પરમ સત્યનો પ્રકાશ જ્યારે પૃથ્વી ઉપર આવિર્ભાવ પામવા માટે આવશે ત્યારે તેના અવતરણ માટે તૈયાર થવાની આશા આપણે કઈ રીતે રાખી શકીએ?....

*

જ્યારે હું કોઈને કામ આપું છું ત્યારે તે ફક્ત કામ માટે જ નથી હોતું પરંતુ યોગના માર્ગમાં આગળ પ્રગતિ કરવાના શ્રેષ્ઠ સાધન તરીકે આપું છું. જ્યારે મેં તમને આ કાર્ય આપ્યું ત્યારે તમારી મુશ્કેલીઓ અને ત્રુટિઓનો મને બરાબર ખ્યાલ હતો, પરંતુ તે જ સમયે જો તમે મારી મદદ અને શક્તિ પ્રત્યે ખુલ્લા થયા હોત તો તમે આ બધાં વિઘ્નો ઉપર વિજય મેળવી શક્યા હોત અને તે જ સમયે તમારી ચેતનામાં વૃદ્ધિ કરીને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લા થઈ શક્યા હોત.

હવે તમારે માટે સાચી પ્રગતિ કરવાનો અને જ્યારે તમારા સંકલ્પનો વિરોધ થયો હોય ત્યારે ભભૂકતા ક્રોધ ઉપર કાબૂ રાખવાનો સમય પાકી ગયો છે. જો તમારે મને ખુશ કરવી હોય – અને મને તેમાં શંકા નથી – તો તમે સચ્ચાઈપૂર્વક 'ક્ષ'ને સહકાર આપશો અને તેની સાથે કાર્ય આગળ ધપાવશો.

મને તમારા બન્નેમાંથી કોઈ એકબીજાનો ઉપરી બને એવી ઇચ્છા નથી – હું ઇચ્છું છું કે તમે બન્ને ભાઈઓની માફક, એક જ માતાનાં બાળકોની માફક લાગણી રાખો અને તેના માટે સચ્ચાઈપૂર્વક અને હિંમતપૂર્વક કાર્ય કરો.

હું આશા રાખું છું કે તમે આ વસ્તુ સાથે સહમત થશો અને હું તમને ખાતરી આપું છું કે મારો પ્રેમ, અને આશીર્વાદ તમારા આ પ્રયત્નમાં તમારી સાથે કાયમ રહેશે.

૧૯ જાન્યુઆરી ૧૯૪૫

*

'ક્ષ'ને જે મેં કહ્યું તે બરાબર આ પ્રમાણે છે, "હું સાહસ વ્યવસ્થા અને તેનો અમલ કરવાની જવાબદારી તમને સોંપું છું. તમારા પ્લાન અને યોજનાઓ મારી મંજૂરી માટે તમારે બતાવવા પડશે. તેને અમલમાં મૂકવા માટે, હું 'ય'ને કહીશ, જેના ઉત્સાહને હું વખાણું છુ કે તેણે તમે જે સૂચના આપો તે પ્રમાણે તમારી સાથે કાર્ય કરવું અને પૂરેપૂરો સહકાર આપવો, એ દૃષ્ટિબિંદુથી કે તે શ્રી અરવિંદનું અને મારું કાર્ય છે, અને તેને સફળ કરવા માટે તેનાથી બનતું બધું કરે"

તમને પોતાને હું કહું છું:

કાર્ય શરૂ થવા દો અને તેને પૂરેપૂરું વ્યવસ્થિત કરો.

કોઈ કાર્ય થાય અને દરેક વ્યક્તિ પોતાના કાર્ય દ્વારા શું કરી શકવા શક્તિમાન છે તે સાબિત થયા સિવાય કોઈને પણ સ્થાન અને પદો આપવાની મારી ઈચ્છા નથી.

કુશળતા અને કાર્યની ગુણવત્તા દ્વારા કાર્યકરા માટે નિર્ણય લઈશ.

અને ત્યાર પછી જ પદસ્થાનો આપી શકાય.

કદી ભૂલશો નહિ કે અહીં 'કાર્યની પૂર્ણતા' માટે આપણે પ્રયત્ન કરવાનો છે અને નહિ કે અહંકારના સંતોષ માટે.

*

હું સાધકોને અધિકારો આપતી નથી – હું તેમને કામ આપું છું, અને બધાને હું સરખી તક આપું છું. જેઓ સૌથી વધારે શક્તિશાળી અને સચ્ચાઈવાળા, પ્રામાણિક અને વફાદાર સાબિત થાય તેમને કામનો સૌથી મોટો ભાર અને સૌથી વધારે જવાબદારી આપું છું.

બહારના સંજોગો ગમે તેવા હોય, તે બધા જ, અપવાદ સિવાય, તમારી પોતાની અંદર જે સ્વલક્ષા રહેલું છે તે વસ્તુલક્ષી પ્રક્ષેપ છે. જ્યારે તમે કોઈ કાર્યમાં બાહ્ય તકલીફ અનુભવો ત્યારે તમારા અંતરમાં નજર કરો અને તમે તમારી પોતાની અંદર તેને અનુરૂપ મુશ્કેલી શોધી કાઢશો.

તમારી જાતનું પરિવર્તન કરો અને સંજોગો બદલાઈ જશે.

૨૬ જૂન ૧૯૫૪

*

મને આનંદ થાય છે કે અનુભવ દ્વારા તમે એ હકીકત વિશે સચેતન બન્યા છો કે હું તમારી સાથે છું.

આપણી વચ્ચે આ સાચો સંબંધ છે અને એક બાહ્ય સંપર્ક કરતાં વિશેષ છે.

(૧) અહીં આશ્રમમાં આપણું લક્ષ્ય એક ઉચ્ચતર સત્યની અભિવ્યકિત કરવાનું છે નહિ કે સામાન્ય માનવરૂઢિઓનું અનુસરણ.

હું આ સરકારી કરારોને કોઈ વધારાની અગત્ય આપતી નથી. તેઓ જગતની હાલની પરિસ્થિતિમાં ફક્ત જરૂરિયાતો છે. પરંતુ તેઓ કોઈ ગહન સત્યની સાથે સંબંધ ધરાવતા નથી.

(૨) જીવનની વાસ્તવિકતાઓમાં મનુષ્યની શકિત અધિકાર ઉપર આધાર રાખતી નથી, પરંતુ તેની આંતરિક ચેતનાનાં બલ અને પ્રકાશ ઉપર આધાર રાખે છે.

*

મેં તમારા પત્રો વાંચ્યા છે અને તમારી કાર્ય કરવાની શકિતમાં તમને જે આત્મશ્રદ્ધા છે તેનાથી મને સારો સંતોષ છે. એ સાચું છે કે તમારામાં શકિત છે, પરંતુ તમે સહમત થશો કે શકિત હોવી અને જ્ઞાન હોવું એ બે વચ્ચે તફાવત હોય છે; અને કોઈ કાર્યના જ્ઞાન માટે તેનું શિક્ષણ લેવું પડે છે.

એટલે પ્રથમ તો તમારે જેઓ જાણે છે તેમની પાસેથી શીખવું જોઈએ અને શીખવા માટેની શ્રેષ્ઠ રીત છે તેમને કાર્ય કરતા જોવા. તમને જ્યારે જ્ઞાન થશે અને કાર્ય કરવામાં તમારી સંપૂર્ણતા, સ્થિરતા અને વફાદારી સાબિત કરશો, ત્યાર પછી હું તમને પૂર્ણ જવાબદારી સોંપીશ અને કાર્યનું સમગ્ર સંચાલન આપીશ.

*

કેટલાક માણસો પ્રમાણિક હોય છે, પરંતુ તેમનામાં કાંઈ કરવાની શકિત હોતી નથી; કેટલાક માણસો શકિતશાળી હોય છે પરંતુ તેમનાં કાર્યોમાં તેઓ પ્રમાણિક હોતા નથી. જ્યારે મને કોઈ પ્રમાણિક અને શકિતશાળી બન્ને ગુણોવાળો માણસ મળે ત્યારે તે ઘણો કિંમતી બની જાય છે.

૮ ઑગસ્ટ ૧૯૫૫

*

અહીં દરેક કાર્ય વિશ્વની કોઈક વસ્તુનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. જ્યારે અહીં કોઈ નવું કાર્ય શરૂ કરવામાં આવે છે ત્યારે જગતની તેમાં નવીન સમસ્યાઓ સામેલ થાય છે; એટલા માટે હું નવી સમસ્યાઓને આવકારતી નથી, પરંતુ જો તે આવે તો તેમને હું છોડી દેતી નથી. માટે સૌથી ઊંચી ચેતનાને નીચે લાવવી પડે છે, તેના માટે મારે નીચે વ્યવસ્થા

કરવી પડે છે. અને બધા પ્રશ્નોને ઉકેલવા પડે છે.

૧૭ ઑગસ્ટ ૧૯૫૫

*

પહેલાં હું દરેક વસ્તુ ઉપર કાબૂ રાખતી. મારી જાણ અને સંમતિ વગર કોઈ વસ્તુ થઈ શકતી નહિ. પાછળથી મેં કાર્યની જુદી પદ્ધતિ અપનાવી. હું બધી વિગતોમાંથી પાછી હઠતી અને મારી જાતને દૂર રાખીને ઉપરથી જાણે કે જોતી, અને દરેક કાર્ય કરનારને તેના ક્ષેત્રમાં સાચી પ્રેરણા મોકલતી.

કામ કરનારના આધ્યાત્મિક વિકાસને માટે આ ફેરફાર જરૂરી હતો. તેણે મારી અસર વિશે આંતરિક રીતે સચેતન બનવું પડે છે. પરંતુ તે તેને ત્યારે જ ગ્રહણ કરી શકે જ્યારે બધા જ કાર્યકરો સહકાર આપે. સહકાર વગર સાચી પ્રેરણા અસરકારક બનશે નહિ. ઉપરથી આવતા કાર્યનો વિશાળ વેગ હોય છે; તે બધા વિભાગોને આવરી લે છે અને તે એક સંવાદમય પૂર્ણ વસ્તુ હોય છે. જો કાર્યના ક્ષેત્ર વચ્ચે દીવાલ ઊભી કરવામાં આવે, તેનું વિભાજન કરીને ભાગ પાડવામાં આવે, તો કાર્ય કદી આધ્યાત્મિક સંકલ્પ અનુસાર બની શકે નહિ.

એટલે મનમાં આ વસ્તુ ધારણ કરી રાખો, સહકાર નહિ તો સાચું કાર્ય નહિ.

૧ ડિસેમ્બર ૧૯૫૭

*

'સત્તા'નો કોઈ પ્રશ્ન જ નથી — તેમજ કીર્તિનો પણ નહિ. આપણી પાસે જે ભૂમિકાનું જ્ઞાન અને અનુભવ નથી તે 'ક્ષ' પાસે પુષ્કળ પ્રમાણમાં છે. તે આપણી સાથે તેમાં ભાગીદાર બનવા ખુશ છે એટલે આપણે માટે સૌથી સમજપૂર્વક વસ્તુ એ છે કે આપણે જેટલું શકય હોય તેટલું શીખી લઈએ અને તેના માટે કૃતજ્ઞ થઈએ.

વળી, કદી ભૂલશો નહિ કે આપણે પ્રભુ માટે કાર્ય કરી રહ્યા છીએ અને કોઈ પણ જાતની અહંકારપૂર્ણ લાગણીનો હસ્તક્ષેપ કરીને કાર્યને બગાડી શકાય નહિ.

કાયમ તમારી સાથે હાજર.

૫ નવેમ્બર ૧૯૫૮

*

મારા વહાલા બાળક,

મારી વિનંતીથી 'ક્ષ' તારા વિભાગમાં તેના કાર્યની વ્યવસ્થા કરવા માટે આવશે અને તને મળશે.

હું તને કહું છું કે તેને ખૂબ લાગણીપૂર્વક આવકારજે કારણ કે જેમ તું મારો બાળક છે તે પ્રમાણે તે પણ છે, અને તેને કોઈ રસ પડે એવું કાર્ય સોંપજે જેમાં તેની શક્તિઓનો સારો ઉપયોગ થઈ શકે.

તેને આનંદનો અનુભવ થાય અને તે 'મારું' કાર્ય કરવા માટે ત્યાં છે એવું તેને લાગે તે મને ગમશે.

મારા આશીર્વાદ.

૨ ઑક્ટોબર ૧૯૬૨

*

શિસ્ત વગર કોઈ કાર્ય શક્ય નથી.

શિસ્ત વગર કોઈ જીવન શક્ય નથી.

અને સૌથી વધારે તો શિસ્ત વગર કોઈ સાધના શક્ય નથી.

દરેક ખાતામાં એક જરૂરી શિસ્ત હોય છે અને તમારે તમારા વિભાગનું શિસ્ત અનુસરવું જ જોઈએ.

અંગત લાગણીઓ, ગણગણાટો અને ગેરસમજોએ કાર્યમાં ડખલ કરવી જોઈએ નહિ. કાર્ય પ્રભુની સેવા માટે કરવામાં આવે છે અને નહિ કે માનવ લાભો માટે.

પ્રભુ પ્રત્યે તમારી સેવા ઝીણવટભરી પ્રામાણિકતાવાળી, અનાસક્ત અને નિઃસ્વાર્થી હોવી જોઈએ નહિ તો પછી તેની કોઈ કિંમત નથી.

૨૫ જાન્યુઆરી ૧૯૬૫

*

અહીં કોઈ પણ વ્યક્તિ કેવળ ટોચની વ્યક્તિ બની શકે નહિ — દરેકે સહકાર આપવાનું શીખવું જોઈએ. મિથ્યાભિમાન, આત્મવંચના અને પોતાની જાત વિશેની મહત્તાની લાગણી ઉપર કાબૂ રાખવો તે વધારે સારું શિસ્ત છે.

૧૭ ફેબ્રુઆરી ૧૯૬૮

*

આશ્રમની અંદર, કાર્યમાં બેદરકારી રાખવી, એ દ્રોહ છે.

૧૫ માર્ચ ૧૯૬૯

*

માનવજીવનમાં બધી જ મુશ્કેલીઓ, બધી જ તકરારો અને નૈતિક વેદનાનું કારણ એ છે કે દરેકમાં પોતાની ઇચ્છાઓ, પસંદગીઓ અને નાપસંદગીવાળો અહંકાર હાજર હોય છે. બીજાઓને મદદ કરવાના નિઃસ્વાર્થી

કાર્યમાં જ્યાં સુધી વ્યક્તિ પોતાના અહંકાર અને તેની માગણીઓ ઉપર વિજય મેળવતી નથી, જ્યાં સુધી તેના ઉપર દબાણ મૂકીને તેને એક ખૂણામાં શાંત કરી દેતી નથી ત્યાં સુધી તેનો અહં તેને જે વસ્તુ નાપસંદ હોય તે દરેક વસ્તુ ઉપર પ્રત્યાઘાત આપે છે, એક આંતરિક વાવાઝોડું ઉત્પન્ન કરે છે અને તે સપાટી ઉપર આવીને બધા જ કાર્યને બગાડી નાખે છે.

અહં ઉપર વિજય મેળવવાનું કાર્ય બહુ લાંબું, ધીરું અને મુશ્કેલ છે; તે સતત જાગૃતિ અને ટકી રહે તેવો પ્રયત્ન માગે છે. કેટલાક માટે આ પ્રયત્ન સહેલો હોય છે અને બીજાઓ માટે તે વધારે મુશ્કેલ હોય છે.

અહીં આપણે આશ્રમમાં સાથે રહીને કાર્ય કરવા માટે છીએ અને આપણી સાથે શ્રી અરવિંદનું જ્ઞાન અને બલ છે. તે એવો પ્રયત્ન છે જેમાં એક સમૂહ વધારે સંવાદયુક્ત, વધારે સુદૃઢ અને જીવનમાં વધારે ઉપયોગી બને તેનો સાક્ષાત્કાર કરવા માટે આપણે અહીં છીએ.

જ્યાં સુધી તમારા બધાની સાથે મારી શારીરિક હાજરી હતી ત્યાં સુધી તે તમારા અહંકાર ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરવા માટે સહાય કરતી અને તેથી મારે તમારી સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરવાનું જરૂરી નહોતું.

પરંતુ હવે આ પ્રયત્ન દરેક વ્યકિતના અસ્તિત્વનો પાયો બનવો જોઈએ અને જેઓ જવાબદારીવાળા સ્થાન ઉપર છે અને જેમને બીજાઓની સંભાળ રાખવાની છે તેમના માટે તો ખાસ બનવો જોઈએ. નેતાઓએ દષ્ટાંત બેસાડવું જોઈએ. તેમની સંભાળ નીચે જે લોકો છે તેમની પાસે જે ગુણોની તેઓ અપેક્ષા રાખે છે તે ગુણોનો પોતે અમલ કરવો જોઈએ. તેઓ સમજદાર, ધીરજવાળા, સહનશીલ, સહાનુભૂતિપૂર્ણ અને હૂંફ અને મિત્રાચારીની શુભ ભાવનાથી ભરેલા હોવા જોઈએ. નહિ કે અહંકારથી પોતાના માટે મિત્રો એકઠા કરવાની ભાવનાવાળા. તેમણે ઉદારતાથી અને સમજપૂર્વક બીજાઓને મદદ કરવી જોઈએ.

પોતાની જાતને ભૂલી જવી, પોતાની પસંદગીઓ અને રાગદ્વેષને બાજુ પર મૂકી દેવા એ સાચા નેતા બનવા માટે અનિવાર્ય છે.

હું તમારી પાસે આ વસ્તુ માગું છું જેથી કરીને તમારે જે રીતે જવાબદારીઓ અદા કરવાની છે તે રીતે કરી શકો અને પછીથી તમને જણાશે કે જે જગાએ તમને અવ્યવસ્થા અને ભંગાણ દેખાય છે તે બધું અદૃશ્ય થઈ ગયું છે અને તેની જગાએ સંવાદ, શાંતિ અને આનંદનું સ્થાપન થયું છે.

તમે જાણો છો કે હું તમને ચાહું છું અને હું તમને ટકાવી રાખવા, મદદ કરવા અને માર્ગ દર્શાવવા કાયમ તમારી સાથે છું.

આશીર્વાદ.

૨૬ ઑગસ્ટ ૧૯૬૯

*

તમે ભૂલી જતા લાગો છો કે તમે આશ્રમમાં રહો છો તેથી તમે જે કામ કરો છો તે તમારા પોતાના માટે નથી કરતા, તેમજ તમારા ઉપરી માટે પણ નથી કરતા, પરંતુ પ્રભુ માટે કરો છો. તમારું જીવન પૂરેપૂરું પ્રભુના કાર્ય માટે અર્પણ થયેલું છે અને તે ક્ષુદ્ર માનવ વિચારોથી સંચાલિત થઈ શકે નહિ.

૨૮ મે ૧૯૭૦

*

અહીં જે કોઈ કાર્ય કરવામાં આવે છે તે પૂર્ણ સહકારની ભાવનાથી અને એકમાત્ર લક્ષ્યથી થાય છે. – પ્રભુની સેવા માટે.

*

એક સમૂહજીવનમાં શિસ્ત અનિવાર્ય છે જેથી કરીને વધારે શક્તિશાળી માણસો નબળા સાથે ખરાબ વ્યવહાર કરે નહિ; અને જેમને સમૂહમાં રહેવાની ઇચ્છા હોય તેમણે બધાએ આ શિસ્તને માન આપવું જોઈએ.

સમૂહજીવનના સુખને માટે કોઈએ શિસ્ત નક્કી કરવું જરૂરી છે, એવા માણસ કે માણસો દ્વારા જેમનામાં મનની વિશાળતા હોય અથવા શક્ય હોય તો, જેઓ પ્રભુની હાજરી વિશે સચેતન હોય અને જેમણે તેને સમર્પણ કરેલું હોય.

પૃથ્વીના સુખને માટે તેવા માણસોના હાથમાં જ શકિત હોવી જોઈએ જેઓ પ્રભુની સંકલ્પશકિત વિશે સચેતન હોય. પરંતુ હાલ તો તે અશક્ય છે કારણ કે જે માણસો 'ખરેખર' પ્રભુના સંકલ્પ વિશે સચેતન હોય તેમની સંખ્યા 'નહિવત્' છે, અને આ લોકોને મહત્ત્વાકાંક્ષાની જરૂર હોતી નથી.

સાચું કહીએ તો જ્યારે સાક્ષાત્કારની ઘડી આવશે ત્યારે તે આપોઆપ જ સ્વાભાવિક રીતે જ આવશે.

તેના માટે દરેકે પોતાની જાતને શકય રીતે સંપૂર્ણ તૈયાર કરવાની ફરજ છે.

૧૮ ફેબ્રુઆરી ૧૯૭૨

*

હું સહમત છું કે દરવાજાની પરિસ્થિતિ જરા મુશ્કેલ છે પરંતુ સૂચનાઓ લખવી એ ઘણું મુશ્કેલ છે કારણ કે બધી વિગતો તેમાં દર્શાવવી પડે.

*

(દરવાજો સાચવનાર અને લાયબ્રેરી હાઉસમાં રહેનાર માટે) મેં વારંવાર કહ્યું છે કે 'સુપ વરંડા'ને સ્વચ્છ રાખવો જોઈએ અને તેમાં અંગત વસ્તુઓ (પ્યાલા, ટંબલર, જોડા, ચંપલ વગેરે) ચારે બાજુએ વેરવિખેર હોવાં જોઈએ નહિ. આશ્રમના દરવાજા આગળ પ્રવેશ કરનાર મુલાકાતીઓ માટે એ વસ્તુઓનું અયોગ્ય પ્રદર્શન લાગે છે.

હું ઇચ્છું છું કે મારે આ વસ્તુ ફરીને ન કહેવી પડે અને આ આજ્ઞાનું ચોકસાઈપૂર્વક પાલન કરવામાં આવે.

૬ જૂન ૧૯૩૨

*

## દરવાજા પરની ફરજ

માતાજી દરવાજા પરની ફરજને ઘણી જવાબદારીભરી અને અગત્યની ગણે છે. આ ફરજમાં સંભાળ અને જાગૃતિ હોવાં જોઈએ.

જે મુલાકાતીઓ માહિતી મેળવવા માટે અથવા વેપાર અર્થે અહીં આવે છે તેમને યોગ્ય વિવેકથી આવકાર આપવો જોઈએ, જરૂર હોય તો બેસાડવા જોઈએ અને જરૂરી બધી માહિતી અથવા શકય સહાય પણ આપવાં જોઈએ. માણસો વચ્ચે ભેદ રાખવો જોઈએ નહિ.

અમુક ખાસ પ્રકારની માહિતી માટે સેક્રેટરીને મળવું જોઈએ.

જે લોકો દરવાજા આગળ કોઈ પણ હેતુ વગર ઊભા રહે અથવા ટોળામાં એકઠા થાય તેમને દરવાજા છોડી દેવાની વિનંતી કરવાનો હક દરવાજે બેસનારનો છે. તેણે આશ્રમના બીજા માણસો સાથે લાંબી વાતચીતમાં ઊતરવું જોઈએ નહિ તેમજ તેની પોતાની ફરજમાં એકાગ્રતા કરવા સિવાય બીજા લખવાના, વાંચવાના અથવા બીજા કોઈ કાર્યમાં રોકાવું જોઈએ નહિ.

રજા સિવાય આશ્રમના ચોગાનના ભાગમાં કોઈ પણ મંજૂરી વગરની વ્યક્તિને પ્રવેશ આપવો ન જોઈએ.

ફીલ્ટરને નોકરોએ અડકવું જોઈએ નહિ. તેમણે સાયકલવાળા મકાનમાંથી પાણી લેવું જોઈએ. જરૂર પડયે આશ્રમવાસીઓએ નોકરો સાથે જવું જોઈએ.

દરવાજા પાસેની જગા શાંત અને સ્વચ્છ રહેવી જોઈએ.

જેમને કાર્ય સોંપવામાં ન આવ્યું હોય તેવી બીજી કોઈ પણ વ્યક્તિની સંભાળમાં દરવાજો રહેવો ન જોઈએ.

૨૫ સપ્ટેમ્બર ૧૯૫૨

*

માતાજી ઇચ્છે છે કે જે લોકો મુલાકાતીઓને આવકારે છે તેઓ તેમના તરફ કાયમ વિવેકી અને નમ્ર વર્તન રાખવા માટે જવાબદાર છે. ઉચ્ચ વર્ગના અને નીચેના વર્ગના, યુવાન અને વૃદ્ધ, સારાં વસ્ત્રો પહેરેલાં કે ખરાબ કપડાંવાળા, બધાને ઉદારતાથી અને સારા વર્તનથી આવકારવા જોઈએ. વધારે સારો પોશાક પહેરેલા માણસો આશ્રમમાં વધારે સારો આવકાર પામે એ જરૂરી નથી. સાધારણ માણસ ભીખારી જેવા લાગે તેના કરતાં મોટરકારવાળા માનવીની વધારે સંભાળ લઈએ એવું ન બનવું જોઈએ. તેઓ આપણા જેવા જ માણસો છે અને આપણને એવું વિચારવાનો હક નથી કે આપણે સીડીની ટોચ ઉપર છીએ.

તેમજ આપણો વિવેક ફક્ત બહારનો, અક્કડ ન હોવો જોઈએ, તે અંદરથી આવવો જોઈએ. ગમે તે મુશ્કેલી હોય, ગમે તે સંજોગો હોય – માતાજી સંજોગોની ઝીણામાં ઝીણી વિગત પૂર્ણ રીતે જાણે છે, આપણે ક્યારે મગજ ગુમાવીએ છીએ અને કાર્યમાં ગુસ્સો કરીએ છીએ તે બધું બરાબર જાણીને તેઓ કહે છે — ગમે તેવા સંજોગો હોય છતાં ઉદ્ધતાઈ અને તોછડું વર્તન ક્ષમ્ય નથી.

આપણા માર્ગમાં મુશ્કેલીઓ છે, પરંતુ માતાજી કહે છે કે નિયમ પ્રમાણે આપણી મુશ્કેલીઓ અને તકલીફો એવી હોય છે જેના ઉપર વિજય મેળવવા માટે આપણે શક્તિશાળી છીએ. જો આપણે સારામાં સારી અવસ્થામાં રહીએ તો મગજ ગુમાવ્યા સિવાય આપણે પરિસ્થિતિને હલ કરી શકીએ. યાદ રાખો કે દરેક પ્રસંગે જ્યારે આપણે આપણા મન ઉપરનો કાબૂ ગુમાવીએ છીએ, દરેક વખતે જ્યારે આપણે ગુસ્સે થઈએ છીએ અથવા શિસ્ત રાખવા માટે બાહ્ય સાધનોનો ઉપયોગ કરવો પડે છે ત્યારે તેનો અર્થ કે આપણે નીચે પડીએ છીએ અને પરિસ્થિતિને પહોંચી શકતા નથી. દરેક વસ્તુમાં, દરેક રીતે તેનો નિષ્કર્ષ એક જ નિયમમાં આવે છે —કાયમ પ્રગતિ કરવા પ્રયત્ન કરો, તમારી સાચી જાત બનવા પ્રયત્ન કરો. તમે આજે તે કરી શક્યા ન હો તો આવતી કાલે તે પ્રમાણે કરવાનું શક્ય બનવું જોઈએ. પરંતુ ત્યાં તેની પૂર્ણ અસર હોવી જોઈએ. તમે કદી ન ભૂલશો કે તમારા કાર્યમાં આશ્રમનું તમે પ્રતિનિધિત્વ ધરાવો છો. તમારા વર્તન ઉપરથી લોકો આશ્રમ વિશે નિર્ણય બાંધશે. ભલે તમારે "ના" કહેવી હોય, તમારે કોઈની વિનંતીને અમાન્ય કરવી હોય, તમે નમ્રતા અને વિવેકથી તે પ્રમાણે કરી શકો છો. દરેકને મદદ કરવા પ્રયત્ન કરો. બીજાઓ તમારી સાથે ઉદ્ધત થાય છતાં તેથી તમારે પણ તે પ્રમાણે કરવું એ તેન

માટેનું કારણ છે. બહારની વ્યક્તિઓ જે પ્રમાણે કરે તે પ્રમાણે તમે વર્તન કરો તો તમારો અહીં રહેવાનો અર્થ શો છે ?

૯ મે ૧૯૫૭

## વેતન મેળવતા કામદારો

જેઓ તેમની રોજી માટે તમારા ઉપર આધાર રાખે છે તેમના પ્રત્યે તમારે ખૂબ વિવેકી રહેવું જોઈએ. જો તમે તેમની સાથે તોછડો વર્તાવ રાખશો તો તેમને બહુ લાગી આવશે પરંતુ રોજી છૂટી જવાની બીકે, એક માનવી બીજા માનવી સાથે વાત કરી શકે, તે રીતે તમારી સાથે વાત નહિ કરી શકે.

તમારાથી વધારે ઉન્નત હોય તેમની સાથે થોડી તોછડાઈ બતાવવી તેમાં કદાચ તમારો મોભો હોઈ શકે પરંતુ જેઓ તમારા ઉપર આધાર રાખે છે તેમની સાથે ખૂબ વિવેકભર્યું વર્તન કરવું તેમાં જ તમારું ગૌરવ છે.

૨૩ જૂન ૧૯૩૨

*

મોચીને પગારવધારો જોઈએ છે. તેને ત્રણ માણસોના કુટુંબનો નિભાવ કરવાનો હોવાથી તેણે આઠ રૂપિયાને બદલે દશ રૂપિયાની માગણી કરવાની વિનંતી કરી છે.

કુટુંબ વિશેની વિચારણામાં મને બિલકુલ રસ નથી. કામ કરનારનો પગાર તેના કાર્ય ઉપર, તેની શકિત ઉપર, તેની નિયમિતતા ઉપર આધાર રાખે છે અને નહિ કે તેણે કેટલા માણસોને નિભાવવાના છે તેના ઉપર. કારણ કે જો આપણે આ સંજોગોને વિચારણામાં લઈશું તો તે કાર્ય માટેનો પગાર નહિ પણ દાન થશે અને મેં ઘણી વખત કહ્યું છે તે પ્રમાણે આશ્રમ રાહત આપતી સંસ્થા નથી. સામાન્ય નિયમ પ્રમાણે મેં આ વર્ષે કામ કરનારાઓ અથવા નોકરોના પગારો વધાર્યા નથી. જો આ છોકરો ઘણું સારું કામ કરતો હોય અને તેના વર્તનથી તને સંતોષ થયો હોય તો હું તેને આઠને બદલે નવ રૂપિયા શરૂઆતમાં આપી શકીશ.

૩૦ ઑગસ્ટ ૧૯૩૨

*

જ્યારે મજૂરો તેમના બિલ્લાઓ લેવા આવે ત્યારે તેમને જરૂરથી વધારે વખત સુધી રોકી રાખો નહિ

આખા દિવસનું કાર્ય કર્યા પછી તેમને આરામ માટે ઘેર જવાની જરૂરિયાત હોય છે.

૪ ફેબ્રુઆરી ૧૯૩૩

*

નોકર કોઈ ગુનેગાર નથી અને તેને થોડી મુકિત અને સ્વતંત્રતા આપવાં જોઈએ

*

મને ખાતરી છે કે જેવી રીતે નોકરો સાથે વર્તન કરવામાં આવે છે તેવી રીતે તેઓ વર્તે છે.

૧૦ માર્ચ ૧૯૩૫

*

નોકરોને સતત ઠપકો આપ્યા કરવો તે બહુ ખરાબ છે – જેટલા ઓછા તેમને ધમકાવો તેટલું વધારે સારું. જ્યારે 'ક્ષ' તમને નોકરોને ઠપકો આપવાનું કહે ત્યારે તમારે તે પ્રમાણે કરવાનો ઈન્કાર કરવો અને તેને કહી દેવું કે મેં તમને તે પ્રમાણે ન કરવાની આજ્ઞા ફરમાવી છે.

તમારા સાથી કાર્યકરો માટે, દરેકને તેની પોતાની લાગણી પ્રમાણે વર્તવાની છૂટ છે.

મારો પ્રેમ અને આશીર્વાદ.

૧૬ મે ૧૯૪૦

*

જો તમને ખાતરી હોય કે નોકરો લૂંટ ચલાવે છે તો તે વસ્તુ સાબિત કરે છે કે તેમના ઉપર બરાબર નિરીક્ષણ થતું નથી અને તમારે વધારે સંભાળપૂર્વક ધ્યાન રાખવું પડશે

૧૯ જુલાઈ ૧૯૪૦

*

મેં મજૂરોની સંખ્યા વિશે મારું દૃષ્ટિબિંદુ કહ્યું છે. જેટલા તેઓ વધારે હશે તેટલું તેઓ ઓછું કામ કરશે હું શાકભાજી માટે ચૌદ માણસોની મંજૂરી આપતી નથી. તે કાર્ય ઘણા ઓછા માણસોથી પણ થઈ શકે તેમ છે અને વધારે સારી રીતે.

૧ નવેમ્બર ૧૯૩૪

*

મારા વહાલા બાળક,

'ય' માટેનો મારો નિર્ણય 'ક્ષ' એ તમને જણાવ્યો હશે. તમારો વિરોધ હોવા છતાં મારે તે નિર્ણય લેવો પડયો, કારણ કે આ માણસે આશ્રમમાં બીજું કામ માગ્યું હતું; તેણે ધમકી પણ આપી નથી અથવા વધારે પૈસાની માગણી પણ કરી નથી. તે સારો કારીગર છે અને તેને ગુમાવવો પાલવે એમ નથી. જો તમે આ પ્રસંગમાં તમારા પ્રથમના અહંકારી પ્રત્યાઘાતોમાંથી મુકત થાઓ તો તે વધારે સારી રીતે સમજી શકો અને ખરેખર તમે "અપમાન"ની લાગણી રાખી શકો નહિ કારણ કે તે વસ્તુ બિલકુલ યોગને અનુરૂપ નથી.

મને આશા છે કે આ વસ્તુ વાંચ્યા પછી તમે સ્વસ્થતા પ્રાપ્ત કરશો. આ ઘણા ન નકડા અને તુચ્છ પ્રસંગને સાચા દૃષ્ટિબિંદુથી સમજી શકશો. મારા પ્રેમ અને આશીર્વાદ સાથે.

૩ ઑક્ટોબર ૧૯૪૪

*

તમે તેને દરરોજના દસ આનાવાળા મજૂર તરીકે લઈ શકો છો પરંતુ હું વધારાના કાર્ય (ઓવર ટાઈમ નો પગાર આપવાની ના પાડું છું. તમારે એ જોવું પડશે કે તે તેનું કામ સમયસર પૂરું કરે. અમારો કાયમનો અનુભવ છે કે જ્યારે કામદારોને ઓવરટાઈમનો પગાર આપવામાં આવે છે ત્યારે તેઓ કામ કરવાના કલાકોમાં ખાસ કાંઈ કામ કરતા નથી અને આ રીતે ઓવરટાઈમનો વધારે દર નિયમિત રીતે લેવાની ગોઠવણી કરે છે.

૧ ફેબ્રુઆરી ૧૯૪૫

*

દયાજનક બનાવો જેને લઈને જગતમાં ઊથલપાથલ થઈ ત્યાર પછી થોડાં વર્ષોના ગાળા પછીથી, આજે પહેલાંનો સ્થાપિત રિવાજ, નવા વર્ષે કાપડ વહેંચવાનો કાર્યક્રમ ફરીથી ચાલુ કરીએ છીએ.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન હતા તેનાથી પણ કમનસીબે અત્યારે સંજોગો ઘણા મુશ્કેલ છે. અને મને જે ગમે તે પ્રમાણે હું કરી શકતી નથી. આજે જે કપડાંઓની હું વહેંચણી કરું છું તે મને મળી શક્યાં તે જ છે અને તે પણ ઘણું મુશ્કેલીથી બન્યું છે. હું વધારામાં કહીશ કે મને આશા છે કે આવતે વર્ષ તે વધારે સારું બનશે.

૧ જાન્યુઆરી ૧૯૪૬

*

## શ્રી અરવિંદ આશ્રમના કામદારો માટેની જાહેરાત

માલિક અને નોકરો વચ્ચે જે સામાન્ય સંબંધ હોય છે તેની સરખામણીમાં મારો અને કામદારો વચ્ચેનો ખાસ સંબંધ છે તે સમજાવવાની મારી ઇચ્છા છે.

મારી એ પણ ઈચ્છા છે કે આ ખાસ સંબંધ સમજ્યા પછી મજૂરોએ તેમની બધી માન્યતાઓ અને સમૂહમાં તેઓ જે માગણી કરે છે તેમાં કાયમ આ સંબંધ ટકાવી રાખવો જોઈએ.

આ વિશિષ્ટ સંબંધ નીચે પ્રમાણે છે :

(અ) આશ્રમનું કાર્ય નફા માટે કરવામાં આવતું નથી, એ સર્વ જાણે છે. એટલા માટે જેમ વસ્તુઓ યુદ્ધ દરમિયાન દરેકને માટે મોંઘી અને મુશ્કેલ બને છે, તેમ મારા માટે પણ તે પ્રમાણે બનેલું અને તે સંજોગોને લઈને મારી આવક કોઈ પણ રીતે વધી નથી. ઔદ્યોગિક અને વેપારી પેઢીઓએ ઘણો નફો મેળવેલો છે અને તેથી તેઓ વેતનનો દર સહેલાઈથી વધારી શકે છે, પરંતુ અહીં આશ્રમમાં ખર્ચ વધી ગયો તેમ છતાં મજૂરોની મુશ્કેલીઓનાં દૃષ્ટિબિંદુથી મેં તેમને નિયમિત ઈજાફાઓ અને મોંઘવારી ભથ્થાંઓ આપ્યાં છે.

(બ) એવો પણ સમય આવેલો જ્યારે કેટલાક મજૂરો માટે કાર્ય ન હતું, પરંતુ વેપારી પેઢીઓની માફક મેં મજૂરોને છૂટા કર્યા નથી પરંતુ તેમના માટે બીજું કામ શોધી કાઢવા માટે પ્રયત્ન કર્યો છે. મારી કાયમ એ પદ્ધતિ રહેલી છે કે કાર્ય ન હોય તેથી મજૂરોને, જેમણે વફાદારીપૂર્વક સેવા કરી હોય, તેમને કદી પાછા મોકલવા નહીં. હું સહેલાઈથી તે પ્રમાણે કરી શકી હોત અને બધાં જ કામો બંધ કરી શકી હોત. અને તેથી આશ્રમને કોઈ ગંભીર મુશ્કેલી ન પડી હોત. પરંતુ એ પ્રમાણે કરવાથી સર્વસામાન્ય દુઃખમાં વૃદ્ધિ કરી હોત. અને મારે તે કરવું ન હતું

(ક) જેમણે મારા માટે ઘણાં વર્ષો સુધી કાર્ય કર્યું હોય એવા ઘણા કામદારો છે. અને તેમણે ભક્તિ અને વફાદારીથી મારી સેવા કરી છે અને તેમણે મને કામ આપનાર તરીકે ગણી છે એટલું જ નહિ પરંતુ તેમના પોતાના અને તેમના કુટુંબની રક્ષણહાર તરીકે પણ મને માનેલ છે.

(ડ) એકંદરે આશ્રમમાં કામ કરનારાઓએ વધારે કે ઓછી રીતે મને મુખ્ય-પદે ગણીને એક કુટુંબના સભ્ય તરીકે કામ કરેલું છે અને આ વિશિષ્ટ પ્રકારના સંબંધથી તેમનામાંના ઘણાખરાને લાભ થયો છે તેમાં શંકા

નથી. આ સંબંધ જાળવી રાખવો મને ગમશે અને મારા કામદારો સાથેના બધા વ્યવહારોમાં તે પાયાની વસ્તુ ગણાશે.

આ બધાં દૃષ્ટિબિંદુઓથી એમ સૂચના આપવામાં આવે છે કે આશ્રમમાં કામ કરતા માણસોએ તેમની પોતાની એક મંડળી ("સિન્ડિકેટ") બનાવવી કારણ કે જે રીતે મેં સમજ આપી તે પ્રમાણે બીજા મજૂરો કરતાં તેમના ઉપરી સાથેના સંબંધો જુદા પ્રકારના છે. આ સંસ્થાને કામદારોની સર્વ સામાન્ય સંસ્થા જોડે જોડાણ કરી શકાય. પરંતુ તેમના કાર્ય અને વર્તન માટે તેમની પોતાની આગવી રીત રાખી શકે. વધારામાં એવું સૂચન આપવામાં આવે છે કે આશ્રમના કામદારોની "મંડળી"માંથી એક કમિટી ચૂંટી કાઢવી, જે કાર્યકરોમાં જુદા જુદા પ્રકારનો અભિપ્રાય ધરાવતા હોય તેમનું પ્રતિનિધિત્વ ધરાવે. આ કમિટી પાસે કામદારોએ જે પ્રકારની માગણી કરી હોય તે સ્વીકારે અને તેના ઉપર વિચારણા કરીને તેને જે ન્યાયી અને વાજબી નિર્ણય લાગે તે નિર્ણય લઈ તેમના પ્રમુખ મારફતે મારા તરફ અમલમાં મૂકવા રજૂ કરે. આવા પ્રકારની વિનંતીઓને હું શુભ લાગણી અને સહાનુભૂતિથી સ્વીકારીશ, અને માગણીના વાજબીપણા પ્રમાણે જે ઉત્તમ લાગેશ તે કરીશ.

સંઘર્ષ, ઘર્ષણ, દુઃખ અને દર્દના આ કાળમાં જેમને મારી નીચે મારી સાથે કાર્ય કરવું છે તે બધા પાસેથી હું પરસ્પર સમજપૂર્વકની ફળદાયી ફાયદાકારક સહકારની માગણી કરું છું.

૫ માર્ચ ૧૯૪૬

*

એપ્રિલ ૨૧, ૧૯૫૨ને દિવસે મેં કામદારોને શું કહ્યું :

તમારે અહીં એકઠા થવાની નકામી તકલીફ લેવાની કોઈ જરૂર નહોતી; પરંતુ જ્યારે તમે અહીં છો ત્યારે મારે તમને કેટલીક વસ્તુઓ કહેવી છે.

પહેલું, તમે તમારું કાપડ માગો છો – મેં કદી કહ્યું નથી કે તમને તે નહિ મળે. પરંતુ તે મેળવવું અઘરું છે અને તેને માટે સમય લાગે છે. કાપડનો જથ્થો આવવામાં છે અને જ્યારે તે આવશે ત્યારે તમને જાણ કરવામાં આવશે.

તમારા પગારના વધારા માટે મેં તમને પહેલાં ઉત્તર આપેલો છે અને હું ફરીથી કહું છું કે મારા પોતાના સાધનસંપત્તિના પ્રમાણમાં મેં મારા ખર્ચની હદ ઓળંગી છે અને હવે મારા ખર્ચમાં હું કોઈ પણ રીતે વધારો કરી શકું એમ નથી એટલે જો હું તમારામાંના કેટલાકના પગારમાં વધારો

કરું તો બીજા કેટલાક લોકોને મારે છૂટા કરવા પડે; તો હું બન્ને પાસાં મેળવી શકું. હવે કયું પાસું વધારે મજબૂત છે તે તમારે જોવું રહ્યું, તમારો વ્યક્તિગત અહં કે સામૂહિક લાભ ? તમારે તમારા સહકાર્યકરોના જીવનના ભોગે તમારી આવકનો વધારો કરવો છે ?

તમે ફરિયાદ કરો છો કે તમે દુઃખમાં જીવો છો; અને હું તમને કહું છું કે તમે એટલા માટે દુઃખમાં જીવો છો કારણ કે તમારા પૈસા દારૂ પીવામાં અને ધૂમ્રપાનમાં ગુમાવો છો અને તમારી શક્તિ તીવ્ર કામવાસનાના ઉપભોગમાં તમે ગુમાવો છો. આ બધું જ, આલ્કોહોલ, તમાકુ અને કામવાસના તમારી તંદુરસ્તીનો વિનાશ કરે છે.

પૈસો સુખ લાવી શકતો નથી. સંન્યાસીની પાસે કાંઈ જ હોતું નથી અને ઘણે ભાગે દિવસ દરમ્યાન એક જ વખત તે ખાણું ખાય છે. તે જો સચ્ચાઈવાળો હોય તો પૂરેપૂરો સુખી હોય છે. પરંતુ પૈસાદાર માણસ જો વધારે તીવ્રતાથી ઉપભોગો કરતો હોય તો તેની તંદુરસ્તી તેનાથી નાશ પામે છે અને પૂરેપૂરો દુઃખી થાય છે.

હું ફરીને કહું છું કે પૈસો માણસને સુખ આપતો નથી. પરંતુ શક્તિ, સારી તંદુરસ્તી અને શુભ ભાવનાઓની આંતરિક સમતુલા સુખ આપે છે. દારૂ અને ધૂમ્રપાન બંધ કરો, અતિશય મોજશોખ છોડો, ઈર્ષ્યા અને ધિક્કાર બંધ કરો અને પછી તમારા ભાગ્ય માટે તમે રુદન નહિ કરો અને તમને એમ નહિ લાગે કે જગત દુઃખથી ભરપૂર છે.

એપ્રિલ ૧૯૫૨

*

## શ્રી અરવિંદ આશ્રમના નોકરોને

મારે તમારા માટે શું કરવું છે.

તમારા વ્યક્તિગત અને સામૂહિક પ્રશ્નોના ઉકેલને હું કયા દૃષ્ટિબિંદુથી જોઉં છું અને આપણી વચ્ચેના સંબંધોમાં કયું સત્ય રહેલું છે તે તમને કહીશ.

પરંતુ જે કાર્યક્રમની રૂપરેખા હું તમારી સમક્ષ મૂકું તેનું અમલીકરણ કરવા માટે બે ખાસ શરતો જરૂરી છે. પહેલું તો મારી પાસે, મારી યોજનાને અમલમાં મૂકવા માટે નાણાં જોઈએ; બીજું તમારે મારા પ્રત્યે અને તમારા કાર્ય પ્રત્યેના વલણમાં થોડી પણ સચ્ચાઈ, પ્રામાણિકતા અને શુભ ભાવના બતાવવાં જોઈએ. કમનસીબે તમને મારી સાથે છેતરપિંડી

કરવાની ટેવ છે. ખોટા સલાહકારોએ તમને એવી શિખામણ આપેલી છે કે તમારા માલિક પાસે તમારે એ રીતે વર્તવું તે ઉત્તમ રીત છે. એવું બની શકે કે માલિક પોતે તમને છેતરવાનો અને તમારું શોષણ કરવાનો ઇરાદો રાખે તો આવું વલણ તમારા માટે ન્યાયી કહેવાય. પરંતુ મારી સાથે આવું વલણ રાખવું તે મૂર્ખાઈ છે અને ભૂલ છે; સૌથી પ્રથમ તો તમે મને છેતરી શકો નહિ અને તમારી છેતરપિંડી ઉઘાડી પડી જાય અને તેથી તમને મદદ કરવાની મારી બધી જ ઇચ્છા નાબૂદ થઈ જાય. અને બીજું હું તમારી "શેઠ" નથી અને હું તમારું શોષણ કરવા માગતી નથી.

મારો બધો જ પ્રયત્ન વાસ્તવિક સંજોગો જેટલું સત્ય બતાવી શકે તેટલું આ જગતમાં સિદ્ધ કરવાનો છે. અને સત્યની વૃદ્ધિ સાથે બધાનાં યોગક્ષેમ અને સુખમાં વૃદ્ધિ જરૂર થશે.

જાતિ કે વર્ગના ભેદોમાં મારે માટે કોઈ સત્ય નથી; વ્યક્તિગત કિંમતની જ ગણતરી છે. મારું લક્ષ્ય એક વિશાળ કુટુંબનું સર્જન કરવાનું છે જેમાં દરેકને પોતાની શક્તિઓનો વિકાસ કરવાનો છે જેથી તેમને અભિવ્યક્ત કરવાની શક્યતા મળે. દરેકને પોતાની શક્તિઓના પ્રમાણમાં તેનું સ્થાન અને ધંધો મળશે અને દરેક એક શુભ ભાવના અને ભ્રાતૃભાવ રાખશે.

આવા પ્રકારની કુટુંબવ્યવસ્થાના પરિણામે પગાર કે વેતનની જરૂર ઊભી થશે નહિ. કામ પોતાની આજીવિકા કમાવાના સાધન રૂપે ન હોવું જોઈએ. તેનો દ્વિવિધ હેતુ હોવો જોઈએ. પ્રથમ તો પોતાનાં કાર્ય માટેનો પ્રકાર અને શક્તિનો વિકાસ સાધવો અને બીજું પોતાની શરીરસંપત્તિ અને નૈતિક તેમજ બૌદ્ધિક વલણની ગુણવત્તાના પ્રમાણમાં તેની સેવા આપવી અને પોતે જે કુટુંબનો સભ્ય છે તેના કલ્યાણ માટે ફાળો આપવો એ યોગ્ય છે. તે રીતે કુટુંબ માટે પણ એ યોગ્ય છે કે પોતાના દરેક સભ્યની બધી જરૂરિયાતો તેણે પૂરી પાડવી.

હાલના જીવનની પરિસ્થિતિ અનુસાર આ આદર્શને મૂર્ત સ્વરૂપ આપવા માટે એક નગર બાંધવાનો મારો વિચાર છે, જેમાં શરૂઆતમાં લગભગ બે હજાર માણસોનો સમાવેશ થઈ શકે. તે સૌથી આધુનિક યોજના અનુસાર બંધાશે અને તંદુરસ્તી અને જાહેર સલામતીની બધી જ આધુનિક જરૂરિયાતોને પહોંચી વળશે. તેમાં ફક્ત રહેઠાણ માટે મકાનો હશે એટલું જ નહિ પરંતુ બગીચાઓ અને શારીરિક શિક્ષણ માટે રમતગમતનાં મેદાનો પણ હશે. દરેક

કુટુંબને સ્વતંત્ર મકાન, રહેઠાણ મળશે; અપરિણિતોને તેમના ધંધા અને રુચિ પ્રમાણે ગોઠવવામાં આવશે.

જીવનની જરૂરિયાતો માટેની કોઈ પણ વસ્તુ લક્ષ બહાર જશે નહિ. સૌથી આધુનિક રીતનાં સ્વચ્છ રસોડાંઓ, બધાને સરખી રીતે સાદો અને તંદુરસ્ત ખોરાક પૂરો પાડશે અને શરીરના યોગ્ય પોષણ માટે જરૂરી શક્તિની પ્રાપ્તિ માટે ખાતરી આપશે. તે સામૂહિક અને સહકારી કાર્યના પાયા ઉપર કામગીરી કરશે.

શિક્ષણ બાબતમાં નીચેની વ્યવસ્થા ખાસ જરૂરી છે. સર્વને માટે નૈતિક અને બૌદ્ધિક શિક્ષણની વ્યવસ્થા, બાળકોના તેમજ ઉમરલાયક માણસોના વિકાસ માટે ભિન્ન ભિન્ન શાખાઓ, જુદા જુદા વ્યવસાય માટે તાંત્રિક શિક્ષણ, સંગીત અને નૃત્ય માટેના વર્ગો, એક ચલચિત્ર માટેનો ખંડ જેમાં શૈક્ષણિક ચિત્રો બનાવવામાં આવશે. એક સભાખંડ, એક લાયબ્રેરી અને વાચનાલય, જુદા જુદા શારીરિક શિક્ષણ માટે રમતગમતનું મેદાન વગેરે જરૂરી છે.

દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિને અનુકૂળ પ્રવૃત્તિ પસંદ કરી શકશે અને એ માટે જરૂરી તાલીમ પ્રાપ્ત કરશે. નાના બગીચાઓની સુવિધા થશે જેમાં જેને ખેતીનો શોખ હોય તેઓ ફૂલો, ફળો અને શાકભાજી ઉગાડી શકશે.

તંદુરસ્તી બાબતમાં નિયમિત દાકતરી તપાસ થશે; એક હૉસ્પિટલ, એક દવાખાનું, ચેપી રોગો માટે અલાયદું નર્સિંગ હોમ, આરોગ્ય માટેનો એક વિભાગ હશે જેનું એકમાત્ર કાર્ય જાહેર અને ખાનગી મકાનોની તપાસ રાખવાનું અને સ્વચ્છતા માટેના ચુસ્ત નિયમોનું પાલન દરેક જગાએ અને દરેક દ્વારા થાય તે જોવાનું રહેશે.

છેવટે વિશાળ "ભંડારો"ની વ્યવસ્થા કરવામાં આવશે જેમાં અન્ય ચીજવસ્તુઓ, જે જીવનમાં વિવિધતા અને આનંદ આપે, તેવી નાની મોટી વસ્તુઓ હશે જે વ્યક્તિ 'કૂપન'ના બદલામાં મેળવી શકશે. કોઈ ખાસ નોંધપાત્ર કાર્ય કરે અથવા કોઈ પ્રશંસનીય વર્તન કરે તેના બદલા રૂપે આવી કૂપનો મળશે.

હું સંસ્થાની વ્યવસ્થા અને કાર્ય વિશે લાંબું વર્ણન આપીશ નહિ, જો કે તેમાં રહેલી દરેક નાનામાં નાની વિગત વિશે અગાઉથી બધું વિચારાયું છે.

એ કહેવાની જરૂર નથી કે આવી આદર્શ જગામાં રહેવા, પ્રવેશ મેળવવા માટે ખાસ વિશિષ્ટ શરતો પૂરી કરવાની છે. તેમાં સારું ચારિત્ર્ય, સારું

તે પોતે બીજા બધા સાધકો કરતાં ઘણો ચઢિયાતો છે એમ સાબિત કરવા કાયમ પ્રયત્ન કરે છે. તેની ભૂલનું મૂળ તે વસ્તુ છે.

મે ૧૯૨૫

*

તમારા નિર્ણય માટે મને આનંદ થયો અને મને આશા છે કે તમે તેને વળગી રહેશો. હું તમને લખવાની હતી કે તમારે મને મળવાની અથવા પીવાની વચ્ચે પસંદગી કરવાની છે — કારણ કે તમે પીવાનું ચાલુ રાખો તો હું તમને મળવાનું બંધ કરું — પરંતુ મને એ ખુશી થઈ છે કે તમે હવે નિર્ણય લઈ લીધો છે.

૧૧ ઑક્ટોબર ૧૯૩૫

*

> મારા મસ્તક ઉપર પ્રકાશ, આનંદ, જ્ઞાન અને શક્તિનો એક મોટો જથ્થો રહેલો છે. તે મારી અંદર ઊતરવાની તૈયારીમાં હોય એવું લાગ છે. મને વિચારો આવે છે કે મારે મારી શાંતિ થોડીક અનિશ્ચિત મુદત સુધી ચાલુ રાખવી જોઈએ. મારે કોઈ પણ વ્યક્તિની સાથે હળવું-મળવું કે વાતચીત કરવી જોઈએ નહિ અને મારે મારા રૂમમાંથી અથવા મકાનમાંથી દર્શન અને પ્રણામના દિવસો સિવાય બહાર નીકળવું જોઈએ નહિ.

શ્રી અરવિંદ કહે છે કે કોઈ પણ સંજોગોમાં તમારે સાંજે ધ્યાન માટે આવવાનું ચૂકવું નહિ. ધ્યાનમાં હાજરી અનિવાર્ય રીતે જરૂરી છે એમાં હું સંપૂર્ણ સહમત છું.

૧૬ ડિસેમ્બર ૧૯૪૦

*

મિથ્યાભિમાન અને સ્વાર્થ શિક્ષણને સાચા અર્થમાં ગ્રહણ કરવામાંથી અટકાવે છે.

૧૦ મે ૧૯૪૪

*

ઓરડામાં 'પૂરેપૂરી શાંતિ' રાખવી જોઈએ. જે કોઈ એક શબ્દ પણ શ્રી અરવિંદની હાજરીમાં ઉચ્ચારશે તેણે આ જગા તાત્કાલિક છોડી દેવી પડશે.

*

સેવાની ભાવનાએ આ જગાએથી વિદાય લીધેલી છે.

૧૬ મે ૧૯૫૪

*

સૌથી શ્રેષ્ઠમાંથી પણ એવો કોઈ પણ નથી જે છેવટનો વિજય મેળવવા માટે તેની બધી ટેવો, સગવડો અને પસંદગીઓનો ત્યાગ કરવા તૈયાર થાય, ભલે પછી તેની આ માર્ગ પર ગરદન ભાંગી જાય.

*

તમારું વલણ બદલાવું જોઈએ — કારણ કે કોઈ વસ્તુ 'અંગત' નથી, બધું જ પ્રભુનું છે અને જરૂર લાગે તો તેનો સામૂહિક ઉપયોગ થઈ શકે અને એક સઘન દૃષ્ટાંત તરીકે, તમારે તમારા હાલના રહેઠાણને છોડી દેવાનું હું કહું છું અને તમારે બીજા મકાનમાં રહેવા જવાનું છે. આ નિર્ણયને તમારે પ્રભુકૃપાના આવિર્ભાવ તરીકે સ્વીકારવો એવી મારી સલાહ છે.

૧૬ એપ્રિલ ૧૯૫૮

*

'ક્ષ' કહે છે કે આ કામ કરી શકે એવી કોઈ વ્યક્તિને તે જાણતો નથી. તેની ઇચ્છા પ્રદર્શન ગોઠવનારાઓને પણ કહી દેવાની છે કે પ્રદર્શન ગોઠવાશે નહિ.

મને તેના માટે ઘણું દુઃખ થયું. સંજોગોને બદલે તે સંકલ્પ-શક્તિની 'હાર છે' અને તે આશ્રમની કીર્તિને ઝાંખપ લગાડે છે.

૧૪ ફેબ્રુઆરી ૧૯૬૩

*

(એક સાધક એ. બી. પુરાણી વિશે જેઓનું ૧૧ ડિસેમ્બર ૧૯૬૫માં મૃત્યુ થયું.)

### પુરાણી

તેમનો ઊર્ધ્વતર બૌદ્ધિક ભાગ શ્રી અરવિંદ પાસે જઈને તેમની સાથે જોડાઈ ગયો છે. તેમનો ચૈતસિક ભાગ મારી પાસે છે અને તે ઘણા સુખ અને શાંતિમાં છે. તેમનો પ્રાણિક ભાગ, જેઓ તેમની મદદ માગે છે તેમને હજુ પણ મદદ કરે છે.

૫ માર્ચ ૧૯૬૬

પવિત્ર વિશે (ફિલિપ બારબિયર સેન્ટ–હિલેર) – એક સાધક જેમનું ૧૬ મે ૧૯૬૯માં મૃત્યુ થયું.

તે રાત્રીએ જે મને અનુભૂતિ થઈ છે તે ઘણી રસપ્રદ હતી. અને મારા જીવનમાં એ પ્રકારની કદી થઈ નથી. તે મૃત્યુ પામ્યો તે પહેલાંના આગળના દિવસની રાત્રી હતી. નવ વાગ્યા હતા. મને લાગતું હતું કે તે પાછો હઠે છે, અદ્ભુત રીતે પાછો હઠે છે. તે પોતાની જાતમાંથી બહાર નીકળતો અને સંવરણ કરીને પોતાની જાતને મારામાં રેડતો હતો. તે સજ્ઞાન રીતે એકાગ્ર સંકલ્પશક્તિથી સ્પષ્ટ રીતે સંપૂર્ણ શક્તિથી બહાર નીકળતો હતો. તેણે આ રીતે સ્થિરતાથી અટક્યા સિવાય કલાકો સુધી ચાલુ રાખ્યું. તે એક વાગે બંધ થયું. મેં સમય જોયેલો.

કોઈ પણ ક્ષણે પ્રમાદ અથવા ક્ષોભ અથવા અટકાયત નહોતી. એક સરખો સ્થિર પ્રવાહ, અટક્યા વગર અગર શકિતની ક્ષીણતા વગર ચાલ્યા કરતો હતો. એ એટલો બધો એકાગ્ર, ઘટ્યા વગરનો પ્રવાહ હતો, જ્યાં સુધી મારામાં તે સંપૂર્ણતયા ન આવી ગયો ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહી, જાણે કે છેલ્લા બુંદ સુધી તે પોતે જે શરીરમાં હતો તેને પમ્પ કરીને ખાલી કરતો હતો. હું કહું છું કે તે અદ્ભુત હતું – મેં આવી વસ્તુનો કદી અનુભવ કર્યો નથી. જ્યારે શરીરમાં સાવ નજીવી જેવી જ વસ્તુ રહી ત્યારે આ પ્રવાહ અટક્યો; શરીરને જ્યાં સુધી કાર્ય કરવાની જરૂર હતી ત્યાં સુધી મેં શરીર તે સ્થિતિમાં રહેવા દીધું, ત્યાર પછી ઘણે લાંબે સમયે ઘણા લાંબા વખતે ડોક્ટરોએ તેને મૃત શરીર જાહેર કર્યું.

જે રીતે તે જીવનમાં હતો, તે રીતે તો તે આ કાર્ય ન કરી શક્યો હોત; મેં તેની પાસેથી એવી આશા પણ નહિ રાખેલી, તે તેનું ભૂતકાળનું કાર્ય કરતું જીવન હતું અને તેણે કાર્ય કર્યું. ઘણા યોગીઓ, મોટામાં મોટા પણ, આ રીતે વસ્તુઓ કરી શક્યા ન હોત. તે અહીં અંદર છે, પૂરેપૂરો જાગ્રત, અને તમે બધા જે કરી રહ્યા છો તેના પ્રત્યે તે રમૂજી રીતે જુએ છે. તે પૂરેપૂરો મારી અંદર સમાવિષ્ટ થઈ ગયો છે એટલે કે મારી અંદર વાસ કરે છે, અને તે વિઘટ્ટિત થયેલ નથી; તેની વ્યક્તિતા અખંડ છે. અમૃતા જુદો છે. તે બહાર છે, તમારામાંનો એક, તમે બધાં હરતાફરતા મનુષ્યોમાંનો એક. કોઈક વખત, અલબત્ત, જ્યારે તેને આરામ કરવો હોય છે ત્યારે તે

આવે છે અને અહીં રહે છે. એક અદ્ભુત વાત છે. પવિત્રએ એક ઘણી મહાન અને મુશ્કેલ વસ્તુ કરી છે.

૨૫ મે ૧૯૬૯

*

તારે મિલનું કપડું ન પહેરવું હોય છતાં ફરજિયાત પહેરવું એવો મારો હેતુ નથી.

મેં એટલું જ કહ્યું હતું કે મારી પાસે આપવા માટે ફક્ત મિલનું જ કાપડ છે.

જ્યારે વ્યક્તિ મનમાં અને હૃદયમાં મુક્ત બને છે ત્યારે આ બધી વસ્તુઓ તરફ જોવાનું તેનું દૃષ્ટિબિંદુ બદલાઈ જાય છે. પરંતુ જ્યાં સુધી મુક્તિ આવી હોતી નથી ત્યાં સુધી દબાણ કરવામાં આવતું નથી.

તમે ખરાબ વિચારો અને શંકાઓને તમારા પ્રત્યે આવવા દીધા હોવાથી તમે રક્ષણમાંથી બહાર નીકળી ગયા છો.

*

(જરૂરી ભૌતિક વસ્તુઓ રિદ્ધિ-સિદ્ધિમાં (Prosperity) વહેંચવામાં આવતી, તે મેળવનારા માટેનો સંદેશ)

રિદ્ધિ-સિદ્ધિમાંથી ગ્રહણ કરેલી વસ્તુઓ વેચી દેવી એ પ્રભુનું અપમાન છે અને તેને માટે આધ્યાત્મિક પરિણામો સહન કરવાં પડશે.

જૂન ૧૯૭૧

*

અહીં રહેલી દરેક વ્યક્તિને તે જેટલી લઈ શકે તેટલી શક્તિ, પ્રકાશ અને તાકાત આપવામાં આવે છે અને કેટલીક વખત વધારે પણ. એ તમારા રૂપાંતર માટે આપવામાં આવે છે. પરંતુ જ્યારે તમે બધું સ્વીકારો છો અને તમારા અંગત સ્વાર્થ માટે વાપરો છો અને ખાસ કરીને આ કહેવાતા માનવપ્રેમ માટે ત્યારે તે અપ્રમાણિકતા છે, તે લૂંટ છે અને તે પ્રથમ દરજ્જાનો ગુનો છે

*

તમને જે વસ્તુ જે હેતુ માટે આપવામાં આવે છે તેના માટે જ તેનો ઉપયોગ થવો જોઈએ, નહિ તો પછી તમે ગુનો કરો છો. હું ફક્ત સ્થૂલ વસ્તુઓની જ વાત કરતી નથી. હું તમને બધો જ સમય જે આંતરિક

વસ્તુઓ આપું છું, બધી જ તાકાત, પ્રકાશ, શક્તિ અને જીવન, જે તમારી અંદર બધો જ સમય રેડવામાં આવે છે, તે પ્રભુની સેવા અર્થે લેવાનું હોય છે; તે તમારા રૂપાંતરના હેતુ માટે હોય છે. જો તમે કોઈ બીજા હેતુ માટે તેમનો ઉપયોગ કરો તો તમે લૂંટારા છો અને તે તમારો પ્રથમ પંક્તિનો ગુનો છે.

*

જ્યારે હું બીજાઓની કામગીરીઓ વિશે તમને અહેવાલ આપું છું ત્યારે તેનો અર્થ એવો થાય ખરો કે હું તેમના વિશે ફરિયાદ કરું છું અને એ પ્રમાણે કરવું સાચું છે?

તે બધું તમારા વલણ ઉપર આધાર રાખે છે. જો તમે વેરવૃત્તિથી કોઈની વિરુદ્ધ અહેવાલ આપો, અથવા તમારી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે, અથવા બીજા કોઈ અંગત હેતુસર, તો પછી એ ખરેખર ખોટું છે અને તમારે તે પ્રમાણે કરવું જોઈએ નહિ. સાચી રીતે તો તમારે એક અરીસા માફક કાર્ય કરવું જોઈએ, જેમાં તમે જે જુઓ છો તેનું સાચું પ્રતિબિંબ હોય. તમારો પોતાનો અંગત રાગદ્વેષ ન હોવો જોઈએ. અને તમે બિલકુલ તટસ્થ હોવા જોઈએ. જો અરીસામાં પોતાનામાં કોઈક ખામી હોય તો હું તેને સુધારી શકું, પરંતુ તમારે એટલી ખાતરી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ કે તમારો અરીસો ચિત્રને વિકૃત કરતો નથી.

*

એટલું ચોક્કસ છે કે કોઈની વિરુદ્ધ ફરિયાદ કરવી એ ખરાબ છે; પરંતુ 'ક્ષ' ધારે છે તે સાચું નથી. જો તમે કાયમ ધ્યાનમાં જ રહો તો જ તમે કહી શકો કે તમે અનિષ્ટ જોતા નથી, અનિષ્ટ સાંભળતા નથી અને અનિષ્ટ બોલતા નથી. પરંતુ જ્યારે તમે કાર્યના ક્ષેત્રમાં હો છો ત્યારે તમારે મને માહિતી આપવી પડે છે. તમે ન્યાય આપવા બેસી જાઓ નહિ, તમે અરીસા જેવા બનો અને તમે જે જુઓ તેનું સાચું ચિત્ર આપો. એ શકય હોઈ શકે કે તમારો અરીસો ખામીવાળો હોય, પરંતુ એ મારે જોવાનું છે અને હું તે જોઈ લઈશ. તમારે સૌથી ઉત્તમ કરવાનું છે અને તમારી સમજ પ્રમાણે સાચું ચિત્ર આપવાનું છે.

*

# ૪. ઓરોવિલ

## હેતુઓ અને સિદ્ધાંતો

ઓરોવિલની ઇચ્છા વિશ્વનગર બનવાની છે જેમાં સર્વ દેશના પુરુષો અને સ્ત્રીઓ શાંતિમાં અને પ્રગતિશીલ સંવાદમાં, બધા વાદોથી, રાજકારણથી અને રાષ્ટ્રીયતાઓથી પર રહી શકે.

ઓરોવિલનો હેતુ માનવઐક્યનો સાક્ષાત્કાર કરવાનો છે.

૮ સપ્ટેમ્બર ૧૯૬૫

•

૧. ઓરોવિલની રચના માટે કોણે પ્રારંભ કરેલો છે ?

પરમ પ્રભુએ.

૨. ઓરોવિલનાં નાણાંની વ્યવસ્થામાં કોણ ભાગ ભજવે છે ?

પરમ પ્રભુ.

૩. જો કોઈને ઓરોવિલમાં રહેવું હોય તો તેને માટે કઈ શરતો છે ?

પરમ પૂર્ણતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો.

૪. ઓરોવિલમાં રહેવા માટે વ્યક્તિએ યોગના વિદ્યાર્થી થવું જ પડે ?

સમગ્ર જીવન યોગ છે. એટલે પરમ યોગની સાધના કર્યા સિવાય વ્યક્તિ જીવી શકે નહિ.

૫. ઓરોવિલમાં આશ્રમનો ફાળો શો રહે છે ?

પરમ પ્રભુની જે કોઈ ભાગ ભજવવાની ઇચ્છા હોય તે.

૬. ઓરોવિલમાં કેમ્પિંગની જગાઓ હશે ?

જ્યારે જેવી વસ્તુની જરૂર હશે ત્યારે તે પ્રમાણે બનશે.

૭. ઓરોવિલમાં કુટુંબજીવન ચાલુ રહેશે ?

જો વ્યક્તિ તેનાથી પર નહિ થઈ ગઈ હોય તો.

૮. ઓરોવિલમાં વ્યક્તિ પોતાનો ધર્મ રાખી શકશે?

જો તે તેનાથી પર નહિ થઈ ગઈ હોય તો.

૯. ઓરોવિલમાં માણસ નાસ્તિક રહી શકે?

જો તે તેનાથી પર ના થઈ ગયો હોય તો.

૧૦. ઓરોવિલમાં સામાજિક જીવન રહેશે?

માણસ જો તેનાથી પર ન થઈ ગયો હોય તો.

૧૧. ઓરોવિલમાં સંઘપ્રવૃત્તિઓ ફરજિયાત રહેશે?

કોઈ પણ વસ્તુ ફરજિયાત નથી.

૧૨. ઓરોવિલમાં પૈસાનો ઉપયોગ રહેશે?

ના, ઓરોવિલને ફક્ત બાહ્ય જગત સાથેના સંબંધોમાં જ પૈસાનો સંબંધ રહેશે.

૧૩. ઓરોવિલમાં કાર્યની વ્યવસ્થા અને વહેંચણી કઈ રીતનાં હશે?

"એમાં પૈસો ચક્રવર્તી સ્વામી નહિ હોય. સ્થૂલ સંપત્તિ અને સામાજિક દરજ્જાને કારણે ઊભાં થતાં મૂલ્ય કરતાં માણસના વ્યક્તિગત મૂલ્યનું મહત્ત્વ વધારે રહેશે. કામ, ત્યાં પોતાની આજીવિકા મેળવવાના સાધન રૂપે નહિ હોય, કામ એ પોતાની અભિવ્યક્તિના સાધન રૂપે બનશે. તે તમારી શક્તિઓ અને શક્યતાઓને વિકસાવવાનું સાધન હશે અને સાથે સાથે તે આખા સમૂહની સેવા રૂપે બનશે. એ સમૂહ પોતાના તરફથી દરેક વ્યક્તિને તેના નિર્વાહની વ્યવસ્થા કરી આપશે અને તેના કાર્યને માટે ક્ષેત્ર ઊભું કરી આપશે." *

૧૪. ઓરોવિલમાં નિવાસ કરનારાઓનો બહારના જગત સાથે શો સંબંધ હશે?

દરેક વ્યક્તિને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. ઓરોવિલ નિવાસીઓના બહારના જગત સાથેના સંબંધો, દરેકની અંગત અભીપ્સાઓ અને પ્રવૃત્તિઓ પ્રમાણે સ્થાપિત થશે.

---

* શ્રી માતાજીનો લેખ 'એક સ્વપ્ન'માંથી અવતરણ.

૧૫. ઓરોવિલની જમીન અને મકાનોનું માલિક કોણ હશે?
પરમ પ્રભુ.

૧૬. શિક્ષણ માટે કઈ ભાષાઓ વાપરવામાં આવશે?
જગતની બોલાતી બધી ભાષાઓ.

૧૭. ઓરોવિલમાં વાહનવ્યવહાર માટેનાં કેવાં સાધનો હશે?
આપણે જાણતા નથી.*

૧૯૬૫

*

ઓરોવિલ સારી રીતે ગોઠવાય છે અને વધારે અને વધારે વાસ્તવિક બનતું જાય છે, પરંતુ તેની સિદ્ધિ સામાન્ય માનવ રીતે થતી નથી અને તે બાહ્ય ચક્ષુને બદલે આંતર ચક્ષુને વધારે અને વધારે દૃષ્ટિગોચર થાય છે.

જાન્યુઆરી ૧૯૬૬

*

તમે કહો છો કે ઓરોવિલ એક સ્વપ્ન છે. હા. તે પ્રભુનું સ્વપ્ન છે અને ઘણે ભાગે આવાં 'સ્વપ્નો' સાચાં નીવડે છે – કહેવાતી માનવ વાસ્તવિકતાઓ કરતાં ઘણાં વધારે સાચાં.

૨૦ મે ૧૯૬૬

*

પૃથ્વી પરના સર્જનમાં માનવજાતિએ છેવટનું ચક્ર નથી. ઉત્ક્રાંતિ ચાલુ છે અને માનવને મૂકીને આગળ ચાલી જવાશે. દરેક વ્યક્તિએ જાણવું જરૂરી છે કે તેને નવીન માનવજાતિના આગમનમાં ભાગ લેવા ઇચ્છે છે કે નહિ.

જગત જેવું છે તેનાથી જેઓને સંતોષ છે તેમને માટે ઓરોવિલની હસ્તી હોવા માટે કોઈ કારણ નથી એ સ્પષ્ટ છે.

ઑગસ્ટ ૧૯૬૬

*

ઓરોવિલે સત્યની જ સેવામાં રહેવું જોઈએ અને બધી જ સામાજિક, રાજકીય અને ધાર્મિક માન્યતાઓથી પર રહેવું જોઈએ. ઓરોવિલ સત્ય અને સચ્ચાઈમાં રહેલો શાંતિ માટેનો પ્રયત્ન છે.

૨૦ સપ્ટેમ્બર ૧૯૬૬

*

---

* માતાજીએ આ પ્રશ્નોના ઉત્તર ૧૯૬૫માં આપેલા, જ્યારે તેમણે ૮ ઑક્ટોબર ૧૯૬૯માં વાંચેલા ત્યારે ૧૨ થી ૧૭ પ્રશ્નોના ઉત્તરો અહીં છપાયા તે પ્રમાણે સુધારેલા.

ઓરોવિલ વિશ્વશાંતિ, મૈત્રી, ભ્રાતૃભાવના અને ઐક્ય માટેનો પ્રયત્ન છે.

૨૦ સપ્ટેમ્બર ૧૯૩૬

*

જ્યાં સુધી તમે કેટલાકની તરફેણમાં અને બીજાઓની વિરૂદ્ધમાં હો છો ત્યાં સુધી તમે અચૂક સત્યની બહાર હો છો.

તમારે તમારા હૃદયમાં એક શુભ ભાવના અને પ્રેમ સતત ધારણ કરવાં જોઈએ અને બધા પ્રત્યે શાંતિ અને સમતાપૂર્વક તેમને વહન કરાવવાં જોઈએ.

૧૬ ડિસેમ્બર ૧૯૬૬

*

ઓરોવિલ: છેવટે એક એવું સ્થળ જ્યાં વ્યક્તિ પોતાના ફક્ત ભવિષ્ય વિશે જ વિચારશે

જાન્યુઆરી ૧૯૬૭

*

(પ્રોમીસીની કમળ તળાવડીની બાજુમાં અથવા અંદર મૂકવા માટે પથ્થર ઉપર કોતરવાનો સંદેશ)

જ્ઞાન શાંતિ અને ઐક્યના ભાવિ તરફ જેમને ઝડપથી પ્રગતિ કરવી હોય તે બધાને માટે ઓરોવિલ એક આશ્રયસ્થાન તરીકે બાંધેલ છે.

૧૬ માર્ચ ૧૯૬૭

*

## ઓરોવિલમાં નિવાસ માટેની શરતો

માનસશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી નીચેની શરતોની જરૂર હશે:

(૧) માનવજાતની મૂળભૂત ઐક્યના માટેની એક શ્રદ્ધા રાખવી અને તે ઐક્યતા ભૌતિક સાક્ષાત્કાર માટે સાથ આપવા દૃઢ સંકલ્પ રાખવો.

(૨) જેમ જેમ સાક્ષાત્કારમાં પ્રગતિ થતી જશે તેમ તેમ સ્થૂલ પરિસ્થિતિઓ ઘડવામાં આવશે.

૧૯ જૂન ૧૯૬૭

*

ઓરોવિલનાં લક્ષ્યો

એક અસરકારક માનવચેતના

પૃથ્વી ઉપર શાંતિ.

*

ઓરોવિલ, સત્યની સેવામાં
મુકાયેલું નગર

૨૮ ફેબ્રુઆરી ૧૯૬૮

*

(ઓરોવિલના ખાતમુહૂર્ત પ્રસંગે આપેલો સંદેશો)

૨૮–૨–૬૮

શુભેચ્છા ધરાવતા સર્વ મનુષ્યોને ઓરોવિલનાં અભિનંદન, ઓરોવિલમાં આમંત્રણ છે સર્વને, જેમને પ્રગતિ માટેની તૃષા હોય, અને જેમને વધુ સાચા અને ઊર્ધ્વતર જીવન માટેની અભીપ્સા છે.

૨૮ ફેબ્રુઆરી ૧૯૬૮

*

## ઓરોવિલનો મુદ્રાલેખ

(૧) ઓરોવિલ કોઈ વ્યક્તિની માલિકીનું નથી. ઓરોવિલ સમગ્ર માનવજાતિનું છે પરંતુ ઓરોવિલમાં જીવન જીવવા માટે વ્યક્તિએ દિવ્ય ચેતનાની સ્વૈચ્છિક સેવા કરવા સંમત રહેવું પડશે.

(૨) ઓરોવિલ એક અનંત કેળવણીનું અખંડ પ્રગતિનું અને કદી વૃદ્ધ ન થતા યૌવનનું સ્થાન બનશે.

(૩) ઓરોવિલ ભૂત અને ભવિષ્યની વચ્ચે પુલ બનવા ઇચ્છે છે. બાહ્ય તેમજ અંતરની સૌ શોધખોળોનો લાભ લઈ ઓરોવિલ હિંમતપૂર્વક ભાવિ સાક્ષાત્કાર માટે ઠેક ભરશે.

(૪) ઓરોવિલ એક વાસ્તવિક માનવ ઐક્યને જીવંત દેહ અર્પણ કરવા માટે, ભૌતિક અને આધ્યાત્મિક સંશોધનનું સ્થળ બનશે.

*

છેવટે એવું કોઈ સ્થળ છે જ્યાં વ્યક્તિ પ્રગતિ કરવાનો અને પોતાની જાતથી પર થઈ જવાનો વિચાર કરી શકશે.

આખરે એવું કોઈ સ્થળ જ્યાં વ્યક્તિ શાંતિથી રહી શકશે અને પ્રજાઓ, ધર્મો અને મહત્ત્વાકાંક્ષાઓ વચ્ચેના કોઈ સંઘર્ષ વિના જીવી શકશે.

આખરે એવું સ્થળ જેમાં કોઈ પણ વસ્તુને માત્ર તે પોતે જ સત્ય છે. એ રીતે પોતાની જાતને હક કરવાનો અધિકાર રહેશે નહિ.

ફેબ્રુઆરી ૧૯૬૮

*

આશ્રમ અને ઓરોવિલ વચ્ચે શો તફાવત છે. ?

આશ્રમ તેના પાયા તરીકેનો પ્રેરણા આપનાર અને માર્ગદર્શન તરીકેનો સાચો ભાગ ભજવવાનું ચાલુ રાખશે. ઓરોવિલ સામૂહિક સાક્ષાત્કાર તરફનો પ્રયત્ન છે.

જૂન ૧૯૬૮

*

એ સાચું છે કે ઓરોવિલમાં નિવાસ કરવા માટે ચેતનાને મહાન પ્રગતિ કરવાની રહેશે.

પરંતુ તે ક્ષણ આવી પહોંચી છે જ્યારે આ પ્રગતિ શકય છે.

મારા પૂર્ણ પ્રેમ સાથે.

જૂન ૧૯૬૮

*

(ઓરોવિલ રિદ્ધિ-સિદ્ધિ (Prosperity) દ્વારા વહેંચાતી સ્થૂળ વસ્તુઓને લેનારા માટેનો સંદેશ)

ઓરોવિલ કામનાઓને સંતોષવામાટે નથી, પરંતુ સાચી ચેતનાના વિકાસ માટે છે.

૧૬ જૂન ૧૯૬૮

માનવોની વચ્ચે એકતા લાવવા માટે કોઈ પણ સચ્ચાઈભર્યો પ્રયત્ન ઓરોવિલમાં આવકાર્ય છે.

૨૦ જુલાઈ ૧૯૬૮

*

ભવિષ્યમાં આગળ વધવા માટે બધા જ નૈતિક તેમ જ ભૌતિક ફાયદાઓનો ત્યાગ કરવા તૈયાર રહેવું જોઈએ જેથી ભવિષ્ય આપણને જે આપી શકે તે આપણે પામ કરી શકીએ તે પ્રકારના ઘણા ઓછા માણસો છે પરંતુ ઘણાખરા તો એવા પ્રકારના માણસો છે જેમને દિવ્ય ભાવિ જે લાવો આપે તે

ગ્રહણ કરવું પસંદ પડે પરંતુ તેમની પાસે જે છે તેને નવી સમૃદ્ધિ પ્રાપ્ત કરવા છોડવું નથી.

૫ ઑગસ્ટ ૧૯૬૮

*

કામનાઓના સંતોષ માટે અને સુખસગવડ માટે વ્યક્તિને ઓરોવિલ-માં આવવાનું નથી; ચેતનાની વૃદ્ધિ માટે અને સત્ય પ્રત્યે સમર્પણ માટે સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

ઓરોવિલના સર્જનમાં ભાગ લેવા માટે નિ:સ્વાર્થી રહેવું એ પ્રથમ જરૂરિયાત છે.

૫ નવેમ્બર ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

ઓરોવિલની રચના માનવીની આધ્યાત્મિકતાના સ્વીકાર ઉપર કેટલો આધાર રાખે છે.

આધ્યાત્મિકતા અને ભૌતિક જીવન વચ્ચેનો વિરોધ, બન્ને વચ્ચે વિભાજનનો, મારા માટે કોઈ અર્થ નથી કારણ કે સત્યમાં જીવન અને આત્મા એક છે અને ભૌતિક કાર્યમાં અને તેના દ્વારા પરમ આત્મતત્ત્વનો આવિ-ર્ભાવ કરવાનો છે.

૧૯ એપ્રિલ ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

ઉપયોગિતા અથવા ભૌતિક લાભ માટે આપણે સત્યની સાથે સમાધાન કરવું પડે તેના માટે ઓરોવિલમાં કોઈ કારણ છે ?

જીવન જીવવું અને કાર્ય કરવું એ જ એક સમાધાન છે કારણ કે હજુ વિશ્વ પરણ સત્યના ધર્મ પ્રમાણે જીવન જીવતું નથી.

૭ જૂન ૧૯૬૮

## ઓરોવિલ

શિસ્ત સિવાય કોઈ પણ મહાન સર્જન શકય નથી.

વ્યક્તિગત શિસ્ત,
સામૂહિક શિસ્ત,
પ્રભુ પ્રત્યે શિસ્ત.

૧૬ સપ્ટેમ્બર ૧૯૬૮

*

(કાર્યની વ્યવસ્થા અંગે)

આપણે જે આદર્શોનો સાક્ષાત્કાર કરવાનો છે તેના પરથી નજર ખસેડયા સિવાય કાર્યની વ્યવસ્થા ચાલુ રાખવી એ અગત્યનું છે.

ડિસેમ્બર ૧૯૬૮

*

મધુર માતાજી,

કાર્યની રૂપરેખા માટે આપણે બધાએ સહમત થવાનું શકય છે કે કેમ તેના પ્રયત્ન માટે અને તે જોવા માટે આવતી કાલે એક સામાન્ય સભા થશે.

કોઈ પણ એક જ ભાષા બોલતું ન[illegible]વી જ વ્યક્તિઓ ભિન્ન છે અને કાર્યની સામાન્ય શિસ્તમાં સંમત થતા નથી. મને તમારા તરફથી કેટલાક સ્પષ્ટ લેખિત ઉત્તરો મેળવવાની ઇચ્છા છે. જેથી કરીને શું કહેવું તે હું જાણી શકું. એવી કોઈ વસ્તુ જે સત્ય હોય અને આ ગોટાળાને દૂર કરવામાં મદદરૂપ થઈ શકે.

ઓરોવિલની રચના માટે કાર્યપદ્ધતિ, વ્યવસ્થા અને સહકારની જરૂર ખરી ?

જીવન માટે શિસ્ત જરૂરી છે. શરીરને જીવવા માટે દરેક કાર્યમાં સખત શિસ્તમાંથી પસાર થવું પડે છે. આ શિસ્તમાં કોઈ પણ પ્રમાદ માંદગીમાં પરિણમે છે.

આ વ્યવસ્થા હાલમાં અને ભવિષ્યમાં કેવા પ્રકારની હોવી જોઈએ ?

કાર્યોમાં શિસ્ત એટલે વ્યવસ્થા, પરંતુ ઓરોવિલ માટે આપણે ગમે

તેવા તરંગી અને કૃત્રિમ શિસ્તથી પર થવું પડશે.

આપણે એવી વ્યવસ્થા જોઈએ છે જે ઉચ્ચતર પ્રકારની ચેતનાની અભિવ્યક્તિ હોય અને તે ભવિષ્યના સત્યને અભિવ્યક્ત કરતી હોય.

> જ્યાં સુધી આ સામૂહિક ચેતના વ્યક્ત થાય નહિ અને જ્યાં સુધી આપણે સાચી અને યથાર્થ સામૂહિક રીતે કાર્ય કરી શકીએ નહિ ત્યાં સુધી આપણે શું કરવું જોઈએ?

એક પ્રકાશિત કેન્દ્રની આજુબાજુ વ્યવસ્થિત અને ક્રમબદ્ધ ગોઠવાયેલી સંગઠિત સામૂહિક શિસ્તનું અનુસરણ.

> આપણે ઉપયોગી નીવડેલી વ્યવસ્થાની રીતોનો ઉપયોગ કરવો જોઈએ, જે માનવ તર્ક ઉપર અને મશીનોના ઉપયોગ ઉપર આધાર રાખે છે?

આ એક કામચલાઉ વસ્તુ છે અને તેના ઉપર આપણે કામચલાઉ રીતે જ આધાર રાખવાનો છે.

> અંગત કાર્યની પાછળ રહેલા વ્યક્તિગત ઉત્સાહ પાછળ રહેલી પ્રેરણા અને સહજજ્ઞાનને એક ચાલક શક્તિ તરીકે વ્યક્ત થવા દેવા જોઈએ. પક્ષની વ્યક્તિને નાપસંદ હોય તેવા હિત ધરાવતા પક્ષના બધા વિચારોનો ઇન્કાર કરવો જોઈએ?

કાર્યક્ષમ બનવા માટે ઓરોવિલના બધા કાર્યકરો દિવ્ય સત્ય વિશે સચેતન હોય તેવા યોગીઓ હોવા જરૂરી બને.

> ઇચ્છા રાખવા માટે, ગોઠવણી કરવા માટે અને એક સામાન્ય વ્યવસ્થાના પ્રયત્ન માટે સમય પાકી ગયો છે કે પછી વ્યક્તિએ સાચા વલણ અને સાચા માનવીઓ માટે રાહ જોવી જોઈએ?

કાર્ય કરવા માટે વ્યવસ્થાની જરૂર છે — પરંતુ તે વ્યવસ્થા મુલાયમ અને પ્રગતિશીલ હોવી જોઈએ.

> જો રાહ જોવી એ જ ઉકેલ હોય તોપણ એ જરૂરી નથી

કે વ્યવસ્થા માટેના સિદ્ધાંતો નક્કી કરવા અને કાબૂ બહાર જાય એવી અવ્યવસ્થાને નાબૂદ કરી શકાય ?

જેઓને ઓરોવિલમાં રહેવું છે અને કાર્ય કરવાની ઇચ્છા છે તે બધાને એક સંપૂર્ણ શુભેચ્છા, એક સત્ય જાણવાની સતત અભીપ્સા અને તેને આજ્ઞાધીન બનવું, કાર્યની જરૂરિયાતને પહોંચી વળવા માટેની પૂરતી નમનીયતા અને પ્રગતિ માટે અનંત સંકલ્પશક્તિ હોવાં જ જોઈએ જેથી કરીને અંતિમ સત્ય માટે તેઓ આગળ ધપી શકે.

અને છેવટે સલાહનો એક શબ્દ: બીજાઓના દોષ કરતાં પોતાના દોષો માટે વધારે કાળજી રાખવી. જો દરેક પોતાની જાતની પૂર્ણતા માટે ગંભીર રીતે કાર્ય કરે તો સમગ્રની પૂર્ણતા સ્વાભાવિક રીતે જ બની આવે

૬ ફેબ્રુઆરી ૧૯૬૯

*

ઓરોવિલ
એક નગર
જેની પૃથ્વીને જરૂર છે.

૨૨ ફેબ્રુઆરી ૧૯૬૯

*

(ઓરોવિલના પ્રથમ વાર્ષિકોત્સવ માટેનો સંદેશ)

જેઓ ઓરોવિલમાં રહે છે અને તેના સાક્ષાત્કાર માટે કાર્ય કરે છે તે સર્વની સાથે પ્રકાશ, શાંતિ અને આનંદ રહો.

આશીર્વાદ.

૨૮ ફેબ્રુઆરી ૧૯૬૯

*

(ઓરોવિલના પ્રથમ વર્ષ માટે સંદેશ)

પ્રભુની સાથેના ઐક્યમાં સ્વતંત્રતા શક્ય છે. પ્રભુની સાથે ઐક્ય સાધવા માટે વ્યક્તિએ પોતાની અંદર કામનાની શક્યતા ઉપર પણ કાબૂ મેળવેલો હોવો જોઈએ.

૨૮ ફેબ્રુઆરી ૧૯૬૯

*

ઓરોવિલમાં આપણે જે મુક્તિની માગણી કરીએ છીએ તે સ્વચ્છંદતા

નથી — સમગ્રની વ્યવસ્થાના કલ્યાણને બદલે દરેકને પોતાને પસંદ પડે તે પ્રમાણે વર્તન કરવું.

૧૯૬૯

*

> પ્રભુની એવી ઇચ્છા છે કે ઓરોવિલનો ઉદ્‌ભવ થવો જોઈએ? કે પછી પ્રભુ ઓરોવિલની રચનાને એક પ્રયોગ તરીકે જુએ છે?

ઓરોવિલનો વિચાર જ એક પૂરેપૂરો દિવ્ય છે અને તેના અમલીકરણ કરતાં તે ઘણાં વર્ષો પહેલાંનો હતો.

સ્વાભાવિક રીતે જ તેની અમલની વિગતોમાં માનવચેતના વચ્ચે પડે છે.

૧૭ એપ્રિલ ૧૯૬૯

*

> જુદાં જુદાં મૂલ્યો ધારણ કરનારા મનુષ્યો કઈ રીતે એક સાથે સંવાદમય રીતે જીવે અને કાર્ય કરી શકે?

તેનો ઉકેલ છે કે પોતે પોતાની જાતની અંદર ઊંડે ઊંડે જવું અને એવી જગા શોધવી જ્યાં બધા ભેદો એકઠા થઈને એક તાત્ત્વિક શાશ્વત ઐક્ય બને.

૪ મે ૧૯૬૯

*

## ઓરોવિલિયનોને

ઓરોવિલમાં એક સંવાદમય વાતાવરણનું સ્થાપન કરવાનું છે, જેના સ્પષ્ટ અમલ માટે દરેકે પોતાની અંદર નજર નાખવાની છે કે ક્યાં ઘર્ષણ અને ગેરસમજનું બીજ રહેલું છે.

કારણ કે આ બધાં કારણે 'કાયમ' બન્ને બાજુએ હોય છે અને બીજાઓ પાસે કોઈ પણ વસ્તુની માગણી કરતાં પહેલાં દરેકે તે બધાનો અંદરથી ત્યાગ કરવા માટે પ્રયત્ન કરવાનો હોય છે.

૪ જુલાઈ ૧૯૬૯

*

દરેક ઓરોવિલિયને બધી જ કામનાઓ, બધી જ પસંદગીઓ અને બધા જ અણગમાઓમાંથી પોતાની જાતને મુક્ત કરવાનો પ્રયત્ન કરવાનો છે.

ઓરોવિલમાં રહેવા માટે ગમે તે સંજોગોમાં પણ સમત્વ રાખવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે.

*

તકરારો ઓરોવિલની ભાવનાથી બિલકુલ વિરુદ્ધ છે.

*

પૃથ્વીને જરૂર છે –

એક એવી જગા જ્યાં માણસો રાષ્ટ્રીય હરીફાઈઓ, સામાજિક રૂઢિઓ, આંતર સંઘર્ષ ઉત્પન્ન કરતી નૈતિકતાઓ અને સમાધાન કરતા ધર્મોથી પર રહી શકે.

એક એવી જગા જ્યાં માનવીઓ ભૂતકાળની ભુલામણીમાંથી મુક્ત રહીને જે દિવ્ય ચેતના આવિર્ભાવ પામવા માટે તૈયાર રહેલી છે તેની શોધ કરવા માટે અને અમલ કરવા માટે પોતાની જાતનું સંપૂર્ણ અર્પણ કરી શકે.

ઓરોવિલ આવી જગા બનવાનું ઇચ્છે છે અને આવતી કાલના સત્યમાં જીવવા માટે જે કોઈની અભીપ્સા હોય તેમના માટે પોતાની જાતનું અર્પણ કરે છે.

૨૦ સપ્ટેમ્બર ૧૯૬૯

*

જે લોકોને અંગત માલિકીની વસ્તુઓમાંથી મુક્તિ મેળવી તેનો આનંદ જાણવો હોય, તેમના માટે આ આદર્શ સ્થળ છે.

૧૮ સપ્ટેમ્બર ૧૯૬૯

*

માનવ એકતા મારફતે શાંતિ :
સમાનતા મારફતે ઐક્ય એક મૂર્ખાઈ છે.
સંખ્યાબંધ માણસોના ઐક્ય દ્વારા એકતા સિદ્ધ કરવાની છે.
દરેક વ્યક્તિ એકતાનો એક ભાગ છે. દરેક ભાગ સમગ્ર માટે અનિવાર્ય છે.

ઑક્ટોબર ૧૯૬૯

*

એવો કોઈ દિવસ આવશે જ્યારે જગતમાં ગરીબ અને દુઃખ રહેશે નહિ ?

જે લોકો શ્રી અરવિંદના બોધને સમજે છે અને તેમનામાં શ્રદ્ધા રાખે છે તે બધા માટે એ અચૂક ચોક્કસ છે. એટલા માટે જ આપણો એક સ્થળનું

સર્જન કરવાનો હેતુ છે જ્યાં આ રીતે બની આવે અને એટલા માટે જ આપણે ઓરોવિલનું સ્થાપન કરવું છે.

પરંતુ આ સાક્ષાત્કાર શક્ય બને એટલા માટે આપણામાંના દરેકે પોતાની જાતના પરિવર્તન માટે પ્રયત્ન કરવાનો છે; કારણ કે માનવીઓનાં લગભગ ઘણાંખરાં દુઃખો તેમની પોતાની ભૂલો, સ્થૂલ તેમજ નૈતિક ભૂલોનું પરિણામ હોય છે.

૮ નવેમ્બર ૧૯૬૯

*

> તમે એવું કઈ રીતે માની શકો કે ત્યાર પછી દુઃખો રહેશે નહિ, જ્યાં સુધી ત્યાં રહેવા આવનાર માનવીઓ આ જગતમાંના જ છે ? અને તેમનામાં તે જ નબળાઈઓ અને દોષો જન્મગત હોય છે ?

મેં કદી એવો વિચાર કર્યો નથી કે ઓરોવિલમાં દુઃખો નહિ હોય કારણ કે માણસો જેવા છે તેઓને વેદના પસંદ છે અને શાપ આપે છે છતાં તેને આવકારે છે.

પરંતુ આપણે તેમને શીખવવા માટે પ્રયત્ન કરીશું કે તેઓએ શાંતિને સાચી રીતે ચાહવી અને સમતાનું આચરણ કરવા પ્રયત્ન કરવો.

ફરજિયાત ગરીબાઈ અને ભીખ માગવાની વૃત્તિ ત્યાં નહિ હોય એવું કહેવાનો મારો અર્થ હતો.

ઓરોવિલમાં જીવન એવી રીતે ગોઠવાશે કે આ વસ્તુની હસ્તી રહેશે નહિ અને જો ભીખારીઓ બહારથી આવશે તો તેમણે ચાલ્યા જવું પડશે અથવા એમને આશ્રય આપવામાં આવશે અને તેમને કાર્ય કરવાનો આનંદ શીખવવામાં આવશે.

૯ નવેમ્બર ૧૯૬૯

*

> આશ્રમના આદર્શ અને ઓરોવિલના આદર્શ વચ્ચે શો તફાવત છે ?

ભાવિ માટેના વલણમાં અને પ્રભુની સેવા માટે કોઈ પણ પ્રકારનો મૂલગત ભેદ નથી.

પરંતુ આશ્રમના માણસોએ યોગ માટે પોતાનું જીવન અર્પણ કરેલું ગણાશે (સિવાય કે વિદ્યાર્થીઓ જેઓ ચોક્કસ પોતાના અભ્યાસ માટે અહીં છે અને જેમની પાસે તેમના જીવન માટેની પસંદગીની અપેક્ષા આપણે રાખતા નથી).

જ્યારે ઓરોવિલમાં માનવજાતિ માટે એક સામૂહિક એકતાના પ્રયોગ માટે ફક્ત શુભનિષ્ઠા રાખવી એ તેમાં પ્રવેશ માટે પૂરતું નથી.

૧૦ નવેમ્બર ૧૯૬૯

*

(યુનેસ્કો કમિટી માટેનું લખાણ)

શ્રી અરવિંદનાં દર્શનનું સઘન સ્વરૂપ આપવાનું કાર્ય શ્રી માતાજીને સોંપવામાં આવેલું. નવ જગતનું સર્જન, એક નવીન માનવજાતિ અને એક નવીન સમાજ જે નવી ચેતનાને અભિવ્યક્ત કરે અને અપનાવે, એવા એક નવીન સમાજનું કાર્ય તેમણે હાથ ઉપર લીધેલું છે. વસ્તુઓની પ્રકૃતિ અનુસાર તે એક સામૂહિક આદર્શ છે અને તે સામૂહિક પ્રયત્ન માગી લે છે જેથી કરીને તે સમગ્ર માનવ પરિપૂર્ણતામાં સાક્ષાત્કાર પામે.

માતાજીએ જે આશ્રમની સ્થાપના કરીને રચના કરી છે તે આ ધ્યેય પ્રત્યેનું પ્રથમ પગલું છે. ઓરોવિલની યોજના ત્યાર પછીનું પગથિયું છે જે વધારે બાહ્ય રીતનું છે અને તે સામૂહિક માનવજીવનના આત્મા અને શરીર, આત્મા અને પ્રકૃતિ, સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે સંવાદ સ્થાપન કરવા માટેના પ્રયત્નનો પાયો વિશાળ કરવા માટેની શોધ છે.*

૧૯૬૯

*

મેં આશ્રમ અને ઓરોવિલને એક સંપૂર્ણ સમગ્રતાના ભાગ તરીકે જ કાયમ ગણેલ છે. હું તે બન્નેને ભિન્ન ભાગો તરીકે જોઈ શકતો નથી. તો પછી માતાજી, તમે શા માટે તેમાં ભેદ પાડયો? કે પછી હું કોઈ જગાએ ખોટો છું? મને એમ લાગે છે કે આપણી દષ્ટિમાં એક સમગ્રતાની ગતિની મહાન જરૂર છે.

---

*જ્યારે માતાજીએ આ પાઠ ૧૯૭૨માં ફરીને વાંચેલો ત્યારે છેલ્લા વાક્યમાં 'વધારે બાહ્ય' – સાથે ઉમેરેલો.

આશ્રમ કેન્દ્રસ્થ ચેતના છે, ઓરોવિલ એક બાહ્ય અભિવ્યક્તિ છે. બન્ને જગ્યાઓમાં સરખી રીતે જ પ્રભુ માટે કાર્ય થાય છે.

જે લોકો આશ્રમમાં રહે છે તેમને પોતાનું કાર્ય છે અને તેઓ તે કાર્યમાં એટલા બધા વ્યસ્ત છે કે તેમને ઓરોવિલ માટે સમય આપવાનું શક્ય નથી.

દરેકે પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવાનું છે; આ વસ્તુ યોગ્ય વ્યવસ્થા માટે જરૂરી છે.

*

ઓરોવિલ એક્તા માટે અભીપ્સા રાખે છે.

૧૯૭૦

*

જેમને ભવિષ્ય માટે જીવન જીવવું છે તે સર્વને શારીરિક સમતુલા માટે ખોરાકની જેટલી જરૂર છે તેટલી જ અનિવાર્યતા શારીરિક કાર્ય માટે છે.

કામ કર્યા વગર ખોરાક લેવો એ ગંભીર અસમતુલા ઉત્પન્ન કરે છે.

ફેબ્રુઆરી ૧૯૭૦

*

તમારે બધાએ સહમત થવું પડશે.

સારું કાર્ય કરવાનો ફક્ત એ એકમાત્ર માર્ગ છે.

૨ એપ્રિલ ૧૯૭૦

*

દરેકે સહમત થવા માટે દરેકની પોતાની ચેતનાની ટોચ ઉપર ચડવું પડશે; ઊંચાઈઓ ઉપર જ સંવાદનું સર્જન થાય છે.

એપ્રિલ ૧૯૭૦

*

## ઓરોવિલ અને ધર્મો

આપણે પરમ સત્યની જરૂર છે.

મોટા ભાગના માણસો માટે પોતાને જે જોઈતું હોય તેને તેઓ સત્યનું નામ આપતા હોય છે.

ઓરોવિલિયનોએ પરમ સત્યની જ માગણી કરવી જોઈએ પછી તે ભલે ગમે તે પ્રકારનું હોય.

ઓરોવિલ તેમના માટે છે જેમને દિવ્ય જીવન ગાળવાની ઈચ્છા હોય; પરંતુ તેમણે બધા ધર્મોનો, પછી તે પ્રાચીન હોય કે અર્વાચીન, નવો હોય કે ભવિષ્યનો – ત્યાગ કરવાનો છે.

પરમ સત્યનું જ્ઞાન ફક્ત અનુભૂતિમાં જ થાય છે.

જેને પ્રભુ વિશે અનુભૂતિ ન થઈ હોય તેણે પ્રભુ વિશે કાંઈ બોલવું જોઈએ નહિ.

પ્રભુની અનુભૂતિ મેળવી લો, પછી જ તમને તેમના વિશે બોલવાનો અધિકાર છે.

ધર્મો માનવજાતિના ઈતિહાસનો એક ભાગ છે અને આ રૂપે તેમનો ઓરોવિલમાં અભ્યાસ થશે – નહિ કે માણસોને વળગી રહેવાની માન્યતાઓ તરીકે. અને આ પ્રક્રિયા માનવને તેના શ્રેષ્ઠ સાક્ષાત્કાર તરફ દોરી જનારી બનવી જોઈએ.

**કાર્યક્રમ**

પરમ સત્યની અનુભૂતિ મારફતે

સંશોધન

દિવ્ય જીવન

પણ

**ધર્મો નહિ**

આપણું સંશોધન ગુહ્ય સાધનો દ્વારા નહિ હોય. આપણે આપણા જીવનમાં જ પ્રભુને શોધવા માગીએ છીએ અને આ શોધ દ્વારા જ જીવનનું ખરેખરું રૂપાંતર સાધી શકાય છે.

૨ મે ૧૯૭૦

*

ધર્મનો ખ્યાલ ઘણે ભાગે પ્રભુની શોધ સાથે સંકળાયેલો હોય છે. આ સંદર્ભમાં જ આપણે ધર્મને સમજવો જોઈએ? ખરી હકીકતમાં ધર્મનાં હાલમાં બીજાં સ્વરૂપો નથી?

જગતના અથવા વિશ્વના કોઈ પણ ખ્યાલને ધર્મનું નામ આપીને તેને આપણી સમક્ષ એકમાત્ર સત્ય તરીકે રજૂ કરવામાં આવે છે; તેમાં વ્યક્તિએ પૂર્ણ શ્રદ્ધા રાખવી પડે કારણ કે આ સત્યને એક પ્રકાશના પરિણામ રૂપે જાહેર કરવામાં આવે છે.

ઘણાખરા ધર્મો પ્રભુની હસ્તીને માન્ય રાખે છે અને તેને આજ્ઞાધીન બનવા માટે અનુસરણ કરવાના નિયમો આપે છે, પરંતુ કેટલાક પ્રભુવિહીન ધર્મો હોય છે, જેવા કે સામાજિક, રાજકીય સંગઠનો, જે એક આદર્શ અથવા દેશના નામે આજ્ઞા પળાવવા માટેનો એ જ પ્રમાણેનો હક માગે છે.

મુક્ત રીતે સત્યનું સંશોધન કરવું અને મુક્ત રીતે તેની સાથે પોતાની રીતે અભિગમ કરવો એ માનવનો અધિકાર છે. પરંતુ દરેકે જાણવું જોઈએ કે તેની શોધ તેના પોતાના જ માટે સારી છે અને તેને બીજાઓ ઉપર લાદવી જોઈએ નહિ.

૧૩ મે ૧૯૭૦

*

ઓરોવિલમાં કોઈ વસ્તુની માલિકી કોઈ પણ વ્યક્તિની હશે નહિ. બધી જ સંપત્તિ સામૂહિક હશે, અને બધાના કલ્યાણ માટે મારા આશીર્વાદથી ઉપયોગમાં લેવામાં આવશે.

*

સાચા ઓરોવિલિયન બનવા માટે –

(૧) પ્રથમ જરૂરિયાત છે એક આંતરશોધ કરી લેવાની, જેથી આપણે જાણી શકીએ કે આપણા સામાજિક, નૈતિક, સાંસ્કારિક જાતિ અંગેના અને આનુવંશિક બાહ્ય સ્વરૂપોની પાછળ આપણે સાચેસાચ કોણ છીએ ?

આપણા કેન્દ્રમાં એક મુક્ત સત્તા છે. તે વિશાળ અને જ્ઞાની છે. તે આપણી રાહ જુએ છે કે આપણે તેને શોધી કાઢીએ અને તે આપણા સ્વરૂપનું અને ઓરોવિલમાં આપણા જીવનનું એક સક્રિય કેન્દ્ર બનવું જોઈએ.

(૨) વ્યક્તિ ઓરોવિલમાં રહે છે જેથી કરીને તે નૈતિક અને સામાજિક રૂઢિઓમાંથી મુક્ત બને, પરંતુ આ સ્વતંત્રતા, અહંકાર, કામનાઓ અને મહત્ત્વાકાંક્ષાઓની એક નવીન ગુલામી ન બનવી જોઈએ.

માણસની કામનાઓની તૃપ્તિ આંતરિક શોધના માર્ગને અટકાવી દે છે. તે આંતરશોધ એક સંપૂર્ણ શાંતિમાં અને અનાસક્તિની પારદર્શિતામાં જ રહીને જ પ્રાપ્ત કરી શકાય છે.

(૩) ઓરોવિલિયનમાં વસ્તુઓની માલિકીની ભાવના રદ થવી જોઈએ. સ્થૂલ જગતના આપણા પ્રવાસને માટે આપણા જીવનમાં અને કાર્યોમાં તે વસ્તુ અનિવાર્ય હોય છે. તે જગતમાંના આપણને યોગ્ય સ્થાન પ્રમાણે, આપણે જેમ જેમ આપણા આંતર સ્વરૂપ વિશે વધારે સચેતન બનતા જઈશું તેમ તેમ તેની યોગ્યતા પ્રમાણેનાં અનુરૂપ સાધનો આપવામાં આવશે.

(૪) આંતરશોધ માટે શારીરિક કામ પણ એક અનિવાર્ય વસ્તુ છે. જો વ્યક્તિ કામ ન કરે, જો તે ચેતનાને સ્થૂલ તત્ત્વમાં દાખલ ન કરે તો તેની કદી વૃદ્ધિ થતી નથી. આપણી ચેતના સ્થૂલ વસ્તુના થોડા ભાગને પણ વ્યવસ્થિત કરે એ ઘણું સારું છે. પોતાની આસપાસ સુવ્યવસ્થાની સ્થાપના કરવાથી તે આપણી અંદર પણ એક પ્રકારની વ્યવસ્થા સ્થાપન કરવામાં મદદરૂપ થાય છે.

વ્યકિતએ પોતાના જીવનને બાહ્ય અને કૃત્રિમ સાધનો દ્વારા વ્યવસ્થિત કરવાનું નથી પરંતુ એક આંતરચેતના દ્વારા વ્યવસ્થિત કરવાનું છે, કારણ કે જો જીવનને એક ઉચ્ચતર ચેતનાના કાબૂ નીચે નહિ રાખીએ તો ચંચળ અને અભિવ્યકિત વગરનું બનશે. એવું જીવન પછી વ્યર્થ સમય ગુમાવે છે એટલે કે સ્થૂલ તત્ત્વ તેનો કશો સભાન ઉપયોગ કર્યા વગરનું રહી જાય છે.

(૫) આખી પૃથ્વીએ આ નવીન માનવજાતિના આગમન માટે પોતાની જાતને તૈયાર કરવાની છે અને ઓરોવિલ એ કાર્યને સચેતન રીતે વેગ આપવાની ઈચ્છા રાખે છે.

આ નવી માનવજાતિ કેવી હોવી જોઈએ તે આપણને ક્રમિક રીતે બતાવવામાં આવશે અને તે દરમ્યાન સૌથી શ્રેષ્ઠ રસ્તો છે – પ્રભુને સંપૂર્ણ રીતનું સમર્પણ.

૧૩ જૂન ૧૯૭૦

*

> ઓરોવિલમાં "બધી જ મિલ્કત સામૂહિક છે." તેનો અર્થ એવો ખરો કે દરેક વ્યક્તિ દરેક વસ્તુનો ઉપયોગ કરી શકે? કે પછી વસ્તુઓ તેવી વ્યક્તિઓને જ આપી શકાય જેઓ તેમનો સારી રીતે ઉપયોગ કરી શકે?
>
> મેં એવું પણ નોંધ્યું છે કે કેટલીક ઉપયોગ માટેની નાજુક વસ્તુઓ કેટલીક વ્યક્તિઓની સાથે સંલગ્ન બની જાય છે અને તે બીજાઓને વાપરવા માટે આપીએ તો બરાબર કામ આપતી નથી.

આ એક એવી ચેતનાનો વિષય છે જે પૃથ્વી ઉપર બહુ વિશાળ રીતે ફેલાયેલી નથી.

આનો અર્થ એવો નથી કે જે લોકોને વસ્તુઓનો ઉપયોગ કરતાં આવડતું નથી તેમને તે વસ્તુઓ આપવી જોઈએ.

ઓરોવિલનો વહીવટ કરવા માટે ખાસ જરૂર તો છે એક એવી ચેતનાની જે બધી જ રૂઢિઓમાંથી મુક્ત હોય અને અતિમનસ સત્ય વિશે સચેતન હોય. હું એવા પ્રકારના કોઈની રાહ જોઉં છું. દરેકે તેને પ્રાપ્ત કરવા માટે પોતાનાથી બનતું ઉત્તમ કરવું જોઈએ.

૧૫ જુલાઈ ૧૯૭૦

*

(કેટલાક અસ્થાયી મુલાકાતીઓએ ઓરોવિલની વ્યવસ્થામાં ભાગ લેવાનો હક માગ્યો. આ બાબતમાં માતાજીએ લખ્યું :)

ઓરોવિલના નિવાસીઓને —

જેમણે કાયમ માટે ઓરોવિલમાં નિવાસ કરવાનો નિશ્ચય કર્યો છે તેઓને જ ફક્ત વ્યવસ્થામાં ભાગ લેવાનો હક છે.

૨૨ જાન્યુઆરી ૧૯૭૧

*

હવે પછીથી ઓરોવિલ વિશે મારે જે કાંઈ કહેવાનું હશે તે લખીને આપવામાં આવશે અને તેમાં મારી સહી હશે.

૧૫ ફેબ્રુઆરી ૧૯૭૧

*

"ઓરોવિલમાં હવે વધારે નવી કમિટીઓ બનશે ?" માતાજી, ઓરોવિલ માટે કોઈ પણ નવી કમિટીની મંજૂરી આપતા નથી. તેઓ કહે છે, "વધારે કમિટીઓ, એટલે વધારે નિરર્થક વાતો."

આશીર્વાદ.

૧૭ ફેબ્રુઆરી ૧૯૭૧

*

અમારામાંના કેટલાક માનસિક તણાવ અને ભગ્નદશામાંથી પસાર થયા છે અથવા થઈ રહ્યા છે. આવી અવસ્થામાં હોય તેમની સાથે અમારે કેવું વલણ રાખવું જોઈએ ? આવી કટોકટીના નિવારણ માટે અમારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ ?

સ્થિરતા, શાંતિ, સમતા – કાયમ અને કાયમ જેટલું બને તેટલું ઓછું બોલવું અને જ્યારે જરૂરી હોય ત્યારે જ કાર્ય કરવું. જેટલી શક્ય બને તેટલી અચેતનતાનો ત્યાગ કરવો.

૧૭ ફેબ્રુઆરી ૧૯૭૧

*

પ્રભુની સેવામાં સાચી આધ્યાત્મિકતા રહેલી છે. બધા જ માટે કાર્ય કરવાનો ઇન્કાર કરવો એ સ્વાર્થનું પ્રદર્શન છે અને તેનું કોઈ આધ્યાત્મિક મૂલ્ય નથી. ઓરોવિલમાં રહેવા માટે યોગ્ય બનવા માટે પ્રથમ વસ્તુ છે પોતાના અહંકારમાંથી પોતાની જાતને મુક્ત કરવી.

૨૪ ફેબ્રુઆરી ૧૯૭૧

*

(ઓરોવિલના ત્રિવાર્ષિક પ્રસંગે આપેલ સંદેશ)

બધા જ ઓરોવિલિયનોને —

સામૂહિક અને વ્યક્તિગત ચેતનાની પ્રગતિ અને વૃદ્ધિ માટે મારા આશીર્વાદ.

૨૮ ફેબ્રુઆરી ૧૯૭૧

*

ઓરોવિલિયન બનવા માટે વ્યક્તિએ ઓછામાં ઓછું, માનવજાતિના પ્રકાશિત ભાગની વ્યક્તિ બનવું જોઈએ અને વધારે ઊર્ધ્વતર ચેતના માટે અભીપ્સા રાખવી જોઈએ જે ચેતના આવતી કાલની માનવજાતિનું શાસન કરશે.

કાયમ વધારે ને વધારે ઊંચે અને હંમેશાં વધારે સારા – અહંકારની મર્યાદાઓથી પર.

ફેબ્રુઆરી ૧૯૭૧

*

ઓરોવિલ એ કોઈ દાનનું કાર્ય નથી. અભીપ્સામાં એક રાત્રી ગાળવી એ એક આખા દિવસના કાર્યની બરાબર છે.

ફેબ્રુઆરી ૧૯૭૧

*

માણસ ઓરોવિલમાં સુખસગવડ મેળવવા માટે રહેતો નથી પરંતુ ચેતનામાં વૃદ્ધિ પામવા માટે અને પ્રભુની સેવા અર્થે રહે છે.

૧ માર્ચ ૧૯૭૧

*

તમારી પોતાની નાનકડી અંગત જરૂરિયાતોને સંતોષવા માટે તમે ઓરોવિલમાં આવેલા છો ?

તે ખરેખર જરૂરી નહોતું. તેને માટે સામાન્ય જગત છે જ.

એક દિવ્ય જીવન જેની પૃથ્વી ઉપર અભિવ્યક્ત થવાની ઇચ્છા છે તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યક્તિ ઓરોવિલમાં રહે છે.

દરેકે આ દિશામાં પ્રયત્ન કરવો જોઈએ અને કહેવાતી 'જરૂરિયાતો' જે પોતાના શોખ સિવાય બીજું કાંઈ નથી તે વસ્તુઓથી સંમોહિત થઈને રહેવું જોઈએ નહિ.

ઊર્ધ્વમાં અને આગળ નજર નાખો, પશુની માનવ-પ્રકૃતિ ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરો. નિશ્ચય કરો અને તમે જોઈ શકશો કે રસ્તા ઉપર તમને મદદ કરવામાં આવે છે.

૩ માર્ચ ૧૯૭૧

*

ઓરોવિલ માટે કાર્ય કરવું એટલે એક વધારે સંવાદમય ભાવિના આગમનને ઝડપી બનાવવું.

૨૭ માર્ચ ૧૯૭૧

*

જો આપણામાં સાચું વલણ હોય તો આપણાં સૌથી નાનામાં નાનાં કાર્યમાં પણ આપણે પ્રભુની સેવા કરી શકીએ.

૧૫ એપ્રિલ ૧૯૭૧

*

પ્રભુને નિવેદન કરેલા કાર્યમાં જ ચેતના ઉત્તમ રીતે વિકાસ પામે છે.

પ્રમાદ અને અકર્મણ્યતા તમસમાં પરિણમે છે. તે અચેતનમાં મારેલો ભૂસકો છે અને પ્રગતિ અને પ્રકાશથી બિલકુલ વિરુદ્ધની વસ્તુ છે.

વ્યક્તિના અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવો અને પ્રભુની સેવામાં જીવન જીવવું એ એકમાત્ર આદર્શ છે. અને સાચી ચેતનાને પ્રાપ્ત કરવા માટેનો ટૂંકામાં ટૂંકો માર્ગ છે.

૨૭ એપ્રિલ ૧૯૭૧

*


હું હિંસાને સંપૂર્ણ રીતે નામંજૂર કરું છું. જે માર્ગ આપણને લક્ષ્ય તરફ દોરી જાય છે અને જેની આપણે અભીપ્સા રાખીએ છીએ તેના ઉપર હિંસાનું દરેક કાર્ય એક પીછેહઠનું પગલું છે.

પ્રભુ સર્વવ્યાપી છે અને કાયમ ચિન્મય છે. પ્રભુની સમક્ષ જે કંઈ કરી ન શકાય તે કદી કરવું જોઈએ નહિ.

૬ મે ૧૯૭૧

*

## ઓરોવિલનું પ્રતીક



કેન્દ્રમાં રહેલું ટપકું પરમ ઐક્યના, પરમ પ્રભુનું પ્રતીક છે; આંતર વર્તુળ સર્જન – નગર – નો ખ્યાલ રજૂ કરે છે; પાંદડીઓ અભિવ્યક્તિની શક્તિ, સાક્ષાત્કારનું પ્રતીક છે.

૧૬ ઑગસ્ટ ૧૯૭૧

*

દરેક વસ્તુ તેની યોગ્ય જગ્યાએ હશે અને દરેક વસ્તુ માટે એક જગ્યા હશે.

૨૬ ઑગસ્ટ ૧૯૭૧

*

એમ કહેવું કે, "આ વસ્તુને અંદર સમાવી લેવી એ અશક્ય છે," તેનો સીધો સાદો અર્થ કે તેની સાચી જગ્યા શોધાઈ શકી નથી.

૨૬ ઑગસ્ટ ૧૯૭૧

*

બધી જ કલ્પનાઓ પ્રાણમય ગતિઓ હોવાથી બિલકુલ અનિચ્છનીય છે.

મુક્તિનો અર્થ પોતાની ઈચ્છાઓનું અનુસરણ કરવું તેવો નથી પરંતુ તેનાથી ઊલટું તે બધામાંથી મુક્તિ છે.

૨૭ ઑગસ્ટ ૧૯૭૧

*

દરેક પ્રશ્ન માટે એક એવો ઉકેલ છે જે દરેકને સંતોષ આપી શકે છે; પરંતુ દરેક પોતાના રાગદ્વેષો બીજાના ઉપર ઠોકી બેસાડવા માટે ઈચ્છા રાખે છે તેના બદલે સાથે મળીને આ આદર્શ ઉકેલ શોધી શકે છે.

તમારી ચેતનાને વધારે વિશાળ બનાવો અને દરેકના સંતોષ માટે અભીપ્સા સેવો.

૨૮ ઑગસ્ટ ૧૯૭૧

*

ઓરોવિલમાં જૂઠાણું હોઈ શકે જ નહિ. જે કોઈને ઓરોવિલિયન બનવાની અભીપ્સા હોય તેણે કદી જૂઠું ન બોલવાનો નિશ્ચય કરવો જોઈએ.

૨૮ ઑગસ્ટ ૧૯૭૧

*

તમે પ્રશ્નનું ફક્ત 'તમારું જ પાસું' જુઓ છો પરંતુ જો તમારે તમારી ચેતનાને વિશાળ કરવી હોય તો નિરપેક્ષ રીતે તેને બધી બાજુઓથી જુઓ તે વધારે સારું છે. ત્યાર પછી તમે શોધી શકશો કે આવા વલણના ઘણા મહાન ફાયદાઓ છે.

૧૭ સપ્ટેમ્બર ૧૯૭૧

*

તમારી ચેતનાને પૃથ્વીના ફલક જેટલી વિશાળ કરો અને તમને દરેક વસ્તુ માટે જગા મળી શકશે.

૨૦ સપ્ટેમ્બર ૧૯૭૧

*

'અહંથી વિમુક્ત હોવું' એ ઓરોવિલિયનો માટેનો આદર્શ હોવો જોઈએ – તેમણે તેમના અહંકારને બિલકુલ સંતોષ આપવો નહિ.

જો તેઓ જૂની સ્વાર્થી માનવ-માગણીઓનું અનુસરણ કરવાનું ચાલુ રાખે તો કઈ રીતે તેઓ પૃથ્વીના રૂપાંતરની આશા રાખી શકે ?

૨૩ ઑક્ટોબર ૧૯૭૧

*

ઓરોવિલમાં જેઓને સાચા સેવકો બનવું છે તેમને માટે રવિવાર રજાનો દિવસ હોય છે ?

શરૂઆતમાં અઠવાડિયાની વ્યવસ્થા આ રીતે વિચારી હતી. જે સમૂહની સાથે સંલગ્ન હોય તેની સાથે વ્યક્તિનું કાર્ય ૬ દિવસ માટે; સાતમો દિવસ પ્રભુની શોધ માટે અલગ રાખવામાં આવેલો અને તે દિવસે વ્યક્તિ પોતાના સ્વરૂપનું પ્રભુના સંકલ્પમાં અર્પણ કરે. રવિવારનો કહેવાતો આરામના દિવસનો ફક્ત આ જ અર્થ રહેલો છે અને તે જ સાચું કારણ છે.

એ કહેવાની જરૂર નથી કે સાક્ષાત્કાર માટે સચ્ચાઈ એ ખાસ આવશ્યક શરત છે; જે કાંઈ બિનસચ્ચાઈ છે તે પતન છે.

૨૫ ઑક્ટોબર ૧૯૭૧

*

દરેક વ્યક્તિ પાસે પોતાના અભિપ્રાયને ટેકો આપવા માટે સારાં કારણો હોય છે અને તેમાં નિર્ણય આપનાર માટે હું કુશળ ન્યાયાધીશ નથી.

પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી હું એટલું જાણું છું કે શુભનિષ્ઠા વડે એક સંવાદમય અને સાચા ઉકેલમાં પહોંચી શકાય છે. ઓરોવિલના કાર્યકરો પાસે હું આ વસ્તુની અપેક્ષા રાખું છું. એવું નહિ કે કેટલાકે બીજાઓને તાબે થવું, પરંતુ તેનાથી ઊલટું બધાએ તેમના પ્રયત્નો એકત્રિત કરીને એક વધારે પરિજ્ઞાનક અને પૂર્ણ પરિણામ પ્રાપ્ત કરવું.

ઓરોવિલનો આદર્શ આ પ્રગતિની માગણી કરે છે – તમારે તે પ્રગતિ કરવાની ઇચ્છા નથી ? આશીર્વાદ.

૧૪ નવેમ્બર ૧૯૭૧

*

સાચી મુક્તિ ત્યારે જ પ્રાપ્ત થાય છે જયારે પ્રભુની સાથે ઐકય થાય.

પ્રભુ સાથે વ્યક્તિ ત્યારે જ ઐકય પ્રાપ્ત કરી શકે જયારે તે પોતાના અહંકાર ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરે.

૧૯૭૧

*

શ્રી અરવિંદના શિક્ષણ ઉપર આધારિત માનવએકતાનો પ્રથમ સાક્ષાત્કાર થવાની ઓરોવિલની ઇચ્છા છે. તેમાં બધા દેશોના લોકો એક જ ઘરમાં રહેતા હોય તેવું તેમને લાગે.

જાન્યુઆરી ૧૯૭૨

*

## યુનેસ્કો માટેનો સંદેશો

ઓરોવિલ પૃથ્વી ઉપર અતિમાનસની વાસ્તવિકતાના આગમનને ઝડપી બનાવવા માટે છે.

જે લોકોને લાગે કે જગત જેવું હોવું જોઈએ એવું નથી તે સર્વની મદદ આવકાર્ય છે.

દરેકે એ જાણવું જ પડશે કે તેણે જૂનું જગત મૃત્યુ માટે તૈયાર થયેલું છે. તેની સાથે જોડાઈ રહેવું છે કે પછી એક નવીન અને વધારે સારું જગત જન્મ પામવા માટે તૈયાર થઈને રહેલું છે તેને માટે કાર્ય કરવું છે.

૧ ફેબ્રુઆરી ૧૯૭૨

*

> ઓરોવિલમાં ઘણાં માણસો એમ કહે છે કે ઓરોવિલમાં એક સંગઠિત કાર્ય ઇચ્છનીય નથી; તેઓ સાહજિક કાર્યની તરફેણમાં છે.

જે માણસ અત્યંત બુદ્ધિશાળી હોય તેના વડે જ નૈસર્ગિક કાર્ય થઈ શકે. કોઈ મહાન બુદ્ધિશાળી હોવાનો દાવો કરે છે......

આશીર્વાદ.

૩ જુલાઈ ૧૯૭૨

*

નિમ્ન પ્રકૃતિના આવેગોનું અનુસરણ કરવું એ ચોક્કસ અતિમાનસનો માર્ગ નથી અને તેને માટે અહીં કોઈ જગા નથી. અતિમાનસનું આગમન ઝડપી બને એવું આપણે ઇચ્છીએ છીએ. એક માનવજાતિ જે કામનાઓ અને નિમ્ન આવેગોની કદરૂપી દશામાં છે તેમાં સરી પડીએ એવું બિલકુલ ઇચ્છતા નથી.

૧૦ જુલાઈ ૧૯૭૨

*

જ્યાં સુધી આપણે જૂઠું બોલવાનું ચાલુ રાખીશું ત્યાં સુધી શુભ ભાવિને આપણામાંથી દૂર દૂર ધકેલતા રહીશું

૧૩ જુલાઈ ૧૯૭૨

*

ઓરોવિલ એવા માણસોને આશ્રય આપવાની ઇચ્છા રાખે છે જેઓ ઓરોવિલમાં સુખી થાય. જે લોકોને અસંતોષ છે તેઓએ જગતમાં પાછા ફરવું જોઈએ જ્યાં તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે કાર્ય કરી શકે અને તેમાં દરેકને માટે જગા રહેલ છે.

૨ ઑક્ટોબર ૧૯૭૨

*

જેમણે પોતાનું ખોટું નિવેદન કરેલું છે અને ઓરોવિલમાં જેમને લેવાઈ ગયા છે તેમને માટે એક જ ઉકેલ છે : તેમણે તેમના પોતાનામાં રહેલાં બધાં જૂઠાણાંને સુધારવાનાં છે. એટલે કે તેમની ચેતનામાં રહેલી જે કોઈ વસ્તુ પ્રભુની હાજરીની વિરોધી હોય તેને.

૨૨ ઑક્ટોબર ૧૯૭૨

*

ઓરોવિલનું સાચું સત્ય સહકાર છે અને તે વધારે અને વધારે બની આવવો જોઈએ.

સાચો સહકાર દિવ્યતાના માર્ગની રચના કરે છે.

૨૨ ઑક્ટોબર ૧૯૭૨

*

(જે ઓરોવિલિયનોને અભિનંદન માટેના માળખાનો ઉપયોગ કરવો હોય તેમને માટે ત્રણ શક્ય રૂપો)

સત્યની સેવામાં

સત્ય.

૩૦ ઑક્ટોબર ૧૯૭૨

*

સંવાદ

શુભનિષ્ઠા

શિસ્ત

સત્ય

હું તમારી સાથે તો જ કાર્ય કરી શકું જો તમે અસત્ય બોલો નહિ અને પરમ સત્યની સેવામાં હો.

૩૧ ઑક્ટોબર ૧૯૭૨

*

મૃત્યુ પામતાં પહેલાં જૂઠાણું સૌથી ઊંચી ટોચ ઉપર હોય છે.

તેમ છતાં લોકો જ્યારે કમનસીબીનો પાઠ મેળવે છે ત્યારે જ સમજે છે. તેમની આંખો સત્ય પ્રત્યે ખુલ્લી થાય તે પહેલાં તેણે (કમનસીબીએ) આવવું જ જોઈએ ? હું દરેકને કહું છું કે તમે એવો પ્રયત્ન કરો કે જેથી તેની આવવાની શક્યતા જ ન રહે.

ફક્ત સત્ય જ આપણને બચાવશે; શબ્દોમાં સત્ય, કાર્યમાં સત્ય, સંકલ્પમાં સત્ય અને લાગણીઓમાં સત્ય.

સત્યની સેવા અથવા વિનાશ, એ બે વચ્ચેની એ એક પસંદગી છે.

૨૬ નવેમ્બર ૧૯૭૨

*

એક પ્રગતિશીલ એવી અતિમનસ માનવજાતિ માટે ઓરોવિલનું સર્જન થયેલું છે, નહિ કે એવી નિમ્ન માનવજાતિ જે પ્રેરણાઓ અને કામનાઓ દ્વારા

શાસિત થાય છે. જે લોકો નિમ્ન માનવજાતિના છે, પાશવ માનવજાતિના, તેમને માટે અહીં જગા નથી.

ઓરોવિલ એવા માણસો માટે છે જેઓ અતિમાનસ માટે અભીપ્સા રાખે છે અને ત્યાં પહોંચવા માટેનો પ્રયત્ન કરે છે.

૧ ડિસેમ્બર ૧૯૭૨

*

(૫ ડિસેમ્બર ૧૯૭૨ની રાત્રીએ જે વાવાઝોડું આવેલું તેના વિશે.)

પ્રકૃતિ એક ચેતવણી આપે છે કે જેઓમાં ઓરોવિલ માટે સાચી ભાવના નથી તેમણે બદલાવું પડશે અથવા જો તેઓની બદલાવાની ઇચ્છા નહિ હોય તો ચાલ્યા જવું પડશે.

૭ ડિસેમ્બર ૧૯૭૨

*

દરેકે પ્રગતિ કરવાની છે અને વધારે સાચદિલ બનવાનું છે.

ઓરોવિલ માણસોના અહંકારો અને તેમની લોભવૃત્તિઓના સંતોષ માટે સર્જાયું નથી પરંતુ તેનું સર્જન એક નવીન જગતની, અતિમાનસ જગતની એક દિવ્ય પૂર્ણતાની અભિવ્યક્તિ માટે થયેલું છે.

૧૨ ડિસેમ્બર ૧૯૭૨

*

ઓરોવિલનું સર્જન અતિમાનવ જાતિ માટે થયેલું છે, તેમના માટે જેઓને પોતાના અહંકાર ઉપર વિજય મેળવવો છે અને પોતાની બધી જ કામનાઓનો ત્યાગ કરવો છે, અને જેઓને અતિમનસને ગ્રહણ કરવા માટે પોતાની જાતને તૈયાર કરવાની છે.

જે લોકોને પોતાના અહંકારને તાબે થવું છે, અને પોતાની બધી કામનાઓનો સંતોષ મેળવવો છે તેઓ એક નિમ્ન માનવજાતિના છે અને તેમને માટે અહીં કોઈ પણ જગા નથી.

તેમણે તેમના માટે જે સાચી જગા છે તે જગતમાં પાછા ફરવું પડશે.

૧૮ ડિસેમ્બર ૧૯૭૨

*

## જેઓ અસત્ય બોલે છે તે બધાઓ માટે

એક સીધીસાદી હકીકત કે તમે બધા જૂઠું બોલો છો તે સાબિત કરે છે કે તમારે બધાએ સાચા ઓરોવિલયન બનવાની ઇચ્છા નથી.

જો તમારે ઓરોવિલમાં રહેવાની ઇચ્છા હોય તો તમારે અસત્ય બંધ કરવું પડશે.

૧૯ ડિસેમ્બર ૧૯૭૨

*

સાચા ઓરોવિલયન બનવાને માટે વ્યક્તિએ 'કદી અસત્ય બોલવું ન જોઈએ.'

૨૮ ડિસેમ્બર ૧૯૭૨

*

માનવજાતનાં દુઃખો અને સમાજની અવ્યવસ્થા માટે એક ઉકેલ ફક્ત ઓરોવિલ જ છે.

ફક્ત એક જ ઉકેલ નહિ; એ એક રૂપાંતરનું કેન્દ્ર છે. એક નાનું માનવોનું કેન્દ્ર જેઓ પોતાની જાતનું રૂપાંતર કરીને જગતની સમક્ષ એક દષ્ટાંત મૂકે છે. ઓરોવિલ આ પ્રમાણે બનવાની આશા રાખે છે. જ્યાં સુધી અહંકાર અને દુરિચ્છા જગતમાં હસ્તી ધરાવે છે ત્યાં સુધી સમગ્ર રૂપાંતર અશક્ય છે.

૨૮ ડિસેમ્બર ૧૯૭૨

*

ઓરોવિલ માટે કેવા રાજકીય સંગઠનની તમારી ઇચ્છા છે?

એક રમૂજી વ્યાખ્યા મને સૂજી આવે છે: એક દિવ્ય અંધાધૂંધી; પરંતુ જગત સમજી શકશે નહિ. માનવીએ પોતાના ચૈતસિક પુરુષ વિશે સભાન બનવું પડશે અને સાહજિક રીતે જ એકબીજા સાથે ગોઠવાઈ જવું પડશે, કોઈ પણ જાતના નક્કી કરેલા નિયમો કે કાયદાઓ વગર — એ આદર્શ છે.

આ વસ્તુ માટે વ્યક્તિએ પોતાના ચૈતસિક પુરુષના સંપર્કમાં રહેવું પડશે, તેના દ્વારા જ દોરાવું પડશે અને અહંકારની સત્તાએ અને અસરોએ અદૃશ્ય થવું પડશે.

૨૮ ડિસેમ્બર ૧૯૭૨

*

જે લોકોને પ્રગતિ જોઈએ છે 'તેમની પોતાની પ્રગતિ' માટે ઓરોવિલની રચના થયેલ છે.

આ દરેક વ્યક્તિ માટે લખવામાં આવ્યું છે: દરેકનો પ્રથમ પોતાની જાત સાથે જ સંબંધ હોય છે.

૨૮ ડિસેમ્બર ૧૯૭૨

*

જ્યાં સુધી તેઓમાં ઇચ્છાઓ છે ત્યાં સુધી તેઓ સાચા ઓરોવિલિયનો નથી. તેમને શબ્દો સાથે રમત રમવી બંધ કરવા દો; ઇચ્છાઓ અને અભીપ્સાની વચ્ચે એક જગત જેટલો ભેદ છે. દરેક સચ્ચાઈવાળો મનુષ્ય આ વસ્તુ જાણે છે. આ ઉપરાંત તેમને 'અહંકાર અને કામનાઓને' પ્રભુ તરીકે ગણી લેવાની ભૂલ તેઓ ન કરે. તેઓ પોતાની જાતને છેતરે છે માટે જ તેઓ આ ગોટાળો કરે છે.

તેમણે પોતાની અંદર પ્રભુની હાજરી વિશે સચેતન બનવું જોઈએ અને તે માટે અહંકારને બિલકુલ શાંત કરી દેવો જોઈએ અને કામનાઓ બિલકુલ અદૃશ્ય થઈ જવી જોઈએ.

૨૮ ડિસેમ્બર ૧૯૭૨

*

જીસસ ઘણાં સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે, જે પ્રભુએ પૃથ્વી સાથેના સંબંધમાં પ્રવેશ કરવા માટે સ્વીકારેલ છે. પરંતુ બીજાં ઘણાં સ્વરૂપો છે અને બીજાં ઘણાં થશે. અને ઓરોવિલનાં બાળકોએ ફક્ત એક જ ધર્મને સ્થાને જ્ઞાનની વિશાળ શ્રદ્ધાને મૂકવી પડશે.

૧૯૭૨

*

(ઓરોવિલિયન ગેઝેટ માટેનો સંદેશો)

જૂઠાણા માટે ફક્ત એક જ ઉકેલ છે: તે છે, આપણી પોતાની અંદર જે કોઈ વસ્તુ પ્રભુની હાજરીની ચેતનાનો વિરોધ કરે, તે બધામાંથી મુક્ત થવું.

૩૧ ડિસેમ્બર ૧૯૭૨

*

તમે કયું કાર્ય કરો છો તે નહિ પરંતુ તમે કઈ ભાવનાથી કાર્ય કરો છો તે કર્મયોગ બતાવે છે.

૫ ફેબ્રુઆરી ૧૯૭૩

*

ઓરોવિલ રાજકારણ માટેની જગા નથી; ઓરોવિલમાં અને ઓરોવિલની ઑફિસોમાં રાજકારણની કોઈ રમતો રમવાની નથી.

૧૫ ફેબ્રુઆરી ૧૯૭૩

*

ઓરોવિલ જેવું બનવું જોઈએ તેવું તે થશે જ; ફક્ત જે માણસો

ત્યાં રહે છે તેઓ 'જો અસત્ય બોલવાનું બંધ કરશે તો.'

૧૮ માર્ચ ૧૯૭૩

*

જ્યારે તમે એમ કહો છો કે "મારે પ્રભુની સેવા કરવી છે" ત્યારે તમે શું એમ માનો છો કે તે પરમ સર્વજ્ઞ જાણતો નથી કે તે જૂઠું છે?

૧૮ માર્ચ ૧૯૭૩

*

શ્રી અરવિંદ જેમણે આપણને કર્મયોગ શીખવ્યો છે તેમના આદર્શ સાક્ષાત્કાર થાય તેના માટે ઓરોવિલનું સર્જન થયું છે. ઓરોવિલ તે લોકો માટે છે જેમને કર્મોનો યોગ કરવો છે.

ઓરોવિલમાં નિવાસ કરવો એટલે કર્મયોગ કરવો, તેથી કરીને બધા જ ઓરોવિલિયનોએ એક કામ હાથમાં લઈને તેને યોગ તરીકે કરવું જોઈએ.

૨૭ માર્ચ ૧૯૭૩

*

## માતૃમંદિર

માતૃમંદિરને માનવીની પૂર્ણતા માટેની અભીપ્સાના પ્રભુના પ્રત્યુત્તર માટેનું પ્રતીક બનવું છે.

એક પ્રગતિશીલ માનવએકતામાં પ્રભુ સાથેના ઐક્યનો આવિર્ભાવ.

૧૪ ઑગસ્ટ ૧૯૭૦

*

શ્રી અરવિંદના શિક્ષણ અનુસાર વિશ્વજનનીના પ્રતીક બનવાની માતૃ-મંદિરની ઇચ્છા છે.

*

માતૃમંદિર ઓરોવિલનો આત્મા બનશે.

જેટલો વહેલો ત્યાં આત્મા આવશે, તેટલું દરેકને માટે અને ખાસ કરીને ઓરોવિલિયનો માટે વધુ સારું બનશે.

૧૫ નવેમ્બર ૧૯૭૦

*

માતૃમંદિરની રચના માટે ફક્ત ઓરોવિલિયનો જ કાર્ય કરશે કે પછી પગારદાર કાર્યકરો અને બીજા શુભેચ્છાવાળા માણસો પણ હશે?

પગારદાર મજૂરો વગર આ કાર્યની વ્યવસ્થા થાય એ વધારે પસંદ કરવા જેવું છે જેથી કરીને તે કાર્ય બધા જ સંજોગોમાં ચાલુ રહે.

૧૬ ફેબ્રુઆરી ૧૯૭૧

*

(માતૃમંદિરના પાયાના પથ્થરની સ્થાપના વખતે આપેલો સંદેશ.)

માતૃમંદિરને ઓરોવિલની પ્રભુ માટેની અભીપ્સાનું જીવંત પ્રતીક બનવા દો.

૨૧ ફેબ્રુઆરી ૧૯૭૧

*

(માતૃમંદિર ઉપર કાર્યની શરૂઆત કરવા પ્રસંગે આપેલો સંદેશ.)

અહંકારનો ભ્રાતૃભાવ.

આનંદ અને પ્રકાશમાં ઐક્ય તરફની અભીપ્સા.

આશીર્વાદ.

૧૪ માર્ચ ૧૯૭૧

*

આપણો બાંધકામનો સમય હોવાથી, જે ઓરોવિલિયનો કેન્દ્રમાં નિવાસ કરે છે તેઓએ માતૃમંદિરમાં બાંધકામ કરવું ફરજિયાત છે.

જેઓને માતૃમંદિર ઉપર કામ કરવાની ઈચ્છા ન હોય તેમણે કેન્દ્રમાં રહેવું જોઈએ નહિ.

૧૦ એપ્રિલ ૧૯૭૧

*

માતૃમંદિર પ્રભુની સીધી જ અસર નીચે છે અને આપણે પોતે જે રીતની વ્યવસ્થા કરી શકીએ તેના કરતાં તે ચોક્કસ વધારે સારી રીતે વસ્તુઓને ગોઠવે છે.

ઑક્ટોબર ૧૯૭૧

*

માતૃમંદિર ફક્ત એક જ છે અને તે છે ઓરોવિલનું માતૃમંદિર. બીજાંઓને જુદાં નામો હોવાં જોઈએ.

૫ ઑક્ટોબર ૧૯૭૧

*

અંગત પ્રશ્નો પહેલાં, બાંધકામની સલામતી અને મજબૂતીનો પ્રશ્ન આવવો જોઈએ.

હું તમારી પાસે ઇચ્છા રાખું છું કે તમે ધ્યાન રાખશો કે દરેક વસ્તુ સંવાદપૂર્ણ કરવામાં આવે.

૨૦ ઑક્ટોબર ૧૯૭૧

*

> માતૃમંદિર જે રીતે બાંધવાની તમારી ઇચ્છા હોય તેના વિશે કેટલાક સામાન્ય વિચારો આપશો? જેથી કરીને અમને કોઈ પણ શંકાઓ રહે નહિ અને અમે આનંદપૂર્ણ અને શ્રદ્ધાયુક્ત હૃદયોથી બાંધકામ કરી શકીએ.

તાકાત, સહીસલામતી, ટકાઉપણું અને સંવાદમય સમતુલા.

પાયાઓ ખાસ કરીને ઘણા અગત્યના છે અને તે વિશેષજ્ઞો દ્વારા બંધાવા જોઈએ.

જેમનામાં શુભનિષ્ઠા હોય તે દરેક માટે સ્થાન છે અને જેમને સચ્ચાઈ-પૂર્વક અને સરળતાથી પોતાના કાર્યનું અર્પણ કરવું છે તે બધા માટે તેમને ઉપયોગી રીતે કાર્યમગ્ન રહેવા માટે પૂરેપૂરું કાર્ય છે.

૩ નવેમ્બર ૧૯૭૧

*

> (માતૃમંદરના ગોળાકારને આધાર આપનારા ચાર સ્તંભોના બાંધકામની શરૂઆતમાં આપેલો સંદેશ.)

ઓરોવિલ એક પ્રગતિશીલ ઐક્યનું પ્રતીક બનો.

આ વસ્તુનો સાક્ષાત્કાર કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે – કાર્યમાં અને લાગણીમાં એક દિવ્ય પૂર્ણતા માટેની અભીપ્સાનું ઐક્ય અને સમગ્ર જીવનનું સમર્પણ.

૨૧ ફેબ્રુઆરી ૧૯૭૨

*

(ચાર સ્તંભોના સૂચક અર્થ)

ઉત્તર—મહાકાલી
પૂર્વ—મહાલક્ષ્મી
દક્ષિણ—માહેશ્વરી
પશ્ચિમ—મહાસરસ્વતી.

*

(માતૃમંદિરના પાયામાંથી જે બાર નીચેના રૂમો ફેલાશે તેનાં પ્રતીકો)

સચ્ચાઈ, નમ્રતા, કૃતજ્ઞતા, ખંત, અભીપ્સા, ગ્રહણશીલતા, પ્રગતિ, હિંમત, શુભનિષ્ઠા, ઉદારતા, સમતા, શાંતિ.

જુલાઈ ૧૯૭૨

*

(માતૃમંદિરની આજુબાજુ આવેલા બાર બગીચાઓનાં પ્રતીકો)

અસ્તિત્વ, ચેતના, આનંદ, પ્રકાશ, જીવન, શક્તિ, ધન, ઉપયોગિતા, પ્રગતિ, યુવાની, સંવાદ, પૂર્ણતા.

*

(માતૃમંદિરના પાયાના ભોંયતળિયા ઉપર કોંક્રિટ કરતી વખતે સંદેશ)

દિવ્ય સત્યના આવિર્ભાવ માટે વૃદ્ધિ પામતી સચ્ચાઈથી આપણે કાર્ય કરીએ.

૩ મે ૧૯૭૨

*

(શ્રી અરવિંદ જન્મશતાબ્દીના પ્રથમ દિવસે માતૃમંદિરના કાર્યકરો માટે સંદેશ)

સર્વને માટે શુભનિષ્ઠા અને શાંતિ.

૧૫ ઑગસ્ટ ૧૯૭૨

*

# સંઘ પ્રવૃત્તિઓ

## સામાન્ય

ઓરોમોડેલ એક પ્રયત્ન અને પ્રયોગ છે. જેમ જેમ તે વિકાસ પામશે તેમ તેમ વ્યવસ્થામાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવામાં આવશે.

દરેક વ્યવસ્થા મુલાયમ અને સ્થિતિસ્થાપક રહેવી જોઈએ, જેથી કરીને તે સતત પ્રગતિ કરતી રહે અને જ્યારે જરૂર પડે ત્યારે તે પોતાનામાં ફેરફાર કરી શકે.

૧૨ ફેબ્રુઆરી ૧૯૬૩

*

માતાજી,

'ક્ષ' ના પત્રના જવાબમાં હું એ પ્રમાણે લખું કે અમેરિકામાં અથવા આશ્રમમાં, ઓરોવિલમાં બંધાતા અમેરિકન પેવેલિયનને લખાયેલી કોઈ પણ પુસ્તિકા કે પત્રિકાની નકલ માતાજી દ્વારા પહેલાં મંજૂર થવી જ જોઈએ ?

ઓરોવિલની કોઈ પણ યોજના વિશેનું લખાણ મારી મંજૂરી વિના પ્રસિદ્ધ થવું જોઈએ નહિ. આશીર્વાદ.

૨૨ માર્ચ ૧૯૬૬

*

વહાલાં માતાજી,

આપણા શાકભાજીના પાક ઉપર જંતુઓએ હુમલો કરેલો છે. અત્યારે અમે કાબૂ લેવા માટેનાં સાધનો વિશે અભ્યાસ કરીએ છીએ, અને જ્યાં સુધી આ પ્રશ્નને હાથ ઉપર લેવા માટે અમારી પાસે પૂરતી માહિતી ન હોત ત્યાં સુધી અમે કેટલીક જંતુઘ્ન દવાઓનો સંભાળપૂર્વકનો ઉપયોગ કરવાનું વિચાર્યું છે. અમને આ પ્રમાણે કરવાની મંજૂરી અથવા તે કાર્યક્રમમાં તમારું રક્ષણ મળશે ?

એક મંદ અને ઈજાવિહિન સંરક્ષક વસ્તુ, ઝેરી વસ્તુ કરતાં ઘણી વખત વધારે સારી અસર કરે છે.

૧ એપ્રિલ ૧૯૬૬

*

મને લાગે છે કે ઓરોવિલની ભૂમિ પણ અભીપ્સા રાખે છે. મધુર માતાજી, એ સાચું છે ?

હા, જમીનને પોતાની ચેતના હોય છે, જો કે આ ચેતના બુદ્ધિતત્ત્વયુક્ત હોતી નથી અને પોતાની જાતને અભિવ્યક્ત કરી શકતી નથી.

૨૧ માર્ચ ૧૯૬૮

*

(ઓરોવિલની સંપર્ક-ઑફિસની સ્થાપના ફંડ એકઠું કરવા અને જે વ્યક્તિઓને તેની મુલાકાતમાં રસ હોય અથવા જે ઓરોવિલમાં રહેલી હોય તેનું નિરીક્ષણ કરવા માટે થયેલી તેના માટેનો સંદેશ.)

સંપર્ક–ઑફિસના મુખ્ય માણસ તરીકે પોતાની જાતને સર્વ પ્રત્યે અને દેશ પ્રત્યે પૂરેપૂરી સમતાવાળી બનાવવી જોઈએ.

આ વલણ માટે સંપૂર્ણ સચ્ચાઈની જરૂર છે.

એપ્રિલ ૧૯૬૮

*

મધુર માતાજી,

જે માણસો અહીં ઓરોવિલનું કાર્ય કરવા માટે આવે, તેમના ફોટોગ્રાફ મોકલતાં પહેલાં વ્યક્તિગત રીતે મારે તેમની મુલાકાત લેવી જોઈએ એવું આપ ઇચ્છો છો ?

હા

૨૦ જૂન ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

ગયા રવિવારે આશ્રમનાં કેટલાંક નાનાં બાળકો અણધારી રીતે ઓરોવિલની લૉરીમાં બહાર ગયાં અને ઓરોવિલમાં

આખી સવાર ગાળી. મોટાંઓ પણ તેમની સંભાળ લેવા માટે સાથે હતાં. જેમાં अ, ब, क અને હું પણ હતો જેથી સંભાળ રાખી શકીએ

અમે તેમનું ધ્યાન બરાબર રાખીએ તો રવિવારે ઓરોવિલમાં જવા માટે બાળકોને પ્રોત્સાહન આપવું કે નહિ ?

હા, જો સારી વ્યવસ્થા થતી હોય તો તેઓ જઈ શકે.

**આશીર્વાદ.**

૨૮ જૂન ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

(૧) ઓરોવિલમાં આપણને એક જાહેર ખાતાની જરૂર પડશે ?

ના.

(૨) તે સંપર્ક-ઑફિસનો એક ભાગ હોવો જોઈએ ?

તમે ખાતાંઓ, તેના શીર્ષકો અને નામોમાં વૃદ્ધિ કરો નહિ. તે જીવનમાં નિરર્થક ગૂંચવાડાઓ ઉત્પન્ન કરે છે.

૨૮ જૂન ૧૯૬૮

*

(ઓરોફૂડ પ્રાઈવેટ લિમિટેડના ખાતમુહૂર્ત નિમિત્તે સંદેશો.)

આપણે વધારે સારી આવતી કાલ માટે કાર્ય કરીશું.

૧૪ ઑગસ્ટ ૧૯૬૮

*

(શાંતિ વિશે માતૃમંદિરના કાર્યકરોના કૅમ્પ અને તેની આજુબાજુનો પ્રદેશ)

મને આ આખા જ પ્રદેશને "શાંતિ" કહેવડાવવું પસંદ પડશે અને શાંતિ, ખરેખર શાંતિ અહીં સ્થપાવી જોઈએ, ફક્ત રહેવાસીઓ વચ્ચે જ નહિ, પરંતુ સમગ્ર ઓરોવિલમાં, વર્તમાન અને ભવિષ્યના.

૨૯ ડિસેમ્બર ૧૯૬૮

*

એવું લાગે છે કે શાંતિની જગાએ, ઓરોવિલમાં રહેલી બીજી જગાઓ કરતાં, પ્રભુના કાર્યની સામે વધારે વિરોધ છે. આ સાચું છે ? આ વસ્તુ માટેનું કોઈ ગુહ્ય કારણ છે ?

તમે જાતે જ શ્રદ્ધાવાળા અને શાંત બનો. એ વસ્તુ ચેપી છે. તમારી સાથે મારા આશીર્વાદ છે.

૧૯૬૮

*

(ઓરોવિલ બ્લૉક–મેઈકિંગ યુનિટના ઉદ્‌ઘાટન માટેનો સંદેશ.)

આપણે કાયમ સૌથી ઉત્તમ કાર્ય પૂર્ણ સચ્ચાઈથી કરવું.
કાયમ ઉત્તમ અવસ્થામાં પૂર્ણ સચ્ચાઈથી રહેવું,

૨૩ જૂન ૧૯૬૯

(ઓરોસન ગૃહ; સર્ટિટ્યુટ કોમ્યુનિટી માટે સંદેશ.)

એક નવીન ચેતના માટે નવીન ગૃહ.
આશીર્વાદ.

૨૫ જૂન ૧૯૬૯

*

ઓરોમોડેલ એક સઘન પ્રયોગ માટે અને ઓરોવિલમાં કેવી રીતે રહેવું તે શીખવા માટે બંધાય છે.

૧૮ ઑગસ્ટ ૧૯૬૯

*

દિવ્ય માતાજી,

ઓરોવિલના બાંધકામ માટે મારે મદદ કરવી છે કે મદદ કરવા માટે મારે અમેરિકા પાછા જવું અને ઓરોવિલ માટે કાર્ય કરવું એ સૌથી શ્રેષ્ઠ વ્યવહારુ રીત છે. તમારી આ પ્રમાણેની ઇચ્છા છે ?

મારી ઇચ્છા એવી છે કે તમારી ભાવના અનુસાર અમેરિકામાં અથવા અહીં કાંઈક ઉપયોગી કાર્ય કરો, સાથેસાથ વ્યવહારુ અને અસરકારક કાર્ય.
પ્રેમ અને આશીર્વાદ સાથે.

૩૧ ડિસેમ્બર ૧૯૬૯

*

ઓરોવિલમાં જીવનનો સામાન્ય હેતુ શો છે? અને ખાસ કરીને ઓરોમોડેલમાં કયો? તે સમાજની સેવા કરવાનો કે પછી પ્રભુની ચેતનાના સાચા સેવક થવાનું?

ઓરોમોડેલમાં જીવનનો હેતુ છે ઓરોવિલમાં જીવન જીવવાનું શીખવાનો, અને ઓરોવિલમાં જીવન જીવવાનું શીખવા માટે જે કોઈ પ્રયોગ કરવાની જરૂર હોય તે કરવાનો.

આખા સમૂહે પ્રભુ અર્થે કઈ રીતે જીવવું તેનો રસ્તો શોધવાની આપણી માગણી છે.

દરેક વ્યક્તિની પોતપોતાની રીત હોય છે પરંતુ સમગ્ર સંઘે દરેકને અનુરૂપ જીવન જીવવા માટેનો માર્ગ શોધવો જોઈએ.

૨૨ મે ૧૯૭૦

*

(ઓરોવિલ સંઘ-નિવાસીઓની વિવિધ વિષયો ઉપર મુલાકાત લેવા વિશે.)

એવા લોકો. પૂછવું વધારે સારું જેઓને ગંભીર રીતે યોગની તાલીમ લેવાથી ઓછામાં ઓછી એક ઉચ્ચત્તર ચેતનાની ઝાંખી થઈ હોય.

૧૯૭૦

*

દિવ્ય માતાજી,

કઈ વસ્તુને લઈને હું છેલ્લી વખતે ઓરોવિલમાં માંદગીમાં સપડાયો? હું ફરીને ઓરોવિલમાં રહી શકીશ?

તમારી જાત વિશે વધુ પડતો વિચાર ન કરો.

પ્રેમ અને આશીર્વાદ.

૨૯ નવેમ્બર ૧૯૭૦

*

('એસ્પિરેશન શાળા'ના ઉદ્‌ઘાટન પ્રસંગે સંદેશ.)

જ્ઞાન મેળવવા માટે અને પ્રગતિ કરવા માટે એક સચ્ચાઈભર્યો સંકલ્પ.

૧૫ ડિસેમ્બર ૧૯૭૦

*

(એસ્પિરેશન શાળામાં શીખવાના વિષયો વિશે.)

(૧) તામિલ

(૨) ફ્રેન્ચ

(૩) હિન્દીને સ્થાને સરળ સંસ્કૃતને ભારતની ભાષા તરીકે મૂકવું.

(૪) આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે અંગ્રેજી.

૧૫ ડિસેમ્બર ૧૯૭૦

(પોંડિચેરીમાં ઓરોવિલ ઑફિસ માટેનો સંદેશ.)

**૧૯૭૧**

**એક મધુર વર્ષ**

૨ જાન્યુઆરી ૧૯૭૧

('ઓરોવિલ ગેઝેટ' માટેનો સંદેશ.)

આપણે ઇચ્છીએ કે આ ગેઝેટ ભવિષ્ય માટે અને માનવજાતિ માટેની પ્રગતિના સાક્ષાત્કાર માટેનું સંદેશવાહક બને.

જાન્યુઆરી ૧૯૭૧

*

(કોઈ સ્ત્રીને ખોરાક અને પોંડિચેરીથી ઓરોવિલમાંની એસ્પિરેશન શાળા વચ્ચેની મુસાફરી માટે બિલ મળ્યું. તે સ્ત્રીએ માતાજીને લખ્યું અને તેમણે ઉત્તર આપ્યો:)

શિક્ષણ મફત છે. પરંતુ વાહનવ્યવહાર અને ખોરાક માટે સ્વાભાવિક છે કે ખર્ચ આપવું.

૬ ફેબ્રુઆરી ૧૯૭૧

*

(કોઈએ પૂછ્યું કે રાસાયનિક ખાતરો અને જંતુઘ્ન દવાઓ ઓરોવિલમાં વાપરવી જોઈએ કે કેમ?)

ના, ના, ના.

ઓરોવિલે જૂની ભૂલોમાં પાછા સરી પડવું જોઈએ નહિ; જે વસ્તુઓ

ભૂતકાળની છે તે ફરીને સજીવન બનવા માટે પ્રયત્ન કરી રહી છે.

માર્ચ ૧૯૭૧

*

રાસાયનિક ખાતરો અને ભયંકર જંતુઘ્ન દવાઓ વગર ખેતી કરવી એ સલાહકારક છે.

૧૯૭૧

*

(એસ્પિરેશન પાસેની 'લાસ્ટ સ્કૂલ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે સંદેશાઓ.)

જેમને પ્રગતિ કરવાની ઇચ્છા છે તેમના હાથમાં ભાવિ છે. જે લોકોનો મુદ્રાલેખ 'કાયમ વધારે સારું'' છે, તેઓને આશીર્વાદ. શારીરિકમાં પ્રભુ સૌંદર્ય તરીકે આવિર્ભાવ પામે છે.

૬ ઑક્ટોબર ૧૯૭૧

*

(ફલાવર નર્સરી 'બ્યુટી' માટેનો સંદેશ.)

શાકભાજીની દુનિયાની પ્રાર્થનાઓ ફૂલો છે. છોડવાઓ તેમના સૌંદર્યને પ્રભુને અર્પણ કરે છે.

૫ નવેમ્બર ૧૯૭૧

*

(ઓરોવિલના ભૌગોલિક કેન્દ્રમાં આવેલા વડના ઝાડની આજુબાજુ રહેલા બગીચાનું પ્રતીક.)

ઐક્ય.

*

દિવ્ય માતાજી,

મહાલક્ષ્મી વિશે શ્રી અરવિંદે કહ્યું છે : ''જો મનુષ્યનાં હૃદયોની આજુબાજુ સ્વાર્થ અને તિરસ્કાર, દુષ્ટ ઇચ્છા અને દ્વેષ અને ઈર્ષ્યા અને સંઘર્ષને બેઠેલા જોશે, જો હૃદયના પવિત્ર પાત્રમાં વિશ્વાસઘાત, લોભ અને કૃતઘ્નતાનું મિશ્રણ જોશે કે વાસનાની ગ્રામ્યતા અશુદ્ધ ઇચ્છાઓ જો ભક્તિને ભ્રષ્ટ કરતી હશે, તો આવા હૃદયમાં આ પરમકૃપાળુ અને

સૌંદર્યની દેવી એક ક્ષણ માટે પણ ઊભી રહેશે નહિ. એક પ્રકારની દૈવી જુગુપ્સા એની પકડ લે છે, અને તે પાછી ફરી જાય છે કારણ કે એ દેવી એવી નથી જે આગ્રહ કરે અથવા પ્રયત્ન કરે."

એસ્પિરેશનમાં રહેલા અમને બીક લાગે છે કે કદાચ તમે આ પ્રમાણે કરો અને તમને દુઃખ માટે કોઈ કારણ આપ્યું હોય તો અમે તમારી માફી માગીએ છીએ. અમારામાંના ઘણાઓએ કેટલીએ વખત પરિવર્તન કરવાનું વચન આપ્યું છે. અમારામાંના ઘણા અત્યારે ફરીથી એ પ્રમાણે વચન આપીએ છીએ. અમે કૃપા માટે પ્રાર્થના કરીએ છીએ. અમારા પ્રેમ સહિત.

મારો પ્રેમ અને આશીર્વાદ તમારી પ્રગતિ અને રૂપાંતર માટે કાયમ તમારી સાથે જ છે. *

૧૨ એપ્રિલ ૧૯૭૨

*

વહાલાં માતાજી,

'બાહ્ય' જગત સાથેના વ્યાવહારિક સંબંધમાં મારે વારંવાર નિર્ણય લેવાની ફરજ પડે છે કે મારે ક્યાં સુધી તેમના નમૂનાનાં રૂપો અને શરતોને આધીન થવું અને મારે ક્યાં સુધી ઓરોવિલના આપણા સમગ્ર નવીન પ્રયત્નોને સખ્તાઈથી વળગી રહેવું.

ઓરોવિલના બહારના જગત સાથેના મારા સંપર્કમાં આપના તરફથી આવેલ કોઈક એક શબ્દ મારી અંદર વધારે પ્રકાશ લાવશે.

પ્રભુની સેવામાં પૂર્ણ ગ્રહણશીલતા અને સચ્ચાઈ.

આશીર્વાદ.

૨ જાન્યુઆરી ૧૯૭૩

*

---

* માતાજીએ પોતનો ઉત્તર લખીને આપ્યો ત્યારે તેમણે કહેલું કે આ પત્રને મઢાવીને ધ્યાનના સ્થળ ઉપર રાખવો.

## સામાજીક નિયમનો

(કોઈએ ઓરોવિલ બાળકના જન્મ માટે યોગ્ય તૈયારીઓ વિશે પૂછ્યું. માતાજીએ સલાહ આપી કે ફક્ત ડૉક્ટર અને પિતાએ જ હાજર રહેવું અને વધારામાં કહ્યું :)

સૌથી વધારે અગત્યની વસ્તુ છે કે એક શાંત વાતાવરણમાં બિલકુલ સ્થિર રહેવું, જેથી કરીને દિવ્ય શક્તિ કોઈ પણ ખલેલ વગર પોતાનું કાર્ય કરી શકે.

૧૯૬૭

*

...ચોક્કસ, લગ્નનો સમગ્ર વિચાર જ રમૂજી છે કારણ કે હું તે વસ્તુને બાલિશ ગણું છું.

તમે જાણો છો કે ઓરોવિલમાં લગ્નો હશે નહિ. જો કોઈ પુરુષ અને સ્ત્રી એકબીજાને ચાહે અને તેમની સાથે રહેવાની ઇચ્છા હોય તો કોઈ પણ જાતની વિધિ વગર તેઓ તેમ કરી શકે છે. જો તેમને છૂટાં પડવું હોય તોપણ તેઓ મુક્ત રીતે તે પ્રમાણે કરી શકે છે. જ્યારે લોકો એકબીજાને ચાહતાં બંધ થાય ત્યાર પછી શા માટે તેઓને સાથે રહેવા માટે ફરજ પાડવી જોઈએ ? આ બાબતમાં જો લોકો મુક્ત હોય તો ઘણા સંખ્યાબંધ ગુનાઓ અટકાવી શકાય. તે લોકોને એકબીજાની વસ્તુઓ છુપાવવી ન પડે અથવા છૂટા થવા માટે ગુનાઓનું પણ આચરણ કરવું ન પડે. જો તેઓ એકબીજાને ચોક્કસ સાચી રીતે ચાહતાં હોય તો સ્વાભાવિક રીતે જ તેઓ સાથે રહેવાનું ચાલુ રાખશે. અને તે માટે તેમને કોઈ કાયદાથી ફરજ પાડવામાં આવશે નહિ. એટલા માટે આ લગ્નનો સમારંભ અને વિધિ બાલિશ છે.

ઓરોવિલમાં જન્મેલાં બાળકોને કૌટુંબિક નામ નહિ હોય. તેમને ફક્ત તેમનું પ્રથમ નામ હશે.

૧૫ જૂન ૧૯૬૮

*

(માતાજીએ સૂચન કરેલું કે તેમનો નીચેનો લગ્ન વિશેનો પત્ર ઉપરના નિવેદન સાથે પ્રસિદ્ધ થાય.)

તમારા ભૌતિક જીવનને અને તમારા સ્થૂલ લાભોને એકત્રિત કરવા, તમારી મુશ્કેલીઓ અને સફળતા તથા નિષ્ફળતાઓનો સામનો કરવા માટે ભાગીદાર બનવું તે લગ્ન માટેનો પાયો છે, પરંતુ તમે તો જાણો છો કે એટલું જ પૂરતું નથી.

તમારી લાગણીઓમાં એકતા પ્રાપ્ત કરવા માટે, એક જ પ્રકારના કલાત્મક રસ અને આનંદ હોવાં, એક જ વસ્તુઓથી એકસરખી રીતે અસર પામી, એકબીજાની મારફતે અને એકબીજાને માટે — તે સારું છે, તે જરૂરી છે, પણ તે પૂરતું નથી.

તમારી ઊંડાણની લાગણીઓમાં એક રહેવું, ગમે તેટલા જીવનમાં ફટકાઓ પડે તેમ છતાં ફેરફાર પામ્યા સિવાય એકબીજા માટે લાગણી અને કોમળતા રાખવી અને દરેક કંટાળો, ગુસ્સો અને નિરાશાની સામે ટકી રહેવું, સતત અને દરેક પ્રસંગે સુખી રહેવું, સાથે જ રહેવું, દરેક સંજોગોમાં એકબીજામાં સ્થિરતા, શાંતિ અને આનંદ રાખવો — તે સારું છે, ઘણું સારું છે, તે અનિવાર્ય છે, પરંતુ તે પૂરતું નથી.

તે બધાની પેલે પાર, ઊંડાણોમાં, કેન્દ્રમાં, સ્વરૂપની ટોચ ઉપર, એક સ્વરૂપનું પરમ સત્ય છે, એક શાશ્વત પ્રકાશ અને તે જન્મ, દેશ, સંજોગો અને શિક્ષણના સંજોગોથી બિલકુલ સ્વતંત્ર છે. આપણા આધ્યાત્મિક વિકાસ માટેનું તે મૂળ સ્રોત છે, મૂળ છે અને સ્વામી છે. તે (પરમ તત્ત્વ) આપણને જીવનમાં પરમ માર્ગદર્શન આપે છે – તે જ આપણા ભાગ્યનો નિર્માતા છે. તમારે તે (પરમ)ની ચેતના સાથે ઐક્ય સાધવાનું છે. તેની અભીપ્સા અને ઊર્ધ્વગમનમાં એક થવું, એક જ ગતિએ; એક જ આધ્યાત્મિક માર્ગ ઉપર આગળ ધપવું, તે એક શાશ્વત ઐક્યનું ગુપ્ત રહસ્ય છે.

માર્ચ ૧૯૩૩

*

## એસ્પિરેશનમાં (ઓરોવિલ)

ત્યાંના લોકોને આશ્રમમાં જે પ્રોગ્રામ છે તેની સાથે જ અને સમયે જ ધ્યાન જોઈએ છીએ, જરૂરી માહિતી 'ક્ષ' ને આપવી.

*

તમને નથી લાગતું કે બે સામૂહિક ધ્યાન, જે આપણે

એસ્પિરેશનમાં કરવા માટે પ્રયત્ન કરીએ છીએ – ગુરુવારે અને રવિવારે – આશ્રમમાં જે સમયે હોય છે તે સમયે જ – તે એસ્પિરેશનને પોતાને માટે ઓછામાં ઓછું આંતરશિસ્ત માટે જરૂરી છે ?

શાંતિની આ વિરલ ક્ષણો અને એકસાથે એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો ભલે ધ્યાન કરવા માટે ન હોય – તે બન્ને એક એવી તક નથી કે જ્યારે અમે તમારા તરફ અને શ્રી અરવિંદ તરફ થોડા વધારે ખુલ્લા થઈને અમારો એક સામૂહિક આત્મા રચવા માટે મદદ કરીએ ?

એકસાથે એકાગ્રતા કરવી એ ઘણી સારી વસ્તુ છે અને તે તમને સભાન બનવા માટે મદદ કરશે. પરંતુ તે લાદી શકાશ નહિ. હું તમને એવી સલાહ આપું છું કે જેમને તેમાં ભાગ લેવો હોય તે બધાને માટે આ શાંતિની ક્ષણની દરરોજ વ્યવસ્થા કરવી પરંતુ બીજા કોઈ ઉપર આ વસ્તુની ફરજ પાડવી નહિ. અ ફરજિયાત નથી, પણ એ સારું છે.

૧૩ નવેમ્બર ૧૯૭૦

*

## ઓરોવિલ

ધૂમ્રપાન જાહેરમાં તકલીફરૂપ બનવું ન જોઈએ.

જે લોકો ધૂમ્રપાન કર્યા સિવાય રહી શકે નહિ તેઓ તેના માટે રાખેલ જુદા ઓરડામાં કરી શકે..

૧૯૭૧

*

પંદર વર્ષથી નીચેનાં બાળકો ફક્ત શૈક્ષણિક ફિલ્મો જોશે. ઓરોવિલમાં દર્શાવવામાં આવતાં ચલચિત્રોની પસંદગીમાં સંભાળ રાખવી પડશે. જે કાંઈ નિમ્ન પ્રકારની ગતિઓ અને કર્મોને પ્રોત્સાહન આપે તે બધાનો ત્યાગ કરવો.

૨૫ ફેબ્રુઆરી ૧૯૭૨

*

ઓરોવિલના નિવાસીઓ જો તેમના મિત્રો તેમના ખર્ચનો ભાગ આપે તો તેમને રાખી શકે. નિવાસ અલ્પકાલીન હોવો જોઈએ. થોડા દિવસો માટે.

એક અઠવાડિયાથી વધારે નહિ.

૨૭ ફેબ્રુઆરી ૧૯૭૧

*

ઓરોવિલમાં (કેફી) દવાઓનો પ્રતિબંધ છે.

જો કોઈ એવા માણસો હોય જે દવાઓ લે તો તેઓ છેતરપિંડી કરે છે. આદર્શ આરોવિલિયન, જે દિવ્ય ચેતના વિશે સભાન બનવા આતુર છે તે તમાકુ, આલ્કોહોલ કે કેફી દ્રવ્યો લેતા નથી.

ફેબ્રુઆરી ૧૯૭૧

*

ત્રણ વર્ષ પહેલાં તમે કહેલું :

"મને પૂછવામાં આવ્યું છે કે ઓરોવિલમાં જીવન માટે કયા નિયમો છે."

"પ્રભુનો આભાર, હજુ સુધી કોઈ નથી.

જ્યાં સુધી કોઈ નિયમ નથી ત્યાં સુધી આશા છે."

જુલાઈમાં પણ તમે ફરીથી એસ્પિરેશનના યુવાનોને કહેતાં હતાં : "મેં જેમ આશ્રમ માટે નિયમો બનાવ્યા તેમ ઓરોવિલ માટે મારે નિયમો બનાવવા નથી." પરંતુ તાજેતરમાં તમે લખ્યું, "ઓરોવિલમાં કેફી દ્રવ્યોનો પ્રતિબંધ છે." ઓરોવિલના તમારા દર્શનમાં કોઈ ફેરફારો થયેલા છે ?

કદાચ જે ચેતનાના સ્તરની ઓરોવિલિયનો પાસે માગણી કરવામાં આવે છે તે તેમણે પ્રાપ્ત કરેલી નથી.

૪ માર્ચ ૧૯૭૧

*

એ સાચું છે કે માતાજી કે એસ્પિરેશનમાં કેફી પીણાં ન લેવાય એવી તમારી ઇચ્છા હોવા છતાં તમે કેન્દ્રમાં અથવા ઓરોવિલના બીજા ભાગોમાં તમે તેને ક્ષમ્ય ગણો છો ?

આ જૂઠું છે.

મેં એમ કહ્યું છે કે 'ઓરોવિલમાં કોઈ પણ કેફી પીણાં નહિ' અને હું મારા શબ્દોમાંથી પાછી પડતી નથી

*

એ સાચું છે કે તાત્ત્વિક રીતે તમે અનુભૂતિની વિરુદ્ધમાં નથી ?

આવી કહેવાતી અનુભૂતિ વૃદ્ધિને અટકાવે છે અને ચેતનાની ખરાબી કરે છે; પ્રભુ તરફના માર્ગમાં, તે એક જૂના ચીલામાં થયેલું પતન છે.

આટલું સ્પષ્ટ છે એમ હું માનું છું

૧૫ એપ્રિલ ૧૯૭૧

*

માતૃમંદિરના કાર્યકરોના કેમ્પ માટે રસોડું અને ભોજનખંડ :
આ બન્ને મૂળભુત રીતે માતૃમંદિરના કાર્યકરો માટે છે. અને તે સ્વચ્છ રાખવાં જોઈએ અને તેમનો ઉપયોગ સ્વચ્છ રીતે કરવો જોઈએ. માણસોએ અહીં ધૂમ્રપાન કરવું ન જોઈએ અને શાંતિમાં ભોજન લેવું જોઈએ.

આ દેશમાં ટાઈફોઈડને દૂર રાખવા માટે સ્વચ્છતા અનિવાર્ય છે.

૧ જૂન ૧૯૭૧

*

(માતૃમંદિરના કાર્યકરોના રસોડા માટે સંદેશ)

આ દેશમાં અને તેના વાતાવરણમાં સંપૂર્ણ સ્વચ્છતા, માંદગીના નિવારણ માટે અનિવાર્ય છે. તે માટે મહાન તકેદારીઓ રાખવી જોઈએ.

૧૯૭૧

*

જાતીય પ્રવૃત્તિઓ માણસને પશુની સાથે બાંધી રાખે છે અને ભવિષ્યમાં તે બધું પૂરેપૂરું રૂપાંતર પામશે.

જેમણે ભવિષ્ય માટે કામ કરવું છે અને તેમાં જીવવા માટે પોતાની જાતને તૈયાર કરવી છે, તેમણે આ વિષયથી સંમોહિત થવું ન જોઈએ, કારણ કે તે ચેતનાને પશુમય બનાવી દે છે. તેમજ તમારા વિચારમાં તેને પ્રેમની સાથે સંલગ્ન ન કરશો કારણ કે તેમને એકબીજા સાથે કોઈ પણ સંબંધ નથી.

૨૩ નવેમ્બર ૧૯૭૧

આપણે પ્રાણીઓથી વધારે પડતા આકર્ષાઈએ છીએ અને ભૂતકાળમાં જોવા કરતાં ભવિષ્યમાં નજર નાખવી એ વધારે રસિક છે.

જ્યાં સુધી મને લાગે છે ત્યાં સુધી, મને પ્રાણીસંગ્રહસ્થાન રસ આપતું નથી, આપણે અતિમનસના બદલે પશુતા તરફ વધારે આકર્ષાયેલા રહીએ છીએ.

૩૧ ઑગસ્ટ ૧૯૭૨

*

ધૂળ અને અવ્યવસ્થામાં આનંદ લેવો એ એક એવી પ્રકૃતિ જે ચૈત્ય પુરુષનો ઇન્કાર કરે છે અને જેને તેની સાથે કાંઈ સંબંધ નથી એની ચોક્કસ નિશાની છે.

૨૧ ઑક્ટોબર ૧૯૭૨

*

સ્વચ્છતા અતિમનસના આવિર્ભાવ તરફનું પ્રથમ અનિવાર્ય પગલું છે.

૨૧ જાન્યુઆર ૧૯૭૩

*

## સ્થાનિક ગ્રામજનો સાથેના સંબંધો

દિવ્ય માતાજી,

થોડાક મુદ્દાઓ ઉપર તમારું દિવ્ય માર્ગદર્શન જરૂરી છે.

ગ્રામજનો તરફથી તેમની જમીનો વેચવામાં વિરોધ છે. આ એટલા માટે હોઈ શકે, કારણ કે તેમને ઓરોવિલમાં સમાવી દેવા માટે આપણે કાંઈ પણ કરેલું નથી. તેમને એવી લાગણી થાય છે કે તેમના ઉપર પરદેશીઓનું વર્ચસ્વ સ્થપાય છે અને તેઓને કાંઈ પણ ફાયદો થવાને બદલે તેમનાં ઘરબારોમાંથી તેમને હાંકી કાઢવામાં આવશે.

આપણે એ લોકોને સાચું નિદર્શન આપવું જોઈએ કે આપણે તેમને માટે એક દવાખાનું, એક શાળા, સ્વચ્છ પીવાનું પાણી વગેરે સગવડો કરી આપવાના છીએ? જો તે પ્રમાણે પ્રેમ અને નમ્રતાથી કરવામાં આવે તો પૈસો સાચી રીતે ખર્ચાશે અને નહિ કે દાનવૃત્તિથી.

આ વસ્તુ અનિવાર્ય છે.

એપ્રિલ ૧૯૬૯

*

(એસ્પિરેશન પાસેના કાર્યકરોના રસોડામાં કાર્ય કરનાર કોઈએ લખ્યું:) કેટલાક લોકોને કાર્યકરોને ખોરાક આપવાનું ચાલુ રાખવાનું પસંદ છે; બીજાઓને લાગે છે કે આપણી પાસે જે ફંડ હોય તો બીજી જગાએ તેમનો વધારે સારી રીતે ઉપયોગ થઈ શકે. અમને માર્ગદર્શન આપવા મહેરબાની કરશો.

એક વખત તમે મજૂરોને ખોરાક આપવાનું શરૂ કર્યું પછી તમે તે બંધ કરી શકતા નથી, નહિ તો પછી તમે તેમનો વિશ્વાસ ગુમાવો છો.

આ ફરજિયાત છે — બીજાઓને તેની જાણ કરો, બધાને આશીર્વાદ.

૪ એપ્રિલ ૧૯૬૯

*

(કૉમ્યુનિટી કાર્યકરોના રસોડાના સુપરવાઈઝર છૂટા થયા પછી કોઈએ લખ્યું:)

ઓરોવિલના કાર્યકરોના ખોરાક બાબતમાં કોઈ પણ ખલેલ પડી નથી અને હું મારી જાતે જ્યાં સુધી નવી વ્યવસ્થા ન થઈ શકે ત્યાં સુધી વ્યવસ્થા કરીશ.

ઘણું સુંદર,

અમને બધાને, ઓરોવિલના સર્વ કાર્યકરોને બપોરનું મુક્ત ખાણું આપવાના સમયે તમારા તરફથી કોઈ સંદેશ મળે તો અમારામાં તાકાત અને ઐક્યની સભાનતા આવશે.

બધા માટે શુભનિષ્ઠા અને બધામાંથી શુભનિષ્ઠા એ શાંતિ અને સંવાદનો પાયો છે.

આશીર્વાદ.

૧૩ ઑગસ્ટ ૧૯૬૯

જે લોકો ગ્રામજનતાના સંપર્કમાં છે તેમણે ભૂલવું ન જોઈએ કે તેમની પોતાની જેટલી કિંમત છે તેટલી જ તે લોકોની પણ છે; તેઓ તેમના જેટલું જ જાણે છે, અને તેઓ જે રીતે વિચારે અને અનુભવે તે પ્રમાણે તેઓ કરે છે, તેથી ગ્રામલોકો સાથે તેમણે એક હાસ્યાસ્પદ રીતે અને પોતે ચઢિયાતા છે એવું વલણ કદી ન રાખવું.

તેઓ પોતાના ઘરમાં છે અને તમે લોકો મુલાકાતીઓ છો.

સપ્ટેમ્બર અથવા ઑકટોબર ૧૯૬૯

*

એસ્પિરેશનના નિવાસીઓ પ્રત્યે :

એક કેવળ માયાળુ સંબંધ જ નહિ પરંતુ પડોશી ગ્રામના નિવાસીઓ પ્રત્યે એક મિત્રાચારીભર્યો સંબંધ બિલકુલ અનિવાર્ય છે. ઓરોવિલના સાક્ષાત્કાર માટે એ સાચા ભ્રાતૃભાવનું સ્થાપન કરવા પ્રથમ પગલું છે. — આ બાબતમાં કોઈ પણ ઊણપ એ ગંભીર ભૂલ છે અને આખા કાર્યમાં સમાધાન માગી લે છે

સંવાદ માટેના સચ્ચાઈભર્યા બધા જ પ્રયત્ન સાથે મારા આશીર્વાદ.

૨૩ નવેમ્બર ૧૯૬૯

*

ગામમાંથી કુટુંબો માટેનો (Integration) એકીકરણનો પ્રોગ્રામ ૭મી ઑગસ્ટ ૧૯૭૦ના રોજ શરૂ કરવામાં આવ્યો તેમાં અમે નીચેની બાબતોમાં માર્ગદર્શન માટે પ્રાર્થના કરીએ છીએ :

(૧) બધી વસ્તુઓમાં તેમની સાથે ઓરોવિલિયનોની જ માફક વર્તન રાખવું કે કેમ ?

હા.

(૨) તેમને નિયમિત રીતે રિદ્ધિ-સિદ્ધિ (પ્રોસ્પેરિટી) આપવી કે કેમ ?

હા.

(૩) બધી જ પ્રોસ્પેરિટીની ચીજો ઓરોવિલ પ્રોસ્પેરિટીમાંથી જ લેવાની છે કે કેમ ?

બધી જ, જે તેઓ લેવાની પસંદ કરે તે.

(૪) ઓરોવિલમાં જોડાવાની સાથે તેમને માટે કોઈ માર્ગ-દર્શનનો સિદ્ધાંત આપવાનો છે કે કેમ? જો હા હોય તો માતાજી અમને મહેરબાની કરીને પ્રકાશ પાડે.

જો કોઈ પૂરતા બુદ્ધિશાળી હોય તો ચોક્કસ સારું છે.

(૫) દરેક વ્યક્તિ દીઠ ખોરાક માટે કોઈ ખાસ રકમ નક્કી કરવી જોઈએ કે કેમ? જો હા હોય તો મોટા માટે ૨–૫૦ રૂ. અને બાળક માટે ૨ રૂ. બરાબર થશે?

તેઓ જે માગે તે આપવા માટે ઓછામાં ઓછો એક મહિનાનો ગાળો હોવો જોઈએ. ત્યાર પછી આપણે જોઈશું કે વાજબી રીતે શું થઈ શકે.

૧૦ સપ્ટેમ્બર ૧૯૭૦

*

ગામલોકો જે સાધારણ રીતે ખોરાક લેતા હોય તેના કરતાં આપણે તેમને સારા પ્રકારનો ખોરાક આપવાની ઇચ્છા હોવાથી, એ સલાહભર્યું ખરું કે જે લોકો કૉમ્યુનિટી કિચનમાંથી યોગ્ય કિંમત આપીને ખોરાક લેવા ખુશી હોય તેમને તે પ્રમાણે રજા આપવી?

હા, મૂળ કિંમતે. આશીર્વાદ.

નવેમ્બર ૧૯૭૦

*

આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી ભારત જગતમાં સૌથી અગ્રભાગે છે. તેનું ધ્યેય આધ્યાત્મિકતાનું એક દૃષ્ટાંત બેસાડવાનું છે. શ્રી અરવિંદ જગતને આ શીખવવા માટે પૃથ્વી ઉપર આવેલા.

આ હકીકત એટલી સ્પષ્ટ છે કે અહીંનો એક સરળ અને અજ્ઞાની ખેડૂત તેના હૃદયમાં, યુરોપની બુદ્ધિશાળી વ્યક્તિઓ કરતાં પ્રભુની વધારે નજીક છે.

જેમને ઓરોવિલિયન બનવું હોય તે બધાએ આ વસ્તુ જાણવી જ જોઈએ અને તે પ્રમાણે વર્તવું જોઈએ; નહિ તો પછી તેઓ ઓરોવિલિયન બનવાને લાયક નથી.

૮ ફેબ્રુઆરી ૧૯૭૨

*

(કોઈએ "લાસ્ટ સ્કૂલ"ની સફાઈ કરવા માટે પોતાની મદદ આપવા તત્પરતા બતાવી.)

તે બરાબર છે — પરંતુ વસ્તુઓ ગોઠવતી વખતે તામિલ ગામમાંથી આવતા લોકોને નારાજ ન કરવા માટે ખૂબ સંભાળ રાખજો. તેમની શ્રદ્ધા મેળવવી આપણે માટે ઘણું મુશ્કેલ હોય છે અને એવી કોઈ પણ વસ્તુ ન ન થવી જોઈએ જેથી તેમની નવજન્મ પામેલી શ્રદ્ધા તેઓ ખોઈ બેસે, અને આ ખાસ અગત્યનું છે

તમારી સાથે એવી કોઈ વ્યક્તિને લઈ જાઓ જે તામિલ ઝડપથી બોલી શકતી હોય જેથી કરીને તમે તેમની સાથે વાતો કરી શકો અને તેમને વસ્તુઓ વિશે સમજ આપી શકો.

તેઓ તમારા આત્મિક ભાઈઓ છે. આ વસ્તુ કદી ભુલાવી ન જોઈએ.

જુલાઈ ૧૯૭૨

*

## નાણાં

ઓરોવિલ માટે જરૂરી નાણાં મેળવવા માણસ નીચે પ્રમાણે શરૂઆત કરી શકે. દરેક દેશમાં ખૂબ સમૃદ્ધિવાન માણસને શોધી કાઢો જે ઓરોવિલ માટે પૈસા એકત્રિત કરવા કેન્દ્રવર્તી વ્યક્તિ બને.

ફાયદાઓ : આવી વ્યક્તિનું વજન પડે. બીજાઓ માટે દૃષ્ટાંતરૂપ બને અને કદી ભીખ માગવાની છાપ ઉત્પન્ન ન કરે.

સિદ્ધાંત તરીકે આ બરાબર છે પરંતુ વ્યવહારમાં, અને નિષ્ફળતાઓની બધી જ શકયતાઓ બાજુએ મૂકવા માટે (કારણ કે નિષ્ફળતાથી બહુ નિરાશાજનક અસર આવે) આપણે સંજોગો શું સંકેત આપે છે તેના માટે રાહ જોઈએ, અને મને તાત્કાલિક તેના વિશે ખબર પડશે, અને પછી હું આગળ જવાની ઝંડી ફરકાવીશ.

નવેમ્બર ૧૯૬૫

*

માતાજી,

અમેરિકન પેવેલિયનની વ્યવસ્થા કરવામાં 'ક્ષ' મદદ કરશે અને જો તેમ હોય તો તે અમેરિકામાં તાત્કાલિક ફંડ ઉઘરાવવાનું શરૂ કરશે?

જો તે (સ્ત્રી)ને આ કાર્ય કદી ફરજ તરીકે સોંપ્યું નથી, પરંતુ જો તે નાણાં લાવે તો વધારે સારું.

૨૨ માર્ચ ૧૯૬૬

*

દિવ્ય માતાજી,

તમારી એવી ઇચ્છા છે કે અમે અમેરિકામાં આશ્રમ માટે અને ઓરોવિલ માટે મોટી રકમો એકઠી કરવા પ્રયત્ન કરીએ ?

જો તમારા માટે તે બિલકુલ શકય હોય તો તે ઘણું સહાયરૂપ અને વસ્તુઓના સત્યને અનુરૂપ બનશે.

૩૦ મે ૧૯૬૬

*

(કેટલીક વ્યક્તિઓ અને સમૂહો જેઓ ઓરોવિલના વિકાસમાં મદદ કરવા માટે ઇચ્છા ધરાવે છે તેમને માટે.)

તેઓ પોતાની જાતે કાર્ય ન કરે પરંતુ જો તેઓ યોગ વિશે જાણતા ન હોય તો તેઓ કઈ રીતે ઓરોવિલનો હેતુ સમજી શકશે?

૧૯ જૂન ૧૯૬૭

*

(ઓરોવિલના એક ડોનરે સ્પષ્ટ કર્યું:

આપણાં દુઃખો અને વેદનાઓનાં કારણો ઉપર વિજય માટે જ મારા પૈસાનો ઉપયોગ થાય એવી મારી ઇચ્છા છે.

એટલા માટે જ આપણે અહીં કાર્ય કરીએ છીએ, પરંતુ પરોપકારી દાનીઓની માફક, જે ફક્ત બહારનાં અસરો ઉપર કાર્ય કરે તેવી કૃત્રિમ રીતે નહિ.

આપણને પૂર્ણ રૂપાંતર દ્વારા ભૌતિક તત્ત્વમાં દિવ્યતા લાવીને દુઃખોનું કારણ કાયમ માટે નિર્મૂળ કરવાની ઇચ્છા છે.

૨૮ ડિસેમ્બર ૧૯૬૭

*

સૌથી પ્રથમ, ઓરોવિલ તરફ આવતા પૈસાના પ્રવાહમાં વિક્ષેપ આવે છે, તેના માટે કોઈ વિશિષ્ટ વસ્તુ થઈ શકે છે?

તે વસ્તુ ભવિષ્ય તરફ થતી ગતિની ખામી છે, જે પૈસાના પ્રવાહમાં રૂકાવટ કરે છે.

બીજી કોઈ એવી વિશિષ્ટ વસ્તુ છે જે ઓરોવિલ તરફ આવતા દ્રવ્યના પ્રવાહમાં વધારો કરવા માટે કરવી જોઈએ?

અનિવાર્ય ભવિષ્યમાં એક શ્રદ્ધાપૂર્વકની ખાતરી, આ રૂકાવટને તોડી શકે છે.

૧૭ મે ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

ઓરોવિલનાં નાણાંની હાલની પરિસ્થિતિની જાણ કરીને અમારે નીચે બતાવેલા લોકોમાંથી કોઈનો સંપર્ક સાધવો જોઈએ? (નામો આપ્યાં છે)

આ પ્રકારના લોકો ઓરોવિલને જે વસ્તુની જરૂર છે તે આપી શકશે નહિ.

૧૭ મે ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

સૌથી પ્રથમ નવીન જગતની રચનામાં અમેરિકાનો ફાળો શું છે?

અમેરિકાનું કાર્ય નવા સર્જન માટે પૃથ્વીને તૈયાર કરવા માટે જરૂરી નાણાંકીય મદદ પૂરી પાડવાનું છે.

બીજું અમેરિકાના લોકોએ આ ભાગ ભજવવા માટેની શરૂઆત કરવા માટે શું કરવું જોઈએ?

તે વ્યક્તિ અથવા મંડળ વિશે સભાન બનો જેઓ રૂપાંતર કરવા માટે શક્તિમાન છે અને તેમને જરૂરી નાણાં આપો.

૯ જૂન ૧૯૬૮

*

પૃથ્વી પર રહેલી મહાન નાણાંશક્તિના સંપર્ક માટે પ્રયત્ન કરવાનો સમય આવી પહોંચ્યો છે ?

જો હોય તો આપણે એક સઘન અને સુદૃઢ વ્યવસ્થાનું માળખું ઊભું કરવું પડશે, જે આ નાણાંનો વહીવટ કરી શકે અને તેનો યોગ્ય ઉપયોગ કરવાની તેમની જવાબદારી હોય. આ થઈ જાય પછી જ આપણે આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનો સંપર્ક સાધી શકીએ અને તેમની પાસેથી યોગ્ય પ્રત્યુત્તર મેળવી શકીએ. આ વસ્તુને તમારી મંજૂરી છે ?

બરાબર. આશીર્વાદ.

એપ્રિલ ૧૯૬૯

*

(કોઈ વ્યક્તિ ઓરોવિલ માટે ફંડ એકત્રિત કરવા પ્રયત્ન કરતી હતી. તેણે વિકાસ માટેની યોજના વિશે વિગતવાર માહિતીની વિનંતી કરેલી. જ્યારે તેનો પત્ર માતાજીને બતાવવામાં આવ્યો ત્યારે તેમણે લખ્યું :)

આ બધા પ્રશ્નો સાબિત કરે છે કે જે કાંઈ કરવામાં આવ્યું છે તેને ચાલુ રાખી ફરીને તેનું પુનરાવર્તન થાય તેવું તમે ઓરોવિલ માટે ધારો છો.

ઓરોવિલ નવીન સર્જન બનવા માગે છે અને તે નવીન માર્ગે, નવીન રીતોએ અને નવી ચેતનાની અભિવ્યક્તિ કરવા માગે છે.

૧૮ ઑગસ્ટ ૧૯૬૯

*

(ઓરોમોડેલ માટે ફંડ એકઠું કરવા, આપણે શું કરીશું ?)

તમે ફંડોની પાછળ જેટલા પડશો તેટલા તે ઓછા આવશે. તમારે જે કરવું જોઈએ તે છે ઓરોવિલ વિશે લોકોને જાણ કરવી. તે અગત્યનું છે.

નવેમ્બર ૧૯૬૯

*

જ્યારે લોકોને એમ લાગશે કે ઓરોવિલનો વિકાસ થાય તેમાં મદદ કરવી તે તેમનું સદ્ભાગ્ય છે ત્યારે નાણાં પુષ્કળ પ્રમાણમાં આવશે.

ડિસેમ્બર ૧૯૬૯

*

ઓરોવિલ માટેની જમીનો ખરીદવાની છે અને ખરીદાઈ શકે – તેને માટે નાણાંની જરૂર છે.

તમે મદદ કરશો ?

મે ૧૯૭૦

*

તમે અમારી જરૂર જાણો છો.

તમે તે માણસ નહિ બનો જે મદદ કરે ?

*

(માતૃમંદિર માટે ફંડ એકઠાં કરવાનો સંદેશ)

તમારા પૈસા તમે રાખી મૂકો તેને બદલે તમે પ્રભુના કાર્યમાં આપો તેથી તમે વધારે પૈસાદાર બનશો.

૧૯૭૧

## શરૂઆતના વાર્તાલાપો

**જૂન ૧૯૬૫**

તમે ઓરોવિલ વિશે સાંભળ્યું છે ?

ઘણા લાંબા સમય સુધી મારે એક આદર્શનગરની યોજના હતી, પરંતુ તે શ્રી અરવિંદના જીવન દરમ્યાન હતી અને તેના કેન્દ્રમાં શ્રી અરવિંદ જીવતા હતા. પછીથી મને તેમાં વધારે રસ રહ્યો નહિ. પછીથી ઓરોવિલનો ખ્યાલ – મેં ઓરોવિલ નામ આપેલું – ફરીથી હાથ ઉપર લેવામાં આવ્યો. પરંતુ બીજા છેડાએથી; તે રચનાએ એક જગા શોધવાની હતી તેને બદલે લેઈક પાસે એક જગા હતી તેણે તે રચનાને જન્મ આપ્યો. અને અત્યાર સુધી મેં તેમાં ઘણો ઓછો રસ લીધો કારણ કે મેં કોઈ વસ્તુ સીધેસીધી ગ્રહણ કરેલી નહિ. ત્યાર પછી આપણી નાનકડી 'અ' ના મનમાં લેઈકની

નજીક ઘર લેવાનો વિચાર આવ્યો અને તેના ઘરની પાસે જ મારા માટે મકાન લઈને મને તે અર્પણ કરવાનું તેણે નક્કી કર્યું. તેણે મને તેનાં સ્વપ્નો લખ્યાં : એક કે બે વાકયોએ મારી ઘણી જૂની સ્મૃતિને ઢંઢોળી, જેમાં મારે કાંઈક અભિવ્યક્ત કરવું હતું – કોઈ સર્જન – જ્યારે હું ઘણી નાની હતી ત્યારે અને વળી ફરીથી જ્યારે હું થીઓની સાથે હતી ત્યારે, આ સદીની શરૂઆતમાં, આવિર્ભાવ પામવા પ્રયત્ન કરતું હતું. ત્યાર પછી બધું ભૂંસાઈ ગયું. તે આ પત્રની સાથે ફરીથી સજીવન થયું; એકાએક મારી પાસે ઓરોવિલની યોજના આવી ગઈ. હવે મારી પાસે સમગ્ર યોજના છે અને હું, મને 'બ' વિગતવાર યોજના દોરીને આપે તેની રાહ જોઉં છું, કારણ કે મેં શરૂઆતમાં જ કહ્યુ હતું : " 'બ' સ્થપિત બનશે." અને મેં 'બ' ને લખ્યું જ્યારે તે ગયે વર્ષે અહીં આવેલો ત્યારે "લી કોર બુઝિયરે" બાંધેલું પંજાબનું નગર 'ચંદીગઢ' જોવા ગયેલો. અને તેને તે બહુ પસંદ પડયું નહિ. મને તે બિલકુલ સામાન્ય લાગે છે – હું તેના વિશે કાંઈ જાણતી નથી, મેં તે જોયું પણ નથી. મેં કેટલાક ફોટાઓ જોયા જે મને આઘાતજન્ય લાગ્યા. અને જ્યારે તે મારી સાથે વાતચીત કરતો હતો ત્યારે હું તેની કેવી લાગણી હતી તે સમજી શકી. "અહો, જો મને એક નગર બાંધવાનું મળે ! . . . ." તેથી મેં તેને લખ્યું : " જો તારી ઇચ્છા હોય તો મારે એક નગર બાંધવું છે," તે ખુશ છે. તે આવે છે. જ્યારે તે આવશે ત્યારે હું તેને મારી યોજનાઓ બતાવીશ અને તે નગર બાંધશે. મારી યોજના ઘણી સરળ છે.

તે સ્થળ ઉપર ત્યાં ઊંચે, મદ્રાસ તરફના રસ્તે એક ટેકરી ઉપર છે. (માતાજી કાગળ લે છે અને દોરવાની શરૂઆત કરે છે.) તે અહીં છે – સ્વાભાવિક રીતે જ ત્યાંની પ્રકૃતિ (કુદરત) અહીં જેવી નથી. આપણે આપણી જાતને ત્યાં ગોઠવી દેવી પડશે : તે ત્યાં એક આદર્શ મેદાન ઉપર છે — અહીં કેન્દ્રમાં. આ કેન્દ્રનું બિન્દુ એક બગીચો છે જે મેં, હું ઘણી નાની હતી ત્યારે જોયેલો – કદાચ સ્થૂલ પ્રકૃતિના દૃષ્ટિબિંદુથી જગત ઉપરનું સૌથી સુંદર સ્થળ — એક બગીચો, વૃક્ષો અને પાણી સહિત, બીજા બગીચાઓ જેવો અને ફૂલોવાળો, પણ ઘણાં નહિ; ફૂલો, વેલીઓ, તાડ અને ફર્નના રૂપમાં, અને પામની ઘણી બધી જાતો; જો શકય હોય તો વહેતું પાણી, અને કદાચ નાનો જલધોધ. વ્યવહારુ દૃષ્ટિબિંદુથી તે ઘણો સારો હશે : છેક છેવાડે, બગીચાની બહાર રહેવાસીઓને પાણી પૂરું પાડવા માટે આપણે પાણીની ટાંકીઓ બાંધી શકીએ.

પછી મેં આ બાગમાં એક 'પ્રેમનો શમિયાનો' (Pavillion of Love) જોયો. પરંતુ આ શબ્દને હું ધિક્કારું છું કારણ કે માણસે તેને ઘણો કદરૂપો બનાવી દીધેલો છે; હું દિવ્ય પ્રેમના સિદ્ધાંત ઉપર વાતચીત કરું છું પરંતુ તેમાં ફેરફાર થઈ ગયો છે : તે 'માતાજીનો મંડપ' બનશે — પરંતુ આ નહિ (માતાજી પોતાની તરફ આંગળી બતાવે છે) — દિવ્ય જનની, સાચી 'મા,' ભગવતી માનો સિદ્ધાંત. હું "મા" શબ્દ વાપરું છું કારણ કે શ્રી અરવિંદે તે શબ્દનો ઉપયોગ કરેલો, નહિ તો મેં કોઈક બીજો જ શબ્દ મૂકયો હોત. મેં કદાચ 'સર્જનનો સિદ્ધાંત' અથવા "સાક્ષાત્કારનો સિદ્ધાંત" મૂકયો હોત અથવા મને ખબર નથી.... એક નાનું મકાન હશે, મોટું નહિ, અને તેમાં નીચે એક ધ્યાનરૂમ હશે, પરંતુ તે થાંભલાવાળો હશે અને ઘણુંભાગે ગોળાકાર હશે. હું કદાચ એટલા માટે કહું છું કે મેં તે 'બ'ના ઉપર છોડયું છે. ઉપર પ્રથમ મજલો એક રૂમનો હશે અને તેના ઉપર એક અગાશી હશે. તમે પ્રાચીન ભારતીય મોગલોના બાંધકામોના નમૂનાઓ વિશે જાણો છો, જેના જેમાં નાની છતોવાળી અગાશીઓ હોય છે અને તેનો આધાર સ્તંભો ઉપર હોય છે. તમે તે નમૂનાઓ જોયા છે? મારા હાથમાં તેવા સંખ્યાબંધ આવેલા છે....પરંતુ આ મંડપ ઘણો સુંદર છે, ઉપર કહ્યા પ્રમાણે એક નાનો મંડપ, જેની અગાશી ઉપર એક છાપરું હોય અને નાની દીવાલો જેને લોકો અઢેલીને બેસી શકે અને ખુલ્લી હવામાં સાંજે અથવા રાત્રે ચિંતન કરી શકે. અને નીચેના મજલે. ભોંયતળિયે જમીનની સપાટીએ, એક ધ્યાનરૂમ, સાદો — બિલકુલ સજાવટ વગરનો. કદાચ દૂર દૂર છેવટે એક જીવંત પ્રકાશ, જીવંત પ્રકાશનુ પ્રતીક, એક સતત પ્રકાશ. અથવા એક ખૂબ શાંતિયુક્ત, ખૂબ શાંત સ્થળ.

નજીકમાં એક નાનું રહેઠાણ હશે. નાનું ખરું, પણ ત્રણ માળનું, બહુ વિશાળ નહિ અને તે 'અ'નું ઘર હશે જે રક્ષક તરીકેની ફરજ બજાવતી હશે. તે મંડપની રક્ષક હશે, તેણે મને સુંદર પત્ર લખેલો પણ તેને તે વિશે ચોક્કસ ખબર નહોતી.

તે કેન્દ્ર છે.

ચારે બાજુએ, એક ગોળાકાર માર્ગ છે અને તે બાકીના નગરને જુદું પાડે છે. બગીચામાં કદાચ એક દરવાજો હશે — હકીકતમાં તે હોવો જ જોઈએ — આ બગીચાની રક્ષક આફ્રિકામાંથી તાજી જ આવેલી એક કન્યા છે જેણે મને પત્ર લખેલો કે તેને ઓરોવિલના રક્ષક બનવાની ઇચ્છા છે

જેથી કરીને "સત્યના ઉપાસકોને જ" પ્રવેશ મળી શકે (માતાજી હસે છે. તે ઘણી સરસ યોજના છે. તેથી હું કદાચ તેને બગીચાની રખેવાળ તરીકે મૂકું, જેના દ્વાર પાસે રસ્તા ઉપર એક નાનું મકાન હશે.

પરંતુ એક રસિક બાબત છે કે આ કેન્દ્રની આસપાસ ચાર મોટા વિભાગો છે, ચાર મોટી પાંખડીઓ (માતાજી દોરી બતાવે છે) પરંતુ આ પાંદડીના ખૂણાઓ ગોળ વળેલા છે અને વચ્ચેના અંતરમાં ચાર વિભાગો છે – ચાર મોટા વિભાગો અને ચાર હરોળો.... કુદરતી રીતે જ આ બધું હવામાં છે, જમીન ઉપર આશરે એવું કાંઈક હશે.

આ પ્રમાણે ચાર વિભાગ છે; એક સાંસ્કૃતિક વિભાગ – ઉત્તરમાં એટલે કે મદ્રાસ તરફ; પૂર્વમાં – ઔદ્યોગિક વિભાગ; દક્ષિણમાં આંતરરાષ્ટ્રીય વિભાગ અને પશ્ચિમમાં — લેઈક તરફ રહેઠાણનો વિભાગ.

મારી જાતને સ્પષ્ટ કરવા માટે : જે લોકોએ ફાળાઓ આપેલ છે અને બીજા જેઓ મોટી સંખ્યામાં ઓરોવિલમાં પ્લોટ લેવા માટે આવે છે, તેમના માટે મકાનો હશે. આ વસ્તુ લેઇક નજીક હશે.

આંતરરાષ્ટ્રીય વિભાગ : આપણે કેટલાક એલચીઓ અને દેશોનો સંપર્ક સાધ્યો છે અને તે દરેક માટે એક 'પેવિલિયન' – દરેક દેશ માટે એક – હોવો જોઈએ. કેટલાકે તેનો સ્વીકાર કર્યો છે એટલે કે આ વસ્તુ ગતિમાં છે.

દરેક પેવિલિયનનો એક બગીચો છે અને તે દેશમાં થતી વનસ્પતિ અને પેદાશનું તે પ્રતીક હશે. જો તેમની પાસે પૂરતા પૈસા અને પૂરતી જગા હોય તો તેઓની પાસે તેમના દેશની સિદ્ધિનું એક નાનું સંગ્રહસ્થાન અથવા કાયમી પ્રદર્શન હોઈ શકે. દરેક દેશના સ્થાપત્ય પ્રમાણે તે મકાન બંધાવું જોઈએ – તે એક માહિતીના આધારભૂત પુરાવા જેવું હોવું જોઈએ : અને તેમને જેટલું ખર્ચ કરવું હોય તેના આધારે વિદ્યાર્થીઓ માટે અને સભાખંડો માટેની વ્યવસ્થા હોવી જોઈએ. તે દેશનું રસોડું, એક રેસ્ટોરાં – તેમનો બધા જ પ્રકારનો વિકાસ તેઓ દર્શાવી શકે.

પછી ઔદ્યોગિક વિભાગ: અત્યારથી જ ઘણા લોકોને, મદ્રાસ સરકારને પણ - મદ્રાસની સરકાર લોનો આપે છે – ખાસ વિશિષ્ટ પાયાઓ ઉપર ઉદ્યોગો શરૂ કરવા છે. આ ઔદ્યોગિક વિભાગ પૂર્વ તરફ છે અને તે ઘણો વિશાળ છે. તેમાં પુષ્કળ જગા છે; તે નીચે દરિયા તરફ ફેલાય છે. હકીકતમાં

પોંડિચેરીની ઉત્તરે એક ઘણો વિશાળ વિસ્તાર છે તેમાં વસ્તી નથી અને ખેતી પણ થતી નથી; તે દરિયાકાંઠે છે અને દરિયાકાંઠે ઉત્તર તરફ ફેલાયેલો છે. એટલે આ ઔદ્યોગિક વિભાગ દરિયા તરફ નીચે લંબાશે, અને જો શક્ય હોય તો તેમાં એક બારું હશે – એક સ્પષ્ટ બંદર નહિ, પરંતુ એવી જગા જ્યાં હોડીઓ આવી શકે; અને આ બધું ઉદ્યોગોને તેમની જરૂરિયાત પ્રમાણે આંતર વાહનવ્યવહાર હશે અને તેઓ સીધી જ નિકાસ કરી શકશે, અને ત્યાં એક મોટી હોટેલ હશે, 'બ' એ તેના માટે એક યોજના બનાવી છે; અમને "Messageries Maritimes" ની બાજુમાં એક હોટેલ બનાવવાની ઇચ્છા હતી, પરંતુ એક વખત સંમતિ પછી માલિકે ના પાડી; તે ઘણું સારું થયું છે. તેના બદલે ત્યાં (પેલી જગાએ) હોય તો વધારે સારું – બહારથી આવતા મુલાકાતીઓને આવકાર આપવા માટે એક મોટી હોટેલ. આ વિભાગ માટે ઘણા ઉદ્યોગોએ પોતાની, અગાઉથી નોંધણી કરાવેલી છે; મને ખબર નથી કે એ બધાને માટે પૂરતી જગા હશે કે કેમ. પરંતુ આપણે તેની વ્યવસ્થા કરીશું.

પછી ઉત્તર તરફ – ખરેખર સૌથી વધારે જગા છે. મદ્રાસ તરફ સાંસ્કારિક વિભાગમાં. ત્યાં એક પ્રેક્ષકગૃહ હશે – મેં જેનું ઘણા લાંબા સમયથી સ્વપ્ન સેવેલું તેવું; તેના પ્લાન તૈયાર થઈ ગયેલા છે – એક પ્રેક્ષકગૃહ, જેમાં સંગીતગૃહ હોય અને એક મોટું ઓરગન, આજનું સર્વ શ્રેષ્ઠ. એવું લાગે છે કે લોકો અદ્‌ભુત વસ્તુઓ બનાવે છે. મારે મોટું ઓરગન જોઈએ છે. તેમાં એક પાંખોવાળો મંચ હશે – એક ફરતું મંચ – શ્રેષ્ઠ મંચ. તેથી ત્યાં એક ભવ્ય પ્રેક્ષકગૃહ, એક લાયબ્રેરી, એક સંગ્રહસ્થાન જેમાં બધા પ્રકારના નમૂનાઓ હશે – પ્રેક્ષકગૃહમાં નહિ. વધારામાં એક ફિલ્મસ્ટુડિયો અને ફિલ્મશાળા હશે; એક ગ્લાઈડિંગ ક્લબ. આપણને સરકાર તરફથી સત્તાવાર મંજૂરી મળી છે અને તે મળવાની તૈયારીમાં છે. અને મદ્રાસ તરફ જ્યાં પુષ્કળ જગા છે ત્યાં એક સ્ટેડિયમ છે. આપણને આ સ્ટેડિયમ સૌથી આધુનિક અને સંપૂર્ણ હોવું જોઈએ તેને માટે એક ખ્યાલ હતો, ઘણા લાંબા સમયથી – તે બાર વર્ષથી – ઑલિમ્પિક રમતો દર ચાર વર્ષે રમાય છે – ૧૯૬૮ થી બાર વર્ષ. ૧૯૬૮ માં ઑલિમ્પિક રમતો મેક્સિકોમાં રમાય છે – બાર વર્ષ પછી આપણે ત્યાં. ભારતમાં ઑલિમ્પિક રમતો રાખીશું. એટલા માટે આપણને વિશાળ જગાની જરૂર છે.

આ બધા વિભાગોની વચ્ચે અંતરાલ ચાર પટ્ટાઓ હશે; એક જાહેર સેવા માટે, પોસ્ટ ઑફિસ વગેરે માટે; એક વિભાગ વાહનવ્યવહાર માટે, રેલ્વે સ્ટેશન અને કદાચ એરોડ્રોમ માટે; એક ભાગ ખોરાક માટે – તે લેઈક નજીક હશે અને તેમાં ડેરી, મરઘાં-બતકાં માટેનો વાડો, ફૂલઝાડની વાડીઓ અને ખેતરો વગેરે હશે. તે સરોવરના પ્રદેશની ચારે બાજુ હશે; તેમને જુદું કાંઈ કરવું હશે તો તે ઓરોવિલના માળખામાં રહીને કરશે. અને પછી ચોથો વિભાગ, મેં કહ્યું છે, જાહેર વિભાગ, વાહનવ્યવહાર, ખોરાક અને ચોથો વિભાગ; દુકાનો. આપણને બહુ દુકાનોની જરૂર નહિ પડે પરંતુ આપણે જે વસ્તુઓ ઉત્પન્ન કરતા નથી તથા તેને માટે થોડી દુકાનો જરૂરી છે, તે બધા અમુક જુદા વિભાગો જેવું હશે, તમે સમજ્યા.

અને તમે ત્યાં કેન્દ્રમાં હશો ?

'અ' ની એવી ઇચ્છા ખરી. (માતાજી હસે છે.) મેં 'ના' નથી કહી, તેમ મેં 'હા' પણ નથી કહી : મેં તેને કહ્યું, "પ્રભુ નક્કી કરશે." તે મારી તબિયત ઉપર આધાર રાખે છે. આ સ્થળ છોડવાનું – ના, હું અહીં સમાધિને લઈને છું. હું અહીં રહીશ એ ચોક્કસ છે. પરંતુ હું ત્યાં મુલાકાતે જઈ શકું; તે બહુ દૂર નથી, કારમાં પાંચ મિનિટમાં પહોંચી જવાય પરંતુ 'અ' ને સ્થિર, શાંતિમાં એકલી અટૂલી રહેવું છે. તેના બગીચામાં તે બિલકુલ શકય છે. તેની આસપાસ રસ્તો છે અને ત્યાં અંદર જવા માટે કોઈ માણસ લોકોને અટકાવી શકે. ત્યાં ખૂબ શાંતિથી રહી શકાય – પરંતુ જો હું ત્યાં હોઉં તો, તેની પૂર્ણાહુતિ થઈ જાય ! ત્યાં સામૂહિક ધ્યાન વગેરે થાય એટલે જો મને સંકેત મળે, પ્રથમ શારીરિક સંકેત અને પછી અંદરથી આજ્ઞા મળે કે બહાર જવું, તો હું ત્યાં હંકારી જઈશ અને સાંજે એક કલાક ગાળીશ – હું તે પ્રમાણે અવારનવાર કરી શકું. આપણી પાસે હજુ સમય છે કારણ કે બધું તૈયાર થતાં પહેલાં વર્ષો લાગશે.

એટલે કે ત્યાં સાધકો રહેશે ?

અહા ! આશ્રમ અહીં રહે છે – આશ્રમ અહીં રહે છે, હું અહીં રહું છું તે સમજી લેવાનું. ઓરોવિલ છે એક . . . .

તેના ઉપગ્રહ જેવું ?

હા, તે બાહ્ય જગત સાથેનો સંપર્ક છે. મારા ચિત્રમાં જે કેન્દ્ર રહેલું છે તે એક પ્રતીક કેન્દ્ર છે.

પરંતુ 'અ'ને તેવી ઈચ્છા છે; તેને, એક એવું મકાન જોઈએ છે જેમાં તે એકલી હોય અને તેની નજીક મારું રહેઠાણ હોય, જેમાં હું પણ એકલી હોઉં. બીજો ભાગ એક સ્વપ્ન છે કારણ કે હું . . . . અને એકલી . . . . ! તમારે શું બને છે તે ફક્ત જોવાનું છે. તે જ સાચું છે, ખરું ને ? એટલે "બિલકુલ એકલા" બરાબર નથી. એકાંત અંદરમાં શોધવું જોઈએ. એ એક જ માર્ગ છે. પરંતુ જ્યાં સુધી રહેવાનો પ્રશ્ન છે તેમાં, હું ત્યાં ચોક્કસ જઈને રહેવાની નથી કારણ કે સમાધિ અહીં છે. પરંતુ હું મુલાકાતે ત્યાં જઈ શકું. દા.ત. હું ત્યાં ઉદ્ઘાટન પ્રસંગે કે કેટલાક ઉત્સવ પ્રસંગે જઈ શકું. આપણે જોઈએ. હજુ તો ઘણાં વર્ષો પછીની વાત છે.

ટૂંકમાં, ઓરોવિલ બાહ્ય જગતના વધારે સંપર્ક માટે છે ?

હા ! તે એક નગર છે ! પરિણામ રૂપે તે બાહ્ય સંપર્કની સાથે વધારે સંકળાયેલું છે. પૃથ્વી ઉપર એક આદર્શ જીવન જીવવાનો પ્રયોગ.

મેં જે જૂની રચના કરેલી તેમાં એક ટેકરી અને એક નદી હતી. એક ટેકરી હોવી જરૂરી હતી કારણ કે શ્રી અરવિંદનું મકાન ટેકરીની ટોચ ઉપર હતું. પરંતુ ત્યાં શ્રી અરવિંદ કેન્દ્રમાં હતા. તે મારા પ્રતીકની યોજના પ્રમાણે ગોઠવાયેલું, એટલે કે એક બિંદુ, મધ્યમાં અને તેમાં શ્રી અરવિંદ અને તેમના જીવન સાથે સંકળાયેલી બધી વસ્તુઓ, અને ચાર મોટી પાંખડીઓ — જે આ ડ્રોઈંગ પ્રમાણે જ બરાબર ન હતી, તે કાંઈક જુદું જ હતું — અને આજુબાજુ બાર પાંખડીઓ, નગર પોતે જ, અને તેની આસપાસ સાધકોનાં નિવાસસ્થાનો; તમે મારા પ્રતીકને જાણો છો; રેખાઓને બદલે તેમાં પટ્ટાઓ છે; વારુ, છેલ્લો ગોળ પટ્ટો સાધકોના નિવાસસ્થાનનો પ્રદેશ બનતો, દરેકને પોતાનું મકાન અને એક બગીચો હતો. વાહનવ્યવહાર માટે સાધનો હતાં; મને ખાતરી નથી કે તે વ્યક્તિ માટે હતાં કે સમૂહ માટે — પેલી પહાડમાં હોય છે એવી નાની ટ્રામકારો, તમે જાણો છો — તે બધી દિશાઓમાં સાધકોને નગરના કેન્દ્રમાં પાછા લાવવા માટે જતી. અને તે બધાની આજુબાજુ એક દીવાલ હતી, અને બારણા પર સંત્રીઓ હતા, અને બિનસત્તાવાર કોઈ પણ પ્રવેશ મેળવી શકતું નહિ. પૈસા હતા જ નહિ — દીવાલની અંદરના પ્રદેશમાં નાણાં નહિ; જુદાં જુદાં પ્રવેશદ્વારો નજીક બૅન્કો અગર કોઈક પ્રકારના ગલ્લાઓ હતા જ્યાં લોકો પોતાના પૈસા જમા કરાવે અને તેના બદલામાં ટિકિટો મેળવે. તેનાથી તેઓ રહેઠાણ અને ખોરાક મેળવી

શકે, પણ પૈસા નહિ – ટિકિટો મુલાકાતીઓ માટે જ હતી, જેઓ રજા વગર પ્રવેશ મેળવી શકે નહિ. તે ખૂબ વ્યવસ્થિત સંચાલન હતું .... પૈસા નહિ; મારે કોઈ પૈસાની જરૂર નહોતી.

જુઓ ! મારી યોજનામાં હું એક વસ્તુ ભૂલી ગઈ. મારે મજૂરો માટે મકાનોની વ્યવસ્થા કરવાની હતી, પરંતુ તે વસ્તુ ઔદ્યોગિક વિભાગનો એક ભાગ છે. કદાચ ઔદ્યોગિક વિભાગના છેડા ઉપર.

મારી પ્રથમ રચનામાં દીવાલોની બહારની એક બાજુએ એક ઔદ્યોગિક નગર હતું અને બીજી બાજુએ ખેતરો અને વાડીઓ વગેરે જે નગરને પુરવઠો પૂરો પાડે. પરંતુ તે એક સાચા ગામડાનું પ્રતીક હતું – મોટું ગામ નહિ, પરંતુ એક ગ્રામ. હવે તે ઘણું ટૂંકાવવામાં આવ્યું છે. તે હવે મોટું પ્રતીક નથી; હવે ચાર વિભાગો છે અને દીવાલો નથી. અને પૈસા પણ હશે. તમે સમજો કે પહેલાંની રચના એક આદર્શ પ્રયત્ન હતો .... પરંતુ શરૂઆત કરતાં પહેલાં મેં ઘણાં વર્ષો ધારેલાં, તે વખતે મને લાગ્યું કે ચોવીસ વર્ષ થશે પરંતુ હવે તે યોજના મધ્યમ વર્ગની છે. એ એક કામચલાઉ પ્રયત્ન છે અને તે વધારે સારી રીતે સિદ્ધ થઈ શકે. બીજી યોજના આ પ્રમાણે હતી.... મારી પાસે જમીન હતી; તમને યાદ હશે કે તે હૈદ્રાબાદના સર સિકંદર વખતનો સમય હતો. તેમણે મને હૈદ્રાબાદ રાજ્યના કેટલાક ફોટાઓ મોકલ્યા અને તે ફોટાઓમાં મને મારી આદર્શ જગા મળી; એક એકાંકી ટેકરી, ઘણી મોટી અને તેની નીચે એક મોટી વહેતી નદી. મેં તેમને કહ્યું, "મારે આ જમીન જોઈએ છે." અને તેમણે આ વ્યવસ્થા કરી; દરેક વસ્તુ ગોઠવાઈ ગઈ. તેમણે મને પ્લાનો, કાગળો અને બધું મોકલ્યું અને કહ્યું કે અમે આ બધું આશ્રમને આપીએ છીએ. પરંતુ તેમણે એક શરત મૂકેલી – તે ઉપયોગ કર્યા વગરનું જંગલ હતું, ખેતી વગરની જમીન. તે જગા એક શરતે આપવામાં આવી કે અમે તેને ખેડીએ પરંતુ તે બધા ઉત્પાદનનો ઉપયોગ તે જ જગાએ થઈ જવો જોઈએ. દા.ત અનાજ, લાકડું વગેર સ્થળ ઉપર જ ઉપયોગમાં લેવાવાં જોઈએ અને નહિ કે તેની બહાર નિકાસ કરવી. હૈદ્રાબાદ રાજ્યમાંથી કોઈ વસ્તુ બહાર જવી ન જોઈએ. એક 'ક' નામનો નાવિક હતો અને તેણે કહ્યું કે તે એક સહેલ કરવાની બોટ ઇંગ્લૅન્ડથી લાવીને નદીની ઉપરવાસ જઈને અમને બધું ઉત્પાદન લાવી આપશે. દરેક વસ્તુની બરાબર વ્યવસ્થા થયેલી ! પછીથી તેમણે આ શરત મૂકી. મેં તેમને પૂછ્યું કે આ શરત રદ કરવાનું શકય છે કે કેમ ? ત્યાર પછી સર અકબર મૃત્યુ

પામ્યા અને તેથી તે વસ્તુનો અંત આવ્યો. વાત પડતી મુકાઈ. પાછળથી મને તે વસ્તુ ન બની માટે ખુશી થઈ કારણ કે શ્રી અરવિંદ ગયા છે તેથી હું પોંડિચેરી છોડી શકું નહિ. હું તેમની સાથે જ પોંડિચેરી છોડી શકું; જો તેઓ આ આદર્શ નગરમાં રહેવાનું સ્વીકારે તો. તે વખતે મેં આ યોજના વિશે 'ડ' ને વાત કરેલી જેણે ગોળકોંડા બાંધેલું; અને તેને ઉત્સાહ હતો. તેણે મને કહ્યું, "જેવી તમે બાંધવાની શરૂઆત કરો કે તાત્કાલિક મને બોલાવજો અને હું આવીશ." મેં મારા પ્લાન તેને બતાવેલા. તે મારા પ્રતીકનું વિશાળ કદ હતું; તેને ખૂબ ઉત્સાહ હતો, તેને લાગતુ હતું કે તે ભવ્ય છે.

તેને છોડી દેવામાં આવ્યું. પરંતુ બીજો એક વચ્ચેનો પ્રયત્ન છે તેનો આપણે પ્રયત્ન કરી શકીશું.

મને એવો ભ્રમ નથી કે તે પોતાની મૌલિક પવિત્રના રાખી શકશે, પરંતુ આપણે કાંઈક પ્રયત્ન કરીશું.

તેનો નાણાંની ગોઠવણ ઉપર ઘણો બધો આધાર છે?

અત્યાર પૂરતો તો 'ઈ' તે વસ્તુની સંભાળ રાખે છે, કારણ કે તેણે શ્રી અરવિંદ સોસાયટી પાસેથી નાણાં મેળવ્યાં છે અને જમીન અત્યારે ખરીદી છે. ઠીકઠીક પ્રમાણમાં જમીન ખરીદાઈ ગઈ છે તે કામ સારી રીતે ચાલે છે. એ સ્વાભાવિક છે કે પૂરતાં નાણાં મેળવવાં મુશ્કેલ છે. પરંતુ દાખલો લઈએ તો પેવેલિયનો – દરેક દેશ પોતાના પેવેલિયન માટે જે ખર્ચ એ પોતાની ઉપર રાખશે; ઉદ્યોગો – દરેક ઉદ્યોગ તેના વેપાર માટે નાણાંની વ્યવસ્થા કરશે; રહેવાસીઓ – દરેક પોતાની જમીન માટે જરૂરી નાણાં આપશે, સરકાર – મદ્રાસ સરકારે આપણને વચન આપ્યું છે – સાઈઠથી એંસી ટકા ખર્ચ આપશે. એક ભાગ ગ્રાન્ટ એટલે ભેટ; એક ભાગ વગર વ્યાજની લોન, જેને દશ વર્ષે કે વીસ વર્ષે કે ચાલીસ વર્ષે પાછી આપવાની – લાંબાગાળાની યોજના. 'ઈ' તે વિશે બધું જાણે છે, તેણે કેટલાંક પરિણામો પ્રાપ્ત કર્યાં છે, પરંતુ જે પ્રમાણમાં પૈસો વધારે ઝડપથી આવે અથવા ધીરે ધીરે, તે પ્રમાણે તે વધારે ઝડપથી અને ઓછી ઝડપથી આગળ ચાલશે. બાંધકામના દૃષ્ટિબિંદુથી ને 'બ'ની નમનીયતા ઉપર આધાર રાખે છે; વિગતો મારે માટે એકની એક જ છે – ફક્ત મને પેવેલિયન ખૂબ સુંદર બને એવી ઇચ્છા છે. હું તે જોઈ શકું છું કારણ કે મેં તે જોયેલું છે, મને તેનું દર્શન થયેલું; એટલે મને જે દર્શન થયું તેને સમજાવવા પ્રયત્ન કરીશ. અને મેં બગીચો પણ જોયેલો છે – આ બધાં જૂનાં દર્શનો હતાં, જે મારી પાસે વારંવાર આવતાં. પરંતુ તે બહુ મુશ્કેલ નથી.

સૌથી મોટી તકલીફ પાણીની છે કારણ કે ત્યાં નજીકમાં કોઈ નદી નથી. પરંતુ તેઓ નદીનાં નહેર કાઢવાનું વિચારી રહ્યા છે; એક એવી નહેરની યોજના પણ હતી જેમાં હિમાલયમાંથી પાણી લઈને આખા ભારતની આરપાર પહોંચાડી શકાય. 'ફ'એ યોજના બનાવેલી અને તેને વિશે દિલ્હીમાં જાણ કરી; તેમણે વિરોધ કરીને કહ્યું કે તે ખૂબ ખર્ચાળ નીવડે, અને તે તો સ્પષ્ટ છે! પરંતુ કોઈ પણ રીતે, આવી ભવ્ય યોજનાઓ વગર પણ પાણી પૂરું પાડવા માટે પ્રયત્ન કરવો જોઈએ. તે સૌથી મોટા મુશ્કેલી હશે; ઘણોખરો સમય તેમાં ખર્ચાશે. બાકીનું બધું, પ્રકાશ, શકિત વગેરે ઔદ્યોગિક પ્રદેશમાં ઉત્પન્ન થઈ શકે – પરંતુ પાણી બનાવી શકાય નહિ! અમેરિકનોએ ગંભીરતાથી દરિયાના પાણીનો ઉપયોગ કરવાની શોધ વિચારી છે, કારણ કે માનવીને પીવાનું પાણી પૂરું પાડવાની પૃથ્વીમાં હવે શક્તિ રહી નથી – જેને 'તાજું' પાણી તેઓ કહે છે તે; એ એક હાસ્યાસ્પદ વસ્તુ છે. માનવીની જરૂરિયાત માટે પાણીનો પુરવઠો પૂરતો નથી. તેથી તેમણે મોટા પાયા પર રાસાયણિક પ્રયોગો દ્વારા દરિયાનાં પાણીને શુદ્ધ કરીને વાપરવા લાયક બનાવવાનું શરૂ કર્યું છે – સ્પષ્ટ રીતે આ પ્રશ્ન આ રીતે ઉકેલાશે

પરંતુ તે યોજના અત્યારે પણ હસ્તી ધરાવે છે.

તે છે. પરંતુ તે મોટા પાયા પર નહિ.

તે ઈઝરાઈલમાં ચાલુ છે.

તેઓ ઈઝરાઈલમાં કરે છે? તેઓ દરિયાનું પાણી વાપરે છે? સ્પષ્ટ રીતે તે તેનો ઉકેલ છે – ત્યાં દરિયો છે.

આપણે જોઈશું.

તે આપણે લાવવું પડશે.

એક નૌકાવિહારની યોજના સુંદર થશે ?

હા, ચોક્કસ, ઔદ્યોગિક વિભાગ સાથે સંકળાયેલી.

તમારા બંદરની પાસે, ત્યાં.

તે 'બંદર' નહિ હોય પરંતુ આહ! . . . . હા, મુલાકાતીઓ માટેની હોટેલ અને નૌકાવિહાર પાસે જ. એ સુંદર વિચાર છે. હું તેને ઉમેરીશ. (માતાજી તે લખી લે છે.)

તે ચોક્કસ સફળ થશે.

હવે જુઓ ! પત્રોનો વરસાદ, મારા બાળક ! દરેક જગામાંથી, આખા જગતમાંથી લોકો મને લખે છે : "હું જેની રાહ જોતો હતો તે યોજના." વગેરે. પત્રોનો એક વરસાદ.

એક ગ્લાઈડિંગ કલબ પણ છે. આપણને એક માર્ગદર્શક અને એક ગ્લાઈડરનું પણ વચન આપવામાં આવે છે. એ એક વચન આપવામાં આવેલું છે. તે ટેકરીની ટોચ ઉપર ઔદ્યોગિક વિભાગમાં હશે. યાચ-કલબ (નાવ માટેની) દરિયા ઉપર હશે અને સરોવર ઉપર નહિ; પણ મેં વિચારેલું. કારણ કે તળાવને ઊંડું કરવાની બહુ વાતો ચાલે છે. તે લગભગ પુરાઈ જવા આવ્યું છે – હું ત્યાં હાઈડ્રોપ્લેઈન સ્ટેશન વિશે વિચારું છું.

આપણે સરોવર પર બોટિંગ પણ કરી શકીએ ?

જો હાઈડ્રોપ્લેઈન્સ હોય તો નહિ. તે બોટિંગ માટે પૂરતું વિશાળ નથી. પણ હાઇડ્રોપ્લેઈન સ્ટેશન માટે ઘણું સારું રહેશે. પરંતુ તે આધાર રાખે છે. જો આપણી પાસે ઍરપોર્ટ હોય તો તેની જરૂર નથી; જો આપણે ઍરપોર્ટ ન હોય તો.... પરંતુ અત્યારે હાલમાં, લેઈક એસ્ટેટ યોજનામાં એક ઍરપોર્ટ હતું. 'ગ' જે સ્કવોડ્રનનો નેતા બન્યો છે તેણે મને ઍરપોર્ટ માટેના પ્લાનો પણ મોકલ્યા છે, પરંતુ નાનાં પ્લેનો માટે. જ્યારે આપણે એક એવા ઍરપોર્ટ-ની જરૂર છે જે મદ્રાસ તરફની નિયમિત સેવા હાથમાં લઈ શકે, એક ઉતારુઓ માટેનું ઍરપોર્ટ. તેના વિશે ઘણી બધી વાતચીતો ચાલી છે. ઍર ઇન્ડિયા અને બીજી કંપનીઓ વચ્ચે આ અંગે ચર્ચાઓ થઈ છે, ત્યાર પછી તે લોકો કોઈ સંમતિ સાધી શકયા નહિ. બધા જ પ્રકારની ક્ષુદ્ર અને મૂર્ખ મુશ્કેલીઓને લઈને. પરંતુ તે બધું હોવા છતાં ઓરોવિલના વિકાસ સાથે તે બધું સ્વાભાવિક રીતે ખરી પડશે – લોકોને હવાઈમથક પ્રાપ્ત થવાથી ખૂબ આનંદ થશે.

ના, તેમાં બે મુશ્કેલીઓ છે. આપણી પાસે ટૂંકી રકમ છે – એ સ્પષ્ટ છે; સરકાર કેટલી મદદ કરી શકે, લોકો પ્લોટ મેળવવા માટે કેટલી રકમ આપે – આ બધું તૈયાર થતું જાય છે. પરંતુ તેના માટે પ્રચંડ રકમો જોઈશે, તે તમે જાણો છો. એક નગર બાંધવા માટે અબજો રૂપિયાની જરૂર પડે.

*

## સપ્ટેમ્બર ૧૯૬૬

ઓરોવિલમાં ભીખ માગવાની રજા નથી. જે લોકો રસ્તા ઉપર ભીખ માગતા નજરે પડશે તેનું વિભાજન નીચે પ્રમાણે થશે :

બાળકોને શાળામાં, ઘરડાઓને ઘરડાઘરમાં, માંદાંઓને હૉસ્પિટલમાં અને તંદુરસ્ત લોકોને કામમાં જોડી દેવાના.

એક શાળા, એક ઘર, એક હૉસ્પિટલ અને ખાસ કાર્ય કરવા માટે ખાસ વિભાગોની આ માટે વ્યવસ્થા થશે. તે લોકો બીજા સાથે હળશેમળશે નહિ કારણ કે બહારથી કેટલાક લોકો આવે અને શેરીમાં ભીખ માગવાની શરૂ કરે.

ત્યાં પોલીસ નથી. . . .આપણને શબ્દ જડયો નથી. . . .ગાર્ડની ટુકડી ગાર્ડોની બેટેલિયન, જાપાનના અગ્નિશામક સેવાદળના લોકો જેવા, જેઓ વ્યાયામ વીરો હોય અને અકસ્માતો સર્જાય ત્યાર દરેક જરૂરી વસ્તુ કરે – ગમે તે વસ્તુ, ધરતીકંપો વખતે – તેઓ દરેક કાર્ય કરે છે. તેઓ ઊંચે ઘરમા ચડી પ્રવેશ કરે છે. પોલીસને બદલે ગાર્ડના માણસોની એક ટુકડી હશે જેઓ નિયમિત રીતે નગરના જુદા જુદા ભાગોમાં ફરશે અને તપાસ કરશે કે કયાં તેમની જરૂર છે. અને જો તેઓ ભિખારીઓનો જોશે તો તેઓનું ઉપર મેં કહ્યું તે પ્રમાણેનું વિભાજન કરી વ્યવસ્થા કરશે. બાળકો માટે એક શાળા, વૃદ્ધો માટે એક મકાન, નબળા અને માંદાઓ માટે એક હૉસ્પિટલ અને એક જગા હશે જ્યાં માણસોને કામ આપવામાં આવશે. ત્યાં દરેક શકય પ્રકારનું કાર્ય હશે, વાળવાઝૂડવાથી માંડીને. . . . ગમે તે. અને જે વસ્તુની જરૂર હશે તે, તેમની શક્તિ પ્રમાણે તેઓ કરશે. આ વસ્તુને વ્યવસ્થિત કરવી પડશે.

બાળકો માટે તેમને કામ કરવાનું શીખવવા માટે એક શાળા હશે અને તેમને કાર્ય કરવા માટે અનિવાર્ય એવી જરૂરી વસ્તુઓનું તેમને શિક્ષણ મળશે.

કેદ નહિ હોય, પોલીસ પણ નહિ.

*

## ૩૦ ડિસેમ્બર ૧૯૬૭

માતાજીએ ઓરોવિલના તેમના ખ્યાલ વિશે જે છણાવટ કરેલી તેની નોંધ એક સાધકે મુદ્દાઓમાં ઉતારેલી તે મુદ્દાઓ તેઓ વાંચે છે.

"ઓરોવિલ એક સ્વાશ્રયી નગર બનશે.

"જેઓ ત્યાં રહે તેઓ તેમના જીવન અને વિકાસમાં ભાગ લેશે.

"આ ભાગ લેવાનું કાર્ય નિષ્ક્રિય અથવા સક્રિય હોઈ શકે.

"તેમાં અત્યારના કરવેરાનો બોજો નહિ હોય પરંતુ દરેક સામૂહિક કલ્યાણના કાર્યમાં, બદલાના રૂપમાં અથવા પૈસામાં પોતાનો ફાળો આપશે.

"નગરના વિકાસને માટે ઔદ્યોગિક એકમો તેમની આવકનો એક ભાગ ફાળવવામાં સક્રિય પ્રયત્ન કરશે.

"અથવા તેઓ કાંઈ ઉત્પાદન કરે (ખોરાક જેવી વસ્તુઓ) જે નગરવાસીઓને ઉપયોગી થાય, તેમાં તેઓ બદલારૂપે નગરને આપશે કારણ કે નગર પોતાના નાગરિકોને ખોરાકની વ્યવસ્થા કરવા માટે જવાબદાર છે.

"કાયદાકાનૂનો બનાવવામાં આવશે નહિ. વસ્તુઓની રચના, જેમ જેમ નગરમાં રહેલું સત્ય બહાર આવશે અને ક્રમિક રીતે પ્રગતિ કરશે તે પ્રમાણે કરવામાં આવશે. આપણે કોઈ વસ્તુ અગાઉથી નક્કી કરતા નથી."

મેં વિચારેલું કે મેં આ વસ્તુ વિશે વધારે કહેલું. કારણ કે મેં તે વિશે ઘણું કહેલું, આંતરિક રીતે અંદરમાં – વ્યવસ્થા, ખોરાક વગેરે વિશે. આપણે તેના ઉપર પ્રયોગ કરવાના છીએ,

કેટલીક વસ્તુઓ ખરેખર રસિક છે; સૌથી પ્રથમ, દાખલો લઈએ તો હું ઇચ્છું છું કે દરેક દેશ પોતાનું પેવેલિયન રાખે, અને તે પેવેલિયનમાં તે દેશનો ખોરાક હોય – એટલે કે, જાપાનીઝ લોકો તેમની ઇચ્છા હોય તો જાપાનીઝ ખોરાક લઈ શકે વગેરે, પરંતુ નગરમાં બન્ને, માંસાહારીઓ અને બિનમાંસાહારીઓ માટે ખોરાક હશે, અને ભવિષ્ય માટેના ખોરાકની શોધ માટે પણ પ્રયત્ન કરવામાં આવશે.

પાચનની આખી પ્રક્રિયા, જે તમને વજન કરે છે – જે માણસનો આટલો બધો સમય અને શક્તિ લઈ લે છે – તે પહેલેથી વિચારવું જોઈએ; તમને એવી વસ્તુઓ આપવી જોઈએ જે તાત્કાલિક પચી શકે, જેવી કે તેઓ અત્યારે જે વસ્તુઓ બનાવે છે તેવી; દા. ત. તેમની પાસે વિટામિનની ગોળીઓ છે અને પ્રોટીન જે સીધેસીધું પચી જાય; કોઈ એક અથવા બીજી વસ્તુમાં

પોષક તત્ત્વો અને જેમાં ખૂબ કદ ન હોય – વધારે જથ્થામાંથી ઘણું ઓછું પચાવવાની જરૂર પડે છે. માણસો રસાયણશાસ્ત્રમાં ઘણા કુશળ હોવાથી તેને સરળ બનાવવું શકય છે.

લોકોને આ પસંદ પડતું નથી કારણ કે તેઓને ખાવામાં ખૂબ તીવ્ર આનંદ આવે છે; પરંતુ જ્યારે તમે ખાવામાં આનંદ ન લો ત્યારે પણ તમારે પોષણની જરૂર તો પડે છે અને તેના માટે સમય બગડવો ન જોઈએ. ખાવામાં, પચાવવામાં અને બીજી બધી વસ્તુઓમાં ઘણો સમય બગડે છે. અને ત્યાં એક પ્રયોગશીલ રસોડું મને પસંદ પડશે, એક પ્રકારની રસોડાની પ્રયોગશાળા. લોકો તેમના રસ અને ઈચ્છા પ્રમાણે એક બે બીજી જગાએ જઈ શકે.

અને તેમણે તેમના ખોરાક માટે કિંમત નહિ ચૂકવવી પડે, પરંતુ તેમણે તેના બદલે કામ અથવા તેમનું ઉત્પાદન આપવું જોઈએ; જેમને ખેતરો હોય તેમણે તેમનાં ખેતરોની ઊપજ આપવી જોઈએ; જેમની પાસે કારખાનાંઓ હોય તેમણે તેમની વસ્તુઓ આપવી અથવા કોઈ વ્યક્તિ પોતાનો શ્રમ ખોરાકને બદલે આપશે.

આ વસ્તુ પોતે જ આંતરિક પૈસાનો વ્યવહાર બંધ કરે છે. અને દરેક વસ્તુ માટે આપણે આ પ્રમાણે શોધી કાઢીશું. પાયાની રીતે તે નગર એક અભ્યાસ માટેનું નગર હોવું જોઈએ, એક એવા પ્રકારના જીવનનો અભ્યાસ અને શોધ, જેમાં જીવન સરળ બનાવવામાં આવ્યું હશે અને જેમાં ઊર્ધ્વતર ગુણોનો વિકાસ કરવા માટે વધારે સમય હશે.

આ ફક્ત એક નાનકડી શરૂઆત છે.

*

માતાજી લેખમાંથી એક પછી એક
વાક્ય લઈને વાંચે છે.

"ઓરોવિલ સ્વાશ્રયી નગર બનશે."

મારે આ હકીકત ઉપર ભાર મૂકવો છે કે તે પ્રયોગ હશે. તે એક શોધખોળ માટે જ છે – પ્રયોગ, સંશોધન અને અભ્યાસ .... ઓરોવિલ એક એવું નગર બનવા પ્રયત્ન કરશે અથવા બનવાનું વલણ રાખશે અથવા "સ્વાશ્રયી" બનવાનો પ્રયત્ન કરશે – એટલે કે ....

સ્વયંશાસિત ?

સ્વયંશાસિત એવો અર્થ આવે છે કે તેમાં એવા પ્રકારની સ્વતંત્રતા હોય જેમાં બહારના બધા સંબંધો કપાઈ જાય અને મારો કહેવાનો તેવો અર્થ નથી.

દા. ત. જેઓ ખોરાક તૈયાર કરે, ઓરોફૂડ માફક – ચોક્કસ આપણી સંખ્યા જ્યારે ૫૦,૦૦૦ની થશે ત્યારે બધાની જરૂરિયાત પૂરી પાડવી મુશ્કેલ બનશે, પરંતુ અત્યારે તો થોડા હજાર જ છીએ. વારુ, એક કારખાનું ઘણું વધારે ઉત્પન્ન કરી શકે છે તેથી તે બહાર વસ્તુઓ વેચશે અને પૈસા પ્રાપ્ત કરશે. દા. ત ઓરોફૂડને કાર્યકરોની સાથે વિશિષ્ટ પ્રકારનો સંબંધ રાખવો છે અને જૂની પ્રણાલિકા પ્રમાણે નહિ. કોમ્યુનિસ્ટ પદ્ધતિમાં કાંઈક સુધારાવાળો, સોવિયેટ સંઘથી વધારે સનુંલિત વ્યવસ્થા, એટલે કે એક એવી વસ્તુ જે એક પક્ષને બીજા પક્ષોના ભોગે મદદ કરવાની વારંવાર ભૂલો ન કરે.

મારે એક બીજી વસ્તુ કહેવી છે : સમગ્ર નગરના જીવનના કલ્યાણમાં ભાગ લેવા માટે વ્યક્તિગત પાયા ઉપર ગણતરી રાખી શકાય નહિ; એટલે કે આ વ્યક્તિએ આટલું આપવું જ જોઈએ – એ પ્રમાણે નથી. તે વસ્તુ સાધનો, પ્રક્રિયા અને ઉત્પાદનની શક્તિની ગણતરી ઉપર આધાર રાખે છે; તે લોકશાહીનો વિચાર નથી, જેમાં દરેક વસ્તુના સરખા ટુકડા પડે, અને તે એક મૂર્ખ યાંત્રિક વસ્તુ છે. તે દરેકનાં સાધનો ઉપર આધાર રાખે છે. જેમની પાસે વધારે છે તે વધારે આપે છે. જેની પાસે ઓછું છે તે ઓછું આપે; જે શક્તિશાળી હોય તે વધારે કામ કરે અને જે મજબૂત ન હોય તે બીજું જ કામ કરે. તમે સમજ્યા ! તે વધારે સાચું છે, વધારે ઊંડાણવાળું. એટલે હું અત્યારે તમને તે સરજાવવા પ્રયત્ન કરતી નથી કારણ કે લોકો ફરિયાદ કરવાની શરૂઆત કરી દે. બધી જ વસ્તુઓ કુદરતી રીતે જ બહાર આવવી જોઈએ; એમ કહી શકાય કે શહેરના વિકાસની સાથે સાથે સાચી રીતે, તે બહાર આવવી જોઈએ એટલા માટે આ નોંધ ઘણી ટૂંકી છે.

દા.ત આ વાક્ય :

> "ત્યાં જેઓ રહેશે તેઓ તેના જીવનમાં અને વિકાસમાં ભાગ લેશે."

ત્યાં જેઓ રહે છે તેના જીવનમાં અને વિકાસમાં તેમનાં સાધનો અને શકિત અનુસાર તેઓ ભાગ લેશે, પણ યાંત્રિક રીતે નહિ. દરેક એકમમાં આ રીતે સમજવાનું. એ વસ્તુ છે એક જીવંત અને સાચું જીવન, યાંત્રિક

નહિ. અને દરેકની શક્તિ પ્રમાણે : એટલે કે જેમની પાસે સ્થૂલ સાધનો હોય, જેવાં કે કારખાનાંએ ઉત્પાદન કરેલો માલ, તેમના ઉત્પાદનના ભાગે આપવો અને નહિ કે વ્યક્તિ દીઠ, માથા દીઠ.

> "તેમાં ભાગ લેવાનું નિષ્ક્રિય હોઈ શકે અથવા સક્રિય."

મને ખબર નથી કે નિષ્ક્રિયનો અર્થ શો : મેં ફ્રેન્ચમાં તે કહેલું. તે 'નિષ્ક્રિય'નો શો અર્થ હોઈ શકે ? કદાચ તે ભૂમિકાઓ જેવું હોય અથવા ચેતનાના જુદા જુદા સ્તરો હોઈ શકે.

> તમે એવું કહેવા માગતા હતા કે જેઓ પ્રજ્ઞાવાળા છે, આંતરકાર્ય કરે છે તેઓને.... જરૂર નથી

હા. તે બરાબર છે. જે લોકોમાં ઉચ્ચ પ્રકારનું જ્ઞાન છે તેમણે શારીરિક શ્રમનું કાર્ય કરવાની જરૂર નથી એવું મારે કહેવું હતું.

> "આ પ્રકારના કરવેરા નહિ હોય, પરંતુ દરેક પોતાનો ફાળો સામૂહિક કલ્યાણમાં આપશે, પછી તે અન્ય પ્રકારનું હોય અથવા પૈસાના રૂપમાં."

આ સ્પષ્ટ છે; કરવેરા નહિ હોય પરંતુ દરેક પોતાના કાર્યથી સામૂહિક હિત માટે પોતાનો ફાળો આપશે પછી તે વસ્તુઓથી ભરપાઈ કરે અથવા નાણાંથી. જેમની પાસે પૈસા સિવાય બીજું કાંઈ નહિ હોય તેઓ પૈસા આપશે. પરંતુ સાચું કહીએ તો "કર્મ" – આંતરિક કર્મ પણ હોઈ શકે. પરંતુ તે વિશે કહી શકાય નહિ કારણ કે માણસો પૂરતા પ્રમાણમાં પ્રામાણિક નથી; કર્મ, ગુપ્ત કર્મ પણ હોઈ શકે, પૂરેપૂરું આંતરિક. પરંતુ તે બિલકુલ સાચદિલનું અને સચ્ચાઈપૂર્વકનું હોવું જોઈએ, અને તેની માટેની શક્તિ જોઈએ. દંભ નહિ, પરંતુ કામ શારીરિક રીતનું જ હોવું જોઈશે એમ નથી.

> "ઔદ્યોગિક એકમો જેવા વિભાગો જે સક્રિય ભાગ લેતા હોય તેમણે નગરના વિકાસ માટે તેમની આવકનો અમુક ભાગ આપવો જોઈએ; અથવા તેઓ ખોરાકની ચીજો જેવી વસ્તુઓ ઉત્પન્ન કરતા હોય જે નગરવાસીઓને ઉપયોગી હોય, તો તેઓ નગરને બદલામાં તેમનો ભાગ આપશે કારણ કે નગર તેના નાગરિકોને ખોરાક પૂરો પાડવા માટે જવાબદાર છે."

આપણે આ વસ્તુ વિશે વાત કરતા હતા. ઉદ્યોગો સક્રિય ભાગ લેશે; તેઓ તેમનો હિસ્સો આપશે. જો ઉદ્યોગો એવી વસ્તુઓનું ઉત્પાદન કરતા હોય જેની કાયમ જ જરૂર ન પડે અને તેનો જથ્થો એટલો વિશાળ હોય કે શહેરમાં જ તેનો ઉપયોગ ન થઈ શકે પરંતુ તેનું બહાર વેચાણ થાય તો તેઓએ પૈસામાં હિસ્સો આપવો જોઈએ. અને હું ખોરાકનો દાખલો આપું છું; જેઓ ખોરાકની વસ્તુઓ ઉત્પન્ન કરતા હોય તેમણે તેમના ઉત્પાદન અનુસાર તેમની ઊપજનો ભાગ આપવો જોઈએ – અને નગર દરેકને ખોરાક પૂરો પાડવા માટે જવાબદાર છે. એટલે કે લોકોને પૈસાથી ખોરાક ખરીદવો પડશે નહિ, પરંતુ તે કમાવો પડશે.

આ સામ્યવાદી પદ્ધતિનું અનુકૂલન છે. પરંતુ તે સ્તરની ભાવના પ્રમાણે નથી; શકિત પ્રમાણે, સ્થિતિ પ્રમાણે – માનસિક અથવા બૌદ્ધિક સ્તરે નહિ પરંતુ દરેકની આંતરિક સ્થિતિ પ્રમાણે તેમણે ફાળો આપવાનો છે.

ભૌતિક રીતે દરેક માનવીને એક સાચો હક હોય છે – પરંતુ તે 'હક' નથી. વ્યવસ્થા એ પ્રકારે ગોઠવાવી જોઈએ કે દરેકની ભૌતિક જરૂરિયાતની તેને ખાતરી મળવી જોઈએ. હકો અને સમાનતાના ખ્યાલો પ્રમાણે નહિ, પરંતુ ઓછામાં ઓછી જરૂરિયાતના પાયા પર. અને એક વખત તેનું સ્થાપન થઈ જાય પછીથી દરેક પોતાનું જીવન વ્યવસ્થિત કરવા માટે મુક્ત હશે – તેના પૈસાના સાધન દ્વારા નહિ, પરંતુ તેની આંતરિક શક્તિઓના આધારે.

> "કોઈ પણ કાયદા અથવા કાનૂનો બનાવવામાં આવ્યા નથી. નગરનું આંતર સત્ય જેમ જેમ બહાર આવશે એને તેનો ક્રમિક આકાર બંધાશે તેમ તેમ તે રચાતા જશે. આપણે અગાઉથી કાંઈ ધારી લેતા નથી."

હું એમ કહેવા માગું છું કે ઘણે ભાગે – અત્યાર સુધી, અને હમણાંથી વધારે અને વધારે માણસો તેમના ખ્યાલો અને વિચારો મુજબ માનસિક નિયમો બનાવે છે અને ત્યાર પછી તેમને અમલમાં મૂકે છે (માતાજી તેમની મૂઠી વાળીને નીચે ઉતારે છે અને દુનિયા મનની ચૂડમાં છે અને સૂચવે છે.) અને આ વસ્તુ બિલકુલ ખોટી છે, તે મનસ્વી અને અવાસ્તવિક છે – અને તેનું પરિણામ એ આવે છે કે કાં તો બળવો થાય છે અથવા શકિતહીન થઈને અદૃશ્ય થઈ જાય છે. . . . જીવનની પોતાની અનુભૂતિમાંથી વિશાળ નિયમો ધીરે ધીરે રચાવા જોઈએ. અને તે બને તેટલા નમનીય અને વિશાળ હોવા

જોઈએ, કાયમ પ્રગતિશીલ. કોઈ પણ વસ્તુ જડ રીતે નક્કી કરેલી હોવી જોઈએ નહિ.

સરકારોની એક મહાન ભૂલ છે; તેઓ એક માળખું તૈયાર કરે છે અને કહે છે, "આ રહ્યું, અમે બધી ગોઠવણી કરી છે અને હવે આપણે આ રીતે જીવવું પડશે." અને આ રીતે ચોક્કસ તેઓ જીવનને કચડી નાખે છે અને તેને પ્રગતિશીલ બનાવવામાંથી અટકાવે છે. જીવન પોતે જ પ્રકાશ, જ્ઞાન અને શક્તિ તરફ વધારે અને વધારે વૃદ્ધિ પામતું જાય છે અને ધારે ધારે એવા નિયમો સ્થાપિત થતા જાય છે જે સામાન્ય રીતે વ્યવહારમાં મૂકી શકાય અને જરૂર પડે ત્યારે પૂરેપૂરા નમનીય બને અને જરૂર પ્રમાણે અને ટેવો પ્રમાણે પરિવર્તન પામે.

(મૌન)

અને પ્રશ્ન છેવટે અહીં આવીને ઊભો રહે છે: બુદ્ધિથી શાસન કરનારી સરકારને બદલે એક આધ્યાત્મિક ચેતનાથી શાસન કરાતી સરકારનું સ્થાપન કરવું જોઈએ.

*

### ફેબ્રુઆરી ૧૯૬૮

માણસમાં પૂરેપૂરી પારદર્શક સચ્ચાઈ હોવી જોઈએ. હાલમાં જે મુશ્કેલીઓનો આપણે સામનો કરવો પડે છે, તેનું કારણ સચ્ચાઈની ખામી છે. બધા જ માણસોમાં બિનસચ્ચાઈ છે. પૃથ્વી ઉપર ભાગ્યે જ એવા સો માણસો હશે જેઓ સંપૂર્ણ સચ્ચાઈથી ભરેલા હોય. માણસની પ્રકૃતિ જ તેને બિનસચ્ચાઈવાળો બનાવે છે – તે ઘણી જટિલ છે, કારણ કે માણસ કાયમ આત્મવંચના કરતો હોય છે અને પોતાની જાતે જ સત્યને ગુપ્ત રાખે છે. અને પોતાની જાત માટે જાતજાતનાં બહાનાંઓ બતાવ્યા કરે છે. યોગ જ ફક્ત એક માર્ગ છે જેમાં તમે તમારા સ્વરૂપના બધા જ ભાગોમાં સચ્ચાઈભર્યા બનો.

સચ્ચાઈભર્યા બનવું એ ઘણું મુશ્કેલ છે, પણ વ્યક્તિ માનસિક રીતે સાચદિલ બની શકે છે; ઓરોવિલિયનો પાસેથી આટલી માગણી કરી શકાય. શક્તિ ત્યાં છે, પહેલાં કદી નહોતી તેટલી હાલમાં હાજર છે; માણસની બિનસચ્ચાઈ તેના અવતરણમાંથી તેને અટકાવે છે. જગત જૂઠાણામાં જીવે છે અને અત્યાર સુધીમાં બધા જ માનવ વચ્ચેના સંબંધો જૂઠાણું અને

છેતરપિંડી ઉપર રચાયેલા છે. તેઓ શાંતિની માગણી કરે છે અને તે દરમિયાન તેમની જાતને હથિયારોથી સજ્જ કરે છે. કેવળ માણસમાં રહેલી પારદર્શક સચ્ચાઈ અને રાષ્ટ્રોની અંદરની પણ સચ્ચાઈ એક રૂપાંતરિત જગતનું આગમન લાવી શકે.

ઓરોવિલ આ પ્રયોગ માટે પ્રથમ પ્રયત્ન છે. એક નવું જગત જન્મ પામશે – જો માણસો રૂપાંતર માટેનો પ્રયત્ન કરવા માટે સ્વેચ્છા દાખવે અને સચ્ચાઈ માટે શોધ કરે તો એ શકય છે. પ્રાણીમાંથી માણસ સુધીમાં હજારો વર્ષની જરૂર પડી; આજે તેના મન વડે એક માણસ દેવ બને તેના તરફના રૂપાંતરને ત્વરિત બનાવવા માટે માણસ સંકલ્પ કરી શકે છે. મનની મદદથી આ રૂપાંતર – આત્મવિશ્લેષણ દ્વારા કરવું એ પહેલું પગથિયું છે. ત્યાર પછી આપણા પ્રાણમય આવેગોને રૂપાંતરિત કરવા જરૂરી છે. તે ઘણું વધારે મુશ્કેલ છે. અને ખાસ કરીને શારીરિકનું રૂપાંતર કરવું. આપણા શરીરમાં રહેલો દરેક કોષ સચેતન બનવો જ જોઈએ. અહીં હું આ કાર્ય કરી રહી છું; તે વસ્તુ મૃત્યુ ઉપર વિજય શકય બનાવશે. એ એક જુદી જ વાત છે; તે ભાવિની માનવજાત માટે હશે, કદાચ સૈકાઓ પછીની, કદાચ વહેલી પણ. તે માણસો ઉપર અને રાષ્ટ્રો ઉપર આધાર રાખે છે.

ઓરોવિલ આ ધ્યેય પ્રત્યે પ્રથમ પગથિયું છે.

*

**માર્ચ ૧૯૬૮**

ઓરોવિલ ચાર્ટરના વિભાગ ૧ વિશે :
"પરંતુ ઓરોવિલમાં રહેવા માટે વ્યક્તિએ
દિવ્ય ચેતનાના સેવક બનવું પડશે."

ઓરોવિલમાં આ વિશે એક મોટો વાદવિવાદ ચાલે છે. ચાર્ટરમાં મેં "દિવ્ય ચેતના" મૂકયું, એટલે તેઓ કહે છે, "આ વસ્તુ અમને ભગવાનની યાદ આપે છે." મેં કહ્યું (માતાજી હસે છે), પણ તે વસ્તુ 'મને' ભગવાનની યાદ આપતી નથી."

એટલે કેટલાક લોકો તેનું ભાષાંતર કરે છે. "સૌથી ઉચ્ચ ચેતના." બીજાઓ કોઈક બીજો જ શબ્દ મૂકે છે. હું રશિયનો સાથે સહમત થયેલી જ્યારે તેમણે "પૂર્ણ ચેતના" શબ્દ મૂકયો ત્યારે. પરંતુ તે પણ આશરે નજીકનો શબ્દ છે.... અને તે (તનૂ) – જેનું નામ આપી શકાય નહિ અને જે અવ્યાખ્યેય છે – તે પરમ શકિત છે. તે એક પરમ શકિત માણસ શોધી

શકે છે; અને પરમ શક્તિ ફક્ત એક પાસું છે: તે પાસાને સર્જન સાથે સંબંધ છે.

•

**૧૦ એપ્રિલ ૧૯૬૮**

ઓરોવિલ માટે: નાણાં અને સરકાર વિશે:

પૈસા માટેના સંઘર્ષને માલિકીનો સંઘર્ષ કહી શકાય; પરંતુ સત્ય એ છે કે પૈસો કોઈની માલિકીની વસ્તુ નથી. પૈસાની "માલિકી"નો ખ્યાલ બધાને આડમાર્ગે લઈ જાય છે. પૈસો "માલિકીની વસ્તુ" ન બનવો જોઈએ: તે શક્તિની માફક એક કાર્ય માટેનું સાધન છે જે તમને આપવામાં આવ્યું છે, પરંતુ આપણે જેને 'દિવ્ય દાતાની સંકલ્પશક્તિ" કહી શકીએ તેની ઈચ્છા પ્રમાણે તેનો ઉપયોગ કરવો જોઈએ એટલે કે બિનવ્યક્તિગત અને સરખી રીતે. જો તમે પૈસાના પ્રસરણ અને યોગ્ય ઉપયોગ કરવાના સાચા સાધન હો અને તમારામાં જે રીતે તેનો ઉપયોગ કરવો જોઈએ તે રીતે ઉપયોગ કરવાની શક્તિ હોય તો તમારી શક્તિ અનુસાર તે તમારી તરફ આવે છે અને આ પ્રમાણે તે સાચી યાંત્રિક ક્રિયા છે.

સાચું વલણ આ છે: પૃથ્વી ઉપરના કાર્ય માટે પૈસો એક શક્તિ છે. પૃથ્વી દિવ્ય બળોને ગ્રહણ કરી શકે અને તેમને અભિવ્યક્ત કરવા માટે તૈયાર થઈ શકે એટલા માટે તે કાર્ય કરવાનું છે – અને તે – એટલે કે પૈસાનો ઉપયોગ – તેવા માણસોના હાથમાં હોવો જોઈએ જેમનામાં સૌથી સ્વચ્છ પરિજ્ઞાનક અને સાચું દર્શન હોય.

શરૂઆત કરવા માટે, સૌથી પ્રથમ વસ્તુ છે (આપણ પ્રાથમિક છે) માલિકીની ભાવના ન હોવી – તે શા માટે છે, "તે મારો છે?".... હવે મને સમજણ પડતી નથી. શા માટે લોકો તેના માલિક બનવા ઈચ્છે છે?.... કારણ કે તેઓ તેમની ઈચ્છા પ્રમાણે વાપરી શકે અને તેનું જે કરવું હોય તે કરી શકે, અને તેમના ખ્યાલો પ્રમાણે તેનો ઉપયોગ કરી શકે? તે વસ્તુ તે પ્રમાણે છે. બીજી બાજુએ એવા લોકો છે જેમને તેનો ક્યાંક સંગ્રહ કરવો હોય છે....પરંતુ તે એક રોગ છે. કાયમ તેમની પાસે કાંઈક હોઈ શકે એટલા માટે તેઓ સંગ્રહ કરે છે.

પરંતુ જો લોકો સમજતા હોત કે તેઓ ગ્રહણ કરનાર અને પ્રસરણ કરનાર સ્ટેશન જેવા હોય છે અને જેટલું વધારે વિશાળ ફલક (અંગત કરતાં

બિલકુલ ઊલટું) અને તે જેટલું બિનંગત અને વિસ્તૃત તેટલા વધારે પ્રમાણમાં તે બલનો સંગ્રહ કરી શકશે ("બલ"ને વધારે ભૌતિક રૂપમાં રૂપાંતર કરી શકાય : નોટો અને સિક્કાઓમાં). આ બલને ધારણ કરવાની શક્તિ ઉત્તમ રીતે પૈસાનો ઉપયોગ કરવાની શક્તિના પ્રમાણમાં હોય છે — "ઉત્તમ" — શબ્દ સર્વસાધારણ પ્રગતિના અર્થમાં લેવાનો : સૌથી વિશાળ દર્શન, સૌથી મોટું સર્વગ્રાહી અને પ્રકાશિત દર્શન તેનો ચોક્કસ અને સાચો ઉપયોગ, 'અહં'ની ગ્રથિત જરૂરિયાત અનુસાર નહિ પરંતુ પૃથ્વીની ઉત્ક્રાંતિ અને વિકાસની સામાન્ય જરૂરિયાત માટે. એટલે કે સૌથી વિશાળ દર્શનમાં સૌથી વધારે શકિત હશે.

બધી જ ખોટી ગતિઓની પાછળ એક સાચી ગતિ હોય છે. એક એવા પ્રકારનું સંચાલન, ઉપયોગ અને વ્યવસ્થા કરવી જેમાં સૌથી ઓછો વ્યય થાય અને સૌથી વધારે સારું ફળ મળે એમાં આનંદ રહેલો છે. આવું દર્શન હોવું એ ઘણું રસિક છે. અને જે લોકો પૈસો એકઠો કરે છે તેમનામાં આ પ્રકારનું દર્શન હોવું જોઈએ; એ એક વિશાળ પાયા ઉપર ઉપયોગ કરવાની શકિત છે. પછી બીજા એવા લોકો છે જેમને તે પ્રાપ્ત કરીને વાપરી નાખવો છે; એ કોઈ બીજી જ વસ્તુ છે -- તેઓ ઉદાર પ્રકૃતિના હોય છે અને તેમનામાં કોઈ નિયમન કે વ્યવસ્થા હોતાં નથી. પરંતુ બધી જ સાચી જરૂરિયાતોને સંતોષવાનો આનંદ હોય છે. બધો જ જરૂરિયાતોનો સંતોષ તે સારું છે. એ એક માંદગીને તંદુરસ્તીમાં, અસત્યને સત્યમાં અને વેદનાને વેદનામાં રૂપાંતર કરવાનો આનંદ છે; તે એ પ્રમાણેનું જ છે : એક કૃત્રિમ અને મૂર્ખ જરૂરિયાતને ફેરવવાનું — જે નૈસર્ગિક વસ્તુને અનુરૂપ નથી — એક એવી શક્યતા જે સ્વાભાવિક બની જાય છે. આ વસ્તુ કે પેલી કે બીજી વસ્તુ માટે આટલા પૈસાની જરૂર છે, આ વસ્તુની ગોઠવણી માટે આટલી જરૂર છે, તે વસ્તુના સમારકામ માટે, આ બાંધવા માટે, આની વ્યવસ્થા માટે આટલા પૈસાની જરૂર છે — આ બધું સારું છે. અને હું સમજું છું કે લોકો એવા વાહકો છે જેમાંથી પૈસો ખરેખર જ્યાં જરૂરિયાત હોય ત્યાં જાય છે. લોકોમાં આ સાચી ગતિ હોવી જોઈએ. જેમને એવી ઇચ્છા હોય કે – તેમના મૂર્ખ અહંકારમાંથી તેમને ઉચિત લાગે તે પ્રમાણે પોતાને બંધબેસતી કરે.

જ્યારે સંગ્રહવૃત્તિની જરૂરિયાત અને ખર્ચ કરવાની જરૂરિયાત (બન્ને અંધ અને અજ્ઞાનભરી છે) એકત્રિત કરવામાં આવે ત્યારે તે એક સ્પષ્ટ દર્શન તરફ અને સૌથી કુશળ ઉપયોગ તરફ દોરી જાય છે. તે વસ્તુ સારી છે.

ત્યાર પછી ધીરે ધીરે તેનો અમલ કરવાની શક્યતા આવે છે.

પરંતુ સ્વાભાવિક રીતે જ, સ્પષ્ટ વિચારશક્તિવાળા માણસો માટે અને ઉચ્ચ પ્રકારની મધ્ય પ્રકારની વ્યક્તિઓ માટે (!) દરેક જગાએ અને એક સમયે હોવું અને તે પ્રમાણે કરવું શક્ય છે. ત્યાર પછી પૈસાનો આ ખ્યાતનામ પ્રશ્ન ઉકેલાશે.

પૈસો કોઈની માલિકીનો નથી. એ એક સામૂહિક માલિકી છે અને તેનો ઉપયોગ ફક્ત તેવી વ્યક્તિઓએ જ કરવો જોઈએ જેમનામાં એક સમગ્ર, સંજ્ઞાનક અને વૈશ્વિક દૃષ્ટિ હોય. હું તેમાં થોડું ઉમેરીશ; ફક્ત પૂર્ણ અને સંજ્ઞાનક નહિ પરંતુ તાત્ત્વિક સત્યયુક્ત દર્શન પણ; એક એવું દર્શન, જે કહી શકે કે કયો વૈશ્વિક પ્રગતિ માટેનો ઉપયોગ છે, અને કયો વ્યય ફક્ત તરંગી કહેવાય. પરંતુ આ બધી વિગતો છે કારણ કે ભૂલો પણ એક ચોક્કસ દૃષ્ટિબિંદુથી, વ્યય પણ સામાન્ય પ્રગતિમાં એકંદરે મદદ કરે છે; આ બધા પાઠો કઠિન રીતે શીખાય છે.

(મૌન)

'ક્ષ' જે કહેતો તે મને કાયમ યાદ આવે છે ('ક્ષ' પરોપકાર કરનાર દાનવીરોની વિરુદ્ધમાં હતો), તે કહેતો: દાનેશ્વરીઓ માનવ દુઃખોને જીવંત રાખે છે કારણ કે માનવદુઃખો સિવાય દાનને ટકી શકવા માટે કોઈ કારણ હોતું નથી!.... અને તમે પેલા મહાન દાનવીરનું નામ જાણો છો, તેનું નામ શું હતું ? — મેઝેરીનના સમયમાં; તેણે "બિટલ સિસ્ટર્સ ચેરિટી"ની સ્થાપના કરેલી....

વિન્સન્ટ ડી પોલ ?

બરાબર. મેઝેરીને તેને એક વખત કહ્યું : તમે જ્યારથી સંભાળ લેવાનું શરૂ કર્યું તે પહેલાં કદી આટલા બધા ગરીબ માણસો ન હતા ! (માતાજી હસે છે)

પછીથી

મેં પૈસા વિશે શું કહ્યું તેને ફરીથી વિચારું છું. ઓરોવિલમાં તે પ્રમાણે વ્યવસ્થા કરવી જોઈએ, પરંતુ મને શંકા છે કે માણસો તૈયાર છે કે કેમ.

એટલે એમ કહેવાય કે **જો** તેઓ સંતનું માર્ગદર્શન સ્વીકારે ત્યાં સુધી તે શક્ય છે ?

ક્ષા, દરેકે સૌથી પ્રથમ તે વસ્તુને ગ્રહણ કરીને ઓળખવી જોઈએ કે તે અદૃશ્ય અને ઉચ્ચતર શક્તિ છે — એટલે કે જે શક્તિ ઘણે ભાગે આવરિત રહેતી ચેતનાની ભૂમિકાની છે, પરંતુ જે દરેકની અંદર રહેલી છે; એક એવી ચેતના જેને ગમે તે રીતે બોલાવી શકાય, ગમે તે નામ આપી શકાય, નામનો કોઈ ખાસ અર્થ નથી, પરંતુ જે પૂર્ણ છે અને વિશુદ્ધ છે, એ અર્થમાં તે જૂઠની નથી, તે પરમ અન્યમાં રહેલી છે — આ શક્તિ ભૌતિક વસ્તુઓને વધારે સાચી રીતે અને વધારે સુખદાયક રીતે બધા માટે સારી વ્યવસ્થા કરી શકે છે. તે પ્રથમ મુદ્દો છે. એક વખત લોકો આ વસ્તુ સાથે સહમત થાય . . . .

એ એવી વસ્તુ નથી જેનો માણસ પોતાની પાસે હોવાનો દંભ કરી શકે – વ્યક્તિ તે હોવાનો દંભ કરી શકે નહિ. તે તેની પાસે હોય અથવા ન હોય, કારણ કે (માતાજી હસે છે) જીવનના કોઈ પણ સંજોગમાં જો તે દંભ હોય તો, તે સ્પષ્ટ રીતે ખુલ્લો પડી જશે ! વધારામાં તે તમને ભૌતિક શક્તિ આપતું જ નથી. ત્યાં પણ 'ક્ષ'એ એક વખત કહેલું — તે સાચી ક્રમયુક્ત સત્તાવાળી ધર્મસંસ્થાઓની વાત કરતો હતો, દરેકની ચેતનાની શક્તિના પાયા ઉપર રચાયેલી સંસ્થા વિશે — જે વ્યક્તિ અથવા વ્યક્તિઓ સૌથી ઉચ્ચ ટોચ ઉપર હોય છે તેમને સૌથી ઓછી જરૂરિયાતો હોય છે, તેમની ભૌતિક દૃષ્ટિ જેમ જેમ વિકાસ પામતી જાય છે તેમ તેમ તેમની ભૌતિક જરૂરિયાતો ઘટતી જાય છે. અને તે ઘણું સાચું છે. તે સ્વાભાવિક અને નૈસર્ગિક છે, પ્રયત્નના પરિણામરૂપે નહિ; જેમ જેમ ચેતના વધારે વિશાળ થતી જાય છે તેમ તેમ તે વસ્તુઓને અને વાસ્તવિકતાને વધારે સમાવિષ્ટ કરે છે — તેમની ભૌતિક જરૂરિયાતો કુદરતી રીતે જ ઘટતી જાય છે કારણ કે તે વસ્તુઓ તેમની અગત્ય અને કિંમત ગુમાવે છે. ભૌતિક આવશ્યક વસ્તુઓની જરૂરિયાત ઘટીને ઓછામાં ઓછી થઈ જાય છે અને જેમ જેમ સ્થૂલ તત્ત્વનો ક્રમિક વિકાસ થાય તેમ તેમ તેની સાથે તેનો ફેરફાર થતો જાય છે.

અને આ વસ્તુ સહેલાઈથી સમજાય છે, ખરું ને ? પણ તે ભાગ ભજવવો અઘરો છે.

અને બીજી વસ્તુ છે એક અટલ શ્રદ્ધાની શક્તિ; એટલે કે સૌથી ઉચ્ચતમ ચેતના, જ્યારે તેને સ્થૂલ તત્ત્વના સંપર્કમાં લાવવામાં આવે છે ત્યારે બધી અંતરાલ ભૂમિકાઓ કરતાં સાહજિક રીતે જ તેનામાં અટલ શ્રદ્ધાની વધારે શક્તિ હોય છે. ફક્ત સંપર્ક દ્વારા જ તેની શ્રદ્ધાની શક્તિ

એટલે તેની રૂપાંતરની શક્તિ વચ્ચેની ભૂમિકાઓ કરતાં વધારે મોટી હોય છે. એ એક હકીકત છે. આ બે હકીકતો જ એકસાથે દંભને વધારે વખત ટકવા માટે અશક્ય બનાવી દે છે. હું તેના પ્રત્યે એક સામૂહિક વ્યવસ્થાના દૃષ્ટિબિંદુથી જોઉં છું.

જેવા તમે આ પરમોચ્ચ ચેતનાની ઊંચાઈએથી નીચે ઊતરો કે બધી જુદી જુદી અસરોની રમતો શરૂ થાય છે. (મિશ્રણ અને સંઘર્ષની ક્રિયા) અને તે પોતે જ એક ચોક્કસ નિશાની છે; નાનું અમથું ઉતરાણ પણ — ઉચ્ચતર મનના પ્રદેશમાં પણ, ઉચ્ચતર બુદ્ધિના પ્રદેશમાં — અને બધી અસરોનો સંઘર્ષ શરૂ થાય છે. ઉચ્ચતમ ટોચ ઉપર જે સાચી વસ્તુ હોય છે અને જે સંપૂર્ણ શુદ્ધ હોય છે તેનામાં જ સાહજિક શ્રદ્ધાની આ શક્યતા હોય છે. એટલે જે કાંઈ તેને બદલે વ્યક્ત થાય તે અડસટ્ટાનું જ હોય અને તે કાંઈ લોકશાહી-થી વધારે સારું હોતું નથી — એટલે કે જે પદ્ધતિ સૌથી વધારે સંખ્યા ઉપર અને સૌથી નીચેના સ્તરના નિયમ દ્વારા શાસન ચલાવે છે — હું સામાજિક લોકશાહીની વાત કરું છું, જે હાલનું સૌથી આધુનિક વલણ છે.

પરમ ચેતનાનું કોઈ પણ પ્રતિનિધિત્વ ન હોય – એ બની શકે ખરુંને? – જો કોઈ પણ ન હોય તો તેને બદલે થોડા દ્વારા જ શાસન કરવાનો પ્રયત્ન કરી શકાય — ચારથી આઠ વચ્ચેની સંખ્યાથી, એવું કાંઈક ચાર, સાત આઠ — જેમનામાં સતેજ પ્રેરણાયુક્ત બુદ્ધિ હોય; બુદ્ધિ કરતાં સહજ પ્રેરણા વધારે અગત્યની છે – એક એવી સહજ પ્રેરણા જે બૌદ્ધિક રીતે આવિર્ભાવ પામે.

વ્યવહારુ દૃષ્ટિબિંદુથી તેની પણ ખામીઓ હોઈ શકે, પરંતુ સૌથી નિમ્ન સ્તર કરતાં કદાચ સત્યની વધારે નજીક હોય – સમાજવાદ અથવા સામ્યવાદ. બન્ને વચ્ચે રહેલી વસ્તુ બિનકાર્યક્ષમ બને છે; દૈવી રાજતંત્ર, અમીરશાહી, લોકશાહી અને ધનિકશાહી, આ બધી જ વસ્તુઓ નિષ્ફળ ગઈ છે. બીજી સમાજવાદી અથવા સામ્યવાદી સરકારો પણ નિષ્ફળ સાબિત થતી જાય છે.

મૂળભૂત રીતે સમાજવાદ અને સામ્યવાદ સરકારોમાં એક પ્રકારની સરકારની ગેરહાજરી જેવું બને છે કારણ કે તેમનામાં બીજા ઉપર શાસન કરવાની શક્તિ હોતી નથી; તેઓને ફરજિયાત રીતે તેમની શક્તિ કોઈને સુપ્રત કરવી પડે છે જેનો તે વ્યક્તિ ઉપયોગ કરે છે. દા.ત લેનિન, કારણ કે તે ભેજું હતો. આ બધી વસ્તુઓનો પ્રયત્ન થઈ ચૂક્યો છે અને તે

બિનકાર્યક્ષમ સાબિત થયું છે. ફક્ત એક જ વસ્તુ કાર્યક્ષમ બની શકે અને તે ઋત-સત્-ચેતના, જે પોતાનાં કરણોને પસંદ કરે અને એકની ગેરહાજરીમાં બીજાં કેટલાંક કરણો દ્વારા પોતાને અભિવ્યક્ત કરે — એક પૂરતો નથી, "એક"ને ફરજિયાત રીતે પોતાનું જૂથ શોધવું પડે.

જેમનામાં આ ચેતના હોય તે ગમે તે સામાજિક વર્ગનો હોય: એ જન્મ દ્વારા મળેલો અધિકાર નથી પરંતુ સ્વપ્રયત્ન અને વિકાસના પરિણામે પ્રાપ્ત કરેલો હોય છે. હકીકતમાં રાજકીય દૃષ્ટિબિંદુથી એક બાહ્ય પરિવર્તનની સ્પષ્ટ નિશાની છે. એ એક વર્ગનો અથવા જાતિનો અથવા જન્મનો અધિકાર રહ્યો નથી એ બધું કાલગ્રસ્ત બની ગયું છે. એમાં જે વ્યક્તિઓએ ઉચ્ચતર ચેતના પ્રાપ્ત કરી છે તેમને રાજ્ય કરવાનો અધિકાર છે — બીજાઓને નહિ; તેમાં તેમનું સામાજિક ધોરણ જોવાનું નથી.

આ સાચું દર્શન હોઈ શકે.

જે લોકો આ પ્રયોગમાં ભાગ લે છે તેમને પૂરેપૂરી શ્રદ્ધા હોવી જોઈએ કે ઉચ્ચતમ ચેતના સૌથી સ્થૂલ વસ્તુઓનો પણ સારામાં સારો ન્યાય કરે છે. ભારતનો વિનાશ આ ખ્યાલ ઉપરથી થયો છે કે ઉચ્ચતર ચેતના ઉચ્ચતર વસ્તુઓ સાથે જ સંબંધ ધરાવે છે અને નિમ્ન કક્ષાની વસ્તુઓમાં તેને બિલકુલ રસ પડતો નથી અને તેને વિશે તેને કાંઈ સમજણ પણ પડતી નથી! આ વસ્તુને લઈને ભારતની પડતી થઈ. વારુ, આ ભૂલને પૂરેપૂરી ભૂંસી નાખવી જોઈએ. ઉચ્ચતમ ચેતનાને જ સૌથી સ્પષ્ટ દર્શન હોય છે – બિલકુલ સ્વચ્છ અને સૌથી સાચું – સૌથી ભૌતક વસ્તુઓની કઈ જરૂરિયાતો હોવી જોઈએ.

તે વસ્તુ સાથે એક નવીન પ્રકારના સરકારનો પ્રયત્ન કરવો જોઈએ.

*

૩૧ મે ૧૯૬૯

પરમ દિવસે રાત્રીએ, મેં શ્રી અરવિંદ સાથે ત્રણ કલાક ગાળ્યા. અને હું ઓરોવિલમાં શું શું ઊતરવાનું છે તે તેમને બતાવતી હતી, તે ઘણું રસિક હતું. તેમાં રમતો હતી, કલા હતી અને રસોઈ પણ હતી પરંતુ તે બધું પ્રતીક રૂપે હતું. અને હું જાણે કે ટેબલ ઉપર, એક વિશાળ જમીનના ફલકની સામે, તે બધું બતાવતી હતી. શારીરિક કસરતો અને રમતો કયા સિદ્ધાંત ઉપર ગોઠવવાના હતા તે હું તેમને સમજાવતી હતી. તે ઘણું

સ્પષ્ટ હતું, ખૂબ ચોક્કસ, જાણે કે હું એક નિદર્શન આપતી હતી અને તે જાણે કે શું બનવાનું છે તેની નાનકડી આવૃત્તિની નાના પાયા ઉપરની રજૂઆત હતી. હું લોકોને અને વસ્તુઓને સરકાવતી હતી (ક્રિયા, જાણે કે ચેસ-બોર્ડ ઉપર) પરંતુ તે ઘણું રસિક હતું અને તેમને ખૂબ રસ પડેલો; તેઓ વ્યવસ્થા માટેના ઘણા વિશાળ નિયમો બતાવતા હતા. (મારે કઈ રીતે સમજાવવું તે હું જાણતી નથી) કલા પણ હતી અને તે બધું બહુ સુંદર હતું, અને રચનાના કયા સિદ્ધાંત ઉપર મકાનોને કઈ રીતે આનંદપ્રદ અને સુંદર બનાવવાં તે વિશે, અને ત્યાર પછી રસોડું; તે એટલું બધું રમૂજી હતું. દરેક પોતાની શોધ રજૂ કરતા હતા .... આ પ્રમાણે ત્રણ કલાક સુધી ચાલ્યું – રાત્રિના ત્રણ કલાક સુધી, ઘણો સમય ! ખૂબ રસિક.

> છતાં પૃથ્વી ઉપરના સંજોગો જાણે કે તેનાથી ઘણા દૂર દૂર હોય તેમ લાગે છે.

(થોડા અચકાટ પછી) ના.... તે બરાબર ત્યાં હતું. તે પૃથ્વી માટે વિદેશી વસ્તુ નહોતી. એ એક સંવાદ હતો વસ્તુઓ પાછળ રહેલો, એક સચેતન સંવાદ; શારીરિક કસરતો અને રમતો પાછળ રહેલો સચેતન સંવાદ; મનોહરતા અને કલા પાછળનો સચેતન સંવાદ; ખોરાક પાછળ રહેલો સચેતન સંવાદ.

> હું એમ કહેવા માગું છું કે હાલમાં જે પૃથ્વી ઉપર છે તેનાથી જાણે કે બીજા જ છેડા ઉપર આ વસ્તુઓ હોય તેવું લાગે છે.

ના.... એમ નથી.

> નહિ ?

હું આજે 'ક્ષ'ને મળેલી અને હું તેને કહેતી હતી કે કલા અને રમતગમતોનું બધું જ સંચાલન, ખોરાક અને બીજી બધી વસ્તુઓનું પણ, સૂક્ષ્મ શારીરિકમાં તૈયાર થઈ ગયેલું છે — નીચે આવવા માટે અને સાકાર બનવા માટે તૈયાર થઈ ગયેલું છે — અને મેં તેને કહ્યું, "એક મૂઠીભર માટીની જરૂર છે. (બન્ને હાથથી પ્યાલો બનાવવાની ક્રિયા), એક મૂઠી જેટલી માટી, જ્યાં માણસ છોડ ઊછેરી શકે.... વ્યકિતને એક મૂઠીભર માટી શોધવાની છે જેમાં તે છોડ ઊછેરી શકે."

# માતૃમંદિર વિશેના વાર્તાલાપો

## ૩૧ ડિસેમ્બર ૧૯૬૯

પ્રથમ વિચાર આ પ્રમાણેનો હતો. એક કેન્દ્ર હતું અને તેની આસપાસ નગરની વ્યવસ્થા થયેલી. હવે તેઓ તેનાથી વિરુદ્ધ કરે છે! તેમને પહેલાં નગર બાંધવું છે અને પછીથી કેન્દ્ર.

અને 'વસ્તુ' આગમન માટે તૈયાર છે. હું ઘણા લાંબા સમયથી તેને જાણું છું. તે ત્યાં રહેલી છે (ઊંચે બતાવવાની ક્રિયા) તે વસ્તુ રાહ જોઈ રહી છે.

(મૌન)

'અ'ના વિચાર પ્રમાણે એક કેન્દ્રમાં ટાપુ છે અને તેની આસપાસ પાણી છે, વહેતું પાણી છે અને તે શહેરને સમગ્ર પાણી પૂરું પાડશે અને જ્યારે તે શહેરમાંથી પસાર થશે ત્યાર પછી પંપ-હાઉસમાં મોકલવામાં આવશે અને ત્યાંથી તે બધી આસપાસની ખેડેલી જમીનમાં નહેરો દ્વારા પૂરું પડાશે એટલે કેન્દ્ર એક નાનો ટાપુ છે અને જેને આપણે પ્રથમ માતૃમંદિર કહ્યું છે તે છે; જેને હું વિશાળ ખંડ તરીકે કાયમ જોઉં છું. બિલકુલ સાધનો વગરનું જેમાં ઉપરથી પ્રકાશ આવે છે. જેમાં એવી વ્યવસ્થા કરેલી છે કે તે એક જગાએ કેન્દ્રિત થાય છે, તે જગામાં આપણે નગરના કેન્દ્ર તરીકે કોઈ પણ વસ્તુ મૂકીએ તે પહેલાં આપણે શ્રી અરવિંદના પ્રતીકનો વિચાર કરેલો પરંતુ આપણી જે ઇચ્છા હોય તે મૂકી શકીએ. એવું કરી શકીએ કે એક પ્રકાશનું કિરણ તે જગાએ પડયા કરે અને ફર્યા કરે, ગોળ ગોળ.... સૂર્યની સાથે, તમે સમજ્યા? જો તે બરાબર કરવામાં આવે તો ઘણું સારું થશે અને પછી તેની નીચે લોકો બેસીને ધ્યાન કરી શકે અથવા ફક્ત આરામ કરી શકે. બીજું 'કાંઈ પણ નહિ', કાંઈ પણ નહિ સિવાય કે નીચે કાંઈક એવું આરામદાયક હોય જેથી તેઓને થાક ન લાગે તેવી રીતે બેસી શકે. કદાચ થોડાક સ્તંભો તેમને પીઠ ટેકવવા માટે કામ આપે તેવું કાંઈક. અને હું તે વસ્તુ કાયમ જોઉં છું અને તે ખંડ ખૂબ ઊંચાઈવાળો હોવો જોઈએ જેથી સૂર્ય તેમાં 'કિરણ રૂપે' પ્રવેશ કરી શકે, દિવસના સમય પ્રમાણે, જે કેન્દ્ર છે તેના ઉપર કિરણ પડે. જો આ રીતે થઈ શકે તો ઘણું સારું,

અને પછી બીજી વસ્તુઓ મારે માટે સરખી જ છે. તેમને જેમ યોગ્ય લાગે તેમ તેઓ કરી શકે. પહેલાં તો તેમણે મારા રહેઠાણ માટેની જગ્યા વિશે વિચારેલું, પરંતુ હું ત્યાં કદી રહેવા જવાની નહિ તેથી તે માટે પ્રયત્ન કરવાની જરૂર નથી, તેના માટે મહેનત નકામી છે. અને આ ટાપુની સંભાળ લેવા માટે તેઓ સહમત હતા કે 'બ' માટે એક નાનું મકાન હશે અને તે ફક્ત રક્ષક તરીકે ત્યાં રહેશે. અને પછી 'અ'એ તેને બીજા કિનારા સાથે જોડાણ કરવા માટે સેતુઓની આખી પદ્ધતિની વ્યવસ્થા કરેલી અને બીજો કિનારો ચારે બાજુએ ફરતા બગીચાઓનો હશે. આ બગીચાઓ.... અમે બાર બગીચાઓનું વિચારેલું — અંતરનું માપ બારમાં વિભાજન કરીને, બાર બગીચાઓ બનાવવાના, દરેક કોઈ કેન્દ્રની આસપાસ, એક ચેતનાની અવસ્થા, અને તેના પ્રતીક દર્શાવતાં ફૂલો અને પછી બારમો બગીચો પાણીમાં, ચારે બાજુએ – ચારે બાજુએ નહિ, પરંતુ પાસે – 'માતૃમંદિરની,' અને તેમાં ત્યાં રહેલું વડનું ઝાડ તેમાં આવે. તે નગરનું કેન્દ્ર છે. અને ત્યાં, તે બાર બગીચાઓ બહારની બાજુએ, ચારે બાજુએ ફૂલોની વ્યવસ્થા સાથેના, વારંવાર દેખાશે

(મૌન)

આ મંદિરના બહારના ભાગ તરીકે 'અ'એ એક મોટા કમળ વિશે વિચારેલું. પરંતુ પછીથી આ અંદરના ભાગની પ્રકાશની રમત કમળના આકારમાં શકય બને કે કેમ તે મને ખબર નથી.

જો 'અ' અને 'ક' બન્ને સહકારમાં રહે, સહમત થાય તો અને તે બેમાંથી એક કાયમ અહીં હોય અત્યારે આ વખતે એક અને પછીથી બીજો, જો બેમાંથી એક કાયમ અહીં હોય અને તે બન્નેએ સાથે બેસીને એક જ યોજના દોરેલી હોય તો તે બહુ ઝડપથી કામ થાય, સો ગણું વધારે ઝડપથી.

સૂર્યના કિરણનો આ વિચાર.... હું જયારે જોઉં છું ત્યારે તરત જ દેખાય છે. અને સૂર્યનું એક કિરણ બધા સમય અનુસાર (સૂર્યની 'ગતિને અનુસરતી ક્રિયા') અને ત્યાં કોઈક વસ્તુ હશે, કોઈ પ્રતીક, જે ઊભું હોય અને ચારે બાજુથી દેખાય, અને સપાટ પણ જેથી તેને પૂરતો પ્રકાશ મળે તો કેવું ?.... અને મહેરબાની કરીને પ્રભુની ખાતર તેને ધર્મ ન બનવા દેશો !

(મૌન)

તે વસ્તુને સિદ્ધ કરવાનો રસ્તો કોણ શોધશે ? કારણ કે અહીં સૂર્યની ખોટ નથી.... ચોક્કસ કેટલાક એવા દિવસો હોય છે જયારે તે બિલકુલ હોતો

નથી. પરંતુ ઘણા દિવસો હોય છે જ — તેથી દરેક બાજુએથી, દરેક ખૂણેથી કિરણ પડી શકે. તે રીતની વ્યવસ્થા કરવી જોઈએ. તે ભૂમિતિનો પ્રશ્ન છે. તમે 'ક'ને તે વિષે કહી શકો કારણ કે જો તેને ખ્યાલ હોય તો....

એટલે કોઈક વસ્તુની જરૂર છે. એક પ્રતીક — આપણે શોધીશું કે કઈ વસ્તુની જરૂર છે, આપણે જોઈશું – ચોક્કસ, કાંઈક વેદી જેવું, પણ.... કઈ વસ્તુ? જે પ્રકાશને ઉપરથી સીધેસીધો અને ચારે બાજુએથી ઝીલી શકે.

અને પછી, બીજી કોઈ બારીઓ નહિ, તમે સમજ્યા? બાકીનું બધું અર્ધ-પ્રકાશમાં અને તે, પ્રકાશની માફક.... તે સરસ હશે, તે ઘણું સરસ થઈ થકે. હું ઇચ્છું કે કોઈને પણ મારા જેવી અનુભૂતિ થાય.

અને જો આ વસ્તુ સારી રીતે સિદ્ધ થાય, તો લોકો માટે ઘણું રસિક બને. તે કોઈ વસ્તુનો સઘન સાક્ષાત્કાર બની શકે — લોકો એમ બોલવાની શરૂઆત કરશે કે તે સૂર્યપૂજાનો ધર્મ છે! (માતાજી હસે છે) અહો! તમે જાણો છો, હું 'દરેકે દરેક' મૂર્ખાઈઓથી ટેવાયેલી છું.

(મૌન)

ચોક્કસ, તાર્કિક રીતે, અથવા માનસશાસ્ત્રીય રીતે, ચારે બાજુ બાંધકામ કરવું અને પછીથી કેન્દ્ર બાંધવું એ એક ભૂલ છે.

'અ'નો અને, તેના જૂથનો વિચાર ઓરોવિલ માટે પૈસા આવે માટે ઉદ્યોગો કરવા માટેનો છે, પછીથી.... એટલે એમ કહી શકાય કે તેને ઝડપથી કરવાને બદલે તે બધું કરતાં સૈકાઓ લાગશે.

હું 'અ'ને આવતી કાલે તે વિશે વાત કરીશ. 'હું એમ કહેવા માગું છું કે હું તેને કહીશ કે તે 'ક'ને મળે, તેની પાસે સુંદર વિચારો છે.... સારું તેણે તેની સાથે સમજી લેવું પડશે. તમે સમજ્યા, તે ઘણું સરળ છે. આપણે 'અ'ને સમજીને સહકાર આપવા માટે સમજાવવા પ્રયત્ન કરીશું.

હવે મારે માટે વસ્તુઓ કેવળ એક જ પ્રકારની હોતી નથી, બિલકુલ નહિ. હું એકીસમયે વિરોધી વલણોનો પણ ઉપયોગ કરવાની શક્યતા જોઈ શકું છું.... તે કેવળ એક જ પ્રકારની હોતી નથી. હું એમ નથી કહેતી "અહા! નહિ, તે નહિ!" નહિ, નહિ, નહિ. બધું જ, એકસાથે જ. મારે તેની જરૂર છે: એક એવી જગાનું સર્જન કરવું, જેમાં બધા જ વિરોધો ઐક્યમાં આવી જાય.

જ્યાં સુધી તે પ્રમાણે બને નહિ.... (ગોળ ગોળ ફેરવવાની ક્રિયા) તે આમ ને આમ ચાલ્યા જ કરે છે.

*

**૩ જાન્યુઆરી ૧૯૭૦**

> મધુર માતાજી, મેં 'ક'ને અહીં આવવાનું કહેલું. તે બહાર રાહ જુએ છે.

હા, એક રસિક વસ્તુ છે. લાંબો સમય સુધી મને કોઈ વસ્તુ માટે સૂચનો આવતાં, અને એક દિવસે આપણે તે વિશે વાતચીત કરેલી અને મેં તે વસ્તુ જોઈ. મેં 'અ'ને તે વિશે વાત કરી, મેં તેને 'ક'ને મળવાનું કહ્યું અને તેને વધારેમાં કહેલું, મારે શું કરવું જોઈએ તેનું મને 'દર્શન થયેલું.' એટલું ખરું કે તેણે "ના" નહિ કહેલી, તેણે દરેક બાબતમાં "હા" કહેલી, પરંતુ મને એમ લાગ્યું કે તેનો તે પ્રમાણેનો ઇરાદો ન હતો .... પરંતુ આ વસ્તુ બનેલી. મેં સ્પષ્ટ જોયેલું, — ખૂબ સ્પષ્ટ રીતે .... એટલે કે તે વસ્તુ તે પ્રમાણેની હતી, અને અત્યારે પણ તે જ પ્રમાણે છે, તે તે સ્થિતિમાં છે (એક અનંત ભૂમિકા સૂચવતી ક્રિયા) .... આ સ્થળનો અંદરનો ભાગ ....

તે એક પ્રકારનો ખંડ હશે, એક સ્તંભની અંદરનો ભાગ તેમાં બારીઓ નહિ હોય. હવા-પ્રકાશ માટેની વસ્તુઓ, પેલાં મશીનો સાથે કૃત્રિમ (એરકન્ડિશનરની મુદ્રા) અને ફક્ત છત અને સૂર્ય કેન્દ્રમાં પ્રકાશે એ રીતે. અથવા જ્યારે સૂર્ય ન હોય — રાત્રિએ અથવા વાદળવાળાં દિવસોએ — એક ઇલેક્ટ્રિક સ્પોટલાઈટ હોય.

અને અત્યારે જ એક પ્રકારનું દૃષ્ટાંત રૂપનું મોડેલ બાંધવાનો વિચાર છે, જે ૧૦૦ માણસોને સમાવી શકે. જયારે નગર બંધાઈ જાય અને આપણને અનુભવ મળી જાય, ત્યારે આપણે કોઈ મોટી વસ્તુને બાંધીશું. પરંતુ પછીથી તે ઘણી મોટી વસ્તુ હશે જે હજાર કે બે હજાર માણસોને સમાવી શકશે. આ બીજું બાંધકામ પહેલાની આસપાસ બંધાશે. જ્યાં સુધી બીજું પૂર્ણ ન થાય ત્યાં સુધી પહેલું કાઢી નખાશે નહિ. એ પ્રમાણેનો વિચાર છે.

ફક્ત 'ક' સાથે વાતચીત કરવી (અને જો શકય હોય તો 'અ'ની સાથે તે વાતચીત કરવી) મારે પ્લાન જોઈતો હતો. હું તે બનાવડાવીશ. મારી જાતે જ નહિ; કારણ કે હું તે હવે કરી શકું નહિ; એક વખત હું તે પ્રમાણે કરી શકી હોત, પરંતુ હવે મને સારી રીતે દેખાતું નથી. હું આજે સાંજે મારી સમક્ષ, એક પ્લાન બનાવડાવીશ, અને આ પ્લાનની મદદથી હું ખરેખર સારી રીતે સમજાવી શકીશ. પરંતુ મારે તો તમને ફક્ત મેં જે જોયેલું તેની વાતચીત જ કરવી હતી.

એ એક બાર પાસાવાળો ટાવર હશે; અને દરેક પાસું એક માસનું પ્રતીક હશે; અને તેની ઉપર, ટાવરની છત આ પ્રકારની હશે. (એક ઢાળવાળી છત, બાજુઓમાંથી ઉપર ચડતી, એક કેન્દ્રમાં એકત્રિત થતી હોય એવું સૂચવતી ક્રિયા).

અને પછીથી, અંદર, બાર સ્તંભો હશે. દીવાલો અને બાર સ્તંભો. અને બિલકુલ મધ્યમાં, ભોંયતળિયા ઉપર મારું પ્રતીક, અને તેની ઉપર શ્રી અરવિંદનાં ચાર પ્રતીકો એકઠાં કરીને એક ચોરસ બનાવાશે અને તેની ઉપર એક ગોળો. જો શક્ય હોય તો ગોળો પારદર્શક વસ્તુઓમાંથી બનેલો હશે અને અંદર પ્રકાશવાળો અથવા પ્રકાશ વગરનો, પરંતુ સૂર્ય ગોળાને અડકવો જોઈએ; પછી મહિના પ્રમાણે, સમય પ્રમાણે અહીંથી, ત્યાંથી, પેલી જગાએથી, ગમે ત્યાંથી જોઈ શકાશે. (સૂર્યની ગતિ બતાવતી ક્રિયા). તમે સમજ્યા ? દરેક કિરણની સાથે એક ઉદ્ઘાટન હશે. વેરવિખેર થઈ ગયેલું તેજ નહિ : એક કિરણ જે અડકે છે, અડકવું જોઈએ. તેને અમલમાં મૂકવા માટે એક તાંત્રિક (ટેકનિકલ) જ્ઞાનની જરૂર પડશે, અને એટલા માટે મારે એન્જિનિયરની સાથે એક ડિઝાઈન બનાવવી છે.

એક બીજું, અંદરના ભાગમાં બારીઓ કે પ્રકાશ આપનાર વસ્તુઓ નહિ હોય. એ એક અર્ધપ્રકાશમાં કાયમ હશે, — દિવસે સૂર્ય સહિત અને રાત્રે કૃત્રિમ પ્રકાશથી. અને ફ્લોર ઉપર, કાંઈ પણ નહિ હોય, ફક્ત આ પ્રકારનું ભોંયતળિયું (માતાજીના રૂમમાં છે તેવું) એટલે કે, પહેલાં લાકડું (લાકડું અથવા બીજી કોઈ પણ વસ્તુ) ત્યાર પછી રબર – ફોમ, ખૂબ જાડું, ખૂબ પોચું અને પછી શેતરંજી. દરેક જગાએ શેતરંજી, કેન્દ્ર સિવાય બધી જ જગાએ અને લોકો ત્યાં દરેક જગાએ બેસી શકશે. અને લોકો માટે બાર સ્તંભો છે જેના ઉપર તેઓ પીઠ ટેકવી શકે !

અને વળી, લોકો ત્યાં નિયમિત ધ્યાન માટે નહિ આવે અથવા એવા કોઈ પણ કામ માટે (પરંતુ આંતરિક વ્યવસ્થા તો ત્યાર પછી થશે, તે) એકાગ્રતા કરવા માટેની જગા હશે. દરેક ત્યાં આવી શકશે નહિ; અઠવાડિયામાં એક સમય રાખવામાં આવશે અથવા દિવસનો પણ કોઈ સમય નક્કી હશે. (મને ખબર નથી) ત્યારે મુલાકાતીઓને ત્યાં આવવાની મંજૂરી હશે પરંતુ કોઈ પણ રીતે બધા લોકોનું મિશ્રણ નહિ હોય. એક નક્કી કરેલો સમય અથવા દિવસ હશે જ્યારે લોકોને ચારે બાજુ બતાવવામાં આવશે, અને બાકીનો સમય એવા લોકો માટે હશે જેઓ . . . . ગંભીર હશે, ગંભીર સચ્ચાઈવાળા અને જેમને એકાગ્રતા કરવાનું શીખવું હશે.

એટલે મને લાગે છે કે તે સારું છે. તે ત્યાં હતું (ઊંચે બતાવે છે), હજુ પણ હું જ્યારે વાતચીત કરું છું ત્યારે તેને જોઉં છું, – 'હું જાઉં છું.' હું તેને જોઈ શકું છું તેથી તે ઘણું સુંદર છે.... એક પ્રકારનો અર્ધ પ્રકાશક; વ્યક્તિ તેને જોઈ શકે, પણ તે ઘણું શાંત છે. અને પછી ઘણાં સ્વચ્છ અને ઘણાં પ્રકાશિત કિરણો (સ્પોટ લાઈટ કૃત્રિમ પ્રકાશ, તે સોનેરી હોવો જોઈએ, તે ઠંડો ન હોવો જોઈએ – તે સ્પોટ લાઈટ ઉપર આધાર રાખે છે) પ્રતીક ઉપર પડતાં. એક ગોળો પ્લાસ્ટિકની બનાવટનો અથવા.... મને ખબર નથી.

સ્ફટિકનો ?

જો શક્ય હોય તો, હા. નાના મંદિર માટે ગોળો બહુ મોટો ન હોવો જોઈએ : જો તે આટલો મોટો હોય (લગભગ ૩૦ સે. મી. જેટલો) તો બરાબર થશે, પરંતુ મોટા મંદિર માટે તે મોટો હોવો જોઈએ.

પરંતુ મોટું મંદિર કઈ રીતે બાંધવું ? નાનાની ટોચ ઉપર ?

ના, ના, નાનું ચાલ્યું જશે. પરંતુ મોટું પછીથી બાંધવામાં આવશે. અને વિશાળ માપ ઉપર.... મોટું બંધાઈ ગયા પછી નાનું નહિ રહે પરંતુ ચોક્કસ નગરનું કાર્ય પૂરું કરવા માટે લગભગ ૨૦ વર્ષ થશે. (દરેક વસ્તુને તેની યોગ્ય જગાએ ખરેખર રીતે ગોઠવાતાં) તે બગીચાઓ જેવું છે. અત્યારે જે બગીચાઓ બને છે તે હાલ પૂરતા જ છે, પરંતુ ૨૦ વર્ષમાં તે બધાનાં માપ બદલાઈ ગયાં હશે : પછીથી, તે વસ્તુ ખરેખર – ખૂબ સુંદર હોવી જોઈએ.

અને મને આશ્ચર્ય થાય છે કે કયા પદાર્થનો ઉપયોગ આ ગોળો બનાવવા માટે કરવો જોઈએ – આ મોટા ગોળા માટે .... નાનો તો સ્ફટિકનો કદાચ બનશે; તે ગોળા જેવો જ (૩૦ સે. મી.નો). મને લાગે છે કે તે પૂરતો થશે. માણસને ઓરડાના દરેક ખૂણામાંથી તે ગોળો દેખાવો જોઈએ.

તે ભોંયતળિયાથી ઊંચે ન રાખવો જોઈએ ?

ના, શ્રી અરવિંદનું પ્રતીક બહુ મોટું ન હોવું જોઈએ. તે આટલું મોટું હોવું જોઈએ (ચેષ્ટા) ....

પચીસ–ત્રીસ સેન્ટી મીટર ?

વધારેમાં વધારે એટલું જ.

એટલે કે તે આંખની સમાંતર હશે?

આંખની સમાંતર, હા, તે પ્રમાણે જ.

અને તે 'ખૂબ' શાંત વાતાવરણ હશે. અને 'કાંઈપણ નહિ', તમે સમજ્યા. – મોટા સ્તંભો .... એ જોવાનું બાકી છે કે સ્તંભો કઈ શૈલીમાં હશે. ગોળ અથવા બાર બાજુઓવાળા .... અને બાર સ્તંભો.

અને છત બે ભાગમાં?

હા, છત બે ભાગમાં, જેથી સૂર્ય આવી શકે. તે એવી રીતનું ગોઠવવું જોઈએ કે વરસાદ અંદર પડે નહિ. આપણે એવી કોઈ વસ્તુનો વિચાર ન કરી શકીએ કે જ્યારે વરસાદ વરસે ત્યારે બંધ કરી શકાય અને પછી ખોલી શકાય; તે શક્ય નથી, તે એ રીતનું ગોઠવાવું જોઈએ કે વરસાદ અંદર ન પડે પરંતુ સૂર્ય કિરણો દ્વારા આવી શકે, પ્રસરી જઈને નહિ. એટલે ખુલ્લી જગા નાની હોવી જોઈએ. તેમાં એક એન્જિનિયરની જરૂર પડશે એવો માણસ જે પોતાનું કાર્ય સારી રીતે જાણતો હોય.

અને તેઓ ક્યારે શરૂ કરશે?

મને તો જેવા પ્લાન આપણી પાસે આવી જાય કે તે તાત્કાલિક શરૂ થાય એવી ઇચ્છા છે, ફક્ત બે પ્રશ્નો રહે છે .... પહેલાં પ્લાન. (કામ કરનારા તો આપણને મળી શકશે) અને પછી નાણાં .... મને લાગે છે એક પ્રકારનો નમૂનો બનાવવો જોઈએ (ચોક્કસ 'નાનો' એમ કહેવાની એક રીત છે કારણ કે સો માણસોને સહેલાઈથી સમાવવા માટે પૂરતી મોટી વસ્તુની જરૂર પડે), એક નાના નમૂનાથી શરૂઆત કરીએ અને તેથી નાનો નમૂનો બનાવતાં તેઓ શીખશે, અને જ્યારે નગર પૂરું થશે પછી જ મોટું બનશે — અત્યારે જ નહિ.

મેં તેના વિશે 'અ'ને વાત કરેલી. તેણે મને બીજે દિવસે કહેલું : "હા, પરંતુ તે બનાવતાં સમય લાગશે." મેં અત્યારે તમને જે કાંઈ કહ્યું તેમાંનું કાંઈ તેને કહેલું નહિ, મેં ફક્ત કોઈક વસ્તુ કરવાનું કહેલું અને પછીથી મને આ ઓરડાનું દર્શન થયું – એટલે હવે મારે તે કેવું હોવું જોઈએ તેના માટે કોઈની જરૂર નથી; હું તે જાણું છું, અને તેને માટે ઈજનેરની જરૂર છે અને નહિ કે સ્થાપતિની, કારણ કે સ્થપતિ .... તે જેટલું બને તેટલું સરળ બનવું જોઈએ.

મેં 'ક'ને તમે જે જોયેલું તેને વિશે વાત કરેલી, આ ખાલી મોટા ખંડ વિશે; તેનાથી તેને ખૂબ અસર થઈ. આ મોટો ખાલી રૂમ એ જ હતો જે તેણે જોયેલો. તે બરાબર સમજે છે. સારું, એટલે કે તેને ફક્ત એક આકાર જ હોય.

પરંતુ એક આકાર – ટાવર (મીનારો) જેવું, પરંતુ .... (એટલા માટે મારે તેને બતાવવા માટે એક રેખાચિત્ર (Sketch) જોઈતું હતું. બાર સરખી બાજુઓવાળું અને પછી એક દીવાલ હોવી જોઈએ, સાવ સીધી નહિ પરંતુ આ પ્રકારની (થોડી ઢળતી દર્શાવતી ક્રિયા). મને ખબર નથી કે તે શક્ય છે કે કેમ. અને અંદર બાર સ્તંભો અને પછી એવી રચના શોધવી જોઈએ કે સૂર્યને રાખી શકાય. બાર પાસાંઓ એવી રીતનાં કે વર્ષના ગમે તે દિવસે સૂર્યનાં કિરણો આવી શકે. તેના માટે એવા કોઈની જરૂર છે જે પોતાના વ્યવસાયમાં કુશળ હોય.

બહારની બાજુ; .... મેં બહારની વસ્તુ જોઈ નથી, મેં તે બિલકુલ જોયુ નથી. મેં ફક્ત અંદરનો જ ભાગ જોયેલો.

મારે 'ક'ને આ વસ્તુ સમજાવવી હતી. પણ મારી પાસે કાગળો આવી જાય પછી. તો તે વધારે સહેલું થાય, પરંતુ તમે તેને બોલાવ્યો છે. તેથી–'

'ડ' જાય છે અને 'ક'ને રૂમમાં લાવે છે. માતાજી તેને કહે છે. :

આપણે મંદિર બાંધવાનું નક્કી કર્યું પછી, મેં તેને જોયું, મેં તેને અંદરથી જોયું મેં 'ઈ' પાસે તેનું વર્ણન કરવા હમણાં જ પ્રયત્ન કરેલો છે. પરંતુ થોડા દિવસોમાં મારી પાસે કેટલાક પ્લાનો અને ચિત્રો આવશે ત્યારે હું વધારે સ્પષ્ટ રીતે સમજાવી શકીશ કારણ કે બહારથી તે કેવું હશે તે હું જાણતી નથી. પણ અંદરના ભાગ વિશે હું જાણું છું

ક : બહારનો ભાગ અંદરના ભાગમાંથી વિકાસ પામે છે.

એ એક પ્રકારનો ટાવર છે જેને બાર બાજુઓ છે અને તે વર્ષના બાર માસનાં પ્રતીક છે અને તે પૂરેપૂરો ખાલી છે .... અને તેમાં સોથી બસો માણસોનો સમાવેશ થવો જોઈએ અને તેની છતને ટેકો આપવા માટે અંદર બાર સ્તંભો હોવા જોઈએ (બહાર નહિ) અને બિલકુલ કેન્દ્રમાં એકાગ્રતા માટે કોઈ વસ્તુ હોવી જોઈએ .... અને આખા વર્ષ દરમિયાન સૂર્ય તેનાં કિરણો દ્વારા તેમાં પ્રવેશ પામવો જોઈએ; કિરણો પ્રસરેલાં હોવાં જોઈએ નહિ

તેથી સૂર્ય કિરણરૂપે પ્રવેશ પામે. પછી દિવસના પ્રમાણે તેમજ વર્ષના મહિના પ્રમાણે કિરણ ફરશે. (એવી વ્યવસ્થા ઉપરથી થશે) અને કિરણ કેન્દ્ર તરફ પાડવામાં આવશે. કેન્દ્રમાં શ્રી અરવિંદનું પ્રતીક હશે અને તેના ઉપર ગોળો હશે. આપણે તે ગોળાને સ્ફટિક જેવો પારદર્શક બનાવવા માટે પ્રયત્ન કરીશું .... એક મોટો ગોળો અને પછી લોકોને તેમાં એકાગ્રતા કરવા માટે રજા આપવામાં આવશે – (માતાજી હસે છે) એકાગ્રતા કરવાનું શીખવા માટે ! ધ્યાનના કાર્યક્રમો ચોક્કસ નહિ. તેમાંનું કાંઈ નહિ. પરંતુ તેમણે ત્યાં શાંતિમાં રહેવાનું, એકાગ્રતા અને શાંતિમાં.

ક : તે ઘણું સરસ છે.

પરંતુ જગા પૂરેપૂરી .... શક્ય એટલી સાદી હશે. અને ભોંયતળિયું એવા પ્રકારનું કે લોકો આરામ અનુભવે, જેથી તમને એવો વિચાર ન આવે કે તે બધાને આ જગાએ કે પેલી જગાએ શરીર ઉપર ઈજા થાય છે.

ક : તે ઘણું સુંદર છે.

અને નીચે જમીન સમતલ મધ્યમાં મારું પ્રતીક હશે. આમાં પ્રતીકના કેન્દ્રમાં આપણે ચાર ભાગમાં એક ચોરસ માફક, શ્રી અરવિંદનાં ચાર પ્રતીકો મૂકીશું, સીધા ઉપર ચડતા અને તે પારદર્શક ગોળાને આધાર આપતા હશે. મને તેનું દર્શન થયું છે.

એટલે હવે હું ઇજનેર દ્વારા નાના પ્લાન તૈયાર કરાવીશ, સાદા, બીજાને બતાવવા માટે અને જ્યારે તે તૈયાર થશે ત્યારે તમને બતાવીશ. તેથી પછી આપણે જોઈશું દીવાલો કદાચ સિમેન્ટની બનાવવી પડશે.

ક : આખું જ બંધારણ મજબૂત સિમેન્ટ કૉન્ક્રિટમાં બની શકશે.

છત કદાચ ઢળતી હોવી જોઈશે અને પછી કેન્દ્રમાં સૂર્ય માટે ખાસ વ્યવસ્થા કરવાની રહેશે.

તમે કહ્યું કે દીવાલો થોડી ઢળતી હશે.

કાં તો દીવાલો અથવા છત ઢળતી હોવી જોઈએ – જે સૌથી સહેલું પડે તે. દીવાલો સીધી બનાવી શકાય અને છત ઢળતી અને બાર સ્તંભ ઉપર આધાર રાખતી છત અને તેનાથી ઉપર સૂર્ય માટેની વ્યવસ્થા.

અને અંદર કાંઈ નહિ. સ્તંભો સિવાય કાંઈ નહિ. થાંભલાઓ, મને ખબર નથી, આપણે જોવું પડશે કે તેઓ પાસાંવાળા હશે, છત જેવા, બાર પાસાંઓવાળા, કે પછી ફક્ત ગોળાકારમાં.

ક : ગોળાકારમાં

અથવા ફક્ત ચોરસ – તે જોવાનું છે.

અને પછીથી આપણે ભોંયતળિયે કાંઈક દળદાર અને પોચી વસ્તુ મૂકીશું. અહીં – તમે બેસો છો ત્યારે આરામદાયક લાગે છે? હા? પહેલાં લાકડું છે, અને પછી આ પ્રકારનું રબર, અને તેના ઉપર એક ઊનનો ગાલીચો.

તમારા પ્રતીક સાથે?

ગાલીચા ઉપર મારું પ્રતીક નહિ. પ્રતીક માટે મેં એવું વિચારેલું કે કોઈક ટકાઉ વસ્તુમાંથી તે બનાવવું.

ક : તે પથ્થરમાં બનાવવું જોઈએ.

પ્રતીક, – તેની આસપાસ બધી વસ્તુઓ હશે, એ ચોક્કસ પ્રતીક બધાને આવરી લેશે નહિ, તે વચ્ચેની જગાએ કેન્દ્રમાં હશે – (માતાજી હસે છે.) લોકોએ પ્રતીક ઉપર બેસવું જોઈએ નહિ! – તેના પર વચ્ચે સમગ્રની સાથે અને ઊંચાઈના સંબંધમાં પ્રતીકનું માપ સંભાળપૂર્વક વિચારવું જોઈએ.

ક : અને ખંડ પૂરેપૂરો વિશાળ?

ઓહ, હા, તે હોવો જ જોઈએ .... તે એક પ્રકારનો અર્ધપ્રકાશવાળો, સૂર્યનાં કિરણોવાળો હોવો જોઈએ, જેથી કિરણ 'દેખી શકાય.' સૂર્યનું એક કિરણ. પછીથી દિવસના સમય પ્રમાણે સૂર્ય ફરશે. (દિવસના સમય પ્રમાણે અને વર્ષના માસ પ્રમાણે). અને પછી રાત્રે જેવો સૂર્ય અદશ્ય થાય કે તરત જ સ્પૉટ લાઈટોનો પ્રકાશ કરવામાં આવશે જેની અસર તે પ્રમાણેની જ હશે અને રંગ પણ તેવા જ. અને દિવસ અને રાત્રી દરમ્યાન પ્રકાશ ત્યાં રહેશે. પરંતુ બારીઓ અથવા દીવાઓ અથવા એવું બીજું કાંઈ નહિ – કાંઈ પણ નહિ. હવાઉજાસ એર-કન્ડિશનર સાથે (તે દીવાલોમાં ગોઠવવામાં આવશે, તે ઘણું સહેલું છે) અને શાંતિ. અંદર કોઈ પણ વાતચીત કરતું

નથી! (માતાજી હસે છે) તે સારું હશે એટલે જ્યારે મારા કાગળો તૈયાર થશે ત્યારે હું બોલાવીશ અને તમને તે બતાવીશ.

ક : ઘણું સારું.

'ક' જાય છે. પછી માતાજી 'ઈ'ની
સાથે વાતચીત ચાલુ રાખે છે.

મેં 'ક'ને પૂછયું નથી કે તે 'અ'ને મળ્યો કે કેમ. કારણ કે.... 'અ' હાલના પૂરેપૂરા "વ્યવહારુ" વાતાવરણમાં છે. તે સારું છે — તે શરૂ થઈ જવું જોઈએ.

તમે સમજ્યા, મને આ વસ્તુનું ખાસ જ્ઞાન થયું છે: ધર્મોની નિષ્ફળતા. એ એટલા માટે કે તેઓ એકબીજાથી જુદા પડયા. તેઓને બીજા ધર્મોને બાદ કરીને કેવળ પોતાના ધર્મમાં લોકોને રાખવા હતા, અને જ્ઞાનની દરેક વિશિષ્ટ શાખા નિષ્ફળ છે કારણ કે તેમાં લોકો સંકુચિત એવી એકલી જ બાબતનો સંબંધ ધરાવે છે; અને માણસ પણ નિષ્ફળ બન્યો કારણ કે તે પોતાને પણ વિશિષ્ટ રીતે ભિન્ન વર્ગનો જાણે છે. અને નવી ચેતના શેની માગણી કરે છે? (તે આ વસ્તુ પર જ ભાર આપે છે) — વિભકતતા નહિ. આધ્યાત્મિક છેડાને પણ સમજવો જોઈએ, ભૌતિક છેડાને પણ, અને એક શોધ કરવી જોઈએ.... એક મિલન બિંદુ, એવું બિંદુ જ્યાં.... તે ખરેખર સાચી શક્તિ બને.

વ્યવહારુ દૃષ્ટિબિંદુથી હું 'અ'ને સમજાવવા પ્રયત્ન કરીશ; પરંતુ મેં જોયું છે, શેની જરૂર છે તે મને સમજાયું છે.... 'અ' જ્યારે અહીં હોય છે ત્યારે તે ઓરોમોડેલનું ધ્યાન રાખે છે, વ્યવહારુ બાજુ, ને બધું જ. તે ઘણું જરૂરી છે, ઘણું સારું; અને કેન્દ્ર માટેનું બાંધકામ 'ક' કરે તે પ્રમાણેની મારી ઇચ્છા છે, અને તેથી 'અ' અહીંથી બહાર હોય ત્યારે 'ક' અહીં રહે તેમ હું ઇચ્છું છું. 'અ' જ્યારે જાય ત્યારે 'ક' અહીં રહે અને આપણે તે વિશે 'ક' સાથે વાતચીત કરીશું. ફક્ત તે બેમાંથી કોઈને એમ ન લાગવું જોઈએ કે બન્ને એકબીજાની વિરુદ્ધ છે. તેમણે સમજવું જ જોઈએ કે તે એકબીજાનાં પૂરક છે. મને લાગે છે કે 'ક' સમજશે.

પરંતુ 'અ'ને કદાચ એમ લાગે કે તેની જવાબદારી ઉપર કોઈ તરાપ મારે છે. તો?

કદાચ ન લાગે. હું પ્રયત્ન કરીશ, હું પ્રયત્ન કરીશ.

ના, મેં જ્યારે તેને કહ્યું કે કેન્દ્ર બાંધવું જરૂરી હતું, મને તેની ઝાંખી થયેલી અને તે થવું જોઈએ, ત્યારે તેણે વિરોધ કરેલો નહિ. તેણે મને ફક્ત એટલું કહેલું, "પરંતુ તે સમય લેશે." મેં તેને કહ્યું, "નહિ, તે તાત્કાલિક બનવું જોઈએ." અને એટલા માટે જ આ એન્જિનિયરે બનાવેલાં રેખાચિત્રો (સ્કેચ) તને બતાવવા તૈયાર કરેલાં છે, કારણ કે તે સ્થપતિનું કાર્ય નથી, તે ઈજનેરનું કામ છે જેમાં ખૂબ ચોક્કસ સૂર્યના પ્રકાશ માટેની ગણતરીઓ હોવી જોઈએ, ખૂબ ચોક્કસ – તેના માટે એવી વ્યક્તિની જરૂર છે જે બરાબર જ્ઞાન ધરાવે. સ્થપતિએ એ જોવાનું કે સ્તંભો સુંદર હોય, દીવાલ સુંદર હોય કે માપ બરાબર ચોક્કસ હોય, – કે બધું જ સુંદર હોય – અને પછી પ્રતીક કેન્દ્રમાં. સૌન્દર્યના ખ્યાલને સ્થપતિએ ધ્યાનમાં રાખવો જોઈએ, પરંતુ ગણિતનું પાસું.... અને અગત્યની બાબત આ છે, કેન્દ્ર ઉપર સૂર્યની રમત. કારણ કે તે પ્રતીક બને છે – ભાવિના સાક્ષાત્કાર માટેનું.

**૧૦ જાન્યુઆરી ૧૯૭૦**

મારી પાસે '૪'નો પત્ર છે...

હું તેને આજે સાંજે મુલાકાત આપવાની છું.

મેં તમને કહ્યું કે મેં ઓરોવિલનું કેન્દ્રસ્થ મકાન જોયું છે — મારી પાસે પ્લાન છે. તમને જોવામાં રસ પડશે? કેટલાક ગોળ વાળેલા કાગળો ત્યાં છે.

(માતાજી વીંટાઓના પ્લાનના કાગળો ખોલે છે) બાર પાસાંઓ હશે અને કેન્દ્રથી એકસરખે અંતરે બાર સ્તંભો: જમીન ઉપર કેન્દ્રમાં મારું પ્રતીક અને મારા પ્રતીકના કેન્દ્રમાં શ્રી અરવિંદનાં ચાર પ્રતીકો, સીધેસીધા ઊભા, ચોરસ બનાવતા, અને તે ચોરસ પર એક અર્ધ-પ્રકાશિત ગોળો (હજુ સુધી આપણે જાણતા નથી કે કયા પદાર્થમાંથી તે બનાવેલો હશે) અને પછી છતની ટોચ ઉપર જ્યારે સૂર્ય પ્રકાશતો હશે ત્યારે સૂર્યનો પ્રકાશ કિરણરૂપે ત્યાં હશે (બીજી કોઈ જગાએ નહિ પણ ત્યાં, તે જ જગાએ), જ્યારે સૂર્ય નહિ હોય ત્યારે ઇલેક્ટ્રિક સ્પોટલાઈટો એક કિરણ મોકલશે (એક કિરણ પણ બધે પ્રસરી જાય તેવો પ્રકાશ નહિ) બરાબર આ ગોળા ઉપર.... અને બીજું ત્યાં બારણાં નથી. પરંતુ નીચે ઊતરતાં ઊતરતાં વ્યક્તિ મંદિરમાં આવી જાય છે. વ્યક્તિ દીવાલના નીચે આવે છે અને ફરીને અંદર પ્રવેશ કરે છે, વળી તે પ્રતીકાત્મક છે. દરેક વસ્તુ પ્રતીકરૂપે છે.

અને વળી ફર્નિચર નથી, પરંતુ જમીન ઉપર, અહીંની માફક પહેલાં લાકડું, પછી લાકડા ઉપર જાડા કદનું "ડનલોપ" અને તેના ઉપર અહીંની માફક એક ગાલીચો – રંગની પસંદગી હજુ હવે થશે. બધી જ જગા શ્વેત હશે. મને ખાતરી નથી કે શ્રી અરવિંદનું પ્રતીક સફેદ હશે . . . . હું માનતી પણ નથી. મેં તે પ્રતીકો સફેદ જોયેલાં નહિ, તે વર્ણન ન કરી શકાય એવા રંગોમાં જોયેલાં, સોનેરી અને નારંગી રંગના મિશ્રણનો પ્રકાર હતો. તે સીધાં ઊભાં હશે. તે પથ્થરમાં કોતરાયેલાં હશે. અને એક ગોળો જે પ્રકાશિત નહિ, પણ અર્ધ પ્રકાશિત હશે, ગોળાની નીચે પ્રકાશ હશે જે ઉપર મોકલવામાં આવશે અને તે ગોળામાં ફેલાઈ જશે, અને પછી બહારથી પ્રકાશનાં કિરણો કેન્દ્ર ઉપર પડશે. અને બીજા કોઈ વીજળીના ગોળા નહિ, બારીઓ નહિ, ઈલેક્ટ્રિક હવાઉજાસનાં સાધનો નહિ, અને એક પણ ફર્નિચરની ચીજ નહિ, કાંઈ નહિ. એક જગા . . . . વ્યકિતની પોતાની ચેતના શોધવાનો પ્રયત્ન કરવા માટેની.

બહાર આવું કાંઈક હશે (માતાજી બીજા પ્લાનના કાગળને ખોલે છે). આપણે જાણતા નથી કે છત શિખરવાળી હશે કે કેમ અથવા . . . . ઘણું સાદું. તેમાં બસો માણસો સમાઈ શકે.

તો હવે 'ક'નો પત્ર?

ઘણાં મધુર માતાજી,

"હું રવિવારે 'અ'ને મળ્યો. તે મારા રહેઠાણે આવેલ. અમો સાથે જમ્યા. મેં તમારે માટે અને 'અ'ને માટે પ્રેમથી ખૂબ સુંદર ફૂલો સજાવ્યાં. તમે અમારી સાથે હતાં. આપણે ઘણી વાતો કરી. મને 'અ' ભાઈ જેવો લાગ્યો.

"મેં તેને કહ્યું કે ઓરોવિલ બીજાં નગરોની માફક શરૂ કરી શકાય નહિ – શહેર-બાંધણીની યોજના, સામાજિક અને આર્થિક પ્રશ્નો તે બધું પછીથી થશે. શરૂઆત કોઈ "બીજી જ વસ્તુથી" થવી જોઈએ. એટલા માટે આપણે કેન્દ્રથી શરૂઆત કરવી જોઈએ. આ કેન્દ્ર આપણું મુખ્ય ઉચ્ચાલન છે. આપણું નક્કી કરેલું બિંદુ જેના ઉપર આધાર લઈને આપણે બીજી બાજુએ ઠેક ભરી શકીએ — કારણ કે આપણે બીજી બાજુથી જ સમજવાની શરૂઆત

કરીશું કે ઓરોવિલ કેવું બનવું જોઈએ અને આ કેન્દ્રનો એવો ઘાટ બનવો જોઈએ જેથી બધી ભૂમિકાઓ ઉપરથી તમારા દ્વારા મોકલાતી બધી વસ્તુઓનું (ગુહ્ય પણ) અમારામાં સંચાર થઈ શકે. અમારે તો ફક્ત ખુલ્લા અને સચ્ચાઈભર્યા માધ્યમ બનવું જોઈએ જેમની મારફત તમે તે વસ્તુઓને સાકાર કરી શકો.

"અને મેં તેને કહ્યું કે મારી પોતાની અંદર એ અનુભૂતિને જીવીને તે બધી વસ્તુઓ પ્રત્યે અભિગમ કરવાની મારે જરૂર છે એવું મને લાગે છે — અને બધાનું ઐક્ય, પૂર્વ અને પશ્ચિમના માનવીઓનું, એક વિશાળ પ્રેમની ગતિમાં સાધવાનું છે, કારણ કે એ એક જ મજબૂત પાયો "બીજું કાંઈક" બાંધવા માટે શક્ય બનશે."

તે જે કહે છે તે સાચું છે.

અને કેન્દ્ર આ પ્રેમ આપણને તાત્કાલિક આપી શકશે. કારણ કે તે તમારા માટે પ્રેમ છે! મેં તેને કહ્યું કે, વ્યાવહારિક રીતે આપણે બધા સાથે જ રહીને એક શાંતિની ગતિથી શરૂઆત કરી શકીએ, અને એક સંપૂર્ણ શૂન્ય બનાવવા પ્રયત્ન કરીએ, બધાની અભીપ્સા વડે શરૂઆત માટેનાં સૂચનોને તે શૂન્યમાં નીચે ઉતારી શકીએ. પણ બધાએ એક થઈને અને એકીસાથે જ અને ખાસ કરીને જે લોકો આધ્યાત્મિક રીતે ઘણા આગળ વધેલા છે (ભારતીયો), તેઓની સાથે.

"એ પૂરેપૂરો સહમત થયો. તેણે કહ્યું કે ખરેખર આ વસ્તુ કરવી જોઈએ."

(માતાજી સંમતિસૂચક માથું હલાવે છે).

આજે બપોર પછી આ પ્લાન આપવા માટે હું 'ક'ને મળીશ. કારણ કે એ વસ્તુ મેં જોયેલી. આપણે તેને સફેદ આરસમાં બનાવીશું. 'ક'એ કહ્યું છે કે તે સફેદ આરસ લાવી આપશે. તેને કઈ જગાએથી મળે તે ખબર છે.

બધું જ બાંધકામ આરસનું છે?

હા, હા.

> પરંતુ 'ક'એ મને કોઈ એવી વસ્તુ કહેલી જે મને બિલકુલ સાચી લાગે છે. તેણે કહ્યું : આપણે આ કેન્દ્ર બાંધીએ છીએ તેમાં આપણાં હૃદય અને અભીપ્સા મૂકવાનાં છીએ, આ કેન્દ્રની અંદર ...

હા, હા.

> અને જેમ જેમ વર્ષો જશે તેમ તેમ તેમાં વધારે 'શક્તિ સંપાત' થશે ....

હા.

> એટલે આ કેન્દ્ર સાચી વસ્તુ બનવી જોઈએ. આ મંદિરને ખસેડીને પાછળથી બીજું વધારે મોટું ન બનાવવું જોઈએ.

તે મેં એટલા માટે કહેલું કે જે લોકો એમ વિચારે છે કે કાંઈક વધારે વિશાળ વસ્તુની જરૂર છે, તેમને ખાતરી થાય. મેં કહ્યું : "આપણે આ વસ્તુથી શરૂઆત કરીશું, અને પછીથી જોઈશું. તમે સમજ્યા ?" મેં કહ્યું, "આ કેન્દ્ર જ્યાં સુધી નગર પૂરેપૂરું બંધાઈ રહે ત્યાં સુધી રહેવું જોઈએ અને પછીથી આપણે જોઈશું ?" ત્યાર પછી તેને ખસેડવા માટે કોઈની ઈચ્છા નહિ થાય !

> પરંતુ તે કહે છે કે બાંધકામની દૃષ્ટિએ બહારની બાજુથી આ વસ્તુમાં વધારો કરવો બિલકુલ શકય છે; અને જે વસ્તુ બંધાઈ ગઈ હોય તેનો સ્પર્શ કરવાની પણ જરૂર નહિ પડે.

હા, ઓહ ! તે બિલકુલ શકય છે. તમે સમજ્યા – 'અ'એ મને કહ્યું, "અને પછી આપણે શું કરીશું ?" મેં કહ્યું, "સારું, આપણે તેના વિશે પાછળથી વિચારીશું," એ તે પ્રમાણે છે ! તેઓ જાણતા નથી કે માણસે વિચાર કરવો ન જોઈએ ! મેં તેના વિશે વિચાર નહિ કરેલો, બિલકુલ નહિ, બિલકુલ નહિ, સહેજ પણ નહિ. એક દિવસ મેં તે પ્રમાણે જોયું, જે રીતે હું તમને જોઉં છું તે પ્રમાણે. અને અત્યારે પણ એ એટલું બધું જીવંત છે કે હું ફક્ત નજર કરું અને તેને જોઉં છું. અને મેં જે જોયેલું તે કેન્દ્ર હતું, અને તેના ઉપર પડતો પ્રકાશ સાવ નૈસર્ગિક રીતે, તેના તરફ જોતાં મારું ધ્યાન

ગયું, મેં કહ્યું, "ત્યાં, તે પ્રમાણેનું છે." પરંતુ તે વિચાર ન હતો. મેં બાર કોલમ (સ્તંભ) વિશે વિચારેલું નહિ અને પછી બાર બાજુઓ વિશે અને પછી . . . . " મેં તે બધું વિચારેલું નહિ, દર્શન કરેલું. આ વસ્તુ શ્રી અરવિંદનાં પ્રતીકો જેવી . . . . જ્યારે હું કેન્દ્ર વિશે બોલું છું ત્યારે અત્યારે પણ હું આ ચાર પ્રતીકોને જોઉં છું. જે એકબીજાને ખૂણા ઉપરથી ટેકો આપે છે, – તે પ્રમાણે અને આ રંગ . . . . એક વિચિત્ર રંગ . . . . મને ખબર નથી કે આ રંગ આપણે ક્યાં શોધી શકીએ. તે નારંગી-સોનેરી છે, ખૂબ હૂંફાળો. અને આવી જગામાં તે એક જ રંગ છે; બાકીનું બધું સફેદ છે અને પ્રકાશિક ગોળો.

> 'ક'એ કહ્યું કે તે ઈટાલીમાં મુરાનોમાં તપાસ કરવા જશે. તે એવી જગા છે જ્યાં લોકો મોટા સ્ફટિકો બનાવે છે, અને તે તપાસ કરશે કે ત્રીસ સેન્ટીમીટરનો ગોળ બનાવવો શક્ય છે કે કેમ, જેવો કે સ્ફટિકમાં.

ચોક્કસ માપ પ્લાનમાં છે અને તે નોંધી લેવું જોઈએ.

> ત્યાં એક મોટું કાચનું કામ કરનાર કારખાનું છે.

ઓહો ! તેઓ ત્યાં અદ્‌ભુત વસ્તુઓ બનાવે છે . . . . એ નોંધાયું નથી, ગોળાનું કદ ?

> સિત્તેર સેન્ટીમીટર.

તે પોલું હોઈ શકે. તે ઘન હોવું જરૂરી નથી, જેથી તે બહુ વજનદાર ન બને.

( મૌન )

આ ભોંયરામાંથી જવાનો દરવાજો . . . . માણસ દીવાલથી આશરે એકાદ ડઝન મીટર દૂરથી બિલકુલ પાત્રના નીચેથી પ્રવેશ કરશે. તળિયેથી પાત્ર ઉતરાણ માટેનું નિશાન હશે. કઈ બાજુએથી તે મારે પસંદ કરવું પડશે . . . . અને પછીથી એ શક્ય છે કે પાત્ર, બહાર રહેવાને બદલે, બાંધકામના અંદરના ભાગમાં આવી જાય. તેથી કદાચ આપણે મોટી દીવાલ ચારે બાજુએ મૂકી શકીએ અને ત્યાર પછી બગીચાઓ. ફરતી દીવાલ અને અત્યારે બનાવીએ છીએ તે જ બાંધકામની વચ્ચે બગીચાઓ અને પાત્ર આપણે રાખી શકીએ. અને તે દીવાલને એક પ્રવેશદ્વાર હશે – એક અથવા વધારે, સાધારણ

બારણાંઓ. લોકો બગીચામાં ફરી શકશે, અને પછી વ્યક્તિએ નીચે ભોંયરાવાળા રસ્તામાં થઈને મંદિરમાં આવવાનો અધિકાર મેળવવા માટે કેટલીક શરતો પૂરી કરવાની રહેશે . . . . તે દીક્ષા જેવું કાંઈક હશે, પરંતુ "તેના જ જેવું" નહિ, પછી ગમે તે રીતનું હોય.

(મૌન)

મેં 'અ'ને કહ્યું, "૨૦ વર્ષમાં આપણે જોઈશું–" તેને તેણે શાંત પાડયો, પરંતુ પ્રથમ વિચારમાં તો તેની ચારે બાજુ પાણી હતું, એક ટાપુ બનાવવો જેથી તેમાં મંદિરમાં પહોંચવા માટે માણસે પાણી ઓળંગવું પડે. ટાપુ બનાવવો સહેલો છે.

*

**૧૭ જાન્યુઆરી ૧૯૭૦**

તારે મને શું કહેવું હતું?

> 'ક' અને 'ગ' સાથે મારી મુલાકાત થઈ. બે વસ્તુઓ છે, પરંતુ પ્રથમ તો કેન્દ્રનો પ્લાન છે. વધારે ચોક્કસ રીતનો તો કેન્દ્રની બહારનો ભાગ છે

બહારનો ભાગ – મેં કાંઈ જોયું નથી. એક રેખાચિત્ર છે, તે 'ફ' દ્વારા બનાવાયું છે . . . , મેં કાંઈ પણ જોયું નથી એટલે હું બધાં સૂચનો પ્રત્યે ખુલ્લી છું અને ત્યાર પછી?

> 'ક'એ કાંઈક વસ્તુ મને સમજાવી તે મને ઘણી સુંદર લાગી, એને તમારી પાસે રજૂ કરવામાં આનંદ આવશે. જ્યારે તમે આ કેન્દ્રની વાસ્તવિક હકીકત વિશે વાત કરી ત્યારે બહારના ભાગ વિશે તમે કહેલું કે, "મને ખબર નથી કે છત ઢળતી રહેશે કે દીવાલો ઢાળવાની હશે." તમને કાંઈક ખચકાટ હોય એવું લાગ્યું, એટલે 'ક' કહે છે કે, તેને એક જાતની સહજ પ્રેરણા થઈ અને તેણે કાંઈક બિલકુલ સીધી-સરળ વસ્તુ જોઈ – એક મોટી છીપ જેવી, જેનો એક ભાગ સપાટીથી ઉપર આવે અને બીજો ભાગ જમીનમાં દટાયેલો રહે. અને તેણે એક પ્રકારનું ચિત્ર દોર્યું છે જે મને તમને બતાવવું ગમશે.

તેઓ 'અ'ને પણ મળેલા છે? કારણ કે 'અ' પાસે બે વિચારો હતા; તે એ વિચારો લઈને આવેલો, અને હું બેમાંથી કયો પસંદ કરું છું તેના વિશે મેં કહેલું, પરંતુ હજુ સુધી કાંઈ નક્કી કરેલું નથી. અને 'અ' આ બન્ને ખ્યાલોનો સ્કેચ બનાવવાનો છે. એટલે 'ક' શું કહે છે તે હું જોઈશ અને પછી હું 'અ'ના વિચારો વિશે કહીશ.

('ઈ' પ્લાનને ખુલ્લો કરે છે) તો તમે જુઓ. આ રહી બહારની બાજુ. જે ફક્ત છીપ આકારની હશે. અંદરનો ભાગ તમે જે રીતે જોયો તે પ્રકારનો જ બરાબર છે; આ ખુલ્લો ગાળિયો, અને કેન્દ્રમાં આ દડો. અને 'ક'ને જે સહજ પ્રેરણા થયેલી તે એટલા માટે કે વ્યક્તિએ નીચે ભોંયરામાં જઈને ઉપર આવવું પડે. એટલે તેને નીચે ઊંડાણમાં જવાનો વિચાર આવ્યો, એક અર્ધો સીધી નિસરણી બનાવવાનો, જે ફરીથી ઉપર આવે અને અહીં હારબંધ સીડીઓ હોય, જે બધી દિશાઓમાં ફેલાતી હોય (છીપના નીચેના ભાગમાં) જે મંદિરમાં જ સીધી દોરી જાય. તેથી બધો જ નિમ્ન ભાગ કાળા આરસમાં હોય અને ઊર્ધ્વનો બધો જ ભાગ સાદા સફેદ આરસનો. અને આવી જ વસ્તુ એક ફૂલની કળી જેવી છે, સમજ્યા, જાણે કે પૃથ્વીમાંથી વિકાસ પામતી હોય.

તને ખાતરી છે કે 'અ'ને મળ્યાં નથી? કારણ કે 'અ'એ મને કહેલું, "મારે એક મોટું વર્તુળ બનાવવું છે; અંદરનો ભાગ બરાબર અર્ધગોળ છે અને બીજો અર્ધ ગોળ નીચે જમીનમાં", તેણે બરાબર આ જ શબ્દો વાપરેલા.

કારણ કે 'ક'એ તેનો વિચાર કહેલો.

અહા! 'ક'એ તેને કહેલું! અહા, તે બરાબર છે.

તે કળીની માફક પૃથ્વીમાંથી બહાર આવે છે

હા, હા, તે જ વિચાર પહેલાં હતો જે મને 'અ'એ કહેલો, લગભગ એક સરખા જ શબ્દોમાં, અને પછી તેનો બીજો વિચાર પિરામિડનો હતો. આપણે જે રીતે મંદિરની વાત કરી તેને છોડી દઈએ તો પછી પિરામિડ બનાવીએ.

પરંતુ મેં પણ પિરામિડ વિશે વિચારેલું, અને મેં તેને કહ્યું, "મેં પિરામિડ વિશે વિચાર્યું છે." પણ તેણે કહ્યું કે, તે બન્ને પ્લાન બનાવશે અને પછીથી આપણે જોઈશું પરંતુ જો તેનો વિચાર 'ક'ના વિચાર સાથે સંમત થાય તો ઘણું સારું.

પરંતુ 'અ'નો વિચાર એ હકીકતમાં 'ક'નો વિચાર જ છે.

હા, તે બરાબર છે.

તેથી જ્યારે વ્યક્તિ "મૂળ થડ"ની ટોચ ઉપર આવે ત્યારે બધી દિશાઓમાં સંખ્યાબંધ સીડીઓ છે; તેથી વ્યક્તિ મંદિર-ની ગમે તે દિશામાંથી આવી શકે – અને પછી કેન્દ્ર બિલકુલ ખુલ્લું હોય અને ચારે બાજુ એક પ્રકારની ગેલેરી છે જેના ઉપર વ્યક્તિ નીચેથી ઉપર આવે છે; તે જગાએ જ બધી નિસરણીઓ હશે અને બધી જ વસ્તુઓ ખુલ્લી હશે. ત્યાં ફક્ત એક ગાલીચો, એક ખૂણાથી બીજા ખૂણા સુધી અને ગેલેરીઓ નજીક હશે તે જાણે એવું લાગશે કે જાણે તે ટેકા ઉપર રહેલી છે. બધું જ સફેદ, બધું જ સાદાઈવાળું.

અને બાર સ્તંભોનો પ્રશ્ન છે.... 'ક'એ કહ્યું કે તેને એમ લાગતું હતું કે સ્તંભો પ્રાચીન પ્રતીકોના જેવા લાગશે જે છીપોની સાથે બારાબર બંધ બેસે નહિ અને તેણે કહ્યું, 'બાર સ્તંભોને બદલે પ્રતીકાત્મક રીતે આપણે બાર ટેકાઓ મૂકીએ, બાર સ્તંભોના પાયા, જે પીઠ ટેકવવા કામ આવે."

ઓહ ! પરંતુ સ્તંભોનો ઉપયોગ છે, કારણ કે સ્તંભોની ટોચ ઉપર આપણે પ્રકાશ માટે સ્પોટલાઈટો મૂકીશું જે પ્રકાશને કેન્દ્ર ઉપર કેન્દ્રિત કરે; દિવસ અને રાત્રિ દરમ્યાન પ્રકાશ હશે; દિવસને માટે ખુલ્લી જગાઓની વ્યવસ્થા હશે, પરંતુ જેવો સૂર્ય અસ્ત થશે કે તરત જ સ્પોટલાઈટો જલાવવામાં આવશે અને તે લાઈટો બાર સ્તંભો ઉપર ગોઠવવામાં આવશે અને તેનો પ્રકાશ કેન્દ્રમાં એકત્રિત થશે

પરંતુ મધુર માતાજી, જો સ્તંભો ફક્ત સ્પોટલાઈટો માટે જ ઉપયોગી હોય, તો સ્પોટલાઈટોને દીવાલો સાથે પણ જડી શકાય ?

સ્તંભો દીવાલની નજીક નથી. સ્તંભો અહીં છે, બરાબર કેન્દ્ર અને દીવાલના અર્ધ અંતર વચ્ચે

> પરંતુ 'ક'એ આ કેન્દ્ર ઉપરની જગા ખાલી જોઈ જેમાં મધ્યમાં ફક્ત પ્રતીક અને મોટો ગાલીચો સમગ્ર ભૂમિ ઉપર પથરાયેલો હતો. તે સ્તંભોને લઈને ટુકડાવાળો ન હતો. તેના બદલે મોટી શીલાઓ, બાર મોટા બ્લોકો હતા જે સ્તંભો-ની જગાઓનું નિર્દેશ કરતા હતા અને ટેકાઓ માટે પણ કામ આપતા હતા.

તેનો કોઈ અર્થ નથી.

> પ્રતીકાત્મ અર્થ ? કારણ કે તમે લોકોને બેસવા માટે ટેકા આપતા સ્તંભોની ઘણી વાત કરી હતી.

આહ ! તેમની પીઠને ટેકો આપવા માટે.

> તેથી તેણે કહ્યું કે, દા.ત. આ બાર બ્લોકમાં દરેક બેઠક જુદા જુદા પદાર્થમાંથી બનાવવામાં આવે, પ્રતીકની માફક; બાર ભિન્ન ભિન્ન પદાર્થોમાંથી.

મેં મારી જાતે જ સ્તંભો જોયેલા.

બહારથી દીવાલો ઉપર સામાન્ય હવાઉજાસ માટેની વ્યવસ્થા થશે. જે ઈલેક્ટ્રિકથી થશે, (બારીઓ નહિ) અને તે સ્તંભો ઉપર પ્રકાશ હતો — મેં સ્તંભો જોયેલા; મેં સ્પષ્ટ રીતે સ્તંભો જોયેલા.

> ઓહ ! સારું. હું તેને તે પ્રમાણે કહીશ.

ચારે બાજુ ગેલેરી વિશે, મને ખબર નથી કે તે મને ખૂબ પસંદ પડશે . . . . મેં તે જોયેલી નહિ, મેં દીવાલો બિલકુલ શૂન્ય, બારીબારણાં વગર, અને પછી સ્તંભો અને પછી કેન્દ્ર. મને તેની ખાતરી છે, કારણ કે તે મેં જોયેલું છે, અને મને તેનું લાંબા સમય સુધી દર્શન થયેલું.

> તમને છીપનો આકાર કેવો ગમે છે ?

એટલે કે તે પૂરેપૂરું વર્તુળ બનાવે છે; અર્ધ ઉપર અને અર્ધ નીચે . . . . તે ચાલશે. સૂર્ય માટે વ્યવસ્થા કરવી જોઈશે.

હા, 'ગ'ને ત્રિપાર્શ્વ કાચની મદદથી પ્રકાશનો પ્રશ્ન કઈ રીતે હલ કરવો તે સરસ આવડે છે – કારણ કે જો કોઈને સૂર્યના કિરણને સારી રીતે પકડવું હોય તો તેણે ત્રિપાર્શ્વ કાચનો ઉપયોગ કરવો પડે. તે કહે છે કે આ પ્રશ્ન તે ઘણી સહેલાઈથી ઉકેલી શકશે. આ પ્રશ્નની જવાબદારી તેણે લીધી છે. આ માણસો ફક્ત અમુક સંખ્યાનાં સ્થળોમાં ત્રિપાર્શ્વ કાચ મૂકે છે જેથી સૂર્યનું ફક્ત એક જ કિરણ પકડી શકાય.

તે એક કિરણ હોવું જોઈએ. મેં જે જોયેલું તેમાં માણસ એક જ કિરણ જોતો હતો.

તે બરાબર છે. પ્રીઝમથી વ્યક્તિ કિરણ જોઈ શકે છે. તેથી સૂર્યની ગતિ પ્રમાણે ભૌમિતિક આકારના કેટલાક ખુલ્લા ભાગો હશે . . . . પરંતુ અંદર, અંદર દીવાલોના ભાગોમાં, બાર બાજુઓ ઉત્પન્ન કરી શકાશે.

હા, હા.

અને આ વસ્તુ સૈદ્ધાંતિક રીતે ('ઈ' વર્તુળાકાર ગેલેરી બતાવે છે) માણુસ નીચેના માર્ગમાંથી બહાર આવતાં તે આ બધાં પ્રવેશદ્વારો છે.

મને ખબર નથી કે તે પ્રમાણે ઘણાં પ્રવેશદ્વારો હોવાં તે સારું કે કેમ . . . . તે એક વ્યવહારુ પ્રશ્નનો ઉકેલ લાવવાનો છે; જો ફક્ત એક જ પ્રવેશદ્વાર હોય અને પ્રવેશદ્વારમાં ખૂબ કડક જાપ્તો હોય, તો તે બરાબર છે. પરંતુ જો ઘણાં પ્રવેશદ્વારો હોય અને પૂરતો પ્રકાશ ન હોય તો ઘણા કમનસીબ બનાવો બને.

ના, ના, મધુર માતાજી, બહારથી તો ફક્ત એક જ પ્રવેશદ્વાર હોય પરંતુ જ્યારે કોઈ દ્વીપના તળિયાની બહાર આવે છે ત્યારે તેમાં ઘણાં પ્રવેશદ્વારો હશે. ના, બહાર, ફક્ત એક જ નીચે ઊતરવા માટે પ્રવેશ જે અહીં આવે છે, આ સીધી સીડીના પાયા પાસે.

(મૌન)

'ક'એ આ ગેલેરી ચારે બાજુ હોવાનું વિચારેલું કારણ કે તેણે કહ્યું કે આ કેન્દ્રમાં રહેલો ગાલીચો વધારે સારો લાગશે, બધું જ સફેદ; તે દીવાલની સાથે જોડાયેલો હોય તેને બદલે જાણે કે તરતો હોય એવું લાગે, સાવ અલગ.

મેં તેને "દીવાલની સાથે જોડાયેલી હોય" તે રીતે વિચાર્યું નથી. દીવાલની ચારે બાજુ એક રસ્તો હતો.

એટલે આ રસ્તો છે. કેટલીક ગેલેરીઓ સાથેનો અને આ ખાલીપણાના વિચારને લઈને તેણે સ્તંભોનો વિચાર ઉડાવી દીધો.

મને જે નથી ગમતું તે આ ગેલેરીઓનો વિચાર, કારણ કે દીવાલો બિલકુલ સીધી હતી, ઉપરથી છેક નીચે સુધી, સફેદ આરસમાં.

અહા! પરંતુ ગેલેરીઓ ઊંચે નથી. તે ફક્ત ફરસ ઉપરથી ત્રીસ સેન્ટીમીટર જ ઊંચે છે.

હા, તે બરાબર છે.

અને વધારામાં, તેણે કહ્યું કે, આ ગેલેરી ઉપર અથવા આ સરહદ ઉપર, જે આ રસ્તાને ચારે બાજુ અટકાવે છે, ગાલીચો ચારે ખૂણે આવી શકે, અને તેને ઢાંકી શકે.

તે બરાબર છે.

(મૌન)

સારું, તે બરાબર છે. તો તેમણે સમજ ઉપર આવવું જોઈએ. પરંતુ તે અત્યારે અર્ધું તો પતી ગયું હોત કારણ કે 'અ'એ મને આ વિચાર વિશે કહેલું. જો મને ખબર હોત કે તે 'ક'નો વિચાર છે, તો મેં સીધી જ 'હા' કહી હોત. પરંતુ તે કામ આપશે. તે બરાબર છે.

તેથી હું તેને આ પાયા પર કામ કરવાનું કહીશ. . . . કેવળ જે પ્રશ્ન નક્કી કરવાનો છે તે બહારની બાજુનો છે: છીપની આજુબાજુ ખાલી જગા રાખવી જોઈએ કે કેમ જેથી છીપ નીચેનો વળાંક સ્પષ્ટ દેખાય? નહિ તો જો

અર્ધું જ પુરાઇ જાય તો તે એક જમીન ઉપર ટેકવાયેલો અર્ધ ગોળાર્ધ છે. તેથી વ્યક્તિ સ્પષ્ટ રીતે સમજી શકે છે કે આ દ્વીપ નીચે જમીનમાં જાય છે, તેથી તેણે ચારે બાજુ ખુલ્લું રાખવાનું વિચારેલું.

મને ખબર નથી. હું તને કહું છું કે, બહારના માટે મેં કાંઈ જોયું નથી, તેથી મને જાણ નથી. પરંતુ તે જોખમી બનશે; કોઈ વ્યક્તિ પડી જશે.

અથવા એક પ્રકારનું બાંધકામ (moat) જેની ચારે બાજુ પાણી હોય, ચોખ્ખું પાણી જે દ્વીપનો વળાંક સ્પષ્ટ રીતે બનાવી શકે ?

હા, હા, તે વધારે સારું થશે.

આમાં જાપનો પણ પ્રશ્ન છે. પ્લાન પ્રમાણે તમે ચોવીસ મીટર આપ્યા છે – ગોળાની દરેક બાજુએ બાર મીટર. પરંતુ દરેક બાજુએ આપણે થોડી વધારે જગા રસ્તા માટે રાખી શકીએ ? પ્લાનમાં ચોવીસ મીટર વ્યાસ બતાવેલો છે અને પંદર અને વીસ સેન્ટીમીટર ઊંચાઈમાં.

અહા !

'ક' પુછાવે છે કે આમાંનાં પ્રમાણ બદલાઈ શકે ? ગાલીચાની ભૂમિ માટે ચોવીસ મીટર, પરંતુ બે કે ત્રણ મીટર દરેક બાજુએ ખુલ્લું રાખવાની શક્યતા નથી ?

તો પછી દીવાલ ક્યાં આવશે ?

તે ત્યાં હશે. ('ઈ' ગોળાકાર ગેલેરીની બહારની બાજુ બતાવે છે.)

તે તો દીવાલ હશે, જે ચોવીસ મીટરના અંતરે હશે.

'ક' કહે છે કે જો આ રસ્તાઓ ત્યાં હોય, તો ચોવીસ મીટરનું અંતર થોડું ટૂંકું બનશે.

(મૌન)

અને ઊંચાઈનો પણ પ્રશ્ન છે.

ચોક્કસ પ્રશ્ન એ હતો કે તે પૂરેપૂરું વર્તુળ બનવું જોઈએ.

જો તે પૂર્ણ વર્તુળ બને, તો ઊંચાઈ બે દીવાલો વચ્ચેના અંતરની જગા ત્રિજ્યા જેટલી હશે.

હા.

(મૌન)

મને પસંદ પડે એવી વસ્તુ એ છે કે તેઓ બન્ને સમજૂતી ઉપર આવે અને તે બન્ને તરફથી તૈયાર કરેલી યોજના તાત્કાલિક મારી પાસે મૂકે. તે પ્રમાણે થાય તો તેને અમલમાં મૂકવું સહેલું પડે.... 'અ'એ 'ક'ના વિચારને અપનાવ્યો નથી? શા માટે તેઓ બન્ને કઈ રીતે તેનો અમલ કરવો તે સાથે રહીને વિચારતા નથી?

હા, તે વસ્તુઓને સહેલી બનાવશે.

ઓહ, ઘણી બધી.

(મૌન)

ત્યાં નીચે શું બનશે? (માતાજી છીપની નીચેના ભાગને દર્શાવે છે). આ બધું મનોમય છે, પરંતુ જ્યારે તમે મોટું ભોંયરું લો, બધું જ અંધારું, ત્યારે ત્યાં અંદર શું બનશે? ત્યાં શું બનવાનું છે? ઘણી બધી વસ્તુઓ જેને કહી પણ ન શકાય. માનવતા હજુ પરિવર્તન પામી નથી, તે માણસે ભૂલવું ન જોઈએ. અને બધા પ્રકારના લોકો આવશે.... પ્રવેશદ્વાર ઉપર ગમે તેટલો કાબૂ રાખો, પરંતુ લોકોને તે જોવામાંથી તમે અટકાવી શકો નહિ; તો પછી ત્યાં નીચે અંદર શું બનશે? જ્યારે મને 'અ'એ કહ્યું, "આપણે જમીન નીચે આશ્ચર્યજનક માર્ગો બનાવી શકીશું!" ત્યારે મારો સૌથી પ્રથમ તે વિરોધ હતો. મેં તેને કહ્યું, "એ બધું ઘણું સારું છે, પરંતુ ત્યાં અંદર નીચે બને તેને કોણ સંયમમાં રાખશે?"

મેં વિચાર્યું હતું કે નીચે ઊતરવા વિશેનો વિચાર તમારો હશે.

મારો વિચાર બિલકુલ નાના ઉતરાણનો હતો, જે ત્યાં બહાર આવતું હતું. (માતાજી મૂળભૂત પ્લાનમાં રહેલું એક જ બારણું બતાવે છે) બિલકુલ નાનો નીચે ઊતરતો માર્ગ, પેલા પ્રમાણે મોટી 'ટનલ' નહિ. પણ તે શકય બને તેના ઉપર કાબૂ રાખવાનો પ્રશ્ન છે, બસ આટલું જ. ફક્ત માર્ગ માટેનો તફાવત ઘણો મોટો છે – રૂમમાંથી લોકોની બે હાર (એક નીચે ઊતરતી અને એક ઉપર ચડતી) અને ત્યાં બહાર આવતી, અને આવી એક પ્રકારની પ્રચંડ ટનલ — આ મોટો તફાવત છે! અને વધારામાં તે બિલકુલ અંધારી હશે!

કાળા આરસમાં, હા.

હા, તો પછી? એનો અર્થ કે લોકોને ત્યાં બરાબર દેખાશે નહિ – તો પછી ત્યાં અંદર શું શું બની જાય?

આ બધી ભૂમિ નીચેની જગા ભોંયરાના રૂમમાં નહિ હોય; તે એક કેન્દ્રમાં સીધો દાદર હશે, અને જ્યારે તમે દાદરના મથાળે આવો ત્યારે તે ખુલ્લા દાદરોની હારમાળા સાથેનો ઉપરનો ભાગ હશે અને તે બધા સેતુઓની માફક ટેકવેલા હશે. તે બધું બંધ નથી, તે બધું તરતું હશે.

તેમાં અકસ્માતો નહિ થાય? આહા કેટલાક લોકોનાં મસ્તક વાદળમાં હોય છે અને તેમનાં માથાં જમીન ઉપર પટકાવા માટે તૈયાર હોય છે. તમે જુઓ, મારી સમજ પ્રમાણે એ થોડું વધારે પડતું મનોમય છે — એટલે કે મનોમય દૃષ્ટિબિંદુથી તે આકર્ષક છે, પરંતુ દર્શનમાં. . . .

મુખ્ય વિચાર એવો હતો કે નીચેનો ભાગ સામૂહિક બાંધવો – પ્રતીકની માફક.

(લાંબું મૌન)

આપણે જોઈશું! (માતાજી હસે છે.)

(મૌન)

કોઈ પણ રીતે તેમણે એકઠા થવું જોઈએ અને પછીથી હું જોઈશ. તેઓ બન્ને સાથે જ, તેમના કાગળો સહિત હોય તે મને ખૂબ ગમશે, પછી તે ઘણું સારું બનશે.

(માતાજી લાંબી એકાગ્રતામાં પ્રવેશ કરે છે.)

આપણે તેને પાર પાડીશું.

અને ટોચ માટે આપણે આ છીપનો વિચાર છોડી દઈશું, કે આપણે તેનો આગળ અભ્યાસ કરીશું ?

એક છીપ.... વિચાર તો ગોળ આકૃતિનો હતો. શા માટે છીપ ?

એક છીપ આકારનું .... સારું, એક ગોળ આકાર, એક ગોળાના સ્વરૂપનું.

એક ઈંડાનું કોચલું, એક પ્રલંબિત વિભાગ છે, તે બરાબર ગોળ આકારનું નથી. સાચું ઈંડું એક ભમરડા જેવું હોય છે — તેથી ઉપરનો ભાગ વધારે પહોળો અને નીચેનો પાયો વધારે સાંકડો, અને તેમાં દાદર .... તે બિલકુલ શક્ય છે.

મને એક કાગળ આપો (માતાજી એક ઈંડું દોરે છે અને સમજાવે છે) અને પછી ત્યાં, બિલકુલ નીચે, ફક્ત દાદર હશે, તે પ્રમાણે, હા, બરાબર તે પ્રમાણે.

તેનો વિચાર બ્રહ્માના ઈંડાનું સર્જન કરવાનો હતો. તમે જાણો છો આદિમ ઈંડું. મંદિર મૂળ ઈંડાનું પ્રતીક હોવું જોઈએ.

તો પછી, બ્રહ્માનું ઈંડું કોના જેવું હોય છે ?

મને ખબર નથી .... ઈંડા જેવું જ, હું ધારું છું.

ઈંડાનો નીચેનો ભાગ ઉપરના ભાગ કરતાં કાયમ ટૂંકો હોય છે. તેથી જો આપણે તે પ્રકારનું ઈંડું લઈએ (માતાજી દોરે છે.) અને નીચે તળિયે આ દાદર છે, અને સીધો દાદર મંદિરમાં આવી પહોંચે છે. દા.ત. દાદરના સાત ખુલ્લા ભાગો–

બારને બદલે સાત ?

અને અહીં (માતાજી ઈંડાનો મધ્યભાગ દોરે છે) ચોવીસ મીટર છે. અને ફક્ત સાડા પંદર મીટર ઊંચાઈ. અને તે પ્રમાણે તે બરાબર છે.

ચોવીસ મીટર સમગ્ર પહોળાઈ માટે અથવા ગાલીચા માટે?

ના, તેને સીધી દીવાલો હોવી જોઈએ, દીવાલો વળાંકવાળી ન હોઈ શકે, મેં તે સીધી જોયેલી.

સીધી અને પછી વળાંકવાળી.

મેં જે પ્રમાણે જોયેલું તેમાં સ્તંભો ભીંતો કરતાં ઊંચા હતા અને છત ઢળતી હતી અને વીજળીની લાઈટો સ્તંભો ઉપર હતી. અને ઈંડાનું પહોળામાં પહોળું બિંદુ અહીં રહેશે (માતાજી શેતરંજીની સમતલ એક લીટી દોરે છે).

જમીનની સમાંતર સપાટીએ.

હા.

અને તમે કહ્યું, સાત ખુલ્લા માર્ગો.


સાત દાદર, અને પછી જમીનની અંદર માર્ગ, જે ઈંડાના પાયા તરફ દોરી જાય છે, જ્યાંથી સાત દાદર શરૂ થાય. તે પ્રમાણે બનાવવું શક્ય છે.

તેથી હકીકતમાં મંદિરની અંદરની દીવાલો સીધી હોવી જોઈએ.

એટલે કે બહારની બાજુએથી દેખાવ માટે તેને ગોળ કરી શકાય પરંતુ અંદરના ભાગમાં દીવાલ સીધી હોવી જોઈએ.

દીવાલ સીધી અને સીધી દીવાલ ઉપર ગોળ ગુંબજ.

હા, સીધી દીવાલ ઉપર એક ઘુમ્મટ પરંતુ તે ઘુમ્મટ ઈંડાનો ઘુમ્મટ હોઈ શકે. અને મેં વિચારેલું કે જે જગાએ ઘુમ્મટ આવે છે અને દીવાલો સાથે જોડાય છે તે સ્તંભો ઉપર હશે. બાર સ્તંભો અને અહીં બહાર માટે તેઓ દીવાલ ગોળ કરે, તે પ્રમાણે (માતાજી દોરે છે).



એવું પણ શકય છે કે બહારની દીવાલ અને અંદરની દીવાલ વચ્ચે જગા રાખી શકાય. ખાલી જગા કઈ રીતે રાખવી તે જોવાનું છે.

એટલે કે ચોવીસ મીટર ઉપરાંત ?

હા. તે સમજી શકાય તેમ છે. દીવાલોના અંત સુધી ૨૪ મીટર.

અને સાત દાદર માટેના ખુલ્લા માર્ગો વિશે શું ?

મને પોતાને દીવાલ બહાર તે બને એ વધારે પસંદ છે.

હા, તે વધારે સારું રહેશે, કારણ કે તેનાથી કેન્દ્રમાં વધારે જગા મળી રહે.

ઓહ, હા ! અને અંદરનો ભાગ વધારે સ્પષ્ટ રહે. મને આટલા બધા દાદરોનું દશ્ય ગમતું નહિ. મને એક પણ દાદર જોવાનું ગમ્યું નહિ, પરંતુ સાત દાદર જોવા .... પણ બહાર તે બરાબર છે.

તેથી એક માર્ગ બહાર ....

બહાર એક રસ્તો.

હા, ભારતમાં લોકો જેમ મંદિરની ચારે બાજુ જાય છે તે પ્રમાણે.

હા, તે બિલકુલ બરાબર છે.

અને આ સાત દાદર છીપના પાયામાંથી સીધા જ શરૂ થાય અને "મૂળ થડ" તળિયેથી ઉપર આવ્યા સિવાય આ બધું બનશે ?

તેમની તે પ્રમાણેની ઇચ્છા છે. નીચે માટે હું કાંઈ વિચારતી નથી. જો તમને તે પ્રમાણેના દાદરની ઇચ્છા હોય અથવા ગમે તે રીતના દાદરની .... પણ તે બહુ સીધો ઊંચાઈવાળો ન હોય તો બસ.

( મૌન )

બીજું કાંઈ તારે કહેવાનું છે ?

પ્રશ્નનો બીજો ભાગ બાકી છે.

આહ ! તે શું છે ?

'ગ' તેમજ 'ક'ને ખાતરી થઈ છે કે જો ઓરોવિલ અથવા તો આ કેન્દ્રસ્થ બાંધકામ ઓરોવિલના લોકો ઉપર છોડી દેવામાં આવે, આશ્રમથી બિલકુલ સ્વતંત્ર, તો તે કદી બનશે નહિ. તેમાં કદી સાચું બલ આવશે નહિ; જે લોકો ત્યાં છે તેઓ કાર્ય કરવા માટે પૂરતા ગ્રહણશીલ નથી. જો આશ્રમ અને ઓરોવિલ વચ્ચે આવું વિભાજન હોય તો તેમાં કદી બરાબર કામ થશે નહિ; તેઓ કાંઈક બીજું જ "તૂત" ઊભું કરશે, પરંતુ તે ખરેખર સાચું નહિ હોય, અને તેમના મત પ્રમાણે બનાવશે. ફક્ત એક જ આશા છે કે આ કેન્દ્ર ખરેખર ઓરોવિલયનો દ્વારા ન બંધાવું જોઈએ, પરંતુ આશ્રમના બધા લોકો દ્વારા બંધાવું જોઈએ, અને ઓરોવિલિયન બિન-ઓરોવિલિયન એવા ભેદ ન હોવા જોઈએ. અને બધી જ શક્તિ આ કેન્દ્ર બાંધવા માટે એકત્રિત થવી જોઈએ — ઓરોવિલિયનોને બાહ્ય, જુદા ગણીને છોડી દેવા ન જોઈએ... જે રીતે બધા સાધકોએ ગોળકાંડા* બાંધ્યુ તે પ્રમાણે બધા જ સાધકોએ ઓરોવિલનું કેન્દ્ર બાંધવું જોઈએ અને બહારની મજૂરી સિવાય.

ગોલકોંડામાં બહારની મજૂરી હતી.

ગમે તે રીતે, બહારનાં તત્ત્વોને આપણે શકય હોય તેટલાં મર્યાદિત રાખીએ, કારણ કે તે સમર્પણનું કાર્ય છે. નહિ તો પછી 'ગ' કહે છે કે ઓરોવિલના માણસો ઉદ્ધત અને બિનસમજુ છે અને તેઓ વસ્તુની બાહ્ય બાજુ જ જુએ છે. અહીંના લોકોના બલની (force) સાથે તે લોકોનું મિલન થવું જોઈએ. અને જો આશ્રમના લોકો શક્તિનો સંચાર કરવા માટે નહિ આવે તો કોઈ વસ્તુ સિદ્ધ નહિ થાય.... આ ક્ષણે 'ક'એ મને કહ્યું કે ઓરોવિલ પ્રાચીન સ્મારક જેવું લાગે છે (માતાજી હસે છે), તે અહંકારનું જીવંત ફલ છે. તેને બચાવવા માટેનો એક જ માર્ગ છે કે આશ્રમના લોકોએ ત્યાં જવું અને કાર્ય કરવું અને તેમણે

* પોંડિચેરીમાં એક આશ્રમનું અતિથિગૃહ (ગેસ્ટ હાઉસ).

બીજાઓને સમાવી લેવા જોઈએ.... નહિ તો....
પછી....

(લાંબું મૌન)

પરંતુ આશ્રમમાં આપણાં ત્રણ કેન્દ્રોમાં બાંધકામ ચાલે છે. એક 'ટ' છે જે મકાનોની મરામત પાછળ ધ્યાન રાખે છે, 'ઈ' અને 'ફ'.

> પરંતુ 'ગ'નો કહેવાનો તે અર્થ નહોતો. તે બાંધકામના પ્રશ્ન વિશે કહેતો નહોતો. તે આશ્રમના લોકોએ ઓરોવિલયનો સાથે કામ કરવું જોઈએ તે પ્રશ્ન ઉપર વાતચીત કરતો હતો. 'ગ' એન્જિનિયર તરીકે અને એકત્રિત થયેલા પૈસાથી, બાંધકામ કરશે. પરંતુ બધી પ્રકારની મહેનત-મજૂરી આખા આશ્રમના લોકોએ પૂરી પાડવી જોઈએ; અને તેમણે ઓરોવિલયનો સાથે મળવું જોઈએ. આ પ્રકારનો વિચાર છે.

એ શકય નથી. આશ્રમના બધા લોકો જેઓ કાર્ય કરી શકવાની વયમાં છે તે બધા જ કાર્ય કરે છે. તેમને બધાને કામ મળેલું છે.

> 'ગ'એ દરેકની વારાફરતી કામ કરવાની કાર્યપદ્ધતિ જોયેલી. દા.ત. દરેક એક દિવસે એક કલાક આપે અથવા અઠવાડિયે એક દિવસ નહિ તો બીજી રીતે....

તે લોકોને તેમાં આનંદ આવશે! તેમના માટે તે ખૂબ ગમ્મતની વસ્તુ બનશે. તેમને કાર્ય કરવા માટે જોડવાને બદલે તેમને કાર્યમાંથી છૂટા પાડવા માટે અટકાવવું મને વધારે મુશ્કેલ લાગે છે. તે વસ્તુ તેમને માટે આનંદપ્રદ બને છે.

> કારણ કે તે કહે છે કે આશ્રમના લોકોનું આંતરબળ ઓરોવિલિયનો સાથે જોડવા સિવાય, ઓરોવિલના લોકો જેવા છે તેવા જ રહેશે.... તે કહે છે કે તે સિવાય કાંઈ આશા નથી.

ઓહ, ના! તે જાણતો નથી. તે બધું જ મનમાં છે. તે બધું જ મનોમય છે. તેઓ જાણતા નથી. કોણ જાણે છે? જ્યારે કોઈ દર્શન કરે ત્યારે સમજાય. તેમાંના એકને પણ દૃષ્ટિ નથી. બધા જ વિચારો, વિચારો, વિચારો.... વિચારો રચના કરતા નથી.

## ઓરોવિલમાં રહેલાં તત્ત્વો તે કાર્ય કરી શકે ?

હું કામ કરું છું, ખૂબ કામ (લોટ બાંધવાની ક્રિયા) જે શક્તિઓ તે કરી શકે તેમને એકત્રિત કરવા માટે અને ત્યાં કેટલીક વસ્તુઓ જુદી તારવવાની હોય છે.

(મૌન)

પણ તમે સમજો, તેઓ શારીરિક કાર્ય માટે વાત કરે છે, અને શારીરિક કામ માટે ફક્ત યુવાન વર્ગ છે, તેઓ શાળાઓમાં છે – બધા આશ્રમવાસીઓ ઘરડા થઈ ગયા છે, મારા બેટા, તે બધા વૃદ્ધ છે. ફક્ત શાળામાં રહેલા યુવાનો છે. અને જે યુવાનવર્ગ શાળામાં છે તેઓ અહીં આશ્રમવાસી થવા માટે નથી. તેઓ અહીં ભણવા માટે છે. તે તેમણે પોતે પસંદ કરવાની વસ્તુ છે. ઘણા, તેમાંના ઘણાને ઓરોવિલમાં જવાની ઇચ્છા છે, એટલે આશ્રમની શૈક્ષણિક બાજુ ઓરોવિલમાં જશે .... તેમાંના ઘણા છે. પરંતુ કોણ ત્યાં જઈને શ્રમનું કામ કરી શકશે તેનાં મને નામ આપો.

> પરંતુ, મધુર માતાજી, ફક્ત એક જ શક્યતા એ છે કે તમારે બોલવું જોઈએ, અને પછી હું, આવતી કાલે ઓરોવિલમાં જઈશ અને બે કલાક "ટોપલાં" એકઠાં કરવા માટે ગાળીશ.

(માતાજી હસે છે) મારા બાળક, તું સૌથી નાનામાંનો એક છું .... તું ઇચ્છે છે કે હું 'જ'ને કહું : "જા અને કામ કર."

> અહા ! પણ તે બીજા બધાનું આકર્ષણ કરશે.

(માતાજી હસે છે) બિચારો 'જ' !

(લાંબું મૌન)

તું જાણે છે કે આવા કહેવાતા ઓરોવિલિયનો તરફથી કેટલા બધા પત્રો મળે છે ! તેઓ કહે છે, "ઓહ, મારે છેવટે સ્થિર થવું છે, મારે આશ્રમમાં આવવું છે, હવે મારે વધારે વખત સુધી ઓરોવિલિયન રહેવું નથી." ત્યાં તેનાથી બિલકુલ ઊલટું છે, "મારે સ્થિર થવું છે." ત્યાં આવવું છે.

(મૌન)

તું જાણે છે, હું બાહ્ય નિર્ણયોમાં માનતી નથી. હું ફક્ત એક જ વસ્તુમાં માનું છું. એક ચેતનાની શક્તિ જે એક દબાણ આ પ્રમાણે મૂકે છે .... (છૂંદવાની ક્રિયા દર્શાવતાં), અને તે દબાણ વધતું જાય છે.

. . . . જેનો અર્થ એમ કે તે માણસોમાંથી નીકળી જશે. હું ફક્ત તેમાં જ માનું છું — ચેતનાનું દબાણ. લોકો બાકી બધી વસ્તુઓ કહે છે. તેઓ ઓછી કે વત્તી તે વસ્તુઓ કરે છે, અને પછી તે જીવે છે, અને પછી મૃત્યુ પામે છે અને પછી તે બદલાઈ જાય છે, અને પછી તે વિકૃત બને છે. અને પછી. . . . તેમણે જે બધું કર્યું તે વિકૃત બને છે. એ વસ્તુ માટે તકલીફ લેવા જેવી નથી. અમલીકરણની શક્તિ ઉપરથી આવવી જોઈએ, તે પ્રમાણે, આજ્ઞા કરતી (નીચે ઊતરતી હોય તેવી ક્રિયા)! અને તેને માટે, આ (માતાજી પોતાનું કપાળ બતાવે છે), અને શાંત થવું જોઈએ. એવું કદી કહેવું ન જોઈએ કે, "ઓહ! આ થવું જ ન જોઈએ, ઓહ! આ થવું જ ન જોઈએ, ઓહ! આપણે આ કરવું જ જોઈએ!. . . શાંતિ, શાંતિ, શાંતિ. જે વસ્તુની જરૂર છે તે તમે જાણો તેના કરતાં તે (પ્રભુ) વધારે સારી રીતે જાણે છે ત્યાં સમજવું જોઈએ.

એટલે કે સમજદાર માણસો વધારે ન હોવાથી, હું કાંઈ પણ કહેતી નથી. હું ફક્ત જોઉં છું અને રાહ જોયા કરું છું.

(મૌન)

જો તેઓ સહમત થાય, તો કામ વધારે ઝડપી બનશે. આપણે તેમાં પહોંચવું જોઈએ. વિગતો માટેના વિરોધોની કોઈ અગત્ય નથી. કારણ કે એક વ્યક્તિ એક વિચાર લઈને ઊપડે છે, અને બીજી વ્યક્તિ બીજો વિચાર લઈને આવી પહોંચે છે. . . . તે દરમ્યાન બીજી કોઈ વ્યક્તિ પુષ્કળ પ્રગતિ કરે છે. તેથી તે વસ્તુ વિશે ચર્ચા કરવાની જરૂર નથી, તે ફક્ત . . . . ફક્ત તમે તમારી શક્તિઓને એકત્રિત કરવાનો પ્રયત્ન કરો જેથી તમે ઝડપથી કામ શરૂ કરી શકો, અને એટલું જ બસ છે.

(માતાજી હસે છે.)

# 'એસ્પિરેશન'ના વાર્તાલાપો *

**૧૦ માર્ચ ૧૯૭૦**

અ : અમે એસ્પિરેશનમાં થતા કાર્ય અંગે આપને વાત કરવા માગીએ છીએ. અમે જેની શોધ કરીએ છીએ તેના માટે અમારું સાચું વલણ છે કે કેમ.... તે જાણવા માગીએ છીએ.

શી મુશ્કેલી છે?

અ : મુશ્કેલી એ છે....

દરેક પોતપોતાના અભિપ્રાય પ્રમાણે ખેંચતાણ કરે છે.

અ : દરેક પોતાની વાત સાચી ઠેરવવા માગે છે. પરંતુ જે સાચી વસ્તુ છે તેના તરફ કોઈનો ખરેખરો સંપર્ક નથી.

આપણે એ વસ્તુનું ધ્યાન રાખવું પડશે કે આપણે હાલની માનવજાતિથી શરૂઆત કરીએ છીએ. તેથી તમારે બધી મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ; તમારે ઉકેલ શોધવો જ જોઈએ. (ટેપરેકોર્ડર બતાવીને) તે શું છે?

બ : હું ઓરોમોડેલના લોકો માટે રેકર્ડ કરું છું, મધુર માતાજી.

(માતાજી હસે છે) તમારે મને કહેવું ન જોઈએ!

અ : પરંતુ મધુર માતાજી, તમે જાણો છો કે કેટલાક ઉકેલો અમારા માટે ખુલ્લા છે. દા.ત. એક બાજુએ....

---

* ૧૯૭૦ના માર્ચ અને ઑગસ્ટ વચ્ચે ઓરોવિલમાં નાની સંખ્યાના કેટલાક માણસો અને ખાસ કરીને એસ્પિરેશન સમાજનાને માતાજી તેમના રૂમમાં અઠવાડિયે મળતાં. એટલે એસ્પિરેશનના વાર્તાલાપો નામ અપાયું. ફૂલોના અર્પણ પછી, નવા માણસોની ઓળખ પછી વાર્તાલાપો માટે સમય રહેતો, જો કે કેટલીક વખત માતાજી જેને "મૌનનું સ્નાન" કહેતાં તે રાખવામાં આવતું. આ બાવીસ મુલાકાતોની ટેપરેકર્ડિંગ ઉપરથી આ વાર્તાલાપોનું પ્રકાશન થયું છે.

દરેક માણસની પાસે તેનો પોતાનો ઉકેલ હોય છે અને તે જ મુશ્કેલ વસ્તુ છે. સત્યમાં રહેવા માટે દરેક પોતાનો ઉકેલ તૈયાર રાખે છે. અને તેમ છતાં આ બધા ઉકેલો એકસાથે કાર્ય કરી શકે તેવો રસ્તો આપણે શોધવો જોઈએ.

( મૌન )

એટલે કે માળખું વિશાળ, ખૂબ નમનીય હોવું જોઈએ અને દરેકે ખૂબ શુભેચ્છા રાખવી જોઈએ; એ પ્રથમ શરત છે — શુભનિષ્ઠા. દરેક ક્ષણે ઉત્તમ વસ્તુ કરવા માટે પૂરતા નમનીય બનવું જોઈએ.

અ : એક દાખલો લઈએ તો અમને એમ કહેવામાં આવ્યું છે કે આપણે કારખાનાંઓ હોવાં જોઈએ અને આપણે ઉત્પાદન કરવું જોઈએ. અમારામાંના કેટલાકને તે પ્રકારના કાર્યમાં રસ નથી. અમે એવી શોધ કરવાનું પસંદ કરીએ છીએ જે વધારે....

વધારે આંતરિક ?

અ : કારખાનાંઓમાં ઝંપલાવવું તેના કરતાં વધારે આંતરિક કાર્ય કરવું, પૈસા મેળવવા ઉત્પાદન કરવું, વગેરે. અમારે એવું નથી. એસ્પિરેશનમાં આ ક્ષણે એવું અમે કરવા માગતા નથી. તમે તે વિશે શું વિચારો છો તે અમને કહેશો.

(માતાજી એકાગ્રતા કરે છે અને લાંબું મૌન ચાલે છે.)

વ્યવહારુ રીતે, સૌથી પ્રથમ તો તમને તમારા ધ્યેયનું એક ઘણું સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. તમે કયાં જઈ રહ્યા છો. આ દૃષ્ટિબિંદુથી પૈસાનો દષ્ટાંત લો. એક એવો આદર્શ જે અમુક વર્ષો પછીથી ભવિષ્ય ઉપરનો હોય જેને આપણે જાણતાં નથી. પૃથ્વી ઉપર એવી શક્તિ હોવી જોઈએ જે કોઈની માલિકીની ન હોય અને તે હાલમાં રહેલા સૌથી વધારે વૈશ્વિક જ્ઞાન ધરાવતા માનવીઓના કાબૂમાં હોવો જોઈએ. પૃથ્વી ઉપર એવી વ્યક્તિને મૂકો જેનામાં પૂરતા પ્રમાણમાં એવી વિશાળ દૃષ્ટિ હોય જે પૃથ્વીની જરૂરિયાતોને જાણી શકે અને પૂરતી સ્પષ્ટ રીતે કહી શકે કે પૈસો કયાં જવો જોઈએ. તમે સમજ્યા, આપણે તેનાથી ઘણે ઘણે દૂર છીએ. શું એવું નથી ? તેમ છતાં એક સદ્ગૃહસ્થ એમ કહે છે, "આ વસ્તુ મારી છે" અને તે જ્યારે ઉદાર બને ત્યારે કહે છે, "આ તને તે આપું છું" તે બરાબર નથી.

પરંતુ આપણે અત્યારે જે છીએ અને આપણે જે બનવું જોઈએ તેની વચ્ચે ઘણો લાંબો માર્ગ છે અને તેને માટે આપણે ઘણા નમનીય બનવું જોઈએ અને આપણું લક્ષ્ય ચૂકવું ન જોઈએ. આપણે જાણવું જોઈએ કે આપણે એક જ કૂદકાએ ત્યાં પહોંચી શકાય નહિ છતાં આપણે રસ્તો શોધવો જ જોઈએ. વારુ, તે ઘણું મુશ્કેલ છે, એક આંતરિક શોધ કરતાં પણ ઘણું મુશ્કેલ. ખરી રીતે તો તે અહીં આવતાં પહેલાં કરવું જોઈતું હતું.

કારણ કે એક પ્રસ્થાનબિંદુ હોય છે; જયારે તમે તમારી પોતાની અંદર એવો પ્રકાશ શોધી શકો જે કદી ડગે નહિ, એવી હાજરી જે તમને ખાતરીપૂર્વકનું માર્ગદર્શન આપે ત્યારે તમે સભાન બનશો કે હંમેશાં જે કોઈ વસ્તુ બને છે તેમાં કાંઈક શીખવાનું હોય છે અને આ પરિસ્થિતિમાં હંમેશાં કાંઈક પ્રગતિ કરવાની હોય છે. દરેકે, દરેક મિનિટે, કોઈ પ્રગતિ કરવાની આતુરતાથી આવવું જોઈએ. એક એવા પ્રકારનું જીવન જેને વિકાસ સાધવો છે અને પૂર્ણ બનવું છે : ઓરોવિલ શું બનવું જોઈએ તેના માટે એક સામૂહિક આદર્શ હોવો જોઈએ, "એક એવું જીવન જેને વિકાસ કરવો છે અને પૂર્ણ બનવું છે." અને તેનાથી વધારે અગત્યનું તો છે, દરેક માટે એકસરખી રીતનું જીવન નહિ – પરંતુ દરેકની પોતાની સ્વતંત્ર રીતનું જીવન.

વારુ, તમારામાંથી તમે ત્રીસ માણસો છો, તે મુશ્કેલ છે, નથી ? જયારે તમે ત્રીસ હજાર બનશો ત્યારે તે સહેલું બનશે, કારણ કે સ્વાભાવિક રીતે જ, ઘણી શકયતાઓ થશે. તમે પાયો નાખનાર છો, તમારી પાસે સૌથી અઘરું કાર્ય છે, પરંતુ મને લાગે છે તે ખૂબ રસિક વસ્તુ છે કારણ કે તમારે એક સઘન, ટકાઉ અને વિકાસ પામતું વલણ અપનાવવાનું છે જે સાચા ઓરોવિલિયન બનવા માટે તે જરૂરી છે. સાચા ઓરોવિલિયન બનવા માટે દરરોજ એક પાઠ શીખવાનો છે. દરરોજનું પ્રભાત, દરેક દિવસે દરેક પાઠ શીખવા માટે એક તક છે. તમારા મનની અવસ્થા તમે શોધી કાઢો — દરેકે તે પ્રમાણે કરવાનું.

અને શરીરને પણ પ્રવૃત્તિ જોઈએ. જો તમે તેને નિષ્ક્રિય રાખો તો પછી તે માંદું પડીને બળવો કરશે. તેને પ્રવૃત્તિની જરૂર છે. તેને ખરેખર પ્રવૃત્તિની જરૂર છે જેવી કે ફૂલો ઉગાડવાં, ઘર બાંધવું, કોઈક ખરેખર ભૌતિક વસ્તુ. કેટલાક લોકો કસરત કરે છે, કેટલાક સાયકલ ફેરવે છે – અસંખ્ય પ્રકારની પ્રવૃત્તિઓ છે, પરંતુ તમારા નાનકડા સમૂહમાં તમારે બધાએ સહમત

થવું જોઈએ જેથી કરીને દરેકના સ્વભાવ અને પ્રકૃતિ તથા જરૂરિયાત મુજબ તે પ્રવૃત્તિ શોધી શકે. પરંતુ વિચારોની નહિ. વિચારો બહુ સારા હોતા નથી, વિચારો તમને ખોટા ખ્યાલો આપે છે, દા.ત. "તે સારું કાર્ય છે, તે કાર્ય મારા માટે લાયક નથી." કોઈ પણ કાર્ય ખરાબ નથી, કાર્ય કરનાર તેને ખરાબ કરે છે. તમે જ્યારે જાણો કે સાચી રીતે કાર્ય કેમ કરવું ત્યારે બધાં જ કાર્યો સારી રીતે થાય છે; એ એક પ્રકારનો પરસ્પર વ્યવહાર છે. જો તમે એક આંતરિક પ્રકાશ વિશે સભાન બનો તો તમે જોઈ શકશો કે તમારા શ્રમના કાર્યમાં પણ જાણે કે તમે પ્રભુને નીચે વસ્તુઓમાં બોલાવો છો; પછીથી તમારું આત્મૈકય ઘણું સઘન બને છે. તેમાં એક આખા વિશ્વની શોધ રહેલી છે અને તે અદ્ભુત છે.

તમે યુવાન છો, તમારી પાસે પુષ્કળ સમય છે, અને યુવાન બનવા માટે, ખરેખર યુવાન રહેવા માટે આપણે સતત, હંમેશાં વૃદ્ધિ પામવાનું છે, વિકાસ સાધવાનો છે અને પ્રગતિ કરવાની છે. વિકાસ પામવો એ યુવાનીની નિશાની છે અને ચેતનાના વિકાસ માટે કોઈ મર્યાદા નથી. હું વીસ વર્ષના વૃદ્ધ માણસને પણ જાણું છું અને પચાસ, સાઠ કે સિત્તોર વર્ષના યુવાનને પણ ઓળખું છું અને માણસ જો મહેનતનું કામ કરે તો તેની તંદુરસ્તી સારી રહે છે.

તેથી તમારે ઉકેલ શોધી કાઢવો જ જોઈએ

અ : સારું.

તમે બધું જ કરી શકો છો . . . . ઘણી જાતની વસ્તુઓ છે, ભિન્ન ભિન્ન વસ્તુઓ. અને તમારે બધાએ અંદરોઅંદર જોવું જોઈએ કે તમે વ્યવસ્થા કઈ રીતે કરી શકો છો. તમે આવીને મને એમ કહેશો, બરાબર છે ને ?

બ : હા, બરાબર.

તો પછી આવજો. ફરી દર અઠવાડિયે એક વાર મળજો.

*

**૨૪ માર્ચ ૧૯૭૦**

**અંદર આવો.** (માતાજી હસે છે)

**(જે લોકો પ્રવેશ કરે છે તેઓ માતાજીને ફૂલો અર્પણ કરે છે. "સર્વિસ" ફૂલો બતાવીને માતાજી હસતાં હસતાં કહે છે :)**

ઓરોવિલની સેવા.

(માતાજી ફૂલો ગોઠવે છે અને તેમને વહેંચે છે. 'સેવા' અને 'રૂપાંતર' ફૂલો આપતાં આપતાં માતાજી કહે છે :)

રૂપાંતર પ્રત્યે દોરી જનાર વસ્તુ સેવા છે. હું તે ગંભીર અર્થમાં કહું છું.

અ : મધુર માતાજી, અમે તમને એક પ્રશ્ન પૂછી શકીએ?

હા.

અ : સામાન્ય રીતે એસ્પિરેશનને અનુલક્ષીને છે.

ઓહ !

અ : એસ્પિરેશનના કેટલાક માણસો એમ જાણવા ઇચ્છે છે કે તમને મંગળવારે મળવા આવનાર માણસો એકના એક જ ન હોય તો ચાલી શકે?

જુઓ, મને બિલકુલ પસંદ છે, પરંતુ તેનો આધાર તમારી ઉપર છે. (માતાજી હસે છે) ના! હું તમને ચાર માણસોને ખુશીથી મળીશ.

('ક' તરફ ફરીને) આજે મેં તેને પ્રથમ વખત જ બોલાવેલો છે, પરંતુ તેના બદલે બીજા માણસો પણ આવી શકે. હું તેને કોઈ પણ રીતે મુલાકાત આપીશ. પરંતુ તમારા ત્રણની સાથે એક ચોથી વ્યક્તિ પણ આવી શકે, વારાફરતી દરેક જુદો માણસ.

અ : ઘણું સારું

હું ફક્ત એટલું જ કહું છું કે તેઓએ સચ્ચાઈપૂર્ણ બનવું જોઈએ, અને તેઓએ ફક્ત જિજ્ઞાસાવૃત્તિથી ન આવવું જોઈએ. જો તેઓ સાચદિલ હોય, જો તેઓને સાચી પ્રગતિ કરવી હોય તો તેઓમાંથી એક તે સમયે આવે તો હું મળવા તૈયાર છું. મારે તેમનાં નામો પણ જાણવાની જરૂર નથી. તમે સમજ્યા, તે મારે માટે અગત્યનું પણ નથી. આ વસ્તુમાં ગ્રહણશીલતા કેવા પ્રકારની છે તે અગત્યનું છે. જો તેઓ ખુલ્લા હોય અને તેમને એમ લાગે કે તેનાથી તેમને ફાયદો છે તો સારું, ઘણું સારું છે....

('ક' તરફ) તો પછી તું દરેક અઠવાડિયે એક વખત આવીશ અને મને બગીચા વિશે માહિતગાર રાખીશ.... તમે લોકો ઓરોવિલમાંથી આવો.

છો. તે અહીં કાર્ય કરે. . . . તે બરાબર છે ?

અ : બિલકુલ બરાબર, મધુર માતાજી.

(લાંબું મૌન)

તમારામાંના ત્યાં તમે કેટલા છો ?

અ : લગભગ ચાલીસ.

(માતાજી હસે છે) હું તમને એક વિચિત્ર પ્રશ્ન પૂછું છું. તમારામાં કેટલા સચ્ચાઈવાળા છે ? તમે ફક્ત તેમના મોઢા સામું જોઈને જાણી શકો નહિ. અહીં કાંઈ ચાલીસ આવવાના નથી ! તેમાંના કેટલાએ તમને પૂછયું કે તેઓ આવી શકે ?

બ : પાંચ કે છે.

સમજાય તેવું છે. કોણ કોણ ?

બ : તેમાં 'ડ', 'ઈ', 'ફ' — અને બીજા ઘણા માણસોને તમારા માટે ખૂબ પ્રેમ છે. તે તમે જાણો છો.

(મૌન)

હું બે શરતો મૂકીશ. પ્રગતિ કરવાનો સંકલ્પ કરવો — એ ખરેખર નમ્ર શરત છે. પ્રગતિ કરવાની ઇચ્છા કરવી એટલે એમ જાણવું કે હજુ ઘણું કરવાનું છે. હજુ દરેક વસ્તુ ઉપર વિજય મેળવવાનો છે. બીજી શરત : દરરોજ કાંઈક કરવું, કોઈ પ્રવૃત્તિ કે કોઈ કાર્ય — પોતાના માટે નહિ; તે ઉપરાંત કોઈ એવી વસ્તુ કરવી જે બધા માટે શુભનિષ્ઠા વ્યક્ત કરે — તમે એક સમૂહ છો, નથી ? – ફક્ત એટલું જ બતાવવું કે તમે તમારા પોતાના માટે કાંઈ કરતા નથી, તમે પોતે વિશ્વનાં કેન્દ્રો હો અને આખું વિશ્વ તમારી આસપાસ ફરે એવું નહિ, મોટા ભાગના લોકો તે પ્રમાણેના હોય છે અને તેમને તેવી ખબર પણ હોતી નથી. દરેકે સાહજિક રીતે જ સમજવું જોઈએ કે પોતાની જાતને વિશ્વના કેન્દ્રમાં મૂકી બધી વસ્તુ તેમના તરફ આવે એવી ઇચ્છા કરવી, એક અથવા બીજી રીતે તે બરાબર નથી. પરંતુ માણસે સમગ્રના અસ્તિત્વને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ અને તે પૂરતું છે. આ વસ્તુ માણસને પોતાની ચેતના વિશાળ કરવા માટે છે, એક થોડાક ઓછા નાનકડા બનવા માટે.

તો જેઓ મારા પ્રોગ્રામને વળગી રહેવા માગે છે, તેઓ વારા પ્રમાણે એક અઠવાડિયે એક વખત આવશે. તે બરાબર છે ?

('ક' તરફ) તારા માટે, હું તારી મા માટે એક ગુલાબ આપીશ કારણ કે તે તેને બહુ પસંદ છે. એટલે આ તું તેમને આપજે. અને તું આવજે .... તારે એક જ દિવસે ન આવવું કારણ કે તે ઘણો સમય લે. કયે દિવસે તું આવીશ ?

ગ : સોમવાર બરાબર છે, શુક્રવાર પણ ચાલે.

('ક' પ્રત્યે) તને પોતાને કયો દિવસ વધારે અનુકૂળ છે?

ક : સોમવાર, મધુર માતાજી.

તો તું દરેક સોમવારે બગીચાના સમાચાર લાવીશ.

ઘણું સારું. આપણો બગીચો ખૂબ સુંદર હોવો જોઈએ.

સારું, તો પછી નક્કી ને? હું તને આવતા મંગળવારે કોઈની સાથે મળીશ. ગમે તે વ્યક્તિ હોય, મારે મન એકસરખું જ છે અને જ્યારે આવે ત્યારે મને તે લોકો વિશે કહેજે .... જેમને પ્રગતિ કરવી છે, જે એમ માને કે પોતાની ચેતના કરતાં પણ વિશ્વની ચેતના વધારે વિશાળ છે તેવા લોકો વિશે.

(મૌન)

ગ : તે લોકોએ ત્યાં જુડો માટે પરાળની પથારી પાથરી છે, મધુર માતાજી, 'બ' જુડો શીખવે છે. તેની પાસે ભૂરો પટો છે અને તે શીખવી શકે.

ઓહ! તમે 'હ'ને મળ્યા છો ?

બ : હા, મેં તેની સાથે જુડોની તાલીમ લીધી છે.

('ગ' તરફ) તે પેલા માણસ વિશે શું ધારે છે?

બ : અમને બન્નેને એક જ રીતે શીખવવામાં આવ્યું નથી એટલે મારો પોતાનો અભિપ્રાય આપવો મુશ્કેલ છે કારણ કે બન્નેની પદ્ધતિ જુદી છે.

ગ : તે બન્નેની એક જ પદ્ધતિ નથી, મધુર માતાજી. તેમની જુદી જુદી તાલીમ છે. તે અહીં આશ્રમમાં હતો તે વખતે ત્રણ માસ સુધી તેની સાથે કામ કરેલ. પછીથી તે ઓરોવિલમાં ગયો.

તેઓની એક જ પદ્ધતિ નથી?

ગ : હા, એક જ રીતે કામ કરતા નથી.

('બ' પ્રત્યે) તું ક્યાં શીખ્યો હતો ?

બ : ફ્રાન્સમાં. 'હ' અલ્જીરિયામાં શીખેલો એમ માનું છું.

અને બીજા કેટલાક જાપાનમાં શીખેલા અને તેઓ બરાબર જાણે છે. (બધા જ હસે છે).

બ : અમારામાંના લગભગ દસ માણસો જુડોની તાલીમ લઈએ છીએ, મધુર માતાજી.

જેટલી સંખ્યામાં માણસો તાલીમ લે છે તેટલા પ્રકારની જૂડો છે. દસ બરાબર છે. પ્રથમ વસ્તુ છે કઈ રીતે પડવું (બધાનું હાસ્ય). સારું. તો આવતા મંગળવારે હું તમને મળીશ, આવજો.

*

**૩૧ માર્ચ ૧૯૭૦**

કોઈ સમાચાર ?

અ : હા

શું સમાચાર છે ?

અ : તમને હરકત ન હોય તો અમારે તમને બે પ્રશ્નો પૂછવાના છે. પહેલો પ્રશ્ન, એસ્પિરેશનની નજીકના તામીલ ગામના એક તરુણ બાળક માટેનો છે. થોડા સમયથી તે એસ્પિરેશનના બાગમાં કામ કરવા આવે છે : અને અમે તેને ભોજન આપીએ છીએ અને તેણે ધીરે ધીરે કામમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે, અને કેમ્પમાં ધીરે ધીરે રહેતો

થયો છે. 'ઈ', 'જ' અને 'ક', અને આખા સમૂહ સાથે જ, આ બાળકની જવાબદારી લેવાનું નક્કી કરે છે. પરંતુ આ ત્રણ વ્યક્તિઓએ તો તેની સંભાળ લેવાનું અને તેને કૅમ્પમાં સમાવી લેવાનું ખાસ નક્કી કર્યું છે. તમે માનો છો કે આ બરાબર છે?

તે બરાબર છે, પણ એક શરતે કે તેનાં મા-બાપ સહમત થાય. તમારે કોઈ માણસ દ્વારા તેનાં માતાપિતા સાથે વાત કરવી અને તેમને પૂછો કે તેમની સંમતિ છે કે કેમ? અને તેમને બધું સમજાવો. તમે એવા બાળકને તેનાં માતાપિતાની સંમતિ વગર લઈ ન શકો.

અ: 'લ' ગામ સાથેના સંબંધો સંભાળે છે. તે પ્રયત્ન કરવાનો છે. તેના કુટુંબને તે મળશે, તેનાં માતાપિતાના સંપર્કમાં આવશે અને જોશે કે તે શક્ય છે કે કેમ.

અને તે ત્યાં જશે?

અ: હા, હા.

હું તે જ વસ્તુ કહું છું. તેણે ત્યાં જઈને તેનાં માતાપિતાને મળવું જોઈએ, તેમને બધું સમજાવવું જોઈએ અને પૂછવું જોઈએ કે તેમની સંમતિ છે કે કેમ. જો તેઓ સંમત થાય તો ઘણું સારું થાય. બરાબર.

અ: કારણ કે તેનો ગામ સાથેનો સંપર્ક કાપી નાખવાનો પ્રશ્ન નથી...

નહિ, નહિ.

અ: પરંતુ ધીરે ધીરે તેને સમાવવાનો પ્રયત્ન કરવાનો....

તેનાથી ઊલટું....

અ: આપણે એવું ન કરવું જોઈએ કે....

ઊલટું તેનો ગામનો સંપર્ક જાળવી રાખવો જોઈએ તો તે સુંદર વસ્તુ છે. હવે બીજો કયો પ્રશ્ન છે?

અ: બીજો પ્રશ્ન મુલાકાતીઓ વિશેનો છે, જે લોકો

> એસ્પિરેશનમાં આવે છે તેમના વિશે. તેઓ બે પ્રકારના હોય છે : જેઓ દિવસ દરમ્યાન રહે અને ત્યાં ખાણું લે. અને બીજા જેમને રાત્રિએ ત્યાં રહેવું હોય તેવા લોકો. અમે જાણતા નથી કે અમારે તેમની સાથે કેવું વલણ લેવું.

રાત્રી ગાળવી એ શક્ય નથી, છે? તમારી પાસે જગા નથી?

> અ : ના, અમારી પાસે જગા નથી.

પરંતુ તેઓ ક્યાંથી આવે છે? તેઓ શ્રી અરવિંદ સોસાયટી તરફથી આવે છે કે પછી ફક્ત આવવા ખાતર જ આવે છે?

> અ : કેટલાકને સોસાયટીએ મોકલ્યા છે, પરંતુ બધા જ નહિ. અમે દરેક સમયે જાણી શકતા નથી કે તેઓ ક્યાંથી આવે છે.

કેટલીક તપાસ રાખવી જોઈએ.

> અ : કારણ કે તેમાં કેટલીક વખત ગેરસમજ ઊભી થાય છે અને તે બરાબર નથી....

તમારે એક ઑફિસ રાખવી જોઈએ, એટલે કે ત્યાં કોઈક વ્યક્તિ કાયમ હાજર રહે, જે બહારથી આવતા લોકોને આવકારે, તેમની પૂછપરછ કરે, જાણી લે કે કોણે તેમને મોકલ્યા છે, તેઓ ક્યાંથી આવે છે, શા માટે આવે છે. તે માણસ ભારતવાસી હોવો જોઈએ, તે બિલકુલ અનિવાર્ય છે, એવી કોઈ વ્યક્તિ જે વાતચીત કરે....

> અ : કેટલાક ભારતના લોકો આવે છે, પરંતુ ઘણા તો યુરોપના હોય છે — દા.ત. જરમનો, અંગ્રેજો, અમેરિકનો અને ફ્રેન્ચો પણ; તેઓ પસાર થતા હોય અને....

એક ભારતનો અને એક યુરોપનો માણસ હોવો જોઈએ જે ઓછામાં ઓછું ફ્રેન્ચ અને અંગ્રેજીમાં વાતચીત કરી શકે, તો તે વધારે સારું. પરંતુ અત્યારે તો અંગ્રેજીમાં વ્યવહાર....

રાત્રી ગાળવાની રજા માટે હું સંમત થતી નથી કારણ કે આપણે જાણતા નથી કે તેઓ કેવા છે અથવા તેમની શી ઇચ્છા છે અથવા તેઓ

શા માટે આવેલા છે. કોઈ ભલામણ લઈને આવ્યા હોય, તેમને કોઈએ મોકલેલા હોય તો વાત જુદી છે; પરંતુ જેઓ ફક્ત આવવા ખાતર આવતા હોય – તેમને કોઈએ કહેવું જોઈએ કે તે બધું કેવું છે અને તે કાંઈ કુતૂહલનો વિષય નથી.

અ : પરંતુ મધુર માતાજી, આપણે એક દૃષ્ટાંત લઈએ; જો કોઈ એસ્પિરેશનમાં પહેલાં આવીને રહેલો હોય અને પછી બીજે કામ કરવા ચાલ્યો ગયો હોય અને અહીં તેને અવારનવાર આવવું પસંદ હોય, તો અમારે કેવું વલણ રાખવું. . . . આવા કિસ્સામાં તે ત્યાં રાત્રી પસાર કરી શકે?

તે સારો માણસ છે?

અ : હા, તે સારો છે.

તો તે બરાબર છે. તે જુદી જ વસ્તુ છે, જુદું જ. હું અજાણ્યા માણસો વિશેની વાત કરું છું. જે લોકોને આપણે ઓળખતા નથી અને અમસ્થા આવવા ખાતર આવે છે, તેમનો કોણ સત્કાર કરી શકે?

અ : બરાબર, હું ખરેખર જાણતો નથી. અમારે તે વસ્તુ અંદરોઅંદર ચર્ચી લેવી જોઈએ, હું જાણતો નથી.

હા, તેમાં બહુ રસ નહિ પડે.

અ : કાયમ નહિ.

પરંતુ તે કદાચ ઉપયોગી થાય, તે ઘણું ઉપયોગી થાય. એક ટેબલ અને એક ખુરસી તેના માટે પૂરતાં છે — તમે તેમને અંદર આવવાનું આમંત્રણ આપો અને પછી પૂછપરછ કરો!

અ : આપણે કાંઈક તેમને પીવા માટે પણ આપવું જોઈએ. . . .

(માતાજી હસે છે) ઓહ! તે ઘણું વધારે છે. "તમે અમારી પાસે શી આશા રાખો છો, તમને અમારા વિશે કોણે કહ્યું", વગેરે . . . અને પછીથી કોઈ માનસશાસ્ત્રીય સૂઝવાળો હોવો જોઈએ : જો તે જુએ કે લોકો સચ્ચાઈવાળા છે અને રસ ધરાવતા છે તો બધું બરાબર. પરંતુ ત્યાં રાત્રી ગાળવી — તે ન બને તો વધારે સારું.

અ : તે ઉપરાંત અમે નક્કી કર્યું છે કે જે લોકો ત્યાં ખાણું લે તેમની પાસેથી પૈસા માગવા.

હા, તેમને ચૂકવવાનું કહો.

અ : તેમને પૈસા ચૂકવવાનું કહેવું — તે બરાબર છે ને ?

હા, હા, તે બરાબર છે. તમારે એક નિશ્ચિત રકમ નક્કી કરવી જોઈએ. રાંધવાવાળું કામ કોણ કરે છે ?

અ : અમારી પાસે એક માસથી રસોયો છે, એક તામીલનો માણસ, તે ફ્રાન્સમાં પંદર વર્ષ રહેલો તે દરમ્યાન રાંધવાનું શીખેલો : કેટલાક લોકો તેને રસોડામાં મદદ કરે છે. પણ તે કાયમ ત્યાં હોય છે.

(મશ્કરી રૂપે) તમે નાની રેસ્ટોરાં પણ ખોલી શકો !

તમે 'મ'ને ઓળખો છો ?

અ : હા.

તેની પાસે વસ્તુઓ વેચવા માટે એક પ્રકારની દુકાન છે.

અ : હા, એક સ્ટોર.

હા, તે પ્રમાણે છે. પરંતુ રાત્રી દરમ્યાન સ્ટોરનું ધ્યાન રાખનાર કોઈ નથી અને તેથી ત્યાં ચોરીઓ થાય છે. એવું લાગે છે કે તમારી પાસે ઘણા માણસો છે અને તમને પૂરતી રહેવાની સગવડ નથી. તેથી મેં સૂચન કરેલું કે દરેક મહિને કોઈ વ્યક્તિ ત્યાં રાત્રે સૂવા જાય અને સવારે પાછી આવે, જો તે દૂર ન હોય તો.

અ : તે ત્રણ કિલોમીટર દૂર છે.

ગ : ત્રણ કે ચાર કિલોમીટર, મધુર માતાજી.

ઓહ, તે તો કાંઈ નથી.

અ : સાયકલ માટે તે કાંઈ દૂર નથી.

સાયકલ માટે — તમારી પાસે સાયકલો છે ?

અ : હા, જો કે ખરી રીતે અમારી પાસે પૂરતી નથી. અમારે થોડી વધારે જોઈએ. અમારી પાસે પૂરતી સાયકલો નથી પરંતુ થોડી વધારે અમે મેળવી શકીએ.

અને તમારે એટલું જ કરવાનું કે સાંજે રાત્રે. ત્યાં જવાનું અને સવારે પાછા આવવાનું. રાત્રે સાયકલોની 'એસ્પિરેશન'માં જરૂર પડશે નહિ. પરંતુ જો તમે 'મ'ને જાણતા હો તો તે તમારામાંના એકને સાથે લઈ જાય અને તેને બતાવે અને સમજાવે.

અ : ઘણું સારું.

મને લાગે છે કે તે સારું થશે . . . . મને ખબર નથી કે તે કેવું છે. હું કહી શકું પણ નહિ, પરંતુ મને લાગે છે કે તે સગવડરૂપ થશે.

અ : અને એક મોટું ઝૂપડું બનાવીને તેમાં વીસ કે પચીસ માણસોને સમાવવા વિશે તમે શું વિચારો છો ?

હું માનું છું કે દરેક વ્યકિત માટે પૂરતા પ્રમાણમાં રહેવાની સગવડ ન થાય ત્યાં સુધી તે બિલકુલ અનિવાર્ય છે. હું એમ નથી કહેતી કે ઉત્તમ સગવડ આપનાર થશે પણ તેની ખાસ જરૂર છે.

પેલો નાનો બાળક, નાનો તામીલ બાળક જે આવે છે — તેને તમે શું શીખવો છો, અંગ્રેજી કે ફ્રેન્ચ ?

અ : ઓહ, હાલમાં તો અમે તેને કાંઈ શીખવતા નથી.

બિચારો નાનકો, તમે ફક્ત તેને કામે લગાડો છો . . . .

અ : ઓહ નહિ, ફક્ત એટલું જ નહિ.

ગ : તેઓ તેને ખોરાક પણ આપે છે.

અ : ધીરે ધીરે, જ્યારે તે વધારે આવતો થશે ત્યારે તેના માટે કાંઈક વ્યવસ્થા કરીશું અને તેને ફ્રેન્ચ શીખવીશું.

તમારે તેને ત્યાંના જીવનમાં સમાવી લેવો. અને પછીથી ખૂબ રસિક વસ્તુ બનશે. જ્યારે બાળકો તમને બોલતા સાંભળે ત્યારે શું બોલાય છે તે તેમને જાણવાની ઈચ્છા થાય છે અને તેઓ ભાષા શીખી જાય. ભારતના લોકો ભાષા શીખવામાં અદ્‌ભુત શક્તિ ધરાવે છે. તેઓ ચાર કે પાંચ ભાષાઓ શીખી શકે છે અને

એકબીજીનું મિશ્રણ કરતા નથી. આ નાનો બાળક ઘણું સારું શીખી શકશે — એ એક સારી બાબત બનશે.

(લાંબું મૌન)

સારું, તે બરાબર છે. તો પછી... શુભ રાત.

*

**૭ એપ્રિલ ૧૯૭૦**

મને કાંઈ જણાવવા જેવું નથી ?

(લાંબું મૌન)

તમે વ્યવસ્થામાં કોઈ ફેરફાર કર્યો છે ? કોઈએ મને કહ્યું કે તમે કર્યો છે.

અ : તે ફેરફાર થવાનો બાકી છે.

ઓહ ! તે ફેરફાર થઈ ગયો નથી.

અ : હજુ સુધી નહિ. ફેરફાર થવાનો છે.

(લાંબું મૌન)

જો કોઈને "મૌનનું સ્નાન" કરવું હોય તો તેઓ આવી શકે છે, તે માટે કોઈ હરકત નથી. જો કોઈને 'મૌનનું સ્નાન' એકીવખતે વધારે સમય માટે જોઈતું હોય તો તેઓ આવી શકે તેમાં કોઈ વાંધો નથી. તેઓ ત્યાં પાછળ બેસી શકે છે.

વ્યવસ્થાઓ કરવાનું હું તમારા ઉપર છોડી દઉં છું.

(મૌન)

શુભ રાત

*

**૧૪ એપ્રિલ ૧૯૭૦**

ગ : ('ઓ'નો નિર્દેશ કરીને) તે જરમનીનો છે, મધુર માતાજી. તે હાસ્યચિત્રો દોરે છે ક્લૉડ-ડ રીબટ-પિયરે જેવાં. તે તેવું કામ કરે છે, માતાજી. ('પ'નો નિર્દેશ કરીને) તે હમણાં જ આવ્યો છે, માતાજી. તે કડિયાકામ કરે છે.

આહ ?

ગ : તે ફ્રાન્સમાંથી આવે છે અને તે કડિયો છે. તે થોડો સમય અહીંથી તેની પત્નીને લેવા જવાનો છે અને પછી પાછો આવશે.

અહીં આપણી પાસે કામ છે.

(લાંબું મૌન)

હું તમને દરેકને એક નાનું પડીકું (પૅકેટ) આપીશ જેથી આપણો સંપર્ક રહે. તમે તેનાથી માહિતગાર છો. તમારે તે રાખવું જોઈએ. બધા જ ફ્રેન્ચ સમજી શકે છે?

ગ : 'એ' નથી સમજતો.

(અંગ્રેજીમાં) તમને ગમે તો હું અંગ્રેજીમાં બોલી શકું.

ગ : 'એ' સમજી શકતો નથી માતાજી, તે જરમનીનો છે. તે અંગ્રેજી સમજી શકે છે.

(અંગ્રેજીમાં) પૅકેટમાં કેટલીક ફૂલની પાંખડીઓ છે, પરંતુ તેમાં શક્તિસંપાત કરેલો છે. અને જો તમે તમારી પાસે રાખો તો મારી સાથેનો સંપર્ક ચાલુ રહે, તેથી જ્યારે તમે તમારી અંદર સંપર્ક સાધો, તમે જ્યારે અંતરમાં ઊતરી જાઓ ત્યારે તમે મારી સાથેનો સંપર્ક ફરીને સાધી શકો અને તમને તમારા પ્રશ્નનો ઉત્તર પણ મળી જાય.

તે લઈ જાઓ. અહીં આ હું પૅકેટ આપું છું.

(મૌન)

કોઈને પ્રશ્ન નથી? (અંગ્રેજીમાં) કોઈ પ્રશ્ન નહિ ?

(મૌન)

*

૨૧ એપ્રિલ ૧૯૭૦

ગ : ('લ'નો નિર્દેશ કરીને, જેણે માતાજીને પૂછેલું કે ઑરોવિલિયનોએ સ્થાનિક ગ્રામજનો સાથે કેવા પ્રકારનો સબંધ રાખવો)

આ 'લ' છે. તેણે પ્રશ્નો પૂછેલા.

આહ! તમારા પ્રશ્નો માટે સૌથી ઉત્તમ માર્ગ છે શિક્ષણ આપવાનો. લોકોને શબ્દો અને વાતો દ્વારા શિક્ષણ આપવાનું નહિ પરંતુ દૃષ્ટાંત બેસાડીને. જો તમે તેઓને તમારા જીવનમાં અને કાર્યમાં હળવા-મળવા દો અને જો તેઓ તમારી જીવનની રીત અને તમારી સમજની અસર નીચે આવે તો તેમનામાં

ધીરેધીરે ફેરફાર થશે. અને જો તેઓ જિજ્ઞાસુ બને અને તમને પ્રશ્નો પૂછે તો તેમને સમજાવવાનો અને ઉત્તરો આપવાનો સમય પાકી ગયો છે એમ જાણજો.

ગ : કેટલાંક અર્પણો ગ્રામજનો તરફથી આવ્યાં છે.

ઓહ !

ગ : 'લ'તે અર્પણો લાવ્યો છે, માતાજી — ગ્રામજનો તરફથી.

ઓહ !

લ : બે વ્યક્તિઓનાં અર્પણ છે.

તેઓને મારા અસ્તિત્વનો ખ્યાલ છે ?

લ : હા માતાજી (હાસ્ય).

બે વ્યક્તિઓનાં છે ?

લ : એનાં.

તો પછી તેમને, તેમને આ આપજો (માતાજી બે આશિષ પ્રસાદીઓ આપે છે). તમે તેમને કહેજો : માતાજીએ તમને તે વસ્તુ મોકલી છે. અને તમે કહેજો: તમારી સાથે જ તે રાખજો, તે તમને મદદ કરશે.

બીજું કોઈ છે ?

ગ : હા. 'ક' એક જરમનીની છોકરી. તે દવાખાનામાં પણ કામ કરે છે, માતાજી.

તું અંગ્રેજી બોલે છે ? તું ડૉ. 'ર' સાથે કામ કરે છે ?

ગ : હા માતાજી, ડૉ. 'ર' સાથે.

('અ' પ્રત્યે) તું અંગ્રેજી સમજે છે ?

અ : હા

તો હું અંગ્રેજીમાં બોલીશ. મને એમ કહેવામાં આવ્યું છે કે એસ્પિરેશનમાં બિલાડીઓ અને કૂતરાંઓ ખૂબ મોટી સંખ્યામાં છે એ સાચું છે ? તમે

જાણો છો કે હું બિલાડી કે કૂતરાની વિરુદ્ધમાં નથી. મેં પણ એક સમયે તેમને રાખેલાં. પરંતુ હવામાન સારું નથી અને હડકવા અટકાવવો અશક્ય છે. અને પછી તમે જાણો છો કે તે બહુ જોખમી બની જાય છે. તમારે તેમને મારી નાખવાં પડશે એ પસંદ પડે એવું કામ નથી. એટલા માટે મારે કહેવાની ફરજ પડે છે કે કૂતરાંઓ રાખવાં નહિ; તેમ છતાં કેટલાક રાખે છે પરંતુ તમે તેમની સાથે આનંદપૂર્વકનો સંબંધ રાખી શકતા નથી. તેઓ માંદગી ફેલાવે છે. કેટલાક ગંભીર રોગો હોય છે અને કૂતરાંઓ અને બિલાડીઓ તે ફેલાવે છે. મારે તમારી પાસે ધૃણાસ્પદ વર્ણનો કરવાં નથી પરંતુ . . . . તે સલામત નથી અને શાંતિ ન રહી શકે. તમને ખબર છે તે કયો રોગ ફેલાવે છે? બે રોગ છે; એક પ્લેગ અને બીજો રક્તપિત્ત.

તે તમારી અંગત માલિકીનાં પ્રાણીઓ છે કે સમૂહનાં ?

> અ : કેટલાંક સંઘની માલિકીનાં છે અને કેટલાંક અંગત માલિકીનાં છે.

તેઓ તેમની ઝૂંપડીમાં રહે છે ?

> અ : કેટલાંક (અસંમતિનો ગણગણાટ; 'અ' પોતાની જાતને સુધારે છે) ના, હવે તેઓ તેમની ઝૂંપડીમાં રહેતાં નથી.

તેમને અંદર પ્રવેશવા દેવામાં આવતાં નથી. ?

> અ : ના, ઝૂપડામાં નહિ, પરંતુ તેઓ કેમ્પમાં હોય છે. તેઓ ઘણી વખત કાફેમાં હોય છે, જે જગાએ અમે ભોજન લઈએ છીએ.

અને વળી તેઓ બચ્ચાંને જન્મ આપે છે. (હાસ્ય) તેનો અંત નથી. અને વૃદ્ધિ – તમે શું કરી શકો ? તે બધાંને ડુબાડી દેવાં ? તે પસંદ પડે તેવું કાર્ય નથી. સ્વાભાવિક રીતે જ તમે મને કહો, આપણે તેમને હાંકી કાઢીએ તો બીજે ક્યાંક ચાલી જશે. પરંતુ કોઈ પણ રીતે તેમને પ્રોત્સાહન ન આપવું એમ હું ઇચ્છું છું. તમે સમજો કે તમારી પાસે માણસો કરતાં કૂતરાંની અને બિલાડાંની સંખ્યા વધી પડશે એ બનેલું છે. તો પછી તમે એક રસિક વસ્તુ કરી શકો. તમે તેમને દૂર, ખૂબ દૂર, કોઈક પ્રદેશમાં જ્યાં કોઈની વસ્તી ન હોય ત્યાં બધાંને નસાડી શકો, કોઈ રક્ષિત વિભાગમાં, જેથી તેઓ તેની બહાર ન નીકળી શકે. ત્યાં તેઓ કાંઈક ખાવાનું શોધી કાઢશે. દા.ત. માણસ ન

પહોંચ્યો હોય તેવી જંગલની જગામાં — ભારતમાં તેવાં જંગલો છે. બિલાડીઓનો પ્રશ્ન બહુ સહેલો બનશે. જ્યારે બિલાડીને બચ્ચાં થાય અને તમે તે બચ્ચાંઓને કોઈ જગાએ ઉપાડી જાઓ અને ત્યાં મૂકી દો, તો પછી તે પાછી આવતી નથી, તે તેનાં બચ્ચાંઓ સાથે રહે છે. કાંઈક શોધી કાઢવું જોઈએ, એક દૂરનું સ્થળ. તેવાં સ્થળો ભારતમાં છે. પરંતુ ઓરોવિલની જમીન ઉપર નહિ.

હકીકતમાં હું તમને એમ કહેવા માગું છું કે કોઈ પણ સંજોગોમાં તેમની વસ્તી વધવા દેશો નહિ. એક દિવસ તમે જ આંખમાં આંસુ સાથે મારી પાસે આવીને કહેશો: જીવન અસહ્ય બની ગયું છે! (હાસ્ય) તેથી હું તમને ચેતવણી આપું છું.

ગામડાંમાં માણસો પાસે બિલાડીઓ અને કૂતરાંઓ હોય છે?

લ : હા, કૂતરાંઓ ઘણાં, પણ બિલાડીઓ નહિ.

તમારે થોડી ક્ષણો માટે મૌન જોઈએ છીએ?

(લાંબું મૌન)

તો હવે આવજો.

બધા : આવજો.

*

**૨૯ એપ્રિલ ૧૯૭૦**

નવા કોણ કોણ આવ્યા છે?

ગ : નવી આવનાર વ્યક્તિઓ : 'ડ' તમે તેને એક વખત તેના જન્મદિને આવેલી ત્યારે મળેલા. 'સ'ને તમે ઓળખો છો. તમે તેને ઘણી વખત જોયેલી છે. 'ટ'એ તમને ઘણી વખત લખેલું છે; તેણે કેટલાક પત્રો લખેલા અને તે તેના જન્મદિને પણ આવેલો. 'ઉ'ને તમે ઓળખતાં નથી; તે કારીગર છે; તે 'વ'ની સાથે કાર રીપેર કરવામાં મદદગાર હોય છે. 'ફ'ના પિતા વિશે ખાસ કહું કે તે દર અઠવાડિયે આવે છે અને 'અ' (માતાજી હસે છે)

તો આપણે શાંતિમાં રહીશું. હું તમારી સાથે બીજા કોઈ દિવસે વાતચીત કરીશ.

હવે બિલ્લાઓ (brooches) વિશે .... તમે આશ્રમના પહેરવાના આંકડીવાળા બિલ્લાઓ જોયા છે? વારુ ઓરોવિલ માટે પણ એક એવો તૈયાર થશે. કારણ કે કેટલાક લોકો આવે છે અને તેમને ઓરોવિલની જમીન ઉપર સ્થાયી બનવું છે અને તેઓ કમિટી પાસે જવાનો અને તેમને મળવાનો ઇન્કાર કરે છે અને કહે છે : "ઓરોવિલ સ્વતંત્ર છે!" અને તેઓ ત્યાં સ્થાયી બનીને રહે છે.

તેમ છતાં આપણે જેઓને ઓરોવિલિયન તરીકે માન્ય કર્યા છે અને બીજા જેઓ વધારે શોખીન છે તે બે વચ્ચેનો ભેદ સમજવાનું આપણે માટે જરૂરી છે. એટલે કોઈક વસ્તુ તૈયાર થઈ રહી છે — ચોક્કસ અત્યારે હજુ તૈયાર નથી થઈ. મારે તમને તે બતાવવી હતી. (માતાજી ટેબલ ઉપરથી એક કાગળ લે છે.)

એ એક નાનકડો બિલ્લો હશે. આટલા કદનો. તે આ પ્રમાણે છે. તેનું વર્તુળ ચાંદીનું બનેલું હશે; અને આ ચાર પાસાંઓ છે, અને શ્રી અરવિંદનો ચતુષ્કોણ, કમળ સહિતનો, અને તેની ફરતે ઓરોવિલ લખેલું હશે. તેથી તમે તેને તમારા બટનના ગાજમાં પહેરશો — માન્ય ઓરોવિલિયનો! (માતાજી હસે છે)

(મૌન)

સારું ચાલો, અઠવાડિયું આનંદથી પસાર કરો.

*

[ ૨૬ મે ૧૯૭૦ ]

કોઈ પ્રશ્નો છે ?

> અ : હા, તમે ધર્મ ઉપરની જે પુસ્તિકા આપી તેમાં એક વાક્ય છે, જેમાં કહેલું છે : "આપણી શોધ એ ગુહ્ય સાધનો દ્વારા થયેલી શોધ નહિ હોય." આ વિશે કેટલાક પ્રતિભાવો ઉત્પન્ન થયા છે.*

તેમને ખબર નથી કે ગુહ્ય સાધનો ક્યાં ?

---

* આપણી શોધ એવી નહિ હોય જે ગુહ્ય સાધનો દ્વારા અસરકારક બનાવાય. આપણે જીવનમાં જ પ્રભુને શોધવાની ઇચ્છા રાખીએ છીએ અને આ શોધ દ્વારા જ જીવનમાં ખરેખર રૂપાંતર થઈ શકશે.

અ : કદાચ તેઓ નહિ જાણતા હોય, પરંતુ અમે તે પણ જાણતા નથી કે કેમ ગુહ્ય સાધનો દ્વારા નહિ? મને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.

ગુહ્ય સાધનો દ્વારા એટલે હું એમ કહેવા માગું છું કે એવા લોકોનો માર્ગ જેઓ જીવનમાંથી પાછા હટી જાય છે, સાધુઓ માફક, જેઓ મઠમાં પુરાઈ જાય છે અથવા અહીંના સંન્યાસીઓની માફક, જેઓ આધ્યાત્મિક જીવનમાં ભેદ પાડે છે અને કહે છે, "કાં તો આ જીવન અથવા પેલું બીજું જીવન? અમે કહીએ છીએ કે "તે સાચું નથી", જીવનમાં જ અને સમગ્ર જીવન જીવતાં જ વ્યક્તિ આધ્યાત્મિક જીવન જીવી શકે છે. વ્યક્તિએ આધ્યાત્મિક જીવન જીવવું જ જોઈએ. પરમ ચેતનાને અહીં ઉતારી લાવવાની છે. કેવલ સ્થૂલ અને શારીરિક દૃષ્ટિબિંદુથી પણ માનવજાતિ એ છેવટની જાતિ નથી. જેમ માનવી પ્રાણી પછી આવ્યો તેમ માનવ પછી બીજી જાતિનું અસ્તિત્વ આવી શકે. અને ચેતના એક જ હોવાથી, એ એક જ ચેતના માનવચેતનાનો પૂરો અનુભવ લેશે. એટલે જો આપણે જીવનમાંથી ચાલ્યા જઈએ તો જીવનનો ત્યાગ કરીએ, જીવનનો ઇન્કાર કરીએ તો પછી આપણે તેના માટે તૈયાર થઈ શકીએ નહિ.

પરંતુ જો તમે શ્રી અરવિંદને વાંચ્યા હોય તો તમે સમજી શક્યા હોત અને તમે આ પ્રશ્ન પૂછયો ન હોત. એ એટલા માટે કે બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી તૈયારીની ખામી છે. તમારે અભ્યાસ કર્યા વગર બધું જાણવું છે.

('અ' પ્રત્યે) હવે તમારે બીજું કહેવું છે?

અ : તેટલું જ બસ. હા તમને વાંધો ન હોય તો એક બીજું પણ છે. 'ત' તરફથી એક પત્ર છે. 'ત'નો એક પત્ર અહીં છે તે તેણે મને તમને વાંચી સંભળાવવાનું કહ્યું હતું.

સારું.

અ (વાંચે છે): "તમે ધર્મો વિશે જે લખ્યું છે તેને અનુલક્ષીને તમારા તરફ એક પ્રાર્થના ઊંચે ઊઠે છે. અમે પ્રભુનું સત્ય માગીએ છીએ અને તે અમારા સ્વરૂપમાં સિદ્ધ થાય; અમે માગીએ છીએ કે અમારાં કાર્યો તેના સત્યનો આવિર્ભાવ કરે અને અમારાં મન અને હૃદય કેવળ પ્રભુના

> સત્યથી જ સંચાલિત થાય. અમારામાં જે કાંઈ હજુ પણ અચેતન હોય તેના ઉપર પૂર્ણ પ્રકાશ પડે એવી વિનંતી કરીએ છીએ; તેના સત્યથી જ અમારે જ્ઞાન મેળવવું છે, તેના સત્ય દ્વારા જ અમારે કાર્ય કરવું છે અને તેના સત્યમાં જ અમારે રહેવું છે. ઓરોવિલની પરમ પ્રભુ પ્રત્યે આ પ્રાર્થના છે. અમારી ચેતના ઉપર વિજય પ્રાપ્ત કરનાર માતાજી બનો.

તેને નોટિસ બોર્ડ ઉપર મૂકી શકાય. તે ઘણી સારી છે, ઘણી સારી. ('૨' નિશાની કરે છે કે તેને એક પ્રશ્ન પૂછવો છે). તારે શું કહેવું છે?

> ૨ : મારે એક પ્રશ્ન પૂછવાનો છે, માતાજી, વ્યવહારુ પ્રશ્ન.

વ્યવહારુ?

> ૨ : કોઈ પણ એક નિશ્ચિત ધ્યેય સિદ્ધ કરવાની ઇચ્છા રાખવી અને તે જ સમયે દરેકને પ્રેમ કરવો એ બહુ મુશ્કેલ લાગે છે. જ્યારે આપણે કોઈ વસ્તુ પ્રાપ્ત કરવા માટે શરૂઆત કરીએ અને મનમાં એક ચોક્કસ પરિણામની આશા રાખીએ ત્યારે જે લોકો આપણી સાથે સહમત નથી થતા તેમની સાથે આપણો સંબંધ કાપી નાખીએ છીએ. આપણે બન્ને વસ્તુઓ એકીસાથે વ્યવહારમાં કઈ રીતે ઉતારી શકીએ?

તમારા વિચારો પ્રમાણે જે વિચારતા નથી તેઓની સાથેનો તમારો સંબંધ તમે કાપી નાખો છો?

> ૨ : ચોક્કસ .... દરેક સમયે ....

પરંતુ તમે જે રીતે વિચારો છો તે રીતે એક પણ વ્યક્તિ વિચારતી નહિ હોય.

> ૨ : ચોક્કસ.

તો પછી તમે કઈ રીતે બધાને ચાહી શકો?

> ૨: જ્યાં સુધી મારે કોઈ પણ વસ્તુની જરૂર નથી ત્યાં સુધી બધું બરાબર હોય છે.

ઓહ!

૨ : હા!

(માતાજી બે કે ત્રણ મિનિટ એકાગ્ર થાય છે.)

એ એટલા માટે હોય છે કે જ્યારે તમને કોઈ વસ્તુની ઈચ્છા હોય ત્યારે તમારા અહંકારને તે વસ્તુ જોઈએ છે. એટલે અહંકાર.... ની ઉપેક્ષા કરવી જોઈએ. પ્રથમ વસ્તુ, તમારે તમારા પોતાના માટે કાર્ય કરવું નહિ પરંતુ પ્રભુની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવું, પ્રભુની ઈચ્છાને અભિવ્યક્ત કરવી. તમારે પોતાને તો કોઈ હુકમો આપવાના નથી. જ્યાં સુધી તમારો સંકલ્પ અંગત હોય, વ્યક્તિગત, ત્યાં સુધી તે સાચો નથી. તમે એ પ્રમાણે કરી શકો નહિ. તે સાચી વસ્તુ નથી એટલું જ નહિ પરંતુ તમે સાચી વસ્તુ જાણી શકો પણ નહિ!

તે પ્રમાણે બનવું જ જોઈએ (કોઈ વસ્તુને બલપૂર્વક ત્યાગ કરવાની ક્રિયા)....તેને હાંકી કાઢવી જ જોઈએ!

એટલા માટે જ આપણે એકલા કાંઈ પણ નથી. આ જીવન છે. આપણે પોતાના માટે કોઈ કાર્ય કરતા નથી. આપણે આપણા સંકલ્પ અને અંગત પરિણામ માટે કાર્ય કરતા નથી, આપણે પ્રભુની સંકલ્પશક્તિ દ્વારા જ અને પ્રભુની સંકલ્પશક્તિ માટે જ કાર્ય કરીએ છીએ; એટલી બધી સાહજિક રીતે કે આપણા શારીરિક દુશ્મન માટે પણ આપણે કોમળતા અનુભવીએ છીએ. તમે જ્યારે આ રીતે અનુભવશો ત્યારે જ તમે સમજી શકશો. તે જ એક સમગ્ર મર્યાદા છે, પૂરેપૂરી મર્યાદા.

જ્યારે સંઘર્ષો ઉત્પન્ન થાય, અને તે બધો જ સમય ઉત્પન્ન થયા કરે છે, આપણા બધા માટે — ત્યારે આપણને તાત્કાલિક જાણે એમ લાગે છે કે જાણે આપણી ચામડીમાં પાછા ખેંચાઈ જઈએ છીએ; તે પ્રમાણે જ બને છે; દરેક પોતાની જાતને અંદર સંકોચી લે છે. પરંતુ મુશ્કેલી એ છે કે ગમે ત્યારે એક માણસનો સાપેક્ષ રીતનો અંગત સંકલ્પ હોય અને તેની સામે બીજો માણસ તેનો અંગત સંકલ્પ રજૂ કરે તો આ પ્રમાણે બને છે — સૌથી પ્રથમ તો એક પ્રતિક્રિયા થાય છે અને પછીથી પણ, તમે થોડા કે વધારે તેની સાથે સહમત હો તો તમે આ સંકલ્પને હાથ ઉપર લો અને તેનું ચારે બાજુથી ચિંતન કરો તો પછી તમે જોઈ શકશો કે શું બને છે અને તે બધો જ સમય ચાલ્યા કરે છે. પહેલાં એક વ્યકિતને સંકલ્પ થાય,

અને પછી બીજાને અને પછી બીજાને અને એમ ને એમ અનંત રીતે. આ રીતે બધે જ બને છે; સૌથી મજબૂત સંકલ્પશક્તિ બધે જ ફેલાઈ જાય છે. તેનો કાંઈ અર્થ નથી, કાંઈ પણ નહિ.

જ્યારે આપણે એમ કહીએ છીએ, "અમે પ્રભુની સેવામાં છીએ," ત્યારે તે કેવળ શબ્દો હોતા નથી. તે પ્રભુએ આપણી મારફત કામ કરવું જોઈએ, આપણે પોતે નહિ. સૌથી મોટી ગૂંચ છે: આપણે કઈ રીતે પ્રભુનો સંકલ્પ જાણી શકીએ? પરંતુ હકીકતમાં હું તમને કહું છું: જો તમે સચ્ચાઈપૂર્વક તમારો અંગત સંકલ્પ છોડી દો તો તમે તેને (પ્રભુના સંકલ્પને) જાણશો.

ર: હા. તે સ્પષ્ટ છે.

હા, તમે તે રીતે પ્રભુનો સંકલ્પ જાણી શકો.

(માતાજી મૌનમાં રહે છે અને પછી પંદર મિનિટ સુધી દરેક હાજર રહેલી વ્યક્તિ ઉપર એકાગ્રતા કરે છે. પછી 'અ' પ્રત્યે) તો તું તે વસ્તુ બધાને સમજાવજે.

આપણે જીવનમાં પરિવર્તન લાવવું છે — આપણે જીવનમાંથી નાસી જવું નથી.... અત્યાર સુધી જે બધા માણસોએ જેને તેઓ પ્રભુ કહેતા હતા તેની શોધ માટે પ્રયત્ન કરેલો, પ્રભુના સંપર્કમાં આવવા પ્રયત્ન કરેલો, તે બધાએ જીવનનો ત્યાગ કરેલો: તેમણે કહ્યું, "જીવન એક વિધિ છે. આપણે પ્રભુ માટે જીવનનો ત્યાગ કરીશું." તેથી ભારતમાં તમારે સંન્યાસીઓ હતા જેઓ બધું છોડી દેતા; યુરોપમાં તમારે સાધુઓ અને ત્યાગીઓ હતા. વારુ, તેઓ છટકી જઈ શકે છે, અને જો કે તેઓ પુનર્જન્મ પામશે તે પણ તેમણે તે ફરી ફરીને કરવું પડશે. પરંતુ જીવન તો જેવું છે તે પ્રકારનું જ રહે છે.

*

**૨ જૂન ૧૯૭૦**

મને ઓરોવિલની અભીપ્સાની રચના કરવાનું કહેવામાં આવ્યું છે. ઘણી શુભેચ્છા છે, પરંતુ તે.... સંગઠિત હોય તેવું લાગતું નથી. એટલે મેં કહ્યું: ઉત્તમ વસ્તુ એ છે કે ઓરોવિલને જે થવું છે તેની રચના તે કરી લે. તે વસ્તુ કોઈક પ્રકારના સહકારનું પોષણ કરશે પરંતુ તે મોટું કાર્ય છે.

દરેક વખતે આપણે અભીપ્સાઓમાંથી એકની રચના કરી શકીએ, અથવા દરેક સમયે તમે એક પ્રશ્ન લાવો. આ રીતે ઘણા પ્રશ્નો આવે, તેથી પ્રશ્ન આવે પછી તેનો ઉત્તર હું તે જ વખતે સીધેસીધો આપી દઈશ અથવા તો બીજી વખતે તેનો ઉત્તર આપીશ અથવા આપણે સાથે જ ઓરોવિલની અભીપ્સા વ્યક્ત કરવા પ્રયત્ન કરીશું.

અ : તમને અત્યારે જ આ કંઈ અભીપ્સા છે તેનું દર્શન છે?

ચોક્કસ! ચોક્કસ! મને ખબર છે મારે શું જોઈએ છીએ. ઓરોવિલ કેવું બનવું જોઈએ તે વિશેનો મારો સંકલ્પ મને ખબર છે. પરંતુ તેમાં ઘણો લાંબો ગાળો છે.... તે થોડાં વર્ષો પછીનું ઓરોવિલ છે, અત્યારથી ઘણાં વર્ષો લાગશે.

અ : પરંતુ તમે ધારો છો કે આપણે આ ભાવિ ઓરોવિલ સિદ્ધ કરી શકીશું?

આપણે આ રીતે આગળ વધીશું : દરેક સમયે તમે આવો ત્યારે ઓરોવિલની અભીપ્સાઓમાંની એક હું તમને આપીશ અને પછી આપણે એક પછી એક એમ મૂકીશું અને બીજે વખતે મેં જે તમને પહેલાં કહેલું હોય તેના પર તમે એક પ્રશ્ન પૂછી શકશો, પરંતુ આમાં એક ખામી છે; દરેક વખતે એકના એક જ માણસો આવતા નથી. તમારામાંના ત્રણ કાયમ આવો છો, તમારે સાતત્ય જાળવી રાખવાનું.

સાચા ઓરોવિલિયન બનવા માટે માણસે કેવા બનવું જોઈએ? તમે પ્રશ્નને તે રીતે મૂકો. સાચા ઓરોવિલિયન બનવા માટે માણસે કેવા હોવું જોઈએ? ('અ' તરફ) તને કોઈ વિચારો આવે છે?

અ : મારા માટે સાચા ઓરોવિલિયન બનવામાં પ્રથમ વસ્તુ છે પ્રભુને પોતાની જાતનું પૂરેપૂરું સમર્પણ કરવાનો સંકલ્પ.

તે સારું છે, સારું છે; પરંતુ તે પ્રકારના વધારે માણસો નથી. ('ગ' પ્રત્યે) અહીં, મને એક કાગળનો એક ટુકડો આપ. હું તેને નંબર એક તરીકે લખીશ. (માતાજી લખે છે) "સાચા ઓરોવિલિયન બનવા માટે" મેં તે સમજીને જ ફક્ત એક લખ્યું છે.

તો આપણે નંબર બે માટે જોઈએ.

હવે આપણે થોડી વધારે નીચેની પૃથ્વી તરફની વસ્તુઓની આપણી વર્તણૂકનું દષ્ટિબિંદુ લઈએ: આપણે બધી જ નૈતિક અને સામાજિક રૂઢિઓમાંથી મુક્ત થવું છે. પરંતુ તેમાં આપણે ખૂબ સાવચેત રહેવું પડશે! માણસે આ વસ્તુઓમાંથી મુક્ત થઈને સ્વચ્છંદતા અને કામનાઓના અંધ સંતોષમાં નીચે ડૂબી જવાનું નથી; માણસે આ બધી રૂઢિઓમાંથી મુક્ત થઈને તેનાથી ઊંચે ચડવાનું છે, કામનાઓનો છેદ ઉડાવીને તેને બદલે પ્રભુની આજ્ઞાધીનતાના નિયમો મૂકવાના છે.

('ગ' માતાજીને એક નોટબુક આપે છે તેમાં તેમણે જે હમણાં કહ્યું તે લખે છે.)

તે એવા રૂપમાં નથી જે લખી શકાય.

ગ: હા, મધુર માતાજી.

હવે આપણે મૌનમાં રહીશું.

ગ: એક પ્રશ્ન છે, મધુર માતાજી.

ઈહ!

ગ: એક પ્રશ્ન છે.

પ્રશ્ન? કયો પ્રશ્ન? કોને પ્રશ્ન પૂછવો છે?

ગ: અહીં 'બ' છે, તે એસ્પિરેશનમાં જુડો શીખવે છે. તે કહે છે: "મધુર માતાજી સામાન્ય રીતે આશ્રમમાં અને ખાસ કરીને એસ્પિરેશનમાં શારીરિક પ્રવૃત્તિ, રમતો અથવા તેવું બીજું ચાલુ રાખવાનું મુશ્કેલ કેમ પડે છે?"

મુશ્કેલ? તે શા માટે મુશ્કેલ છે?

બ: મધુર માતાજી, જે પ્રવૃત્તિ આપણે શરૂ કરીએ તેમાં સ્થિર થવા માટે રમતો અથવા બીજી કોઈ પણ પ્રવૃત્તિ ચાલુ રાખવી મુશ્કેલ છે. એટલા માટે હું તમને પૂછું છું કે એમ કેમ છે.

તમારે કોઈ વિદ્યાર્થી નથી?

બ : અમે જુડોના વર્ગો શરૂ કર્યા છે. બે માસ પહેલાં અમારામાં આઠ માણસો હતા, પરંતુ હવે અમે બે કે ત્રણ છીએ. અને ઘણી પ્રવૃત્તિઓ માટે આ પ્રમાણે જ છે.

તેઓ શું કારણ આપે છે? તે આળસ છે, પ્રમાદ છે કે પછી તેઓ તેમની જાતને ચઢિયાતા ગણે છે તે માટે?

બ : મને ખબર નથી, મધુર માતાજી.

જો તે આળસ હોય તો તમારે ધીરે ધીરે શરૂઆત કરવી જોઈએ અને શરીરનું જેમ જેમ અનુકૂલન થતું જાય તે રીતે ક્રમિક રીતે તેને ટેવ પાડો. જો તેમનામાં ચઢિયાતાપણાની ભાવના હોય તો ગંભીર રોગ કહેવાય! (માતાજી હસે છે) તેનો ઉપાય કરવો જોઈએ!

આપણને શરીર આપવામાં આવ્યું છે તેનો ત્યાગ કરવાનો નથી, પરંતુ તેને વધારે સારું બનાવવાનું છે. અને ઓરોવિલનાં લક્ષ્યોમાંનું તે એક લક્ષ્ય છે. માનવશરીરને સુધારવાનું છે, પૂર્ણ કરવાનું છે અને તે એવું અતિ-માનવ શરીર બનવું જોઈએ જે માનવી કરતાં ઉચ્ચતર પ્રાણિની અભિવ્યક્તિ કરવા માટે શક્તિશાળી બને. અને જો આપણે તેના બદલે તેની ઉપેક્ષા કરીએ તો તે શકય નથી. એક પ્રકાશિત શારીરિક સંસ્કાર દ્વારા અને શારીરિક પ્રવૃત્તિઓ દ્વારા — શરીરની પ્રવૃત્તિઓ દ્વારા — પોતાની ક્ષુદ્ર જરૂરિયાતો અને સંતોષો માટે નહિ, તેને એવું તૈયાર કરવાનું છે કે તે એક ઉચ્ચ પ્રકારનું સૌંદર્ય અને ચેતનાની અભિવ્યક્તિ કરી શકે. તેને માટે શારીરિક શિક્ષણનું અગત્યનું સ્થાન છે અને શરીરને તે આપવું જોઈએ. પ્રશ્ન છે કે "લોકો તેવા પ્રકારના કેમ છે?" — દરેક વ્યક્તિ મને આ પ્રમાણે કહે છે, "તેઓ આવા છે, તેઓ તેવા છે, તેઓ કેમ તેવા છે?" અને દરેક પ્રદેશમાં આ પ્રમાણે છે. એટલા માટે સ્પષ્ટ રીતે મેં પહેલાં તે પ્રમાણે કરવાનું વિચારેલું. ઓરોવિલની સાચી અભીપ્સાની રચના કરવી.

અને શરીરની કેળવણી સમાન રીતે થવી જોઈએ. તેમાં ચક્રમ લાગે તેવી અને અદ્ભુત વસ્તુઓ કરવાની નથી પરંતુ શરીરને એટલું મજબૂત અને અનુકૂળ બનાવવું કે ઉચ્ચતર ચેતનાને તે અભિવ્યક્ત કરવા કાર્યક્ષમ બને.

તે વસ્તુ "લાંબી યાદી"માંનો એક ભાગ હશે

તે લોકોને થોડું કહેવાની જરૂર છે . . . . દરેક કોઈ આભીપ્સા લઈને આવ્યું છે, એવા વિચારથી કે તેને કાંઈક નવું મળશે, પણ તે લોકોને તે

કઈ વસ્તુ તે સ્પષ્ટ નથી. તેથી તે લોકોને એક સ્પષ્ટ ચિત્ર આપવું જોઈએ, જેમાં તેમની બધી અભીપ્સાઓને અને અભિવ્યક્તિઓને સ્થાન મળે એટલું તે વિશાળ હોય. આપણે તે કરીશું. આપણે દરેક અઠવાડિયે એકબીજાને મળીએ છીએ. આપણે ધીરે ધીરે તે કરીશું.

('બ' તરફ) તારે તેમને, મેં જે હમણાં જ કહ્યું તે કહેવું પડશે. તે લોકોને આ વસ્તુ કહી શકાય; તું તેમને કહી શકીશ; શરીરને નવીન કાર્યો કરવાની તૈયારી માટે શારીરિક ઘડતરનું અગત્યનું સ્થાન છે, તો તમે ત્યાં છો! (માતાજી હસે છે)

(ત્યાર પછી પા એક કલાક ધ્યાન કરવામાં આવે છે. ત્યાર પછી માતાજી નોટબુક લે છે જેમાં તેમણે લખ્યું છે, "સાચા ઓરોવિલિયનો બનવા માટે", અને "લાંબી યાદી"નો મુદ્દો નંબર એક, અને કહે છે.) ત્યાં? મેં નંબર બે લખ્યું છે: "ઓરોવિલિયન ઇચ્છાઓનો ગુલામ બનવાનું ઈચ્છતો નથી." તે ઘણો મોટો નિર્ણય છે.

*

**૯ જૂન ૧૯૭૦**

('અ' તરફ) તારે માટે મારી પાસે કામ છે. (માતાજી 'અ'ને "સાચા ઓરોવિલિયન" વાંચવાનું કહે છે.)

વારુ, તો પછી તમને શું પસંદ પડશે. પહેલાં મૌન અને પછી તે, અથવા તે પહેલાં અને પછી મૌન ? તેમાં લખાયેલું છે: ઓરોવિલિયને શું બનવું જોઈએ. એ સહેલું નથી.

અ: મૌન પછીથી.

('અ' ને લખાણ આપે છે) તેમાં જો પ્રકાશ પૂરતો છે ને?

અ: હા ('અ' "સાચા ઓરોવિલિયન બનવા માટે"નું લખાણ વાંચે છે.)

તે આગળ રહેશે. જો તારે નકલ બનાવવી હોય, ગમે તેટલી નકલો બનાવવી હોય તો બનાવજે પરંતુ તે શરતે કે નકલો બરાબર ચોક્કસ હોવી જોઈએ અને તેમાં ફેરફારો ન હોવા જોઈએ.

> અ: નકલો વિશે 'પ'એ મને કહ્યું કે તમે પહેલો વાર્તાલાપ આપણે સાથે હતા ત્યારે વાંચેલો અને તે ઉપરાંત કહેલું કે અત્યારે જે સ્વરૂપમાં છે તેનું પ્રકાશન થાય એવી તમારી ઇચ્છા નહોતી.

આવી વસ્તુઓ લખવી જ પડે. તે જે રીતે છે તે ફક્ત વાર્તાલાપ છે. જ્યારે વ્યક્તિ એ રીતે વાત કરતી હોય, સાચવી રાખવા જેવું તેનું સ્વરૂપ હોતું નથી. તમે સમજ્યા, તમે બોલો તેની એક રીત હોય છે, તમારા અવાજનો રણકો, તમે જે અંદર બળ મૂકો તે, અને પછી અભિવ્યક્તિ, જે 'અ' વસ્તુને સ્પષ્ટ કરે છે. પછી જ્યારે તે છાપવામાં આવે છે ત્યારે તે બધું ચાલ્યું જાય છે. અને તે ફક્ત વાત જ રહે છે. તે સાચું તત્ત્વ ગુમાવે છે. એટલે કે: વ્યક્તિ જ્યારે બોલે ત્યારે તેની જે ચેતના હોય તે કેવળ શબ્દો બસ નથી.

જો મારી પાસે સમય હોય તો તમારા માટે હું તેને સુધારું અને પછી તમે તેનું પ્રકાશન કરી શકો; પરંતુ અત્યારે જે રીતનું છે તે રીતે શક્ય નથી; જ્યારે તમે વાંચો ત્યારે તમારી પાસે ફક્ત શબ્દો જ હોય, અને બહુ ઓછા માણસો એવા હોય છે જેઓ વાંચતી વખતે તેમાંનું બળ ખેંચી શકે. તેમાં શબ્દો બને તેટલા ચોક્કસ હોવા જોઈએ. એટલા માટે મેં આ લખાણ લખ્યું. જ્યારે તે પૂરું થશે ત્યારે હું અંગ્રેજીમાં મૂકીશ અને પછીથી જેઓ ફ્રેન્ચ જાણતા નથી તેઓ સમજી શકશે.

*

**૨૩ જૂન ૧૯૭૦**

> ક: હમણાં એસ્પિરેશનમાં બહુ માંદગી ચાલે છે.

આહ!

> ક: કેટલાક લોકોને પેટની તકલીફો ઝાડા, મરડો, ગેસ વગેરે થાય છે.

ઓહ! તે ખોરાકને કારણે છે?

> ક: ડૉક્ટર કહે છે કે તેનું કારણ પાણી છે. પરંતુ અમે પાણીની ટાંકી જંતુવિહીન બનાવી છે.

તે સપાટી ઉપરનું પાણી છે?

ક : તેનું પાણી ઘણા ઊંડા કૂવામાંથી આવે છે.

તો પછી તેનું પૃથક્કરણ કરાવવું વધારે સારું. તમારી પાસે ફિલ્ટર નથી ?

ક : ના

એક ફિલ્ટર હોવું જોઈએ. ફક્ત પીવાના પાણી માટે અથવા તે ઉકાળીને ઠારવું જોઈએ. નહિ તો પછી તે તકલીફરૂપ બને છે. સૌથી સારું છે, પહેલાં તેને ઉકાળવું અને પછી તેને ઠરવા દેવું.

ગ : તે તેમ કહી શકે કારણ કે તે ગયે અઠવાડિયે માંદો પડેલો, માતાજી.

ક : હું હજી પણ માંદો છું.

ગ : તે હજુ માંદો છે. તે નથી કહેતો કે તે પોતે માંદગીરૂપ બની ગયો છે. પરંતુ તે માંદો છે.

આંતરડાનો રોગ ?

ક : હા, ગૅસની તકલીફો (ગૅસ્ટ્રોએન્ટ્રાઈટીઝ).

ગ : તેને તે ઘણા લાંબા સમયથી ચાલે છે. લગભગ પંદર દિવસથી.

જો પાણી ખરાબ હોય તો તે વારંવાર થયા કરે. તમારે તેની તપાસ કરાવવી જ જોઈએ. (માતાજી 'ઈ' દ્વારા પાણીનું પૃથક્કરણ થાય એવી સલાહ આપે છે) તેને થોડું પાણી આપો અને તેને કહો કે તે તપાસે પછી તે વસ્તુની જરૂર હશે તે પ્રમાણે તે કરશે. સૌથી સારી વસ્તુ છે પાણીને ઉકાળીને પછી ઠંડું પાડવું અને તમારે વાસણો માટે પણ સાવચેતી લેવી પડશે; ચોકસાઈ કરો કે તે સ્વચ્છ છે. જો તમે બેદરકાર રહો .... ઉકાળવું સહેલું છે. તેને ફિલ્ટર કરવું — કોઈકે ફિલ્ટર બનાવવું જોઈએ. તમે તે વિશે ધ્યાન રાખશો ?

ક : કદાચ અમે મદ્રાસમાંથી તે ખરીદી લઈએ ?

ગ : હારપેગોનમાં, માતાજી, કોઈ માણસ છે જે જાણે છે કે કેવી રીતે ફિલ્ટર બનાવવાં. જો તે ત્યાં જાય તો તેઓ તેને તે સમજાવે. ફક્ત મીણબત્તીઓ જ મદ્રાસમાંથી લાવવાની રહે.

અને ખાસ તો બીજી કોઈ પણ જગ્યાએ ગમે ત્યાં પાણી ન પીશો ! તે એક જ વસ્તુ છે, જેના વિશે તમારે આ દેશમાં સાવચેતી રાખવાની છે : પાણી. તમને બધા જ પ્રકારના પાણીમાંથી થતા રોગો થશે. મને લાગે છે મેં આ વિશે તમને સમજ આપી છે. તમે ફિલ્ટર બનાવી શકો છો, મોટું બનાવજો !

*

૭ જુલાઈ ૧૯૭૦

અ : મારી પાસે 'ક્ષ'નો પત્ર છે. તેણે મને વાંચવાનો કહ્યો છે. હું વાંચું ?

હા.

અ : (વાંચે છે) "મધુર માતાજી, ઓરોવિલની વ્યવસ્થામાં મોટો ગોટાળો થયો છે, આંતરિક તેમજ બાહ્ય બાબતોમાં. અમે કઈ રીતે ઉચ્ચતર ચેતનાના સાક્ષાત્કાર માટે કાર્ય કરી શકીએ ? એવું લાગે છે કે ઓરોવિલે એક સંવાદ-યુક્ત અને ઐક્યની ભાવનાવાળા સંઘ બનવું જોઈએ. તેને સિદ્ધ કરવા માટે 'પ્રોમીસી', 'હોપ', 'એસ્પિરેશન', 'પીસ' વગેરેના બધા જ નિવાસીઓએ એકઠા થઈને કોમ્યુનલ ગાર્ડન ઉપર, કદાચ 'સત્ય'ના બગીચા ઉપર, અઠવાડિયે એક દિવસ સામૂહિક કામ કરવું શકય છે ? અથવા દરેક વ્યક્તિએ અઠવાડિયે એક દિવસ, સામૂહિક ખેતર ઉપર ઓરોવિલ માટે ખોરાક ઉત્પન્ન કરવા માટે, કામ કરવા માટે આપવો જોઈએ. તેને લઈને અમને એકબીજાનો પરિચય અને ઓળખાણ પ્રાપ્ત કરવામાં મદદ થશે અને અમે સાચી ભાવનાથી અમારી જાતને વ્યવસ્થિત ગોઠવી શકીશું. અને કદાચ જે લોકો ઓરોવિલની વ્યક્તિગત યોજનામાં જોડાયેલા છે તેઓ પણ વધારે નજીક આવીને કાર્ય કરી શકે, જેથી કરીને ઓરોવિલની એક માર્ગદર્શક ટુકડી બને અને તેથી દરેકનું કાર્ય વધારે અસરકારક રીતે પ્રગતિ કરી શકે. આ પ્રકારનો સામૂહિક હિતનો ઓરોવિ-લનો પ્રયત્ન હાલમાં તમારું કાર્ય કરવામાં અમને મદદરૂપ બનશે ?

"પૂર્ણતા માટેની પ્રાર્થના સહિત."

અભીપ્સા સારી છે, પરંતુ . . . . મને ખબર નથી કે સમય પાકયો છે કે કેમ.

અ : ફક્ત તે એકલો જ આવું ઇચ્છતો નથી. ઓરોવિલમાં જુદી જુદી જગ્યાએ કામ કરતા ઘણા લોકોને એમ લાગે છે કે એકત્રિત થઈ એક જ કાર્ય સાથે કરવાની જરૂર છે.

હા, વિચાર સારો છે, પરંતુ હું તેને આ પ્રમાણે જોઉં છું. આપણે માતૃમંદિર બાંધવું છે; અને પછી, આ પ્રમાણેનો વિચાર હતો, જ્યારે આપણે માતૃમંદિર બાંધવાની શરૂઆત કરીએ ત્યારે જે લોકોને ત્યાં કામ કરવાની ઈચ્છા હશે તે, તે પ્રમાણે કરી શકશે અને તે કેન્દ્રના વિચાર માટેનું સાચું કાર્ય બનશે.

અને તે ઝડપથી બનવું જોઈએ. તે અત્યારે તો તૈયાર થઈ જવું જોઈતું હતું. એટલે ત્યાં દરેકને માટે કામ હશે. આપણે ઘણા લાંબા સમયથી માતૃમંદિરની શરૂઆત કરવાનું વિચારીએ છીએ. હકીકતમાં દરેકે ત્યાં આવવું જોઈએ અને કામ કરવું જોઈએ, સિવાય કે જેઓ બીજે કામ કરે છે. દરેક માટે કાર્ય હશે. તે વધારે સારુ છે . . . . તે નગરનું કેન્દ્ર છે.

તમે તેને આ વસ્તુ કહી શકયા હોત. સિદ્ધાંત તરીકે આ વિચાર સારો છે. પરંતુ અમલમાં મૂકવા માટે, ઘણા લાંબા સમયથી, એક વર્ષથી પણ વધારે સમયથી, અમારે માતૃમંદિર બાંધવાની શરૂઆત કરવી હતી જેથી કરીને દરેક ત્યાં કામ કરી શકે. કોઈને એમ કહેવું પડે, "ના, મારે કરવું નથી." અને તેના માટે તેનાં કારણો હોય. તે એક બળ જેવું છે. ઓરોવિલનું કેન્દ્રસ્થ બળ, ઓરોવિલનું સંયોજક બળ.

તેમાં બગીચાઓ હશે. તેમાં બધું હશે, બધી જ શકયતાઓ : એન્જિનિયરો, સ્થપતિઓ, બધા પ્રકારનાં શારીરિક કામો, એટલે મારા તરફથી તેને કહેજે કે તેણે એક હવામાં વિચાર હતો તેને પકડી લીધો છે, પરંતુ અમારે તેને વ્યવહારમાં ઉતારવા માટે સાચા પ્રતીકરૂપે બનવું છે અને જ્યારે અમે માતૃમંદિર બાંધવાની શરૂઆત કરીએ ત્યારે દરેકને તે કામ ઉપર મૂકીશું. દરરોજ અને બધા સમય માટે નહિ, પરંતુ તેની વ્યવસ્થા થશે.

તારે આટલું જ કહેવાનું હતું ને !

(મૌન)

મેં લખ્યું તેનું શું કર્યું છે ?

અ : તે નોટિસ બૉર્ડ ઉપર મુકાયું છે. તે વંચાય છે. . . .

તેમાં કોઈ અર્થ હોય તેવું લાગતું નથી.

અ : તેણે ખરેખર ઘણી અસર કરી છે, પરંતુ કોઈએ મને તે વિશે વાત કરી નથી.

સારું. તો હવે તમારે ધ્યાન કરવું છે ? ધ્યાન નહિ. મૌન. જો શક્ય હોય તો મનની શાંતિ. સાચું જ્ઞાન મેળવવા માટે માણસે માનસિક શાંતિ પ્રાપ્ત કરવી જોઈએ. તમે હજુ પણ . . . . તમારામાં કોણ માનસિક રીતે શાંત થઈ શકે છે ? બધા જ ફ્રેન્ચ સમજી શકે છે ?

અ : ના, બધા નહિ.

( અંગ્રેજીમાં ) હું એમ પૂછતી હતી કે પૂરેપૂરા માનસિક શાંતિમાં કોણ રહી શકે છે ? નહિ ? કોઈ નહિ ? ( હાસ્ય ) આપણે અહીં પ્રયત્ન કરીએ છીએ.
( 'અ' પ્રત્યે ) આપણે પ્રયત્ન કરીશું ?

અ : હા ! ( હાસ્ય )

કોણ સફળ થયું ? હજુ કોઈ નહિ. તો પછી મૌન.

( લાંબું મૌન )

એક ઘોંઘાટવાળું મૌન !

*

**૨૮ જુલાઈ ૧૯૭૦**

કોઈ પ્રશ્ન નથી ? હા બોલો ? તમારે શું કહેવું છે ?

અ : પ્રથમ વસ્તુ છે કે 'ય' એસ્પિરેશન માટે ગાયો ખરીદવાનો છે. તે આવતી કાલે મદ્રાસ જશે અને તેને તમારા આશીર્વાદ જોઈએ છે. તેને ત્રણ આશીર્વાદ જોઈએ છે, દરેક ગાય માટે એક અને એક પોતાના માટે.

( માતાજી હસે છે ) તેઓ આશીર્વાદનું શું કરશે ? તે ગાયો ખરીદવા કયાં જવાનો છે ?

અ : મદ્રાસમાં

મદ્રાસ શહેર છે. શહેરમાં ગાયો જન્મતી નથી.

અ : પરંતુ તે કુશળ માણસ સાથે જાય છે.

ઓહ ! હું તેને ખુશીથી આશિષ પ્રસાદી આપીશ, પણ તેની ગાયો માટે નહિ. એટલું બસ છે ને ?

અ : એ સિવાય પણ બીજું હતું. અમે એસ્પિરેશનના લોકો હવે પછી પ્લેગ્રાઉન્ડમાં શા માટે ન જઈએ તેનું કારણ જાણવા ઇચ્છીએ છીએ. ગયે બુધવારે 'ઝ' દ્વારા શ્રી અરવિંદ કર્મધારા ઉપરનો એક વાર્તાલાપ હતો અને અમને તેમાં પ્રવેશની મંજૂરી ન મળી.

તે પહેલેથી ન સમજવામાં મારો દોષ છે. નહિ તો પછી મેં તે લોકોને કહી રાખ્યું હોત કે તેઓ તમને અંદર જવા દે. મેં અગાઉથી આ ધારેલું નહિ. હું કદાચ 'ઝ'ને પૂછીશ કે તમને તે વાર્તાલાપ આપશે કે કેમ.

અ : તેણે વાર્તાલાપ આપ્યો છે.

આહ, તો પછી બરાબર . . . .

અ : નહિ, તે બરાબર થયું પરંતુ અમારે તેનું કારણ જાણવું છે.

તેનું કારણ સાવ જુદું છે. તેની સાથે કાંઈ સંબંધ નહોતો. કારણ એ છે કે એક એવો નિયમ બનાવવો જે એકને લાગુ પડે અને બીજાને ન લાગુ પડે તે મુશ્કેલ છે – તે બહુ ગૂંચવણભરી વસ્તુ છે. અને કમભાગ્યે ઓરોવિલમાં રહેનારા લોકોને દારૂ પીવાની ટેવ છે. અને બીજી વસ્તુઓ પણ છે . . . . ગમે તેમ પણ એક માણસ પ્લેગ્રાઉન્ડમાં પૂરેપૂરો પીધેલો માલૂમ પડયો. અને સ્વાભાવિક રીતે જ અહીં આશ્રમમાં આલ્કોહોલ પીવાની મનાઈ છે. આ વસ્તુએ ઘણો ઘોંઘાટ મચાવ્યો. આ કારણ છે. બીજું કોઈ આંતરિક કારણ નથી, અને આ બિલકુલ વ્યવહારુ કારણ છે. આ રીતે કહેવું અશક્ય છે, "આ વ્યકિત અંદર જઈ શકે, પેલી ન જઈ શકે." બારણા ઉપર તે લોકો શું કરી શકે ? અને તેણે એક ક્રાંતિ કરી. જો તેઓ મારી સલાહ લે તો હું એમ કહું કે તમને સલાહ આપું છું કે તમારે દારૂ પીવો નહિ કારણ કે તે તમારી ચેતનાને શિથિલ કરે છે અને તંદુરસ્તી બગાડે છે. પરંતુ કેટલાક લોકો

મારી સલાહ લેતા નથી અને મારે ઓરોવિલ માટે આશ્રમની માફક નિયમો બનાવવા નથી. તે એક જ પ્રકારની વસ્તુ નથી.

જે લોકો ઓરોવિલમાં રહે છે અને જીદપૂર્વક જૂની વસ્તુઓને વળગી રહે છે – જૂની તેમજ નવી પણ – જેને લઈને ચેતનાને નુકસાન થાય અને તે નીચે ઊતરી જાય છે. દા.ત. ધૂમ્રપાન, દારૂ પાનો અને કેફી દવાઓ . . . . ત્યારે સમજજો કે તમે તમારા સ્વરૂપના ટુકડાઓ કરી નાખો છો. આશ્રમમાં મેં તેની ના પાડી છે; આપણે ચેતનામાં વૃદ્ધિ પામવાની છે; આપણે કામનાઓની ખાઈમાં નીચે ઊતરવાની ઇચ્છા નથી જે લોકો સમજવા માગતા જ નથી તેમને હું કહું છું. ઓરોવિલને એક નવીન, ઊંડાણપૂર્વકનું અને વધારે પૂર્ણ જીવનની શોધ કરવાની છે, અને જગતને દર્શાવી આપવાનું છે કે આજના કરતાં ભાવિ જગત વધારે સારું બનશે.

કેટલાક લોકો એવું સમજે છે કે ધૂમ્રપાન અને દારૂ વગેરે ભાવિ જીવનનો એક ભાગ હશે. તેઓ ભલે તે પ્રમાણે માને, તેમને તે અનુભવમાંથી પસાર થવું હોય તો ભલે તેઓ તેમ કરે. તેમને પ્રત્યક્ષ ખબર પડશે કે તેઓ તેમની જાતને કામનાઓની કેદમાં પૂરે છે. પરંતુ હું કોઈ નીતિશિક્ષક નથી, બિલકુલ નહિ, બિલકુલ નહિ. તે તેમને જોવા જ છે. તેમને જો અનુભવમાંથી પસાર થવું હોય તો તેઓ ભલે તેમ કરે, પરંતુ આશ્રમ તેના માટે નથી. ઈશ્વરનો આભાર કે આશ્રમમાં રહીને શીખ્યા છીએ કે જીવન કોઈ જુદી જ વસ્તુ છે. સાચું જીવન કામનાઓના સંતોષમાં રહેલું નથી. હું અનુભવ ઉપરથી ખાતરીપૂર્વક કહી શકું કે કેફી દવાઓ દ્વારા જે અદૃશ્ય જગતનો સંપર્ક સધાય છે અને અનુભૂતિઓ થાય છે તેનો દવાઓ વગર પણ વધારે સારી, વધારે સચેતન રીતે અને વધારે સંયમથી સંપર્ક કરી શકાય છે. ફક્ત માણસે પોતાની જાત ઉપર કાબૂ રાખવો જોઈએ. ઝેર ગળવું તેના કરતાં તે વધારે મુશ્કેલ છે. પરંતુ હું તે વિશે ઉપદેશ આપવા માગતી નથી.

જો ઓરોવિલ ઉચ્ચ જીવનના દૃષ્ટાંત રૂપે બને અને બધી કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી અને ઊર્ધ્વ બળોના સંપર્કમાં આવે ત્યાર પછી જ આપણે બધે જઈ શકીશું. જ્યારે ઓરોવિલિયનો જગતમાં ફરતા પ્રકાશના દીવડાઓ બનશે ત્યારે તેમને આવકાર મળશે. તે સ્થિતિમાં આવવું જોઈએ !

પરંતુ મને ખાતરી છે કે મેં તે પ્રમાણે કાંઈક લખેલું છે. નહિ ? મેં તમને શું આપેલું ? તે કેવળ શબ્દો જ ન હતા, તે બધી સઘન વસ્તુઓ છે.

એટલું બસ છે ને ? કે તમારે બીજું કાંઈ પૂછવું છે ?

અ : ના

(મૌન)

# છેલ્લો વાર્તાલાપ

**૩૦ માર્ચ ૧૯૭૨**

આપણે બધી રૂઢિઓને એક બાજુએ મૂકી દીધી હોવાથી દરેક માણસ તાત્કાલિક વિચાર કરે છે, "ઓહ, આપણી ઇચ્છાઓ સંતોષવા માટે કેટલી સુંદર રમત છે?" અને તે બધા લગભગ તે જ હેતુથી આવે છે.

અને જે લોકોને બહાર મોકલી દેવાની મારે ફરજ પડી, તે લોકોનાં બાળકો માટે મેં પ્રસૂતિગૃહ બાંધ્યું તેને લઈને લોકો એમ માને છે કે તે ગેરકાયદેસર બાળકો માટે છે.

મને કાયદાઓની ફિકર નથી. મને સામાજિક રૂઢિઓની કે કાયદાઓની પણ પરવા નથી. પરંતુ મારે જોઈએ છીએ એક વધારે દિવ્ય જીવન અને નહિ કે પશુનું જીવન.

અને લોકો સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં ફેરવી નાખે છે અને તેમની પોતાની ઇચ્છાઓના સંતોષ માટે તેનો ઉપયોગ કરે છે. અને આપણે જે વસ્તુઓ ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવા માટે સમગ્ર જીવન દરમ્યાન સાચું કાર્ય કર્યું છે તેને બદલે તે બધા તે વસ્તુઓમાં રચ્યાપચ્યા રહે છે – અને બધું વેડફી નાખે છે તેનાથી મને ખૂબ ઘૃણા ઉત્પન્ન થાય છે.

આપણે બધી જ કામનાઓનો ત્યાગ કરવા માટે અહીં છીએ. પ્રભુ પ્રત્યે વળવા માટે અને પ્રભુ પ્રત્યે સચેતન બનવા માટે છીએ. જે પ્રભુની આપણે શોધ કરીએ છીએ તે આપણાથી દૂર દૂર કે અપ્રાપ્ય નથી. તે તેના સર્જનના કેન્દ્રમાં રહેલો છે અને તે ઇચ્છે છે કે આપણે તેને શોધી કાઢીએ, અને આપણું પોતાનું અંગત રૂપાંતર કરીને તેને જાણવા માટે શક્તિમાન બનીએ, તેની સાથે અદ્વૈત સાધીએ અને અંતમાં તેને સચેતન રીતે અભિવ્યક્ત

કરીએ. આપણે આપણી જાતનું આ રીતે અર્પણ કરવું જોઈએ અને તેના માટે જ આપણું અસ્તિત્વ છે. અને આ ઉત્તમ સાક્ષાત્કાર માટેનું પ્રથમ પગથિયું છે, અતિમાનસ ચેતનાનો આવિર્ભાવ કરવો.

પ્રભુનો સાક્ષાત્કાર કરીને તેનો આપણા જીવનમાં આવિર્ભાવ કરવો જોઈએ, અને પ્રાણીઓ બનીને બિલાડાં અને કૂતરાંનું જીવન જીવવું ન જોઈએ.

તેનાથી ઊલટું ! ઓરોવિલનો ઘણો મોટો ભાગ નિમ્ન માનવતામાં છે અને નહિ કે ઉચ્ચતર માનવતામાં. આ બધાનો હવે અંત આવવાનો સમય થઈ ગયો છે.

કેટલાક લોકો આવવા ખાતર આવ્યા છે અને જ્યારે અત્યારે હું તેમને કહું છું કે, "આ બિલકુલ ચાલશે નહિ." ત્યારે તેઓ જવાબ આપે છે, "ઓહ, અમે તે માટે અહીં આવ્યા નથી !"

હું જો ત્યાં જઈને રૂબરૂ કહી શકું કે તેઓ ખોટા છે અને વસ્તુઓ તે પ્રમાણે નથી તો કેવું સારું, પરંતુ હવે મને લાગે છે કે તે વસ્તુ લખવાનો સમય પાકી ગયો છે.

કેવી સુંદર માનવજાતિ છે; ખૂબ સુંદર માનવજાત !

> પરંતુ મધુર માતાજી, તમારું બલ અત્યારથી જ ખૂબ સક્રિય છે.

હા, હું જાણું છું, હું જાણું છું, જ્યારે હું આ સ્થિતિમાં છું ત્યારે હું બધો જ સમય દિવ્ય બલ જોયા કરું છું — તે મારું બલ નથી, તે પ્રભુનું બલ છે – મારે પોતાને માટે તો હું પ્રયત્ન કરું છું, હું તે પ્રમાણે કરવા પ્રયત્ન કરું છું. આ શરીર ફક્ત એક ટ્રાન્સમીટર છે, શકય બને તેટલું પારદર્શક, અને શકય હોય તેટલું બિનંગત, જેથી કરીને પ્રભુની જે પ્રમાણેની ઇચ્છા હોય તે પ્રમાણે તેની સાથે તે કરી શકે.

(મૌન)

ગઈ કાલે હું અહીં આવી તે ગાળાને અઠ્ઠાવન વર્ષ થયાં. અઠ્ઠાવન વર્ષથી હું તેને માટે કાર્ય કરું છું, શરીરને બને તેટલું પારદર્શક અને શકય તેટલું મહત્ત્વહીન, એટલે જે બળ નીચે ઊતરી રહ્યું છે તેને વિક્ષેપરૂપ કાંઈ ન થાય તેના માટે હું કામ કરું છું.

હવે શરીરને પોતાને જ તેના બધા કોષોમાં તે વસ્તુ જોઈએ છીએ. તેના અસ્તિત્વ માટે તે જ કારણ છે. પૃથ્વી ઉપર એક શુદ્ધ પારદર્શક અથવા અર્ધપારદર્શક તત્ત્વનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરવો, જે દિવ્ય બલને વિક્ષેપ કર્યા વગર કાર્ય કરવા દે.

# ૫. ભારત

(૨ જૂન ૧૯૪૭ના રોજ લૉર્ડ લુઈ માઉન્ટબેટને, ભારતના વાઈસરોયે રેડિયો ઉપર વાર્તાલાપ આપેલો, જેમાં ભારતમાંથી પાકિસ્તાનને અલગ કરવાની દરખાસ્ત હતી અને તેમાં કેટલાક ભારતના ભાગોને હિંદુ અને મુસ્લિમ રાજ્યોમાં અલગ પાડવાના હતા. તે જાહેરાત સાંભળીને માતાજીએ નીચેનું નિવેદન આપ્યું.)

ભારતની સ્વાતંત્ર્યની વ્યવસ્થામાં રહેલી મુશ્કેલીઓનો એક ઉકેલ બતાવવામાં આવ્યો છે અને ભારતના સ્વાતંત્ર્ય નેતાઓએ ગમે તેવા પશ્ચાત્તાપ અને કડવાશ અને હૃદયમંથન હોવા છતાં તેનો સ્વીકાર કરવાની તૈયારી બતાવી છે.

પરંતુ તમે જાણો છો કે શા માટે આ દરખાસ્ત આપણી પાસે મુકાઈ છે? તે આપણા ઝઘડાઓની મૂર્ખાઈ સાબિત કરવા માટે છે. અને આપણે શા માટે આવી દરખાસ્ત સ્વીકારવી પડે છે? તે આપણા ઝઘડાઓની મૂર્ખાઈ આપણી પાસે જ સાબિત કરે છે.

એ સ્પષ્ટ છે કે આ તેનો ઉકેલ નથી, એ એક પરીક્ષા, એક કસોટી છે અને જો આપણે તેમાં સચ્ચાઈપૂર્વક જીવીએ તો તે સાબિત કરશે કે દેશના નાના નાના ટુકડા પાડવામાં દેશની મહત્તા અને ઐક્ય નથી; એક બીજાનાં હિતોમાં એકબીજાની દુશ્મનાવટ કરવામાં આપણે સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકીશું નહિ; એક સિદ્ધાંતને બીજા સિદ્ધાંતની સામસામે મૂકવાથી આપણે દિવ્ય સત્યની સેવા કરી શકીએ નહિ. તેમ છતાં ભારતનો આત્મા એક છે અને જ્યાં સુધી આપણે અખંડ અને અવિભાજ્ય ભારત વિશે બોલી શકીએ ત્યાં સુધી આપણે રાહ જોવી પડશે અને બુલંદ અવાજે કહેવું પડશે.

ભારતનો આત્મા શાશ્વત રહો!

૩ જૂન ૧૯૪૭

*

ભારતનો આત્મા એક અને અવિભક્ત છે. ભારતે જગતને જે સંદેશ આપવાનો છે તે વિશે તે સભાન છે. તે અભિવ્યક્તિ માટેનાં ખાસ કારણોની રાહ જોઈ રહ્યું છે.

૬ જૂન ૧૯૪૭

## આહ્વાન

### ૧૫ ઑગસ્ટ ૧૯૪૭

હે અમારી માતા, હે ભારતના આત્મા, હે માતા, જ્યારે તારાં બાળકોએ તારા અવાજની વિરુદ્ધમાં મોઢું ફેરવી લીધું હતું અને બીજી સત્તાઓની સેવા કરી હતી અને તારો ત્યાગ કર્યો હતો ત્યારે પણ જેણે નિરાશાના દિવસોમાં પણ તે લોકોનો ત્યાગ કર્યો ન હતો તેઓ અત્યારે જાગ્રત થયા છે અને જ્યારે આજના મુક્તિના પ્રભાતે તારા મુખ ઉપર ઓજસ દેખાય છે ત્યારે આ મહાન સમયે અમે તને વંદન કરીએ છીએ. અમને દોરવણી આપ જેથી કરીને અમારી સમજની ખુલ્લી થયેલી ક્ષિતિજ, રાષ્ટ્રોના સમૂહમાં સાચી મહત્તા અને સાચા જીવનની ક્ષિતિજ ખુલ્લી કરે અને તું અમને માર્ગદર્શન આપ જેથી કરીને અમે ઉચ્ચ આદર્શ તરફ જ રહીએ અને તારું સાચું મુખદર્શન લોકોને કરાવીએ અને આત્માના માર્ગના સાચા પથદર્શક તથા લોકોના મિત્ર અને મદદગાર તરીકે અમે કાયમ રહીએ.

*

("માતાજીના ધ્વજ" વિશે, જેમાં તેમનું પ્રતીક સોનામાં છે અને તે સફેદ – ભૂરી પશ્ચાદ્‌ભૂમિમાં કેન્દ્રની અંદર ગોઠવાયેલું છે.)

તે ભારતના આધ્યાત્મિક સંદેશનો ધ્વજ છે અને આ સંદેશની સિદ્ધિમાં જ ભારતની એકતા સિદ્ધ થશે.

૧૫ ઑગસ્ટ ૧૯૪૭

*

સચ્ચાઈભર્યા, બહાદુર અને સહનશીલ અને પ્રામાણિક બનવાથી જ તમે દેશની ઉત્તમ સેવા કરી શકો અને તેને જગતમાં એકમેવ અને મહાન બનાવી શકો.

ઑક્ટોબર ૧૯૪૮

*

('ભારતની આધ્યામિક અને સાંસ્કૃતિક જાગૃતિની સોસાયટી' માટે સંદેશ)

ભારતની પ્રાચીન ભવ્યતા, તેના જીવંત આત્માની મદદ અને આશિષથી



શ્રી માતાજી જવાહરલાલ નહેરુ અને અન્ય નેતાઓ

તૈયાર થયેલા ભાવિ સાક્ષાત્કાર માટે નવજન્મ પામો.

૨૩ ઑગસ્ટ ૧૯૫૧

*

વિશ્વના કલ્યાણ માટે ભારતને જીવંત રાખવું જોઈએ કારણ કે ફક્ત ભારત જ વિશ્વને શાંતિ અને જગતની નવીન સુવ્યવસ્થા માટે દોરી શકશે.

ફેબ્રુઆરી ૧૯૫૪

*

ફક્ત દિવ્ય શક્તિ જ ભારતને મદદ કરી શકે; જો તમે આ વિશાળ દેશમાં શ્રદ્ધા અને ઐક્ય સ્થાપન કરી શકો તો માનવસર્જિત શક્તિ કરતાં તે ઘણી વધારે મજબૂત બને.

ફેબ્રુઆરી ૧૯૫૪

*

ભારત અને વિશ્વને બચાવવા માટે એક એવા પ્રકારનું સંગઠિત રૂપ બનવું જોઈએ જેને એક મજબૂત શરીર હોય. અને જેમાં એક સુગ્રથિત સંકલ્પશક્તિ હોય અને જેમાં એક આધ્યાત્મિક જ્ઞાન હોય. દિવ્ય સંકલ્પશક્તિ અને દિવ્ય શક્તિના આવિર્ભાવ વડે જ ભારત જગતને પોતાનો સંદેશ આપી શકશે અને નહિ કે પશ્ચિમના ભૌતિકવાદનું અનુસરણ કરીને. પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિને અનુસરીને જ ભારત આધ્યાત્મિક ગિરિના શિખર ઉપર પ્રકાશશે અને જગતને સત્યનો અને ઐક્યનો માર્ગ બતાવશે.

ફેબ્રુઆરી ૧૯૫૪

*

ભારતનું ભવિષ્ય ઘણું સ્પષ્ટ છે. ભારત જગતનું ગુરુ છે. જગતનું ભાવિ બંધારણ ભારતના ઉપર આધાર રાખે છે. ભારત જીવંત આત્મા છે. ભારત જગતમાં આધ્યાત્મિક જ્ઞાનનો અવતાર છે. ભારતની સરકારે આ ક્ષેત્રમાં ભારતનું મહત્ત્વ જાણવું જોઈએ અને તેમના કાર્યની યોજના તે પ્રમાણે કરવી જોઈએ.

ફેબ્રુઆરી ૧૯૫૪

*

જ્યારે ભારત ભયંકર લડાઈઓમાં વિજયી બનશે અને પ્રાદેશિક સમગ્રતા પ્રાપ્ત કરશે, જ્યારે એક નૈતિક કટોકટીમાંથી બહાર નીકળશે, અને તે વધારે પ્રાણઘાતક કટોકટી છે — કારણ કે શરીરનો નાશ કરવાને બદલે તે આત્માનો નાશ કરે છે અને તે વધારે કારમી કમનસીબી છે; ત્યારે જ તે

વિશ્વમાં સાચું સ્થાન અને ધ્યેય ફરીથી પ્રાપ્ત કરશે અને સરકારોની અને અને રાજકીય હરીફાઈઓની, આ ક્ષુદ્ર હરીફાઈઓની આ ક્ષુદ્ર તકરારો, જે અંગત સ્વાર્થો અને મહત્ત્વાકાંક્ષાઓથી ભરેલી છે તેમાં ન્યાયી અને પ્રકાશિત સંવાદ સ્થપાશે.

૧૭ એપ્રિલ ૧૯૫૪

*

(૧ લી નવેમ્બર ૧૯૫૪ના રોજ પોંડિચેરી અને ભારતનાં બીજાં ફ્રેન્ચ સંસ્થાનો ભારત સંઘને સોંપવામાં આવ્યાં, તે પ્રસંગના ઉત્સવ પ્રસંગે, કેન્દ્રમાં માતાજીના પ્રતીકવાળો ધ્વજ આશ્રમમાં ૬-૨૦ વાગે સવારે ફરકાવવામાં આવેલો અને તે વખતે માતાજીએ નીચેનો સંદેશ વાંચ્યો.)

આપણા માટે ૧લી નવેમ્બર ઘણી અર્થપૂર્ણ છે. આપણી પાસે ધ્વજ છે જેને શ્રી અરવિંદે 'અખંડ ભારતના આધ્યાત્મિક ધ્વજ'નું નામ આપેલું. તેનો ચોરસ આકાર, તેનો રંગ અને તેની દરેક વિગતોમાં એક પ્રતીકાત્મક અર્થ રહેલો છે. તેને ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિને ફરકાવવામાં આવેલો, તે અત્યારે ૧લી નવેમ્બર ૧૯૫૪ના રોજ જ્યારે આ બધાં સંસ્થાનો ભારતની સાથે જોડાય છે ત્યારે ફરકાવવામાં આવે છે અને જ્યારે જ્યારે ભારત તેના બીજા ભાગો પુનઃપ્રાપ્ત કરશે ત્યારે ત્યારે તે ફરકાવવામાં આવશે. સંગઠિત ભારતને એક વિશિષ્ટ સંદેશ જગતમાં સિદ્ધ કરવાનો છે. શ્રી અરવિંદે તેમનું જીવન તેના માટે અર્પણ કરેલું અને આપણે પણ તે પ્રમાણે કરવા માટે તૈયાર છીએ.

૧ નવેમ્બર ૧૯૫૪

*

(ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ભારતના પ્રેસિડેન્ટ જેમણે આશ્રમની મુલાકાત લીધી તેમના માટે સંદેશ.)

ભારતે તેના ધ્યેય માટે ઊંચાઈ ઉપર ઊઠવું પડશે અને વિશ્વને તે વિશેની જાહેરાત કરવી જોઈએ.

૧૫ નવેમ્બર ૧૯૫૫

*

હું તમને પ્રાર્થના કરું છું કે ભારતના લોકોમાંથી ભારતને બચાવો.

હા. તે જરૂરી લાગે છે.

૧૯૫૫

*

હાલ અંધકાર હોવા છતાં ભારતનું ભવિષ્ય ઊજળું છે.

૧૯૫૭

*

(૨૦ ઑક્ટોબર ૧૯૬૨ના રોજ ચીને ભારત ઉપર ઈશાન અને વાયવ્ય સરહદો ઉપર આક્રમણ કર્યું. ૨૦ અને ૨૮ ઑક્ટોબર વચ્ચે ચીનનાં દળોએ કેટલાંક લશ્કરી થાણાંઓ ઉપર કબજો જમાવ્યો અને ભારતનાં દળોને પાછાં હઠાવ્યાં દરમ્યાન માતાજીએ નીચેનાં ચાર નિવેદનો કર્યાં.)

કેટલીક વખત મારા ઉપર એવી છાપ પડી છે કે જેટલા પ્રમાણમાં કેનેડીને તેના ક્યુબા વિશેના નિર્ણયમાં પીઠબળ મળેલું, તેટલા પ્રમાણમાં આપણા નેતાઓને પીઠબળ મળતું હોય તેમ દેખાતું નથી.

આ રીતની વિચારસરણી આ ક્ષણે અનિચ્છનીય છે. વ્યક્તિએ કોઈની પણ ટીકા કરવી ન જોઈએ, જ્યાં સુધી તે વ્યક્તિ તે જ પ્રકારના સંજોગોમાં મુકાઈ હોય અને તેણે પોતે તેના કરતાં વધારે સારી રીતે કાર્ય કરી સાબિત કર્યું હોય.

તમે તમારી જાતને એક અદ્વિતીય શક્તિશાળી વડા પ્રધાન હોવાની લાગણી અનુભવો છો? હું જવાબ આપું છું: ચોક્કસ નહિ, અને તમને સલાહ આપું છું કે શાંત અને સ્થિર રહો.

૨૪ ઑક્ટોબર ૧૯૬૨

*

દેશદાઝની લાગણીઓ આપણા યોગથી વિરુદ્ધમાં નથી — ઊલટું — વ્યક્તિ માતૃભૂમિ માટે બલ અને તેની પૂર્ણતા માટેનો સંકલ્પ કરવો એ બિલકુલ યોગ્ય ભાવના છે, એવી ઇચ્છા રાખવી કે તે વધારે પ્રગતિ સાધે અને વધારે અને વધારે પૂર્ણ સ્વતંત્રતાથી તેના સ્વરૂપના સત્યનો આવિર્ભાવ કરે એ વધારે ઉમદા સંકલ્પ છે અને તે આપણા યોગને માટે નુકસાનકારક હોઈ શકે નહિ.

પરંતુ માણસે ઉશ્કેરાવું ન જોઈએ અને કાર્યમાં પરિપક્વ થયા સિવાય ઝંપલાવવું ન જોઈએ. માણસે સત્યના વિજય માટે પ્રાર્થના કરવી જોઈએ, અભીપ્સા સેવવી જોઈએ, અને સંકલ્પ રાખવો જોઈએ, અને સાથે સાથે પોતાની

રોજિંદી ફરજો બજાવવી જોઈએ અને કાર્ય કરવા માટે ચોક્કસ સંકેત મળે ત્યાં સુધી શાંતિથી રાહ જોવી જોઈએ.

મારા આશીર્વાદ સાથે.

૨૭ ઑક્ટોબર ૧૯૬૨

*

શાંતિ ! શાંતિ !

આ સમય શક્તિનો સંગ્રહ કરવાનો સમય છે અને નહિ કે બિનઉપયોગી અને અર્થહીન શબ્દોમાં તેનો વ્યય કરવાનો.

જે કોઈ હાલની દેશની પરિસ્થિતિ વિશે પોતાના અભિપ્રાયોનો જોર-જોરથી ઢંઢેરો પીટે છે તેમણે સમજવું જોઈએ કે તેમના અભિપ્રાયની કોઈ કિંમત નથી, અને તે કોઈ પણ રીતે ભારતમાતાને પોતાની મુશ્કેલીઓમાંથી બહાર નીકળવામાં મદદ કરી શકશે નહિ. જો તમારે ઉપયોગી બનવું હોય તો પ્રથમ તમારી જાત ઉપર કાબૂ રાખો અને ચૂપ રહો.

શાંતિ ! શાંતિ ! શાંતિ !

ફક્ત શાંતિમાં જ મહાન વસ્તુઓ સાધી શકાય છે.

૨૮ ઑક્ટોબર ૧૯૬૨

*

> જો તમે રજા આપો તો અમે તમારાં નાનાં બાળકો પાસેથી ફાળો ઉઘરાવીએ અને તે ફાળો તમારી સમક્ષ અને તમારી સેવા માટે મૂકીએ.

તે બરાબર છે. હું સ્વીકારું છું. આ પ્રસંગે તમને જાણ કરવાની તક લઉં છું કે ભારતના સંરક્ષણ માટેનું અર્પણ મેં દિલ્હી સીધેસીધું હમણાં જ મોકલી આપ્યું છે.

મારા આશીર્વાદ સાથે.

૩૧ ઑક્ટોબર ૧૯૬૨

*

સાચી આધ્યાત્મિકતા જીવનના ત્યાગમાં નહિ, પરંતુ દિવ્ય પૂર્ણતાથી તેને પૂર્ણ બનાવવામાં રહેલી છે.

આ વસ્તુ ભારતે અત્યારે જ જગતને બતાવવાની છે.

૨૬ જાન્યુઆરી ૧૯૬૩

*

હાલની કટોકટીમાં દરેક ભારતવાસીની કઈ ફરજ છે ?

તમારી અહંકારયુક્ત વ્યક્તિતાથી ઉપર ઊઠો અને ભારતમાતાના લાયક બાળક બનો. તમારી ફરજ પ્રામાણિકપણે અને સચ્ચાઈથી બજાવો. તથા કાયમ આનંદી અને શ્રદ્ધાવાન રહો તથા પ્રભુની દિવ્ય કૃપામાં સ્થિર વિશ્વાસ રાખો.

૩ ફેબ્રુઆરી ૧૯૬૩

*

૧. જો તમને ટૂંકમાં, ફક્ત એક જ વાક્યમાં તમારું ભારત વિશેનું દર્શન શું છે એમ કહેવાનું પૂછવામાં આવે તો તમારો કયો ઉત્તર છે ?

ભારતનું સાચું નિર્માણ જગતના ગુરુ થવાનું છે.

૨. તે જ પ્રમાણે જો તમને, તમે જે રીતે વાસ્તવિકતા જોતા હો તેના વિશે ટીકા કરવાનું કહેવામાં આવે તો એક વાક્યમાં તે કઈ રીતે કરો ?

હાલની વાસ્તવિકતા મહાન જૂઠાણું છે – શાશ્વત સત્યને ગોપનીય રાખે છે.

૩. તમારા મત પ્રમાણે દર્શન અને વાસ્તવિકતા વચ્ચે કયાં ત્રણ મુખ્ય વિઘ્નો રહેલાં છે ?

**(અ)** અજ્ઞાન, (બ) ભીતિ, (ક) જૂઠાણું.

૪. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી તેણે જે સમગ્ર પ્રગતિ કરી છે તેનાથી તમને સંતોષ છે ?

ના.

૫. હાલના સમયમાં આપણી સૌથી મોટી સિદ્ધિ કઈ છે ? તમે તેને શા માટે એટલી બધી અગત્યની ગણો છો ?

સત્યની ઝંખના તરફની જાગૃતિ કારણ કે સત્ય વગર કોઈ પણ વાસ્તવિકતા નથી.

૬. તે જ પ્રમાણે આપણી સૌથી દુ:ખદાયક નિષ્ફળતા વિષે કહી શકશો કે તમે કયાં કારણોને લઈને તેને એટલી બધી કરુણ ગણો છો ?

બિનસચ્ચાઈ, કારણ કોઈ બિનસચ્ચાઈ વિનાશ તરફ દોરી જાય છે.

૨૬ જાન્યુઆરી ૧૯૬૪ને દિન પ્રકાશિત

*

માતાજી,

મેં હમણાં જ સાંભળ્યું કે બંગાળામાં નવા વિકાસ અંગે તમે કહ્યું કે બંગાલ તમારા બલ પ્રત્યે ગ્રહણશીલ નથી અને તમને સ્વીકારતો નથી. બંગાળા માટે તેનાથી વધારે કરુણાજનક બીજી કોઈ વસ્તુ નથી. પરંતુ માતાજી, એમ કેમ બન્યું કે બંગાળ જેણે તમારી સૈકાઓ સુધી પૂજા કરી, દિવ્ય માતાજી, અને બધા જ સંજોગોમાં તમને પ્રાર્થના કરી છે તે આવી દયાજનક અને શોચનીય સ્થિતિમાં કેમ આવી ગયું ?

માતાજી, હું આને માટે કેટલો જવાબદાર છું (કારણ કે હું મારી જાતને ગુનેગાર ગણું છું) અને મારે શું કરવું જોઈએ જેથી કરીને તમે આ દુ:ખી પ્રદેશનો ત્યાગ કરો નહિ ?

મારા વહાલા બાળક,

મેં બંગાલ માટે ખાસ કાંઈ કહ્યું નથી. મેં કહ્યું છે કે જે કોઈ બનાવો બને છે તે માનવજાતિમાં રહેલી ગ્રહણશીલતાની ખામીને લઈને બને છે, જે હજુ સુધી પણ, ત્રણસો કે ચારસો વર્ષ પૂર્વે જે કુદરતી રીતે જ સામાન્ય હતી એવી જ ચેતનાની અવસ્થામાં છે.

સ્પષ્ટ રીતે માણસે એવી આશા રાખી હોય કે બંગાળીઓ તેમની શ્રદ્ધાને લઈને વધારે ગ્રહણશીલતાનું દૃષ્ટાંત આપી શકયા હોત અને આ અચેતન હિંસાની ગતિઓને તાબે થવાનો ઇન્કાર કર્યો હોત. પરંતુ તમે જે સાચી રીતે કહો છો તે પ્રમાણે દરેક પોતાની અંદર તેનો પ્રત્યુત્તર શોધી શકે અને તેણે સાચદિલ થઈને પોતાની જાતને પૂછવું જોઈએ કે અહીંના તેના નિવાસને લઈને તે કેટલો લાભ લઈ શકયો છે! જો અહીં પણ પરિણામ સાવ ઓછું અથવા મધ્યમ પ્રકારનું હોય તો જે લોકો સીધેસીધી અને તાત્કાલિક અસર નીચે નથી તેમની પાસે વ્યક્તિ શેની આશા રાખી શકે ?

તેનો ફક્ત એક જ ઉપાય: "જાગ્રત થાઓ અને સહકાર આપો."

31 જાન્યુઆરી 1964

*

નેહરુએ તેમનું શરીર છોડી દીધું છે પરંતુ તેમનો આત્મા ભારતના આત્મા સાથે ઐક્યમાં છે, જે શાશ્વતી સુધી જીવંત છે.

27 મે 1964

*

('માતાજીનો ભારતનો નકશો' – તેમાં પાકિસ્તાન, નેપાલ, સિક્કિમ, ભૂતાન, બાંગલા દેશ, બ્રહ્મદેશ અને શ્રીલંકા સમાવિષ્ટ છે. પ્રથમ વાક્યમાં જે 'ભાગલા'નો નિર્દેશ થયો છે તે ભારત અને પાકિસ્તાનને લગતો છે)

નકશો ભાગલા પડ્યા પછી બનાવવામાં આવેલો છે.

બાહ્ય રીતે પસાર થતા આભાસો છતાં તે નકશો સાચા ભારતનો છે અને તે જ કાયમ ભારતનો સાચો નકશો બની રહેશે, ભલે લોકો ગમે તે વિચારે.

29 જુલાઈ 1964

*

શિક્ષણ માટે આપણું ધ્યેય, ભારત માટે જ શિક્ષણની રાષ્ટ્રીય પદ્ધતિનું નથી, પરંતુ વિશાળ જગતના શિક્ષણ માટેનું છે.

*

ભવ્ય માતાજી,

આપણું લક્ષ્ય કેવળ રાષ્ટ્રીય શિક્ષણપદ્ધતિ માટે નથી પરંતુ સમગ્ર માનવજાતિ માટે એક જરૂરી અને પાયાના શિક્ષણ માટેનું છે. પરંતુ માતાજી, એ વસ્તુ સાચી નથી કે આ શિક્ષણ, ભારતના ભૂતકાળનો સાંસ્કૃતિક પ્રયત્ન અને તેની સિદ્ધિને લઈને, તેના પોતાના માટે અને વિશ્વને માટે તેનો ખાસ હક અને જવાબદારી છે? કોઈ પણ રીતે આ મૂળભૂત શિક્ષણ મને ભારતનું રાષ્ટ્રીય શિક્ષણ લાગે છે. હકીકતમાં આ શિક્ષણ દરેક મહાન રાષ્ટ્રનું શિક્ષણ લાગે છે, જેમાં દરેક રાષ્ટ્રના તે દેશ પ્રમાણેના અમુક વિશિષ્ટ ભેદો હોય.

**મને આશ્ચર્ય છે કે આ સાચું છે કે કેમ અને માતાજી તેમાં સંમતિ આપશે.**

હા, આ બિલકુલ સાચું છે અને તમારા પ્રશ્નોનો ઉત્તર આપવાનો મને સમય હોત તો મેં જે કહ્યું હોત તેનો તે એક ભાગ હોત.

ભારતને આત્મા વિશેનું જ્ઞાન છે અથવા હતું, પરંતુ તેણે ભૌતિક તત્ત્વની ઉપેક્ષા કરી અને તેને લઈને તેને સહન કરવું પડયું.

પશ્ચિમના લોકોને સ્થૂલ તત્ત્વનું જ્ઞાન છે પરંતુ તેમણે આત્મ-તત્ત્વનો ઇન્કાર કર્યો અને તેને લઈને તે ખૂબ સહન કરે છે.

પૂર્ણ શિક્ષણ, થોડાઘણા ફેરફારો સિવાય વિશ્વના બધા જ દેશોમાં બંધબેસતું કરી શકાય અને પૂરેપૂરા વિકાસ સાધેલા અને ઉપયોગમાં લેવાયેલા સ્થૂલ તત્ત્વ ઉપર આત્મ-તત્ત્વનો સાચો હક સ્થાપિત કરી શકાય.

મારે ટૂંકમાં આ વસ્તુ કહેવી હતી.

આશીર્વાદ સહિત.

૨૬ જુલાઈ ૧૯૬૫

*

(૧૯૬૫ના ઑગસ્ટમાં ભારત સરકારના પ્રતિનિધિમંડળે આશ્રમના 'સેંટર ઑફ એજ્યુકેશન'ના આદર્શો અને શૈક્ષણિક પદ્ધતિઓનું મૂલ્યાંકન કરવા મુલાકાત લીધી તે સમયે શિક્ષકોના એક જૂથે માતાજી પાસે નીચેના પ્રશ્નોની હારમાળા રજૂ કરી :)

**ભારતીય શિક્ષણના મૂળભૂત પ્રશ્નો**

૧. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનના હાલના અને ભાવિ માટેના દષ્ટિબિંદુથી ભારતે શિક્ષણનું કયું લક્ષ્ય રાખવું જોઈએ ?

તમે બાળકોને જૂઠાણાનો ત્યાગ કરતા અને સત્યની અભિવ્યક્તિ કરવા માટે તૈયાર કરો.

૨. આ ઉચ્ચ હેતુને સિદ્ધ કરવા માટે કયાં પગલાં દ્વારા દેશે આગળ વધવું જોઈએ. તે દિશામાં શરૂઆત કઈ રીતે કરી શકાય ?

ભૌતિક તત્ત્વને આત્મતત્ત્વનો આવિર્ભાવ કરવા માટે તૈયાર કરો.

3. ભારતની કઈ પ્રકૃતિદત્ત વિશિષ્ટ શક્તિ છે અને તેનું શું ભાવિ છે ?

જગતને શીખવવું કે ભૌતિક તત્ત્વ જ્યાં સુધી આત્મતત્ત્વનો આવિર્ભાવ ન કરે ત્યાં સુધી તે અસત્ય અને નિર્બળ છે.

૪. ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલૉજીની પ્રગતિ અંગે માતાજી કયા દૃષ્ટિબિંદુથી જુએ છે ? તે માણસમાં રહેલા આત્મતત્ત્વના વિકાસમાં કેવો ફાળો આપી શકે ?

તેનો એક જ ઉપયોગ છે કે આત્મતત્ત્વના આવિર્ભાવ માટે ભૌતિક પાયાને વધુ મજબૂત, વધારે પૂર્ણ અને વધારે અસરકારક બનાવો.

૫. દેશને રાષ્ટ્રીય એકતા માટે ઘણી ચિંતા રહે છે. માતાજીનું વસ્તુઓ માટેનું કેવું દર્શન છે. ભારત પોતે પોતાની જાતે અને વિશ્વ દ્વારા પોતાની ફરજ કઈ રીતે બજાવશે ?

બધાં જ રાષ્ટ્રોની એકતા એ જગતનું ફરજિયાત ભાવિ છે, પરંતુ બધાં જ રાષ્ટ્રોની એકતા શક્ય કરવા માટે દરેક રાષ્ટ્રએ પોતાની એકતા સિદ્ધ કરવી પડશે.

૬. ભાષાનો પ્રશ્ન ભારતને ખૂબ મૂંઝવે છે. આ બાબતમાં આપણું સાચું વલણ કેવુ હોવું જોઈએ ?

એકતા એ જીવંત વાસ્તવિકતા હોવી જોઈએ, અને તે મનપસંદ બાહ્ય નિયમો દ્વારા લાદેલી વસ્તુ નહિ, જ્યારે ભારત એક થશે ત્યારે તેની નૈસર્ગિક રીતે જ એક ભાષા બનશે જેને બધા જ પ્રદેશો સમજી શકશે,

૭. શિક્ષણ સામાન્ય રીતે એક પુસ્તકિયા જ્ઞાન અને સામાજિક પ્રતિષ્ઠાની વસ્તુ બન્યું છે. તે બિનતંદુરસ્ત વલણ નથી ? પરંતુ શિક્ષણને એક આંતર-કિંમતવાળું અને આંતરિક આનંદ આપે તેવું કઈ રીતે બનાવી શકાય ?

રૂઢિઓમાંથી બહાર નીકળી જાઓ અને આત્માની વૃદ્ધિ ઉપર ભાર મૂકો.

૮. હાલનું શિક્ષણ કઈ ભ્રમજાળો અને ભ્રામક વસ્તુઓથી ભરપૂર છે ? આપણે કઈ રીતે તેમાંથી મુક્ત બનીએ ?

(અ) સફળતા, કારકિર્દી અને પૈસાને એકમાત્ર અગત્ય અપાય છે.
(બ) આત્માનો સંપર્ક અને સ્વરૂપના સત્યની વૃદ્ધિ તથા આવિર્ભાવને શ્રેષ્ઠ અગત્ય આપવા ઉપર ભાર મૂકો.

૫ ઑગસ્ટ ૧૯૬૫

*

હું ઇચ્છું છું કે તે લોકો (સરકાર) યોગના અભ્યાસને શિક્ષણ તરીકેની માન્યતા આપે. આપણા પોતાના માટે નહિ પરંતુ તે દેશનું કલ્યાણ કરશે.

*

સ્થૂલ તત્ત્વ રૂપાંતર પામશે અને તે એક નક્કર પાયો બનશે. જીવન દિવ્ય બનશે — ભારત તેમાં અગ્રસર બનો.

*

૧લી સપ્ટેમ્બર ૧૯૬૫ને રોજ પાકિસ્તાને ભારતના પશ્ચિમ કોણમાં જમ્મુ-કાશ્મીરની સરહદ પર આક્રમણ કર્યું. ૨૨ મી સપ્ટેમ્બરે યુદ્ધવિરામ થયો. આ સમય દરમિયાન માતાજીએ નીચેનાં પાંચ વિધાનો કર્યાં.

શ્રી અરવિંદ 'ગીતાનિબંધો' માં લખે છે કે, "જ્યાં સુધી રુદ્રને ઋણ ચૂકતે ન થાવ ત્યાં સુધી વિષ્ણુનો ધર્મ સ્થાપિત થાય નહિ." આનો શો અર્થ ?

માતાજી, હાલની ભારતની પરિસ્થિતિ, રુદ્રને ઋણ ચૂકવવું જ પડે એવી છે.

જે લોકો હાલની પરિસ્થિતિ શા માટે આવી છે તેમ પૂછે તેમને માટે મેં અગાઉથી એક ફકરો તૈયાર કરેલો છે. હું તે તમને મોકલું છું જેમાં તમારા પ્રશ્નનો ઉકેલ છે.

"જ્યાં સુધી માનવીનું હૃદય શાંતિને યોગ્ય બને નહિ; ત્યાં સુધી શાંતિનું સ્થાપન થાય નહિ; જ્યાં સુધી રુદ્રનું ઋણ ચૂકતે ન થાય ત્યાં સુધી વિષ્ણુનો નિયમ ચાલી શકે નહિ. તો પછી બાજુએ રહીને એક હજુ સુધી અર્ધવિકસિત માનવજાતિને પ્રેમ અને એકતાનો ધર્મ શીખવવો ? પ્રેમ અને એકતાના ધર્મના શિક્ષકો ચોક્કસ હોવા જોઈએ, કારણ કે તે માર્ગે જ છેવટની મુક્તિ મળશે. પરંતુ કાલનો આત્મા જ્યાં સુધી તૈયાર ન થાય ત્યાં સુધી અંતર આત્મા અને અંતિમ શક્તિ બાહ્ય અને તાત્કાલિક વાસ્તવિકતા ઉપર

વિજય પ્રાપ્ત કરી શકે નહિ. ક્રાઇસ્ટ અને બુદ્ધ આવ્યા અને ગયા, પરંતુ હજુ સુધી રુદ્ર તેની મૂઠીમાં જગતને રાખે છે અને તે દરમિયાન આખી માનવજાતિ જે અહંકારના બલ અને તેના સેવકોની શક્તિઓથી રીબાય છે અને જુલ્મ સહન કરે છે તેના માટે માનવજાતિ આ સંઘર્ષના દિવ્ય નેતાની સારવાર માટે અને તેના દેવદૂતના સંદેશ માટે બૂમ ઉઠાવે છે."*

૮ સપ્ટેમ્બર ૧૯૬૫

*

સત્ય માટે અને તેના વિજય માટે ભારત યુદ્ધ કરે છે, અને જ્યાં સુધી ભારત અને પાકિસ્તાન બન્ને 'એક' ન બને ત્યાં સુધી લડવું જાઈએ, કારણ કે તેમના સ્વરૂપનું સત્ય તે જ છે.

૧૬ સપ્ટેમ્બર ૧૯૬૫

*

> તમે વડા પ્રધાન અને સૈન્યના વડાને ૧૬ સપ્ટેમ્બરે સંદેશ મોકલ્યો છતાં આપણી સરકારનો યુદ્ધવિરામનો સ્વીકાર હાલના સંજોગોમાં શ્રેષ્ઠ નહોતો ?

તેઓ બીજું કાંઇ કરી શકે એમ નહોતા

૨૯ સપ્ટેમ્બર ૧૯૬૫

*

> આપણે જોઈ શકીએ છીએ કે સામાન્ય રીતે જગત હાલમાં અસમતુલા અને અંધાધૂંધીની સ્થિતિમાં છે. તેનો અર્થ એવો ખરો કે એક નવીન શક્તિના આવિર્ભાવ માટે, સત્યના અવતરણ માટે તે તૈયાર થઈ રહેલ છે ? અથવા તો અવતરણની વિરૂદ્ધમાં રહેલા વિરોધી બળોના કાર્યનું તે પરિણામ છે ? અને ભારત આ બધામાં કયા સ્થાને રહેલું છે ?

તે બન્ને વસ્તુ એકીસાથે છે. તે અંધાધૂંધીરૂપી સાધન દ્વારા તૈયાર થાય છે. ભારતે આધ્યાત્મિક માર્ગદર્શન આપવું જોઈશે અને શું બની રહ્યું છે તે સમજાવીને આ ગતિને ટૂંકાવવામાં મદદ કરવી જોઈશે. પરંતુ કમનસીબે તેની આંધળી મહત્વાકાંક્ષાને લઈને તે પશ્ચિમનું અનુકરણ કરે છે અને તેથી ભૌતિકવાદી બની ગયેલ છે અને પોતાના આત્માની ઉપેક્ષા કરે છે.

૧૩ ઑક્ટોબર ૧૯૬૫

*

---

* 'ગીતાનિબંધો' — સેન્ટીનરી વૉલ્યુમ ૧૩, પાનું ૩૭૨.

> મને આશા છે કે કાશ્મીરમાં થયેલી મુશ્કેલી ભારત અને પાકિસ્તાનની એકતા તરફનું પ્રથમ પગથિયું છે.

સર્વજ્ઞ પ્રભુ તે વસ્તુને નિહાળી રહેલ છે.

૧૯૬૫

*

> પૃથ્વી ઉપર આધ્યાત્મિક જીવનનું સ્થાપન કરવા માટે ભારત જગતનું આધ્યાત્મિક ગુરુ બને એવી અપેક્ષા છે. પરંતુ માતાજી, આ મહાન સ્થાન પ્રાપ્ત કરવા માટે તેણે રાજકીય રીતે, નૈતિક રીતે અને શારીરિક રીતે યોગ્ય બનવું પડશે, નહિ બનવું પડે?

શંકા વગર — અને હાલમાં તો ઘણું બધું કરવાનું છે!

૭ સપ્ટેમ્બર ૧૯૬૬

*

> આપણી હાલની સરકારમાં આટલી બધી અંધાધૂંધી ભરી સ્થિતિ શા માટે છે? શું તે સત્યના રાજ્યને માટે સારા ફેરફારની નિશાની છે?

તે સમગ્ર પૃથ્વી ઉપર સત્યના બલનું દબાણ છે અને તે દરેક જગાએ અને ચારે બાજુથી અવ્યવસ્થા, ગોટાળો ઉત્પન્ન કરે છે અને પરિવર્તન કરવાનો ઇન્કાર કરે છે.

સત્યનો માર્ગ નક્કી જ છે, પરંતુ ક્યારે અને કઈ રીતે બની આવશે તે કહેવું મુશ્કેલ છે.

૧૪ સપ્ટેમ્બર ૧૯૬૬

*

> માતાજી, મેં સાંભળ્યું છે કે ૧૯૬૭માં ભારત જગતનું "આધ્યાત્મિક ગુરુ" બનશે. પરંતુ કેવી રીતે. અત્યારની આપણી પરિસ્થિતિ વિશે વિચાર કરીએ તો....

ભારતે જગતના આધ્યાત્મિક ગુરુ 'બનવું જ જોઈએ'. તેની અંદર શક્તિ છે પરંતુ બાહ્ય રીતે.... આ ક્ષણે તેણે ઘણું ઘણું કરવાનું છે જેથી કરીને તે ખરેખર જગતનું આધ્યાત્મિક નેતા બની શકે.

અત્યારે એટલી બધી અદ્ભુત તક છે! પરંતુ....

૮ જૂન ૧૯૬૭

*

(ભારત સરકારના શિક્ષણ પ્રતિનિધિમંડળે આશ્રમની મુલાકાત લીધી તેના માટે સંદેશ.)

હે ભારત, પ્રકાશ અને આધ્યાત્મિક જ્ઞાનની ભૂમિ! વિશ્વમાં તારા સંદેશ માટે જાગ્રત થા અને ઐક્ય અને સંવાદનો માર્ગ દર્શાવ.

૨૩ સપ્ટેમ્બર ૧૯૬૭

*

હાલની માનવજાતિની સમગ્ર મુશ્કેલીઓના પ્રતીકરૂપ ભારત બન્યું છે. ભારત નવોત્થાનનો દેશ બનશે — એક ઉચ્ચતર અને વધારે સાચા પુનરુત્થાનનો.

*

સમગ્ર સર્જનમાં પૃથ્વીનું એક વિશિષ્ટ સ્થાન છે, કારણ કે બીજા ગ્રહો કરતાં તેના કેન્દ્રમાં ચૈતસિક તત્ત્વને લઈને ઉત્ક્રાંતિ થઈ રહેલી છે. તેમાં પણ ભારત ખાસ કરીને, પ્રભુ દ્વારા પસંદ કરાયેલો દેશ છે.

*

ફક્ત ભારતનો આત્મા જ દેશની એકતા સાધી શકશે. બાહ્ય રીતે ભારતના દરેક પ્રાંત, ચારિત્ર્યમાં, વલણોમાં, સંસ્કૃતિમાં તેમજ ભાષામાં એક-બીજાથી ભિન્ન છે અને તેમને કૃત્રિમ રીતે એક કરવાનો કોઈ પણ પ્રયત્ન વિનાશકારી પરિણામો લાવશે.

પરંતુ તેનો આત્મા એક છે, અને આધ્યાત્મિક સત્યની તીવ્ર અભીપ્સા-વાળો, સર્જનના અને જીવનના દિવ્ય મૂળની તાત્ત્વિક એકતાવાળો છે અને તે આ અભીપ્સાની સાથે જોડાઈને સમગ્ર દેશ પુનઃ એકતા પ્રાપ્ત કરી શકે જે એકતા ઉચ્ચતર મનસ માટે અસ્તિત્વ ધરાવતી કદી બંધ થઈ નથી.

૭ જુલાઈ ૧૯૬૮

*

(શ્રી વિ. વિ. ગિરિ, ભારતના પ્રમુખ, જેમણે આશ્રમની મુલાકાત લીધેલી તેના માટેનો સંદેશ.)

આપણે બધા જ ભારતની મહત્તા માટે કાર્ય કરીએ.

૧૪ સપ્ટેમ્બર ૧૯૬૯

*

(ભારતનાં વડાં પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધી જેમણે આશ્રમની મુલાકાત લીધી તેમના માટેનો સંદેશ.)

ભારત ભાવિ માટે કાર્ય કરે અને દૃષ્ટાંતરૂપ બને. આ રીતે તે જગતમાં પોતાનું સાચું સ્થાન ફરીથી પ્રાપ્ત કરશે.

ઘણા લાંબા સમયથી તેમાં ભાગલા પાડીને અને વિરોધ કરીને શાસન કરવાની ટેવ હતી.

હવે એકતાથી પરસ્પર સમજૂતીથી અને સહકારથી શાસન કરવાનો સમય આવી પહોંચ્યો છે.

એક સાથીદારને પસંદ કરવા માટે, તે જે પક્ષનો હોય તેના બદલે તે માણસની પોતાની કિંમત વધારે અગત્યની છે.

દેશની મહત્તા પક્ષના વિજય ઉપર આધાર રાખતી નથી પરંતુ બધા જ પક્ષોની એકતામાં રહેલી છે.

૬ ઑક્ટોબર ૧૯૬૯

*

ભારતે પોતાનો આત્મા ફરીથી શોધી કાઢીને તેનો આવિર્ભાવ કરવો પડશે.

*

તમારા એક સંદેશમાં તમે કહ્યું છે :
"ભારત માટેનો પ્રથમ પ્રશ્ન છે – તેણે પોતાના આત્માની ફરીને શોધ કરવી, અને તેને અભિવ્યક્ત કરવો."
ભારતના આત્માને ફરીને કઈ રીતે શોધવો ?

તમારા ચૈત્યપુરુષ વિશે સભાન બનો. તમારા ચૈત્યપુરુષને ભારતના આત્મામાં તીવ્ર રસ લેતો થવા દો અને તેની સેવાના વલણની અભીપ્સા રાખો; અને જો તમે સચ્ચાઈવાળા હશો તો સફળ થશો.

૧૫ જૂન ૧૯૭૦

*

ભારત એવો દેશ છે જેમાં ચૈતસિક ધર્મ રાજ્ય 'કરી શકે' અને 'કરવો જોઈએ' અને 'અહીં' તેના માટે સમય પાકી ગયો છે. વધારામાં એ જ ફક્ત દેશ માટેની મુક્તિ છે જે દેશની ચેતના કમનસીબે પરદેશી શાસનથી વિકૃત બની છે પરંતુ દરેક વસ્તુ હોવા છતાં તેનામાં એક વિશિષ્ટ પ્રકારનો આધ્યાત્મિક વંશવારસો છે.

આશીર્વાદ

૨ ઑગસ્ટ ૧૯૭૦

*

(ઑલ ઇન્ડિયા રેડિયો, પોંડિચેરી દ્વારા પ્રસારણ કરવાનો સંદેશ.)

આપણે પ્રકાશ અને સત્યના દૂતો બનવા માગીએ છીએ. સંવાદનું તાત્કાલિક ભાવિ પોતાની જાતને જગતમાં જાહેર કરે છે.

હવે એવો સમય આવી પહોંચ્યો છે જ્યારે ભય દ્વારા શાસન કરવાની જૂની પદ્ધતિને બદલે પ્રેમનું શાસન સ્થપાવું જોઈએ.

૫ નવેમ્બર ૧૯૭૦

*

(માતાજીના જન્મદિને, ૨૧ ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ, ઑલ ઇન્ડિયા રેડિયો, પોંડિચેરી દ્વારા પ્રસારણ કરવાનો સંદેશ.)

સાચી મુક્તિ એક ઊર્ધ્વગતિમાં હોય છે અને નહિ કે નિમ્નતર પ્રેરણાઓને તાબે થવામાં.

સાચી સ્વતંત્રતા એક દિવ્ય આવિર્ભાવ હોય છે.

આપણે ભારતને માટે સાચી સ્વતંત્રતા જોઈએ છે. જેથી કરીને માનવજાતિ કેવી બનવી જોઈએ તેના માટે જગતને તે દૃષ્ટાંતરૂપ બની નિદર્શન કરી શકે.

૧૩ ફેબ્રુઆરી ૧૯૭૧

*

(બાંગલા દેશની કટોકટી વખતે માતાજીએ નીચેનાં ચાર નિવેદનો બહાર પાડચાં.)

પરિસ્થિતિ ગંભીર છે. ફક્ત એક પ્રકાશિત અને શક્તિશાળી કાર્ય જ દેશને તેમાંથી બહાર કાઢી શકશે.

આશીર્વાદ.

૩૦ એપ્રિલ ૧૯૭૧

*

નીચેનો સંદેશ આશ્રમમાં વહેંચવામાં આવ્યો તેની નીચે પ્રસ્તાવના હતી, "દેશમાંના બધા લોકોને હાલની કટોકટીમાં માતાજીએ આપેલો મંત્ર."

પરમ પ્રભુ, શાશ્વત સત્ય
અમે ફક્ત તને જ અનુસરીએ
અને સત્યને અનુરૂપ જીવન જીવીએ.

જૂન ૧૯૭૧

*

જ્યાં સુધી લોકો સત્યને અનુસરવાનો નિશ્ચય ન કરે ત્યાં સુધી તેમના માટે હું બાહ્ય રીતે કાંઈ પણ કરી શકું નહિ.

તે લોકો જે રીતે સત્યને જુએ છે તે રીતનું નહિ પરંતુ જે રીતનું સત્ય છે તે રીતે.

સત્યને જાણવા માટે તમારે રાગદ્વેષો રહિત અને કામના વિહીન હોવું જોઈએ અને જ્યારે સત્ય માટે અભીપ્સા રાખો ત્યારે તમારું મન શાંત હોવું જોઈએ.

૮ જુલાઈ ૧૯૭૧

*

આ એટલા માટે છે કે આખું જગત જૂઠાણામાં ગરકાવ છે તેથી જે કોઈ કાર્ય થાય તે ખોટાં હશે અને આ પરિસ્થિતિ ઘણો લાંબો સમય સુધી ચાલશે અને દેશને માટે ઘણું દુઃખ ખેંચી લાવશે.

ફક્ત એક જ વસ્તુ છે અને તે પ્રાર્થના કરવી — હૃદયપૂર્વક — અને પ્રભુને વચ્ચે લાવવા કારણે કે ફક્ત તેઓ જ બચાવ કરી શકશે અને જે લોકો આ વસ્તુ વિશે સભાન બનશે તેમણે દૃઢ નિશ્ચય કરવો જોઈએ કે તેમણે સત્યને જ વળગી રહેવું અને સત્યમાં જ કાર્ય કરવું. 'કોઈ પણ પ્રકારનું સમાધાન ન હોવું જોઈએ' આ ઘણું અગત્યનું છે. તે ફક્ત એક જ માર્ગ છે.

આપણને વસ્તુઓ ખોટી રીતે અને ખરાબ રીતે બનતી લાગે — અને ખરેખર તે પ્રમાણે જ બનશે કારણ કે હાલમાં જૂઠાણું પ્રવર્તે છે — તેમ છતાં આપણો સત્ય ઉપર ટકી રહેવાનો નિશ્ચય આપણે કદી ફેરવવો ન જોઈએ.

"આ ફક્ત એક જ માર્ગ છે."

જુલાઈ ૧૯૭૧

*

જ્યારે ભારત દિવ્ય જીવનનું પૂર્ણ સંદેશવાહક બનશે ત્યારે જ તે જગતમાં તેનું સાચું સ્થાન પ્રાપ્ત કરશે.

૨૪ એપ્રિલ ૧૯૭૨

*

## ભારત શું છે ?

ભારત એટલે જમીન, નદીઓ અને આ ભૂમિના પહાડો નહિ, તેમજ આ દેશના રહેવાસીઓ માટેનું તે સામૂહિક નામ પણ નથી. ભારત એક જીવંત તત્ત્વ છે, કહો કે જેટલા શિવ જીવંત છે તેટલું જ જીવંત. ભારત એક દેવી છે જે રીતે શિવ એક દેવ છે જો તેની ઇચ્છા હોય તો તે માનવસ્વરૂપમાં આવિર્ભાવ પામી શકે છે.

*

જ્યારે તમને સૌંદર્યનો ત્યાગ કરવાનું શીખવવામાં આવે ત્યારે તે સક્રિય અસુરનું મોટામાં મોટું સાધન હોય છે. ભારતનો વિનાશ તેને લઈને થયો છે. પ્રભુ ચૈતસિકમાં પ્રેમ તરીકે આવિર્ભાવ પામે છે, મનમાં જ્ઞાન તરીકે, પ્રાણમાં શક્તિ તરીકે અને શારીરિકમાં સૌંદર્ય તરીકે. જો તમે સૌંદર્યનો ત્યાગ કરો તો તેનો અર્થ એ કે તમે પ્રભુને સ્થૂલમાં આવિર્ભાવ કરવામાંથી અટકાવો છો, અને તમે તે ભાગને અસુરને સોંપી દો છો.

*

અત્યંત પ્રાચીન સમયથી (કેટલાક વિદ્વાનો કહે છે ઈ. સ. પૂર્વે ૮૦૦૦ વર્ષ) ભારત આધ્યાત્મિક જ્ઞાન અને તેના વ્યવસાયનો દેશ હતો. તેણે પરમ વાસ્તવિકતાની શોધ કરેલી અને તેની સાથે અદ્વૈત સાધેલું. તે એવો દેશ છે જેણે એકાગ્રતાની સૌથી વધારે અને શ્રેષ્ઠ સાધના કરેલી. સંસ્કૃતમાં જેને યોગ કહે છે તેની પદ્ધતિઓ જે આ દેશમાં શીખવવામાં આવે છે અને ઉપયોગમાં લેવામાં આવે છે તે અસંખ્ય છે. કેટલીક કેવળ ભૌતિકવાદી છે, કેટલીક કેવળ બુદ્ધિગમ્ય, બીજી ધાર્મિક અને ભક્તિપ્રધાન; છેવટે કેટલાક લોકો આ બધી પ્રક્રિયાને સંગઠિત કરે છે જેથી કરીને વધારે પૂર્ણ પરિણામ સિદ્ધ થાય.

*

> અહા! ભારત ધર્મનું પારણું હોવાથી, અને આટલા બધા દેવો તેના ભાવિ ઉપર પ્રમુખસ્થાને હોવાથી, તેમાંના કયા દેવ આ નગરને સજીવન કરવાનો ચમત્કાર સિદ્ધ કરશે ?
>
> —એ. ચૌમેલ (પોંડિચેરી ઉપરના ૧૯૨૮ના લેખમાંથી)

ખોટા દેખાવોથી અંધ બનેલા, વિપત્તિઓથી છેતરાયેલા, ભીતિ અને પૂર્વગ્રહોથી પાછા પડેલા તેણે તે દેવની પાસેથી પસાર થતાં તેને વચ્ચે પાડવા માટે આજીજી કરેલી છે પણ તેણે તેને જોયેલા નથી.

તે જે અદ્‌ભુત વસ્તુની માગણી કરે છે તેને સિદ્ધ કરનારાં બળોની નજીકથી જ તે ચાલ્યો છે અને તેમને ઓળખવાની તેનામાં શક્તિ નહોતી. આ રીતે તેણે જીવનની સૌથી મોટી તક ગુમાવી — ગુપ્ત રહસ્યો અને આશ્ચર્યોના સંપર્કમાંથી આવતી અજોડ તક — જેના અસ્તિત્વએ તેના મનને દિવ્ય બનાવ્યું અને જેના પ્રત્યે તેનું હૃદય અગમ્ય રીતે અભીપ્સા રાખતું હતું.

બધા જ સમયમાં અભીપ્સુને, દીક્ષા લેતાં પહેલાં, કસોટીઓમાંથી પસાર થવું પડતું. પ્રાચીન મઠોમાં આ બધી કસોટીઓ કૃત્રિમ હતી અને તેને લઈને તેની કિંમતનો મોટો ભાગ તેઓ ગુમાવતા પરંતુ હાલના સમયમાં તે પ્રમાણે નથી. દરરોજના સામાન્ય સંજોગોની પાછળ આ પરીક્ષા ગુપ્ત રીતે રહેલી છે અને કાકતાલીય સંજોગો અને તકની નિર્દોષતાનું મહોરું પહેરી લે છે અને તેથી તે વસ્તુ તેને વધારે મુશ્કેલ અને જોખમી બનાવે છે.

જે લોકો મનની પસંદગીઓ અને જાતિના તેમજ શિક્ષણના પૂર્વગ્રહો ઉપર વિજય મેળવે છે, તેમને જ ભારત તેના ખજાનાનું રહસ્ય ખુલ્લું કરે છે. બીજાઓ નિરાશ થઈને ચાલ્યા જાય છે અને તેઓ જેની શોધ કરે છે તેમાં નિષ્ફળ જાય છે; કારણ કે તેમણે ખોટી રીતે શોધ કરેલી છે અને દિવ્ય પ્રભુની શોધ માટે કિંમત ચૂકવવા સંમત થતા નથી.

૧૧ સપ્ટેમ્બર ૧૯૨૮

*

(પોંડિચેરી સંસ્થાનનું રહસ્ય પ્રતીકરૂપે રજૂ કરતા, એક આશ્રમ-કલાકારના નમૂનાનું વર્ણન.)

એક નાની ગ્રામ્ય કારીગરી છે, તેમાં એક મંડપ છે અને તેના દ્વારા પોંડિચેરીનું નવું રાજ્ય રજૂ થયું છે. મંડપના ચાર મુખ્ય સ્તંભો એ ચાર ખંડો છે; એશિયા, યુરોપ, આફ્રિકા અને અમેરિકા. એશિયાની રજૂઆત બુદ્ધ દ્વારા, યુરોપની પેલાસ એથિની દ્વારા, આફ્રિકા આઈસિસ દ્વારા અને એમેરિકા સ્વાતંત્ર્યના પૂતળા દ્વારા રજૂ થયા છે. આધ્યાત્મિક ટેકાઓ વિશ્વના ગોળાને આધાર આપે છે જેના ઉપર શાંતિનું કબૂતર ઊંચેથી નીચે ઊતરે છે. ગોળાની બાજુ, એક ભારતીય નારી ઊભેલી છે જે પામના પાંદડા દ્વારા આવકાર આપે છે, અને બીજી અન્ય નારી ઓલિવના શુકનવાળી ડાળી સાથે રહેલી છે. આ પૂર્વ

અને પશ્ચિમનું અનુસંધાન, રાષ્ટ્રોના એક ટકાઉ શાંતિ અને સુમેળનું સારી રીતે ભવિષ્યસૂચન કરે છે. મંડપના ચાર સ્તંભો વચ્ચેની જગાઓમાં વેલીઓ વિંટળાયેલી છે અને તેમાં લાલ અને સફેદ કમળોનો અનુક્રમ ગોઠવાયેલો છે. લાલ અને સફેદ કમળ પૃથ્વીની ઉત્ક્રાંતિને દોરનારી આધ્યાત્મિક ચેતનાની જોડી છે.

મંડપના ચાર ખૂણે ચાર સિંહ ઊભા છે અને તે આધ્યાત્મિક શક્તિઓનાં પ્રતીક છે.

એવી આશા રાખવામાં આવે છે કે પોંડિચેરી રાજ્ય આ આધ્યાત્મિક દર્શનને સાકાર કરશે અને જગતની બધી સંસ્કૃતિઓનું મિલન-સ્થાન બનશે જેમાં જગતના સર્વ લોકોને એકસાથે સાંકળનાર પાયાની મૂળભૂત ચેતના રહેલી છે.

૧૯૫૪

*

(મેડમ વોન રોબર્ટ ગેબલનો 'પોંડિચેરીનો ઇતિહાસ' ૧૯૬૦માં પ્રસિદ્ધ થયો તે લેખિકાને.)

મારી વહાલી બાળકી,

મેં હમણાં જ સુંદર અને 'ખૂબ રસિક' પુસ્તક વાંચ્યું, મેં ચિત્રો જોયાં અને ભલામણ કરેલા ફકરાઓ વાંચ્યા, તે ઉપરાંત બીજી પણ જેમાં ખૂબ માહિતી આપેલી છે.

તે ઘણું સુંદર પુસ્તક છે અને તેના માટે તને અભિનંદન આપું છું.

અમારી લાયબ્રેરી માટે એક નકલ અમને મળશે ? તો હું મારી નકલ મોકલતી નથી.

એક દિવસ એવો આવશે, મને આશા છે જ્યારે આપણે મુક્ત અને સાચી રીતે કહી શકીશું કે શ્રી અરવિંદની હાજરીનો પોંડિચેરીમાં શો અર્થ છે....

દરમ્યાન, હું મારો પ્રેમ અને આશીર્વાદ મોકલું છું.

૧૨ જાન્યુઆરી ૧૯૬૧

*

મને ભારતીય ભાષાઓ માટે ઘણું ગહન માન છે અને જ્યારે મને સમય મળે છે ત્યારે હું સંસ્કૃતનો અભ્યાસ ચાલુ રાખું છું.

*

સંસ્કૃત ભારતની રાષ્ટ્રભાષા બનવી જોઈએ.

૧૯ એપ્રિલ ૧૯૭૧

*

જે લોકો હિન્દી-ભાષી પ્રદેશના છે તેમના માટે સારી છે. સંસ્કૃત ભાષા બધા જ ભારતીઓ માટે સારી છે.

*

કેટલાક પ્રશ્નો, જેના તમે અને શ્રી અરવિંદે સીધા જ ઉત્તરો આપેલા છે, તેમાં અમે (શ્રી અરવિંદ કર્મધારા) પણ સ્પષ્ટ છીએ. દા.ત. ભાષાકીય પ્રશ્ન, જેમાં તમે દેશ માટે કહેલું છે : (૧) પ્રાદેશિક ભાષા શિક્ષણનું માધ્યમ બનાવવી જોઈએ. (૨) સંસ્કૃત રાષ્ટ્રીય ભાષા બનવી જોઈએ. (૩) અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા બનવી જોઈએ.

આ પ્રશ્નોના ઉત્તરો આપવામાં અમે સાચા છીએ ?

હા.

આશીર્વાદ.

૪ ઑક્ટોબર ૧૯૬૧

*

# ૬. ભારત સિવાયનાં અન્ય રાષ્ટ્રો

### અમેરિકા માટે સંદેશ

તમે પશ્ચિમના છો અને બીજા પૂર્વના છે એવું વિચારવાનું બંધ કરો. બધા જ માનવીઓ એક જ દિવ્ય મૂળમાંથી આવે છે અને આ મૂળતત્ત્વની એકતાનો પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવાનો તેનો હેતુ છે.

૪ ઑગસ્ટ ૧૯૪૯

*

### પોંડિચેરીમાં ફ્રેન્ચ ઇન્સ્ટિટયૂટના ઉદ્‌ઘાટન પ્રસંગે સંદેશ

કોઈ પણ દેશનાં બાળકોને તેમના દેશની સાચી પ્રકૃતિ કઈ છે અને તેના કયા ગુણો છે, તેમના રાષ્ટ્રનો જગત માટે કયો સંદેશ છે અને પૃથ્વીના સંગીતમાં તેમનું શું સાચું સ્થાન છે તેનું શ્રેષ્ઠ શિક્ષણ આપી શકાય. તે ઉપરાંત બીજાં રાષ્ટ્રો કયો ભાગ ભજવી શકે અને તેમાં પણ પોતાના દેશની બુદ્ધિપ્રભા ગુમાવ્યા સિવાય અથવા બીજાનું અનુકરણ કર્યા સિવાય, વિશાળ સમજનું જ્ઞાન આપી શકાય. ફ્રાન્સે લાગણીની ઉદારતા, નવીનતા અને વિચારોની હિંમત તથા કાર્યમાં દાક્ષિણ્ય બતાવેલ છે, તેને લઈને ફ્રાન્સે બધાનું માન અને પ્રશંસા મેળવ્યાં છે; આ ગુણોને લઈને તેણે જગત ઉપર કાબૂ મેળવ્યો.

એક ઉપયોગિતાવાદી, ગણતરીબાજ અને વ્યાપારી બુદ્ધિવાળું ફ્રાન્સ એ ફ્રાન્સ નથી. આ વસ્તુઓ તેની સાચી પ્રકૃતિને અનુરૂપ નથી અને તે પ્રકારના વ્યવહારમાં જગતના સ્થાનમાં ઔદાર્ય ગુમાવે છે.

આજનાં બાળકોને આ વસ્તુ શીખવવી પડશે.

૪ એપ્રિલ ૧૯૫૫

*

ફ્રાન્સ યુરોપ સાથેનો સંપર્ક જાળવી શકશે. ફ્રાન્સ માટે મહાન આધ્યાત્મિક શક્યતાઓ રહેલી છે. હાલની ખરાબ પરિસ્થિતિ હોવા છતાં તે મહાન ભાગ ભજવશે. ફ્રાન્સ દ્વારા જ યુરોપમાં આધ્યાત્મિક સંદેશ પહોંચશે.

એટલા માટે જ મેં ફ્રાન્સને મારી જન્મભૂમિ તરીકે પસંદ કરી છે, જો કે હું ફ્રેન્ચ નથી. *

વહાલા 'ક્ષ',

ઑક્ટોબર ૧૯૬૧માં મેં માતાજીને વિશ્વઐક્ય માટે મારી તરત જ આફ્રિકાની મુસાફરી ગોઠવાયેલી તે વિશે લખેલું. ઘણાં નવાં રાષ્ટ્રો તેમની મુક્તિ અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરે છે તે વિશે મેં નિર્દેશ કરેલો અને કહેલું, "આ લોકો માટે તેમને કોઈ સંદેશ આપવાનો છે કે કેમ ?"

"આ તમને મદદ કરશે ?" તે શબ્દોની સાથે તેમણે નીચેની વસ્તુ મને આપી છે.

સાચી મુક્તિ છે કામનાઓમાંથી મુક્ત થવું તે.

સાચી મુક્તિ છે આવેગોમાંથી મુક્ત થવું.

સાચું સ્વામીત્વ છે પોતાની જાત ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવું. તે એક જ વસ્તુ સુખની ચાવી છે; બાકીનું બધું પસાર થતો ભ્રમ છે.

માનવ પ્રશ્નોનો અને માનવ દુઃખોનો ઉકેલ વિભાજનમાં નહિ પરંતુ એકતામાંથી મળી આવશે.

ઑક્ટોબર ૧૯૬૧

*

દિવ્ય માતાજી,

અમેરિકામાં રહેલા માણસો જેઓ આપણે કાર્ય કરીએ છીએ તેના માટે ફંડ એકઠું કરવા તૈયાર છે. તેમને માટે તમારા તરફથી કોઈ સંદેશ મળશે જે અમે તેમને પહોંચાડીએ ?

---

* માતાજીના પિતા તુર્કસ્તાનના હતા અને તેમની માતા ઈજીપ્તનાં હતાં; તેઓ ફ્રાન્સમાં ૧૮૭૭માં માતાજીના જન્મ પહેલાં એક વર્ષે ગયેલાં.

પૈસો પૈસાને બનાવવા માટે નથી; પૈસો પૃથ્વીને નવસર્જન માટે તૈયાર કરવા માટે છે. *

*

જેઓ સત્યની ઉપાસના કરે છે તેઓ એક યા બીજો પક્ષ લઈ શકે નહિ.

સત્ય સંઘર્ષ અને વિરોધથી પર હોય છે.

સત્યમાં બધા જ દેશો, પ્રગતિ અને સાક્ષાત્કારના સામાન્ય પ્રયત્નમાં ઐક્ય સાધે છે.

૮ જૂન ૧૯૬૭

*

ઈઝરાઈલને રાષ્ટ્ર તરીકે બીજા રાષ્ટ્રની માફક જ પોતાનું અસ્તિત્વ ધરાવવાનો અધિકાર છે.

૧૨ જૂન ૧૯૬૭

*

તમે કઈ રીતે એમ માની શકો કે દિવ્યકૃપા એક રાષ્ટ્રની તરફેણમાં અથવા બીજા રાષ્ટ્રની 'વિરુદ્ધમાં' કાર્ય કરે? પ્રભુકૃપા 'સત્ય' માટે જ કાર્ય કરે છે અને હાલની જગતની પરિસ્થિતિમાં સત્ય અને જૂઠાણું બધી જગાએ હાજર છે; બધાં જ રાષ્ટ્રોમાં માનવમન વિચાર કરનાર છે: આ સાચું છે અને પેલું ખોટું છે — સાચું અને ખોટું બધે જ ફેલાયેલું હોય છે.

સત્ય બધા જ સંઘર્ષો અને બધા જ વિરોધોથી પર રહેલું હોય છે.

૧૩ જૂન ૧૯૬૭

*

મને તમારા તરફથી બે મુદ્દાઓ ઉપર સ્પષ્ટતા મળશે?
(૧) પ્રભુકૃપા સંઘર્ષની બન્ને બાજુએ, જે કાંઈ સત્ય હોય તેના ઉપર કામ નથી કરતી?

હા.

અથવા પછી તે દરેક બાજુએ જૂઠાણું હોવાથી તે અલગ પડી જઈને જુદી જ રહે છે?

ના. મેં કહ્યું છે 'કાર્ય' — તે એક સતત ચાલતું કાર્ય છે.

(૨) હાલના સંઘર્ષો બીજા વિશ્વયુદ્ધમાં થયેલા સંઘર્ષો કરતાં જડમૂળથી જુદા પડે છે — જેમાં (યુદ્ધમાં) પ્રભુકૃપા

* આ મૂળ સંદેશ એક બીજા જ પ્રસંગે આપવામાં આવેલો.

ચોક્કસ અને નિર્ણાયક રીતે એક જ બાજુએ કાર્ય કરતી હતી — કે સગ્રગ્ર રીતે બધા જ ઉપર કાર્ય કરતી હતી ?

તમે બે વસ્તુઓનું મિશ્રણ કરો છો - પ્રભુકૃપાનું કાર્ય અને સત્યના વિજયના અનિવાર્ય પરિણામ રૂપે આવતું પરિણામ; તે બન્ને જુદી ભૂમિકાઓ ઉપરની ભિન્ન વસ્તુઓ છે.

સત્યનો ક્રમિક વિજય કુદરતી રીતે જ એવાં કેટલાંક જટિલ પરિણામો લાવે છે, અને ઘણી વખત માનવમન દ્વારા અણધારેલાં હોય છે, અને મનને બધી સ્પષ્ટ વસ્તુઓ જોઈએ છીએ સમય અને સ્થળમાં રહેલું સમગ્ર દર્શન જ તેને સમજી શકે.

જૂન ૧૯૬૭

*

આ યહૂદીઓ અને આરબો વચ્ચેની યુગોજૂની દુશ્મનાવટ, (જો કે એક જ વંશમાંથી આવેલાં છે છતાં) એકબીજા પ્રત્યેનો ધિક્કાર, એક પછી એક પેઢીથી ચાલ્યો આવે છે તે છેક અત્યાર સુધી જેમાં આપણે થોડા સમયથી છીએ – તે કઈ રીતે સમજાવવી ?

કારણ કે તેઓ પડોશીઓ છે એટલા માટે જ કદાચ દુશ્મનાવટ છે !

હિંસા અને દુશ્મનાવટ . . . . જ્યારે ભાઈઓ એકબીજાને ધિક્કારે ત્યારે તેઓ બીજા કરતાં વધારે ધિક્કાર કરે છે. શ્રી અરવિંદે કહ્યું છે: "ધિક્કાર એક વધારે મોટા પ્રેમની શક્યતાનું સૂચન છે."

આપણે એમ ધારી શકીએ કે આ બન્ને મહાન પ્રજાઓનો સંઘર્ષ એવાં બળોનું પ્રતીક છે જેને આપણી સંસ્કૃતિના ભાવિનું નિર્માણ કરવા માટે બોલાવવામાં આવેલા છે ?

આ સંઘર્ષ આપણી સંસ્કૃતિનું ભાવિ નક્કી કરી શકશે નહિ.

મુસલમાનો અને ઈઝરાઈલના વતનીઓ બે અલગ ધર્મોનું પ્રતિનિધિત્વ ધરાવે છે જેમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા ઘણી તીવ્ર રીતની હોય છે; ફક્ત ઈઝરાઈલના લોકોની શ્રદ્ધા એક બિનંગત પ્રભુમાં છે, અને મુસલમાનોની શ્રદ્ધા એક વ્યક્તિગત પ્રભુમાં છે.

આરબ લોકોનો સ્વભાવ ઉગ્ર હોય છે. તેઓ કેવળ પ્રાણમાં, તેના આવેગોમાં, તેની કામનાઓમાં જીવે છે. જ્યારે ઈઝરાઈલના લોકો ઘણે ભાગે મનમાં જીવે છે.

અને તેમનામાં વ્યવસ્થા અને સિદ્ધિની વધારે મહાન શક્તિ છે, જે અપવાદરૂપ છે. ઈઝરાયલી લોકો બુદ્ધિજીવી છે અને તેમનામાં અદ્ભુત સંકલ્પશક્તિ હોય છે. તેઓ લાગણીપ્રધાન હોતા નથી, એટલે કે તેઓ નબળાઈઓને પસંદ કરતા નથી.

મુસલમાનો આવેગવાળા હોય છે, ઈઝરાયલીઓ બુદ્ધિપ્રધાન.

જૂન ૧૯૬૭

*

(શ્રી અરવિંદ સોસાયટી, ઓસાકા, જાપાન – માટે સંદેશ)

શારીરિક જગતમાં જાપાન સૌંદર્યનું શિક્ષક હતું. તેનો હક તેણે છોડવો જોઈએ નહિ.

આશીર્વાદ.

૧૬ ઑક્ટોબર ૧૯૭૨

*

બધા જ દેશો સરખા છે અને તાત્ત્વિક રીતે એક છે.

તેમાંનો દરેક દેશ એકમાત્ર પરમ પ્રભુના પાસાનું પ્રતીક છે.

પૃથ્વીના આવિર્ભાવમાં તે દરેકને તેમની પોતાની મુક્ત અભિવ્યક્તિ કરવાનો સમાન હક છે.

આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી, કોઈ પણ દેશની અગત્ય તેના કદ પર, અથવા શક્તિ ઉપર કે બીજા દેશો ઉપરની તેની સત્તા ઉપર આધાર રાખતી નથી. પરંતુ તે સત્યનો કેટલો પ્રત્યુત્તર આપે છે, અને કેટલી કક્ષાએ તે સત્યનો આવિર્ભાવ કરી શકે છે, તેના ઉપર રહેલી છે.

*

# શબ્દસૂચિ


## અ

**અરવિંદ**
—જુઓ શ્રી અરવિંદ

**અવતાર(અવતારવાદ)** ૧૪,૩૧

**અમેરિકા**
—ને માટે સંદેશ

**અતિમનસ ચેતના**
—શ્રી અરવિંદ અને ૧૩

**અતિમનસ બલ**
—માતાજી અને ૭૦
—શ્રી અરવિંદ અને ૧૧

**આત્મતત્ત્વ અને ભૌતિક તત્ત્વ**
—શિક્ષણ અને ૩૦૭,૩૦૮

**આધ્યાત્મિક જીવન** ૮૪

આરબો (મુસલમાનો)
—જ્યુલોકો (ઈઝરાઈલીઓ) અને ૩૨૪,૩૨૫

**આશ્રમ**
—જુઓ શ્રી અરવિંદ આશ્રમ

**ઓગણીસ ફેબ્રુઆરી, ૧૯૬૫** ૩૨
—શ્રી અરવિંદ અને ૪,૫,૧૧,૧૨

**ઓરોવિલ** ૧૫૧–૨૯૮
—એસ્પિરેશનના વાર્તાલાપો ૨૬૩–૨૯૭
ઓરોવિલિયનો વચ્ચેના સંબંધો ૧૬૦,૧૬૧,૧૬૨
—ઓરોવિલિયન બનવા માટે ૧૫૪,૧૫૫
(નિવાસ માટેની શરતો) ૧૫૭,૧૬૦, ૧૬૧,૧૬૩,૧૬૫,૧૬૭,૧૯૩,૧૯૪–૧૯૬,૨૦૧–૨૦૩,૨૧૬,૨૬૩,૨૬૭
—અંગત મિલ્કત ૧૫૨,૧૬૨, ૧૬૭,૧૬૮
—ધર્મ અને ૧૬૪,૧૬૫,૧૭૯
—નિયમો ૧૯૪,૧૯૫,૨૯૫,૨૯૬
—ને માટે પૈસા એકઠા કરવા ૨૦૧–૨૦૫
—નો ચાર્ટર ૧૫૫,૧૫૬
—પહેલાંના ખ્યાલો ૨૦૫-૨૩૦
—પૈસો, સરકાર અને ૨૦૧–૨૦૫
—માતૃમંદિર ૧૮૦–૧૮૩,૨૨૧–૨૬૩
—લગ્ન અને ૧૯૨,૧૯૩
—વ્યવસ્થા ૧૫૮–૧૬૦,૧૭૮
—શારીરિક સંસ્કાર ૨૮૭,૨૮૮
—સ્થાનિક ગ્રામજનો સાથેના સંબંધો ૧૯૭–૨૦૧
—શ્રી અરવિંદ આશ્રમ અને ૧૬૩,૧૬૪

રૂપાંતર—
—વિજયની શ્રદ્ધા ૧૩

ક

કામવાસના ૧૯૬
કેફી દ્રવ્યો ૧૯૫,૨૯૫

ગ

ગાંધી, ઈન્દિરા
—ને માટે સંદેશ ૩૧૪
ગાંધી મહાત્મા ૧૫
ગિરિ, વી. વી.
—ને માટે સંદેશ ૩૧૪

ચ

ચમત્કારો
—માતાજી અને ૩૦

જ

જગત
—બીજું વિશ્વયુદ્ધ ૩૨૩,૩૨૪
—માતાજી અને ૩૦,૩૩
—શ્રી અરવિંદ અને ૧,૨,૭,૯
—જુઓ પૃથ્વી
જિદ્દીપણું
—શ્રી અરવિંદનું શિક્ષણ અને ૧૪

જ્યુ લોકો (ઈઝરાઈલીઓ)
—આરબો (મુસલમાનો) અને ૩૨૪,૩૨૫

દ

દિવ્ય ચેતના
—ની અનુસાર કાર્ય કરતી અને વિરોધમાં જતી ૩૮
દ્યુતિમનસ
—માતાજી અને ૪૨
દેશો ૩૨૩,૩૨૪

ધ

ધર્મ
—ઓરોવિલ અને ૧૬૬,૧૬૭,૧૭૯

ન

નેહરુ જવાહરલાલ ૩૧૫
નાઝી લોકો ૯૧,૯૩

પ

પવિત્ર (બી એસ. ટી. હિલારે) ૧૪૮,૧૪૯
પ્રભુ ૧૭,૯૮
—ની સેવા; આશ્રમમાં પ્રવેશ માટેની શરતો ૮૩–૮૫

—ફક્ત સાચી મુક્તિ ૧૭૪
—માણસ અને ૫૩,૫૪
—માતાજી અને ૩૨

**પ્રભુકૃપા**
આંતરરાષ્ટ્રીય સંઘર્ષ અને ૩૨૩,૩૨૪

**પ્રાણીઓ** ૧૯૭

**પ્રાણિક બલ**
—માતાજી અને ૩૦

**પુરાણી, એ.બી.** ૧૪૭

**પૃથ્વી** ૩૧૩
—અતિમનસ અને ૩૨,૩૬
—ની ઉપર સત્યનું દબાણ ૩૧૨
—માતાજી અને ૨૪,૨૫,૨૬,૨૮ ૩૧,૩૮,૩૯
—શ્રી અરવિંદ અને ૧,૨,૩,૪, ૬,૭,૧૦,૧૧,૧૩,૧૪,૧૫
—જુઓ જગત્

**પોંડિચેરી** ૩૧૮,૩૧૯,૩૨૦
—માતાજી અને ૨૬,૪૧,૮૧
—બીજું વિશ્વયુદ્ધ અને ૯૨
—શ્રી અરવિંદ અને માતાજીનું વાતાવરણ ૫૦,૫૧
—શ્રી અરવિંદ અને ૧૯,૪૧,૩૧૯
—શ્રી અરવિંદ આશ્રમ અને ૯૪

**પૈસો** ૧૧૭,૧૧૮,૨૨૪,૨૨૮,૩૨૪

**ફ**

**ફ્રાંસ** ૩૨૧

**બ**

**બંગાળા** ૩૦૬

**બ્રિટિશ સરકાર**
—માતાજીનું તેમના તરફ વલણ ૯૧

**ભ**

**ભારત** ૮,૧૫,૨૨૯–૨૩૦,૩૦૦–૩૨૦
—આંતરરાષ્ટ્રીય સંઘર્ષ ૩૨૩–૩૨૫
—આધ્યાત્મિકતા અને ૨૯૯,૩૧૩ ૩૧૪,૩૧૫,૩૧૬,૩૧૮,૩૧૯
—ઈઝરાઈલ ૩૨૩,૩૨૪,૩૨૫
—ના ભાગલા ૩૦૧
—નો આત્મા ૩૦૦,૩૦૧,૩૧૫–૩૧૭
—નો સંદેશ ૩૦૦–૩૦૩,૩૦૫, ૩૦૬,૩૧૦,૩૧૨,૩૧૪–૩૧૭
—નું ઐક્ય ૩૦૨,૩૦૪,૩૧૧, ૩૧૩,૩૧૫
—પાકિસ્તાન અને ૩૧૦,૩૧૧,૩૧૨
—બીજું વિશ્વયુદ્ધ અને ૯૧,૯૨
—ભાષા અને ૩૦૯,૩૨૦–૩૨૧
—માતાજી અને ૨૬–૨૮
—શિક્ષણ અને ૩૧૬–૩૧૮
—સૌંદર્ય અને ૩૧૭–૩૧૮

**મ**

**માતાજી** ૨૧–૭૮
—આશીર્વાદ ૪૦–૪૨
—રૂપાંતરનું કાર્ય ૩૫–૪૦

—ખુશી અને નાખુશી ૬૩-૬૫
—ટેનીસ રમવું ૭૬-૭૭
—ઠપકો ૭૬-૭૯
—ના આવિર્ભાવો ૫૧
—ના નામે કહેલી વાતો ૭૩-૭૪,૭૫
—ના વિશે રચનાઓ
તૈયાર કરવી ૫૮-૫૯
—ની તરફથી માર્ગદર્શન ૬૧-૬૨
—ની મદદ અને રક્ષણ ૯૯,૧૦૦
—ની માનવતા ૫૭-૫૮
—ની સહી ૪૪
—નું કાર્ય ૫૭-૬૦
—નું પ્રતીક ૪૨,૪૩
—નું ફૂલ ૨૧
—નું શરીર :
સંચાર કરનાર ૨૯૮
પરમનો, ચેતનાનો
અવતાર (પ્રભુ) ૨૯-૩૧
—નૈતિકવાદી નહિ ૨૯૬
—પ્રશ્ચાત્તાપ વગેરે ૭૨-૭૫
—બીજાઓ સાથેના સંબંધો ૪૪-
૭૮,૧૩૦
—બોલવું અને લખવું ૩૨
—ભારત અને ૨૬-૨૮
—શારીરિક નજીકતા ૫૪-૫૬
—શ્રી અરવિંદ અને ૨૧,૨૫
૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૫૨
—શ્રી અરવિંદ આશ્રમ અને
૫૧,૫૪,૮૦-૮૨,૮૪,૮૫
—શ્રી અરવિંદ સાથેનું મિલન
૧,૨૫-૨૬,૨૮
—હુકમો આપવા ૨૧૪

માતૃમંદિર ૧૮૦-૧૮૩,૨૩૧-
૨૬૨

માનવ
—પ્રભુ અને ૨૨૨

માનવતા
—શ્રી અરવિંદ આશ્રમ અને ૮૧,૮૨

માનવદૃષ્ટિ
—માતાજીની જોવાની
દૃષ્ટિ અને ૬૮,૬૯

યોગ ૧૦૪
—માંથી પતન ૧૦૭-૧૦૮

ર

રાજકારણ
—ઓરોવિલમાં ૧૭૭
—માતાજી અને ૩૧
—શ્રી અરવિંદ અને;
માતાજી અને
—શ્રી અરવિંદ આશ્રમ અને
૯૦-૯૫
—જુઓ સરકાર

રાષ્ટ્રો
—નું ઐક્ય ૩૧૧
—જુઓ દેશો

રોગ
—માતાજીનું શરીર અને 36

લ

લોકશાહી ૨૨૭,૨૨૮
લેનિન ૨૨૮

શ

શરીર
—ની વૃદ્ધિની જરૂર ૨૮૮,૨૮૯
શાંતિ ૩૧૦
શારીરિક મન
અતિમનસ અને ૪૧–૪૨
શિસ્ત ૧૩૧,૧૩૩,૧૫૭,૧૫૮
શિક્ષણ ૩૦૭–૩૦૯

સ

સચ્ચાઈ ૨૨૨
સત્ય ૧૭૬
—આંતરરાષ્ટ્રીય સંઘર્ષ અને ૩૨૩,૩૨૪
—નું દબાણ ૩૬૧
—સમાધાન કરનારું ૧૫૭
સમર્પણ
—આશ્રમમાં નિવાસ અને ૮૩
સરકાર ૨૨૭–૨૨૯,૩૧૫
સમાજવાદ ૨૨૯
સામૂહિક જીવન ૧૩૩
સુખ
—શ્રી અરવિંદ આશ્રમમાં નિવાસ અને ૯૬-૯૮
સૂક્ષ્મ શારીરિક
—અતિમાનસ, પૃથ્વી અને ૩૭
—માંથી અરવિંદની હાજરી ૬–૭
—વેદના ૧૬૦
સંસ્કૃત ૩૨૦
સૌંદર્ય ૩૧૭
સ્થૂલ તત્ત્વ ૨૪–૨૫
—આત્મતત્ત્વ અને ભૌતિક તત્ત્વ અને શિક્ષણ ૩૦૭,૩૦૮
શ્રદ્ધા
—ની વિરુદ્ધ યુદ્ધ આપવું ૩૦
શ્રી અરવિંદ ૨–૨૧
—તેમના શિક્ષણ અંગેનો સંદર્ભ ૫૧,૫૨,૫૩,૬૭,૭૧,૮૦,૯૮,૧૦૦, ૧૧૩,૧૧૪,૧૨૨,૧૨૪,૧૨૫,૧૪૫, ૧૪૬,૧૬૦,૧૭૧
—ના લેખો ૧૪,૧૫–૧૬
—ની મદદ અને રક્ષણ ૯૯,૧૦૦

—નું ફૂલ ૧૦,૨૧
—નું વાતાવરણ ૫૦
—પોંડિચેરી અને ૧૯,૭૯,૩૧૯
—મહાસમાધિ ૨,૩
—માતાજી અને ૨૧,૨૨,૨૫,૨૬,
૨૮,૨૯,૩૦,૩૧,૫૩
—રાજકારણ અને ૯૦,૯૩
—શતાબ્દી સંદેશાઓ ૮,૧૩
—સાવિત્રી ૧૬,૧૭
—સૂક્ષ્મ શારીરિક ૬,૭
—શ્રી અરવિંદ આશ્રમ અને ૮૧,૮૨
—શ્રી અરવિંદનો રૂમ ૧૨,૨૦

**શ્રી અરવિંદ આશ્રમ** ૭૯,૧૫૦
—અવ્યવસ્થા અને ૧૨૩–૧૨૬
—આશ્રમવાસીઓના બીજાઓ
સાથેના સંબંધો ૧૧૩–૧૧૬
—ઓરોવિલ અને ૧૫૬,૧૬૩-૧૬૪
—કામદારો ૧૩૬–૧૪૪
—જીવનની નાની પ્રતિમા ૧૧૩
—ત્યાગ કરવો ૧૦૫–૧૧૨
—દરવાજા ઉપરની ફરજવાળા
૧૩૩ ૧૩૫
—નાણાં ૧૧૭–૧૨૧
—નો પાયો નાખવો ૮૧
—પોંડિચેરી અને ૧૯૪
—પૈસો અને ૧૧૭,૧૧૮
—પ્રવેશ માટેની શરતો ૮૩–૮૬,૯૮
—બાળકો અને ૮૧
—માં આવવું અને ત્યાગ કરવો
૮૩–૮૫,૯૯,૧૦૦
—માં માતાજીનું વાતાવરણ ૫૨–૫૩
—માં હોવાનો હેતુ ૯૭–૯૮
—માં અંગત વર્તણૂક અને
માનવ સંબંધો ૮૬,૮૭
—રાજકારણ અને ૯૦–૯૧
—વ્યવસ્થા અને કાર્ય ૧૨૨–૧૪૪
—સુખ સગવડ અને આનંદ
૯૬,૯૮

**હ**

**હિંદી** ૩૨૦
**હિંસા** ૧૭૧